ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૨૫-૮-૨૦૨૧ બુધવાર

AHMEDABAD SINCE-1991

કરન્સી માર્કેટ

US.ડોલર	૭૪.૧૪
પાઉન્ડ	૧૦૧.૮૫
યુરો	૮૭.૧૪
સઉદી રિયાલ	૧૯.૭૭
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૪૯,૧૮૦
ચાંદી (૧ કિલો)	૬૨,૮૦૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૨૭ ● ૧૫ મોહર્રમ હિજરી ૧૪૪૩ ● 25 AUGUST- 2021 ● PAGES 12 ●₹ ૫.૦૦

ઉદ્ધવને થપ્પડ મારવાની ટિપ્પણીના તીવ્ર પ્રત્યાઘાતો વચ્ચે નારાયણ રાણેની 'હાઈવોલ્ટેજ' ધરપકડ

મહાડની અદાલતે જામીન મંજૂર કરતાં નારાયણ રાણેનો થયેલો છૂટકારો

રાણેની 'ઉદ્ધવને થપ્પડ મારી હોત' ટિપ્પણીથી ભારે વિવાદ : કેન્દ્રીય મંત્રીની ધરપકડ બાદ રાણેના નિવાસ નજીક શિવસૈનિકો અને ભાજપના કાર્યકરો વચ્ચે હિંસા પથ્થરમારાની ઘટના બાદ પોલીસનો બળપ્રયોગ

(એજન્સી) મુંબઈ, તા.૨૪

મંગળવારે મહારાષ્ટ્રમાં ખૂબ જ તીવ્ર રાજકીય ઘટનાક્રમ જોવા મળ્યો હતો. કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા નારાયણ રાણેએ રાજ્યના મુખ્યમંત્રીને તમાચો ઝીંકવાની ટિપ્પણી કરી હતી, જેના સમગ્ર પ્રદેશમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. શિવસેના અને ભાજપના કાર્યકરો આમને-સામને આવી ગયા હતા અને અરાજકતાના દ્રશ્યો સર્જાયા હતા. રાજકીય ગરમાવા વચ્ચે પોલીસે અંતે નારાયણ રાણેની ધરપકડ કરી હતી. ધરપકડથી બચવા રાણેએ કોર્ટમાં આગોતરા જામીન અરજી પણ દાખલ કરી હતી. જો કે, કોર્ટે તેમને કોઈપણ પ્રકારની રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો. નીચલી અદાલતે અરજી ફગાવતા રાણેએ બોમ્બે હાઈકોર્ટમાં પણ અરજી દાખલ કરી તુરંત સુનાવણી કરવાની માગણી કરી હતી. હાઈકોર્ટે પણ આ અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. વડી અદાલતે અરજી ફગાવતા જણાવ્યું હતું કે, પ્રક્રિયાને અનુસરવામાં આવે. હાઈકોર્ટના આદેશ બાદ રત્નાગિરી પોલીસે રાણેની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ તેમને મહાડની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ભારે પોલીસ વ્યવસ્થા વચ્ચે રાણેને કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં તેમનું મેડિકલ ચેક પણ કરવામાં આવશે. રાણેની ધરપકડ બાદ બંને પાર્ટીના કાર્યકરો વચ્ચે હિંસા થયાના અહેવાલો પણ પ્રાપ્ત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રાણેએ પોતાના નિવેદનમાં દાવો કર્યો હતો કે, ઉદ્ધવ ભારતની આઝાદીને કેટલા વર્ષ થયા તે ભૂલી ગયા છે, માટે તેમને લાફો ચોડી દેવો જોઈએ. રાણેની આ ટિપ્પણી બાદ મહારાષ્ટ્રમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને શિવસૈનિકો રસ્તા પર ઉતરી આવ્યા હતા તેમજ રાણેની ધરપકડની માગણી કરી હતી. નારાયણ રાણે સામે નાસિકમાં એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી હતી. રાણેએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, એ ખૂબ જ શરમજનક છે કે, મુખ્યમંત્રીને એ વાતની ખબર નથી કે, ભારત દેશને આઝાદ થયે કેટલા વર્ષો થયા. ઉદ્ધવ ગત ૧૫મી ઓગસ્ટના દિવસે પોતાના નિવેદન સમયે કેટલામો સ્વતંત્રતા દિવસ છે, તે જ ભૂલી ગયા હતા. જો હું ત્યાં હોત તો તેમને આ બદલ એક જોરદાર લાફો ચોડી દીધો હોત, એમ રાણેએ જણાવ્યું હતું. રાણેએ જણાવ્યું હતું કે, પોતાના ભાષણમાં ઉદ્ધવને એ જાણવા પોતાના સહયોગીની મદદ લેવી પડી હતી કે, આ ભારતનો કેટલામો આઝાદ દિવસ છે. રાણેની આ ટિપ્પણી બાદ નાસિકના શિવસેનાના પ્રમુખ દ્વારા સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. રાણે સામે ભારતીય બંધારણની કલમ ૫૦૦, ૫૦૫(૨), ૧૫૩-બી (૧)સી હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. મંગળવારે પણ રાણે સામે આ નિવેદન મામલે રાજ્યમાં વિવિધ સ્થળો પર અલગ-અલગ ફરિયાદો નોંધાવવામાં આવી હતી. મુંબઈમાં રાણેના નિવાસ નજીક શિવસૈનિકો અને ભાજપના કાર્યકરો વચ્ચે તકરાર થઈ હતી. બંને તરફથી પથ્થરમારો થયો હતો. જેથી પોલીસને તોફાનીઓને વિખેરી નાંખવા બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી. બંને પાર્ટીના કાર્યકરોએ એકબીજા સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. પોતાના પાર્ટી નેતાને સમર્થન આપવા મંગળવારે સવારે ભાજપના કાર્યકરો તેમના નિવાસ બહાર એકત્ર થયા હતા. દરમ્યાન શિવસૈનિકો અને પાર્ટીની મહિલા કાર્યકરો દ્વારા હાથમાં પ્લેકાર્ડ સાથે રાણે વિરૂદ્ધ દેખાવો કરવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાના ચિપલુન ખાતે બંને પાર્ટીના કાર્યકરો વચ્ચે હિંસા થઈ હતી. રાણેએ સોમવારે ભાજપની જન આશીર્વાદ યાત્રાને સંબોધિત કરતાં ઉદ્ધવને લાફો ચોડવાની ટિપ્પણી કરી હતી. રાણેની ધરપકડ બાદ ભાજપના નેતાઓએ પ્રતિક્રિયા આપી હતી. ભાજપના નેતા કિરિટ સોમૈયાએ જણાવ્યું હતું કે, સરકારની આવી કાર્યવાહીથી અમે ડરી જઈશું નહીં. બીજી તરફ શિવસેનના નેતા અને રાજ્યના મંત્રી ગુલાબરાવ પાટિલે પણ જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રી નારાયણ રાણે પોતાનું દિમાગનું સમતોલન ગુમાવી ચૂક્યા છે માટે તેમને 'શોક ટ્રીટમેન્ટની જરૂર છે. મુંબઈ અને નાસિકમાં વ્યાપક પ્રમાણમાં દેખાવો કરવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રના ભાજપના એમએલસી પ્રસાદ લાડે આરોપ લગાવ્યો હતો કે, નારાયણ રાણેને જાનનું જોખમ છે.

મહારાષ્ટ્રના અલગ-અલગ સ્થળો ખાતે ફરિયાદ નોંધાતા ધરપકડથી બચવા રાણેએ નીચલી અદાલતથી હાઈકોર્ટ સુધી કરેલી આગોતરા જામીન અરજીઓ ફગાવાઈ : ધરપકડ બાદ ભારે સુરક્ષા વચ્ચે મહાડની કોર્ટમાં રજૂ કરાયા

રાણેની ધરપકડ બાદ ભાજપ અને શિવસેનાના નેતાઓની પ્રતિક્રિયા : રાણેના બ્લડ પ્રેશર અને સુગરમાં વધારો

ટિપ્પણી બાદ શિવસૈનિકોમાં ભારે આક્રોશ સ્થિતિ ભારેલા અગ્નિ જેવી : રાણે કેન્દ્રીય મંત્રી હોવાથી પ્રોટોકોલનું પાલન કરી રહેલી પોલીસની કાયદા-વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તેની પર નજર

નારાયણ રાણેની ધરપકડ : કેન્દ્રીય મંત્રીની ધરપકડ કરવાની પ્રક્રિયા અને કાયદાઓ શું છે ?

કેન્દ્રીય મંત્રી અથવા સંસદસભ્યને અમુક વિશેષાધિકારો મળે છે અને સંસદનું સત્ર હોય ત્યારે તેમાંના મોટા ભાગના સાંસદો સંસદમાં હાજર હોય છે. જો સંસદનું સત્ર ન હોય તો પોલીસ અથવા અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ કેન્દ્રીય કેબિનેટ મંત્રીની ફોજદારી કેસમાં ધરપકડ કરી શકે છે. નારાયણ રાણેના કેસમાં રાજ્યસભાના અધ્યક્ષ એટલે કે ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુને જાણ કરવાની એકમાત્ર આવશ્યકતા હોય છે. રાજ્યસભાના કાર્યપદ્ધતિ અને આચરણના નિયમોની કલમ ૨૨-એ હેઠળ, પોલીસ કે ધરપકડના આદેશ જારી કરનારા ન્યાયાધીશે રાજ્યસભાના અધ્યક્ષને આ ધરપકડના કારણો અને સ્થળ વિશે જાણ કરવી જરૂરી છે અને અધ્યક્ષ તે રાજ્યસભાના બુલેટિનમાં પ્રકાશિત કરે છે.

શું કેન્દ્રીય મંત્રીઓને કોઈ વિશેષ સુરક્ષા ઉપલબ્ધ છે ?

હા, ખાસ કરીને સિવિલ કેસોમાં તેઓને વિશેષ સુવિધા મળે છે. કેન્દ્રીય મંત્રી અથવા સાંસદની સંસદ સત્રની શરૂઆતના ૪૦ દિવસ પહેલા, ચાલુ સંસદ દરમિયાન અને સંસદની સમાપ્તિના ૪૦ દિવસ પછી ધરપકડથી રક્ષણ આપવામાં આવે છે. તેથી, નાગરિક પ્રક્રિયા સંહિતાની કલમ ૧૩૫ હેઠળ, નારાયણ રાણેને સિવિલ કેસમાં ધરપકડથી રક્ષણ મળે છે કારણ કે આ મહિનાની શરૂઆતમાં સંસદનું ચોમાસું સત્ર સમાપ્ત થયું હતું. જો કે, તેમની ધરપકડ એક ફોજદારી કેસમાં થઈ છે અને તેમના પર મુખ્યમંત્રીને ધમકી આપવાનો આરોપ હતો. અને ધરપકડથી આપવામાં આવતા રક્ષણમાં ફોજદારી ગુનાઓ અથવા નિવારક અટકાયતને આવરી લેવામાં આવતું નથી.

31 years

'કેન્દ્રીય મંત્રીમંડળમાંથી રાણેને કાઢી મૂકો' : વડાપ્રધાનને શિવસેનાનો પત્ર

રાણે કેન્દ્રીય મંત્રી તરીકેની પોતાની મર્યાદા ભૂલી ચૂકયા છે, માટે તેમને કેબિનેટમાં રહેવાનો કોઈ અધિકાર નથી : શિવસેના

મંગળવારે શિવસેનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. આ પત્રમાં શિવસેના દ્વારા માંગણી કરવામાં આવી હતી કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેની કેન્દ્રીય કેબિનેટમાંથી હકાલપટ્ટી કરવામાં આવે. પોતાના પત્રમાં સાંસદ અને શિવસેનાના જૂથના લોકસભા નેતા વિનાયક બી. રાઉતે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અંગે ઉપયોગ કરવામાં આવેલી ભાષા અંગે સખ્ત વિરોધ નોંધાવ્યો હતો. અને આવી ભાષાને વખોડી કાઢી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, સોમવારે રાયગઢના મહાડમાં ભાજપની જન આશીર્વાદ યાત્રા દરમ્યાન કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેએ વિવાદાસ્પદ ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, પોતાના સ્વતંત્રતા દિવસના ભાષણમાં ઉદ્ધવ ઠાકરે ભારતની આઝાદીના વર્ષોની ગણતરી ભૂલી ગયા હતા. જો હું ત્યાં હોત તો મે તેમને થપ્પડ મારી દીધી હોત. પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, હું નથી વિચારતો રાણે જેવી વ્યક્તિને મંત્રીમંડળમાં રહેવાનો અધિકાર છે, જેઓ એક મંત્રી તરીકે પોતાની મર્યાદા પણ ભૂલી ચૂકયા છે. આ એક રીતે વડાપ્રધાનનું પણ અપમાન છે.

મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અંગે બોલતી વખતે નારાયણ રાણેએ સંયમ રાખવાની જરૂર હતી : દેવેન્દ્ર ફડણવીસ

રાણેના વિવાદાસ્પદ નિવેદનથી ભાજપે અંતર જાળવ્યું : રાણેની ધરપકડને કોમી સ્વરૂપ આપવાનો દેવેન્દ્ર ફડણવીસનો વિચિત્ર પ્રયાસ

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યમાં વિરોધ પક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેની મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અંગે અણછાજતી ટિપ્પણી અંગે જણાવ્યું હતું કે, તેમણે મુખ્યમંત્રી અંગે બોલતા સંયમ દાખવવાની જરૂર હતી. બીજી તરફ ભાજપે કેન્દ્રીય મંત્રી રાણેના વિવાદસ્પદ નિવેદનથી અંતર જાળવ્યું છે. ફડણવીસે જણાવ્યું હતું કે, અમે રાણેના નિવેદનનો બચાવ કરતાં નથી પણ જે રીતે તેમની ધરપકડ કરવામાં આવી તેની સામે અમારો વિરોધ છે. તેમણે જણાવ્યું હતું કે, જો રાણે મુખ્યમંત્રીના અજ્ઞાન સામે રોષ વ્યક્ત કરવા માંગતા હતા તો તેમણે સારા શબ્દોનો અથવા યોગ્ય રીતે તેનો વિરોધ કરવાની જરૂર હતી. બીજી તરફ ફડણવીસે રાણેની ધરપકડને કોમી સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, મને એ વાતની નવાઈ થાય છે કે, મહારાષ્ટ્ર સરકારે શરજીલ ઉસ્માનીની સામે કાર્યવાહી શા માટે ન કરી, જેણે હિન્દુઓને ત્રાસવાદી કહ્યાં હતા. ઉદ્ધવ સરકારે રાણે સામે કાર્યવાહી કરવામાં તત્પરતા દાખવી હતી.

'ઉદ્ધવ જે ઈચ્છે એ કરે, હું પણ જે ઈચ્છીશ એ કરીશ' ધરપકડ બાદ નારાયણ રાણેની પ્રથમ પ્રતિક્રિયા

'મેં ઉદ્ધવને તમાચો માર્યો હોત', તેવું નિવેદન કર્યું જ નથી, કોઈપણ કાનૂની આધાર વિના મારી ધરપકડ કરવામાં આવી છે : નારાયણ રાણે

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને લાફો ઝીંકવાની વિવાદાસ્પદ ટિપ્પણી અંગે પોતાની ધરપકડ બાદ પ્રથમ પ્રતિક્રિયા આપતા કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેએ જણાવ્યું હતું કે, પોલીસે કોઈપણ દસ્તાવેજો દેખાડ્યા વિના મારી ધરપકડ કરી છે. તેમણે પોતાની ધરપકડ બાદ રત્નાગિરી લઈ જતી વખતે એક મીડિયા હાઉસ સાથે વીડિયો કોલથી વાતચીતમાં ઉક્ત ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, હું જ્યારે બપોરે ત્રણ વાગ્યે ગોલ્વકર ગુરૂ આશ્રમમાં બપોરનું ભોજન લઈ રહ્યો હતો ત્યારે ડીસીપી મારી પાસે આવ્યા હતા અને મને કહ્યું હતું કે, તમારી ધરપકડ કરવામાં આવે છે. મે તેમને વોરન્ટ અંગે પૂછ્યું પણ તેમણે મને કોઈ વોરન્ટ દેખાડ્યું ન હતું. ત્યારબાદ મને સંગમેશ્વર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાયો હતો. ડીસીપી એક રૂમમાં ગયા હતા અને ત્યાંથી બે કલાક સુધી બહાર આવ્યા ન હતા. મને પોલીસ અધિકારીથી માર જાનને જોખમ લાગ્યુ હતું. અત્રે ઉલ્લેખનિય છે કે, નારાયણ રાણે એક સમયે શિવસેનાના દિગ્ગજ નેતા ગણાતા હતા અને તેઓ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પણ રહી ચૂક્યા છે. રાણે જણાવ્યું હતું કે, મેં ક્યારેય એવું કહ્યું જ નથી કે, ઉદ્ધવ ઠાકરેને તમાચો માર્યો હોત. મેં માત્ર એટલી જ ટિપ્પણી કરી હતી કે, ઉદ્ધવને એ પણ ખબર નથી કે, ભારતને આઝાદ થયે કેટલા વર્ષો થયા છે. નારાયણ રાણેએ જણાવ્યું હતું કે, મને ડરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે હું પણ ભયભીત નહીં થાઉં.

RSS સંલગ્ન ટ્રેડ યુનિયન, ડાબેરી જૂથની મુદ્રીકરણ યોજના બદલ કેન્દ્રને ફટકાર

સરકારનું પગલું પારિવારિક ઘરેણા વેચવા જેવું : બીએમએસના મહાસચિવ

સરકારી સંપત્તિઓ વેચવાનો નિર્ણય અત્યંત વિનાશકારી : સીઆઈટીયુના મહાસચિવ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૪

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન(નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન) યોજનાની ઘોષણા કરવાના એક દિવસ બાદ આરએસએસસાથે જોડાયેલા ભારતીય મજદૂર સંઘ(બીએમએસ) અને ભારતીય ટ્રેડ યુનિયનોના ડાબેરી સમર્થિત જૂથ (સીઆઈટીયુ)એ કેન્દ્ર સરકારની ૬ લાખ કરોડ રૂપિયાની આ યોજના વિરૂદ્ધ જોરદાર અવાજ ઉઠાવ્યો છે. અલગ-અલગ વિચારધારાવાળા બે ટ્રેડ યુનિયનોએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારની યોજના પર વિરોધ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, આ દેશ અને શ્રમિકોના હિતો વિરૂદ્ધ છે.

નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે સોમવારે મીડિયાને જણાવ્યું હતું કે, મુદ્રીકરણ યોજના અંતર્ગત રેલવે, માર્ગો અને વિજળી ક્ષેત્રોમાં ૬ લાખ કરોડ રૂપિયાની રાષ્ટ્રીય માળખાકીય સંપત્તિઓનું મુદ્રીકરણ ચાર વર્ષમાં કરવામાં આવશે. સીતારમણે જણાવ્યું હતું કે, આ બ્રાઉન્ડફિલ્ડ સંપત્તિઓ સાથે સંબંધિત છે જ્યાં રોકાણ પહેલાથી જ કરવામાં આવી રહ્યું છે. આ સંપત્તિઓ કાંતો ખરાબ થઈ રહી છે અથવા સંપૂર્ણ રીતે મુદ્રીકૃત ન હોવાને કારણે તેમનો ઉપયોગ ઓછો થાય છે. બીએમએસના મહાસચિવ બિનય કુમાર સિંહાએ આ પગલાં અંગે કહ્યું કે, આ પારિવારિક આભૂષણો વેચવા જેવું છે. બીએમએસ એ આરએસએસનું ટ્રેડ યુનિયન છે જે સત્તાધારી ભાજપની વૈચારિક માતૃ સંસ્થા છે. વૈચારિક સ્તરે અલગ રહેનારી સંસ્થા સીઆઈટીયુના મહાસચિવ તપન સેને કહ્યું કે, સરકારી સંપત્તિ વેચવાનો નિર્ણય અત્યંત વિનાશકારી છે. આ એક મજૂર વિરોધી નિર્ણય છે. તેમના અધિકારો વધુ નબળા થશે. આ દેશના પક્ષમાં નથી અને સરકારી કર્મચારીઓના વિરોધમાં છે. નિર્મલા સીતારમણે સોમવારે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈનમાં જમીનોનું વેચાણ સામેલ નહીં થાય. આ બ્રાઉન્ડફિલ્ડ સંપત્તિઓ વિશે છે જેમને શ્રેષ્ટ મુદ્રીકૃત કરવાની જરૂર છે તેમની માલિકી કેન્દ્ર પાસે જ રહેશે.

મોદીજી પૃથ્વી પર જમીનથી લઈને આકાશ સુધી બધું જ વેચી મારશે : રણદીપ સૂરજેવાલા

'કાયદેસરની લૂંટ, સંગઠિત લૂંટફાટ' : રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન અંગે કોંગ્રેસના પ્રહાર

૭૦ વર્ષમાં દેશની જનતા દ્વારા ઊભી કરાયેલી લાખો કરોડો રૂપિયાની જાહેર સંપત્તિને કેન્દ્ર સરકાર પોતાના માનીતા ઉદ્યોગપતિઓના હવાલે કરી રહી છે : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસે મંગળવારે કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય માળખાકીય મુદ્રીકરણ યોજનાને 'કાયદેસરની લૂંટ અને સંગઠિત લૂટફાટ ગણાવતા આરોપ લગાવ્યો હતો કે, છેલ્લા અનેક દશકોમાં બનાવાયેલા અનેક જાહેર સંપત્તિઓને પસંદગીના લોકોના હાથમાં સોંપી દેવામાં આવી રહી છે. કોંગ્રેસે વધુમાં આરોપ લગાવ્યો કે, લોકોની સખત મહેનત દ્વારા બનાવાયેલી લાખો કરોડો રૂપિયાની સંપત્તિને સરકાર પોતાના અબજોપતિ મિત્રોને સોંપી રહી છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે, પહેલાં નોટબંધીની તબાહી આવી, તે સમયે ડૉ. મનમોહન સિંહે યોગ્ય જ કહ્યું હતું કે, આ કાયદેસરની લૂંટ અને સંગઠિત લૂંટફાટ છે. હવે મુદ્રીકરણ મેલા આવ્યો છે જેમાં દશકોથી ઉભી કરાયેલા જાહેર સંપત્તિઓને કેટલાક પસંદગીના લોકોને સોંપી દેવાશે. આ કાયદેસરની લૂંટ અને સંગઠિત લૂંટફાટ છે. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે, સરકાર આત્મનિર્ભરનો જુમલો આપી રહી છે પણ તે દેશને પોતાના અબજોપતિ મિત્રો પર આધારિત કરી રહી છે. તેમણે હિંદીમાં ટ્વિટમાં જણાવ્યું કે, આત્મનિર્ભરનો જુમલો આપતાં-આપતાં સમગ્ર સરકારને જ અબજોપતિ મિત્રો પર નિર્ભર કરી દીધી. બધું જ કામ એ અબજોપતિ મિત્રો માટે, બધી જ સંપત્તિ તેમના માટે. સરકાર ૭૦ વર્ષમાં દેશની જનતાની મહેનતથી બનેલી લાખો કરોડો રૂપિયાની સંપત્તિ પોતાના અબજોપતિ મિત્રોને આપી રહી છે. કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ આરોપ લગાવ્યો હતો કે, ભાજપના શાસન હેઠળ દેશની સંપત્તિઓ બચશે નહીં. તેમણે ટ્વિટમાં લખ્યું "૬ લાખ કરોડ રૂપિયાની દેશની સંપત્તિઓનું વેચાણ.. માર્ગો, રેલ, ખાણો, ટેલિકોમ, વિજળી, ગેસ, એરપોર્ટ્સ, પોર્ટ્સ, સ્પોર્ટ્સ સ્ટેડિયમ.. મોદીજી જમીનથી લઈને આકાશ સુધી બધું જ વેચી મારશે. જો ભાજપનું શાસન રહેશે તો દેશની સંપત્તિ બચી શકશે નહીં." નાણામંત્રી નિર્મલા સીતારમણે સોમવારે નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈનની જાહેરાત કરતા ખાનગી કંપનીઓ સાથે ભાગીદારી કરવાની જાહેરાત કરી હતી જેમાં ઈન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરવાળી કંપનીઓ પેસેન્જર ટ્રેનો અને રેલવેથી લઈને એરપોર્ટ, માર્ગો અને સ્ટેડિયમમાં પણ ભાગીદારી કરશે.

ભાજપના શાસને લોકોને આત્મનિર્ભરનો જુમલો આપતાં-આપતાં સમગ્ર સરકારને જ અબજોપતિ મિત્રો પર નિર્ભર કરી દીધી : પ્રિયંકા ગાંધી

એક Bazaar®
એક દેશ • એક માર્કેટ • ઘણી ભાષાઓ
ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ
अब दुनिया से धंधा आपकी भाषामे
એક મહિના માટે ચાર્જ | ખેડુત ૧૦૦/- | કારીગર ૧૫૦/- | SME & MSME ૨૫૦/-
ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઈન કરો www.ekbazaar.com
M. 9019217734 , 7676911802 • Help Line : 18003091349

વ્હોટ્સએપ દ્વારા કોવિડ-૧૯ રસીના ડોઝનું થઈ શકશે રજિસ્ટ્રેશન, જાણો તમામ પ્રક્રિયા

(એજન્સી) તા.૨૪

જો તમે અથવા તમારા કોઈ પ્રિયજને હજુ સુધી કોવિડ-૧૯ની રસી ના લીધી હોય તો તેની નોંધણી કરવા તમારે ક્યાંય ભાગદોડ કરવાની જરૂરત નથી ? કેમ કે હવે તમે વ્હોટ્સએપના માધ્યમથી કોવિડ-૧૯ની રસીના સ્લોટની નોંધણી કરાવી શકશો. કંપનીએ આજે એક નિવેદન જારી કર્યું છે કે, જે લોકો રસી મેળવવા માટે પાત્ર છે તેઓ હવે તેમના પ્લેટફોર્મ પર MyGovCorona Helpdesk દ્વારા તેમના સ્લોટ બૂક કરી શકશો.

જે લોકોને વેક્સિન લેવાની હોય તેઓ વ્હોટ્સએપના માધ્યમથી કોવિડ-૧૯ની રસી અંગે તમે તમારા નજીકના વેક્સિન કેન્દ્ર વિશે જાણકારી મેળવી વેક્સિન સ્લોટની નોંધણી સરળતાથી કરાવી શકશે. વ્હોટ્સએપના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર વિલ કેથકાર્ટે પણ ટ્વિટર પર આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, આજે અમે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને MyGov ઈન્ડિયા સાથે ભાગીદારી કરી રહ્યા છીએ. જેથી લોકો વ્હોટ્સએપ દ્વારા તેની રસીની નિમણૂક કરી શકે. તેમણે MyGov કોરોના હેલ્પડેસ્કની લિંક વ્હોટ્સએપ પર પણ પોતાના ટ્વિટ સાથે પોસ્ટ કરી હતી. વ્હોટ્સએપ અને MyGovના સીઈઓ અભિષેકસિંહે કહ્યું કે, હેલ્પડેસ્ક લોકોને રસીના પ્રમાણપત્રો ડાઉનલોડ કરવામાં મદદ કરવા ઉપરાંત, તેમને કોવિડ-૧૯ રસીકરણ નિમણૂક શોધવામાં પણ મદદ કરશે. તેમણે કહ્યું કે, લોકોને વ્હોટ્સએપનું એઆઈ આધારિત ઈન્ટરફેસ ચલાવવાનું સરળ લાગ્યું હોવાથી ઉપભોક્તાઓ સરળતાથી તેમના રસીકરણ સ્લોટ બૂક કરી શકશે.

વ્હોટ્સએપ પર કોવિડ-૧૯ રસી સ્લોટની નોંધણી કરવા માટેની સ્ટેપ-બાય-સ્ટેપ માહિતી.

સ્ટેપ-૧. તમારા ફોન પર સંપક તરીકે MyGov કોરોના હેલ્પડેસ્ક, ૯૦૧૩૧-૫૧૫૧૫નો નંબર ઉમેરો.

સ્ટેપ-૨. આ સપર્ક માટે ચેટ બોક્સ ખોલો અને સંદેશ તરીકે બૂક સ્લોટ મોકલો.

સ્પેટ-૩. એસએમએસ દ્વારા તમારા મોબાઈલ ફોન પર તમને મળતો ઓટીપી દાખલ કરો.

સ્ટેપ-૪. ચેટ બોક્સમાં તમારી પસંદગીની તારીખ, પિનકોડ અને રસીનો પ્રકાર દાખલ કરો.

સ્ટેપ-૫. તમને તમારા ફોન પર સ્લોટ બૂકિંગની પુષ્ટિ પ્રાપ્ત થશે.

વ્હોટ્સએપ યુઝર્સ જેમને રસી આપવામાં આવી છે તેઓ પણ આ હેલ્પડેસ્ક દ્વારા તેમના રસીકરણ પ્રમાણપત્રો ડાઉનલોડ કરી શકશે. જો કે, તેઓએ હેલ્પડેસ્ક પર રસી પ્રમાણપત્રનો સંદેશ મોકલવો પડશે તેના બાદ જ પ્રમાણપત્ર ફોન પર પ્રાપ્ત થશે.

અફઘાનિસ્તાન મુદ્દે મોદી-પુતિનની વચ્ચે થઈ મહત્ત્વપૂર્ણ ચર્ચા, રશિયાએ કર્યું તાલિબાનનું સમર્થન

(એજન્સી) તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે અફઘાનિસ્તાનના મુદ્દા પર પોતાના જુના સહયોગી રશિયા સાથે વાત કરી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતીન સાથે તેમની આ મુદ્દા પર લગભગ ૪૫ મિનિટ સુધી વાતચીત થઈ છે. આ મુદ્દા પર થયેલી બંને દેશોના રાષ્ટ્ર અધ્યક્ષોની વચ્ચે થયેલી આ વાતચીત ઘણી મહત્વપૂર્ણ છે. એવું એટલા માટે કારણ કે રશિયાએ ના માત્ર તાલિબાનનું સમર્થન કર્યું છે ઉપરાંત આ પણ જણાવ્યું છે કે તેમનું શાસન અફઘાન સરકારથી સારૂ હશે. ભારત સહિત અનેક બીજા દેશ ત્યાંથી પોતાના નાગરિકોને સુરક્ષિત બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ દરમ્યાન તાલિબાને જણાવ્યું છે કે ભારતે અફઘાનિસ્તાનમાં જે વિકાસ કર્યોની શરૂઆત કરી હતી. તેને પુરા કરી શકે છે. તેમણે વિશ્વાસ અપાવ્યો છે કે તાલિબાન કોઈ વિદેશીને કોઈ નુકસાન પહોંચાડશે નહીં. તમને જણાવી દઈએ કે ભારતે અત્યાર સુધી તાલિબાન અને પોતાનું વલણ સ્પષ્ટ કર્યું નથી જો કે ભારતે આ ચોક્કસ સ્પષ્ટ કરી દીધુ છે કે તે તાલિબાનની કહેલી વાતો પર વિશ્વાસ કરતું નથી. ઉલ્લેખનીય છે કે ભારતે ગત બે દશકા દરમ્યાન અફઘાનિસ્તાનના વિકાસ માટે કરોડોનું રોકાણ કર્યું છે તાલિબાનની હાજરીમાં આ રોકાણ પર સંકટ ઘેરાઈ ગયું છે.

CIAના વડાએ કાબૂલમાં તાલિબાન નેતા બરાદર સાથે મુલાકાત કરી

(એજન્સી) પીટીઆઈ, તા.૨૪

અમેરિકાના ટોચના જાસૂસે તાલિબાન નેતા અબ્દુલ ગની બરાદર સાથે કાબૂલમાં સોમવારે ગુપ્ત બેઠક યોજી હતી. અફઘાનિસ્તાનમાં કબ્જો કર્યા પછી બંને પક્ષો બેઠકમાં સામ સામે હતા.

અમેરિકાને અફઘાનિસ્તાનમાંથી પોતાના દળો સંપૂર્ણપણે પાછા લઈ જવાની છેલ્લી તારીખ ૩૧મી ઓગસ્ટ નિર્ધારિત કરાઈ હતી. એના બે અઠવાડિયા પહેલાં તાલિબાને અફઘાનિસ્તાનમાં ૧૫મી ઓગસ્ટે કબ્જો કર્યો હતો. જેના લીધે અફઘાનના રાષ્ટ્રપતિ અશરફ ગનીને દેશમાંથી ભાગી યુએઈ જવું પડ્યું હતું.

CIAના ડાયરેક્ટર વિલિયમ બર્ન્સે કાબૂલમાં બરાદર સાથે ગુપ્ત બેઠક યોજી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડેન દ્વારા ટોચના જાસૂસને મોકલવાનો નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે કાબૂલ એરપોર્ટ ઉપર અરાજકતા અને અંધાધૂંધી ફેલાયેલ છે. વિશ્વના બધા દેશો પોતાના નાગરિકોને ત્યાંથી કાઢવાના પ્રયાસો કરી રહ્યા છે. આ ઘટનાને બાઈડેને વિશ્વમાં સૌથી મુશ્કેલ અને ઐતિહાસિક એરલિફ્ટ તરીકે જણાવ્યું હતું.

જો કે CIAએ આ પ્રકારની ગુપ્ત બેઠક બાબત કોઈપણ ટિપ્પણી કરવા ઈનકાર કર્યો છે પણ અનુમાનો મુકાય છે કે બેઠકમાં ૩૧મી ઓગસ્ટની છેલ્લી તારીખ બાબત ચર્ચા થઈ હશે. જો તે સમય સુધી બધા નાગરિકોને એરલિફ્ટ નહીં કરી શકાય તો આ તારીખ લંબાવવા માટે પણ ચર્ચા થઈ હશે. અમેરિકા ઉપર સાથી દેશો એમની સેનાને ત્યાં વધુ સમય રોકાવા માટે કહી રહ્યા છે. જો કે તાલિબાનના પ્રવક્તાએ ચેતવણી આપી હતી કે અમેરિકા અને ઈંગ્લેન્ડ તારીખ લંબાવવા માગણી કરશે તો એના પરિણામો એમને ભોગવવા પડશે.

અફઘાનીઓ દ્વારા દિલ્હીમાં પ્રદર્શનથી સ્થાનિક લોકોને કોરોનાનો ડર

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

UNHCRના ઑફિસ બહાર અફઘાની નાગરિક સંયુક્ત રાષ્ટ્ર એજન્સી પાસે માગ કરી રહ્યા છે કે તેમણે બીજા દેશોમાં રહેવા માટે ઈમિગ્રેશન લેટર જારી કર્યુ છે. આ સાથે જ રિફ્યુજી સ્ટેટસ/કાર્ડની પણ માગ કરવામાં આવી રહી છે. આ મુદ્દે દેશની રાજધાનીમાં આ વિરોધ પ્રદર્શન ચાલી રહ્યુ છે. પરંતુ વસંત વિહારના સ્થાનિક લોકો ફસાઈ ગયા છે. તે આ અફઘાનીઓનું સમર્થન તો કરી રહ્યા છે પરંતુ તેમને એ વાતની ફરિયાદ છે કે આ લોકો કોરોના પ્રોટોકોલનુ પાલન કરી રહ્યા નથી. પ્રદર્શન દરમિયાન કોઈએ પણ માસ્ક પહેર્યુ નથી. અફઘાનિસ્તાનમાં જારી સંઘર્ષની અસર ભારતમાં પણ જોવા મળી રહી છે. અહીં દિલ્હીમાં કેટલાક અફઘાનીઓએ વિરોધ પ્રદર્શન કરવાનુ શરૂ કરી દીધુ છે. UNHCRના ઑફિસની બહાર સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા છે. ન્યાયની માગ કરવામાં આવી રહી છે પરંતુ આ વિરોધ પ્રદર્શનનું બીજુ પાસુ એ પણ છે જેના કારણે વસંત વિહારના સ્થાનિક લોકો પરેશાન થઈ ગયા છે. તેમને કોરોના સંક્રમણનો ડર છે. આ વિશે સ્થાનિક શખ્સે કહ્યું કે, અમે નથી ઈચ્છતા કે, આ અફઘાનીઓ પર કોઈપણ પ્રકારના બળનો ઉપયોગ કરવામાં આવે. આ લોકોએ ઘણુ સહન કર્યુ છે. આ પહેલેથી પરેશાન છે. આશા છે કે, આ સમસ્યાનું સમાધાન જલ્દી નીકળે કેમ કે અહીં બેસેલા પ્રદર્શનકારી માસ્ક પહેરી રહ્યા નથી. સોશિયલ ડિસ્ટન્સિંગનો પણ ખ્યાલ નથી. એવામાં અમને કોરોના ફેલાવાની પણ ચિંતા છે. રસ્તા પર દરેક જગ્યાએ કચરો પણ ફેંકવામાં આવી રહ્યો છે. કોરોનાનુ જોખમ જરૂર છે પરંતુ પ્રદર્શન કરી રહેલા અફઘાની પોતાની માગને પૂરી કર્યા વિના હટવા તૈયાર નથી. તે એક લાંબી લડત માટે તૈયાર જોવા મળી રહ્યા છે. અહી હાજર અફઘાન રિફ્યુજી અહેમદ ખાન અંજામનુ કહેવુ છે કે અમે ત્યાં સુધી પ્રદર્શન કરીશુ, જ્યાં સુધી અમારી માગ પૂરી થઈ જાય નહીં. કેટલીક રિફ્યુજીનું એ પણ કહેવાનું છે કે જો અમારી માગને પૂરી કરવામાં નહીં આવે તો હવે ભૂખ હડતાળ કરવામાં આવશે. જો કે આ લોકોએ ભારત સરકારનો આભાર માન્યો હતો, પરંતુ UNHCR પર પ્રશ્નો ઉભા છે.

તાલિબાનની સરખામણી વાલ્મિકી સાથે કરતા કવિ મુનવ્વર રાણા સામે વધુ એક FIR દાખલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ઉર્દૂ કવિ મુનવ્વર રાના દ્વારા સંત વાલ્મિકીની સરખામણી તાલિબાન સાથે કરાતા મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીના નેતાએ એમની સામે એફ.આઈ.આર. નોંધાવી છે. ભાજપના મધ્યપ્રદેશના પછાત જાતિ સેલના અધ્યક્ષ સુનિલ માલવિયાએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવતા કહ્યું હતું કે કવિ દ્વારા એક ટીવી કાર્યક્રમમાં કરાયેલ ટિપ્પણીથી વાલ્મિકી સમાજની લાગણીઓ દુભાઈ છે. હિન્દી ચેનલના એન્કરે રાનાને પૂછ્યું હતું કે શું તમે તાલિબાનને ત્રાસવાદી તરીકે જુઓ છો, જેમણે હાલમાં અફઘાનિસ્તાનમાં કબ્જો કર્યો છે. એના જવાબમાં રાનાએ કહ્યું કે તેઓ ત્રાસવાદીઓ છે. પણ વાત એમ છે કે વાલ્મિકી રામાયણ લખ્યા પછી દેવતા બની ગયા હતા પણ એના પહેલા તેઓ ડાકૂ હતા. વ્યક્તિનું ચરિત્ર બદલાતું રહે છે. જ્યારે એન્કરે એમની ઉપર આરોપો મૂક્યા કે તેઓ વાલ્મિકીની સરખામણી તાલિબાન સાથે કરી રહ્યા છે ત્યારે એમણે કહ્યું કે તમે વાલ્મિકીને ભગવાન માની શકો છો પણ તેઓ લેખક પણ હતા. એમના ભૂતકાળમાં પણ નજર નાંખવી જોઈએ. એમણે રામાયણ લખી મોટું કાર્ય કર્યું હતું. હું સરખામણીની વાત નથી કરતો. ગુનાના એસ.પી. રાજીવ મિશ્રાએ કહ્યું કે અમે રાના સામે આઈ.પી.સી.ની કલમ ૫૦૫ હેઠળ એફ.આઈ.આર. નોંધી છે. અમે આ કેસ લખનૌ મોકલી આપીશું જ્યાં એમણે ઈન્ટરવ્યું આપ્યો હતો.

ભાજપ કહે છે કોંગ્રેસે કંઈ નથી કર્યું, તો વેચો છો તે કોણે બનાવ્યું ?

૭૦ વર્ષમાં ઊભી કરાયેલી સંપત્તિઓ વેચાઈ રહી છે : મુદ્રીકરણ અંગે રાહુલ ગાંધી

મોદી સરકાર બે-ત્રણ ઉદ્યોગપતિ મિત્રોને દેશની બધી જ સંપત્તિ સોંપી દેશે, આના કારણે બેરોજગારીનો રાફડો ફાટશે : રાહુલ ગાંધી

ટ(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે સમગ્ર દેશના ચાવીરૂપ ક્ષેત્રોનું મુદ્રીકરણ કરવાના સરકારના પગલાં સામે સવાલ કર્યો હતો અને કહ્યું હતું કે, છેલ્લા ૭૦ વર્ષમાં ઊભી કરાયેલી તમામ સંપત્તિઓ વેચાઈ રહી છે. પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી.ચિદમ્બરમ સાથે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતાં તેમણે કહ્યું કે, ભાજપ દાવો કરે છે કે, છેલ્લા ૭૦ વર્ષમાં ભારતમાં કંઈજ નથી થયું પણ હવે આ બધા વર્ષોમાં બનાવાયેલી સંપત્તિઓ વેચાઈ રહી છે. તેમણે કહ્યું કે, આ દેશે છેલ્લા ૭૦ વર્ષમાં જે બનાવ્યું છે તેને આપી દેવાય છે. આ માટે તેઓ દલીલ કરે છે કે, અમે તેને ભાડે આપી રહ્યા છીએ. સરકાર સ્પષ્ટ રીતે અર્થતંત્રનું ગેરવહીવટ કરી રહી છે અને શું કરવું તે જાણતી નથી. કોંગ્રેસે કહ્યું કે, આ પગલાંનો ઉદ્દેશ ૨-૩ ખાનગી પ્લેયર્સની મદદ કરવાનો છે. મુદ્રીકરણની યોજના અંગે વડાપ્રધાન મોદીની સરકાર પર આકરા પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, આના પરિણામ સ્વરૂપે માત્ર કેટલાક વ્યવસાય બચશે અને રોજગારની તકો ઓછી થઈ જશે. રાહુલ ગાંધીએ કહ્યું કે, હું યુવાઓને કહેવા માંગું છું કે, દેશ શું વેચી રહ્યું છે અને કઈ સંપત્તિ કોની પાસે જશે. તેમણે કહ્યું કે, આ બધુ બે-ત્રણ ખાનગી પ્લેયર્સને વેચાવા જઈ રહ્યું છે. મેં કોરોના અંગે વાત કરી પણ બધાએ હસવામાં કાઢી નાખ્યું અને બાદમાં બધાએ જોયું અને આજે કહી રહ્યો છું કે આની દેશ પર મોટી અસર થશે. હું ચોક્કસપણે કહું છું કે, વડાપ્રધાન મોદીની તેમના ઉદ્યોગપતિ મિત્રોને બધું આપી દેવાની યોજના છે. તેમણે દાવો કર્યો કે, ૨૬,૭૦૦ કિલોમીટરના ૧.૬ લાખ કરોડના રાષ્ટ્રીય હાઈવે સાથે સમાધાન, ૪૦૦ રેલવે સ્ટેશન, ૧૫૦ પ્રાઈવેટ ટ્રેનો, રેલવે ટ્રેક અને વેરહાઉસ સાથેનું ૧.૫ લાખ કરોડ રૂપિયાનું રેલવે આબધાં સાથે સમાધાન થશે. તેમણે કહ્યું ૪૨,૩૦૦ સર્કિટ કિલોમીટરનું ટ્રાન્સમિશન નેટવર્ક, ૬૦૦૦ મેગાવોટ પાવર જનરેશન, એનએચપીસી, એનટીપીસી અને એનએલસીની સોલાર વિન્ડ સંપત્તિઓ, જીએઆઈએલની ૮૦૦૦ કિલોમીટરની નેશનલ ગેસ પાઈપલાઈનનું ખાનગીકરણ થવા જઈ રહ્યું છે. તેમણે કહ્યું એટલે સુધી કે, ૪૦૦૦ કિલોમીટરની પેટ્રોલિયમ પાઈપલાઈન, ભારત નેટ ફાઈબર નેટવર્ક, બીએસએનએલ અને એમટીએનએલ ટાવરની ૨.૮ લાખ કિલોમીટરની ટેલિકોમ સંપત્તિ, ૨૧૦ મેટ્રિક ટનની ક્ષમતાવાળા ૨૯,૦૦૦ કરોડના વેરહાઉસો, ૧૦૭ કોલસાની ખાણો, ૭૬૧ મિનરલ બ્લોક્સ, ૨૧,૦૦૦ કરોડના ૨૫ એરપોર્ટ્સ, ૩૧ પ્રોજેક્ટ સાથેના ૧૩,૦૦૦ કરોડના પોર્ટ્સ અને ૧૧,૦૦૦ કરોડના નેશનલ સ્ટેડિયમો માત્ર કેટલાક ઉદ્યોગપતિઓને વેચાવા જઈ રહ્યા છે. મોદી સરકારના ચાવીરૂપ પ્રોજેક્ટ્સમાં ખાનગીકરણની યોજનાથી નોકરીઓ મરી પરવારશે.

બંગાળની ખાડીમાં ૫.૧ની તીવ્રતાનો ભૂકંપ તમિલનાડુ, આંધ્રપ્રદેશમાં આંચકા અનુભવાયા

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૪

બંગાળની ખાડીમાં દરિયાની નીચે આવેલા ભૂકંપ પછી મંગળવારે ચેન્નાઈ અને કાકીનાડામાં આંચકા અનુભવાયા. જાન-માલના નુકસાનના કોઈ સમાચાર નથી. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીએ જણાવ્યું કે, બંગાળની ખાડીમાં બપોરે ૧૨:૩૫ વાગે ૫.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપ બંગાળની ખાડીમાં ૧૦ કિ.મી.ના ઊંડાણમાં હતો અને કાકીનાડા, આંધ્રપ્રદેશના દક્ષિણ-પૂર્વમાં લગભગ ૨૯૬ કિ.મી. ચેન્નાઈથી ૩૨૦ કિ.મી. ઉત્તર-પૂર્વમાં હતો. આંચકા ચેન્નાઈ અને કાકીનાડાના રહેવાસીઓ અને આસપાસના વિસ્તારોમાં થોડીવાર માટે અનુભવાયા. મંગળવારે બપોરે ૫.૧ની તીવ્રતાના ભૂકંપ પછી આંધ્રપ્રદેશના કાકીનાડા, રજોલ, પલાકોલુ અને નરસાપુરમ શહેરોમાં હળવા આંચકા અનુભવાયા હતા. કાકીનાડામાં રહેવાસીઓએ ઓચિંતા અનુભવ્યું કે, તેમના પંખા હલી રહ્યા છે અને વસ્તુઓ તેમની તીજોરીઓ પરથી પડી રહી છે તેમાંથી કેટલાકે જણાવ્યું કે, આ માત્ર થોડીક સેકન્ડ જ ચાલ્યું અને નુકસાન થયું નથી. નંગનલ્લુર ઉપરાંત અદયાર અને પાડોશી તિરૂવનમિયુર જેવા વિસ્તારોમાં રહેતા લોકોએ જણાવ્યું કે, તેમને હળવા આંચકા અનુભવાયા હતા.

કોરોનાને ધ્યાને લઈ મહારાષ્ટ્ર સરકારે દહીંહાંડી માટે આવેલ અરજીઓને નકારી

(એજન્સી) મુંબઈ, તા.૨૪

દહીંહાંડીનો ઉત્સવ ઉજવવાથી મોટા પ્રમાણમાં કોરોનાનો ફેલાવો થઈ શકે છે. એવું ટાસ્ક ફોર્સે કહ્યું હતું. સમન્વય સમિતિએ સુચવ્યું કે તહેવારની વૈશ્વિક સ્તરે ટકાવા જોઈએ. ગણેશોત્સવ પ્રમાણે નિયમમુજબ ઉજવીશું એવી માગણી સમિતિએ કરી હતી. પણ બેઠકમાં મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરે અને નાયબ મુખ્ય મંત્રીએ પરવાનગી આપી શકતા નથી, એમ સમન્વય સમિતિના સભ્યોને સમજાવીને કહ્યું હતું. મહારાષ્ટ્ર સરકારે મુંબઈ સહિત રાજ્યભરમાં દહીંહાંડી (મટકી) યોજવાની પરવાનગી નકારી છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્રના ગોવિંદાની ટુકડીના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોનાના કારમે મુંબઈ અને થાણે સહિત રાજ્યભરમાં દહીંહાંડીની ટીમોએ ગયા વર્ષે આ તહેવારની ઉજવણી કરી નહોતી. આ વર્ષે નાના પ્રમાણમાં આ ઉત્સવ ઉજવવાની પરવાનગી આપો એવી માગણી કરી હતી. એટલું જ નહીં સર્વ ગોવિંદાઓએ રસીના બે ડોઝ પૂર્ણ કરશે અને સુરક્ષિત દહીંહાંડી ઉત્સવની જવાબદારી અમારી હશે એમ બેઠકમાં સમન્વય સમિતિને સરકારે જણાવ્યું હતું. જો એકવાર મંજૂરી આપવામાં આવે અને કોરોનાનો પ્રભાવ વધે તો તહેવાર અને સંસ્કૃતિને નુકસાન થશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ વેળા દહીંહાંડીની તમારી ઈચ્છા હશે તો પણ અમે પરવાનગી આપી શકતા નથી. અમે દહીંહાંડીનું આયોજન ન કરવા માટેનું વલણ લઈશું એવું સમન્વય સમિતિએ જણાવ્યું હતું.

નાગપુર યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના વડાંએ પતિના મૃત્યુ બાદ ડો.જ્યોત્સના મેશ્રામે ઈમારત પરથી પડતું મૂકી જીવન ટૂંકાવ્યું

(એજન્સી) મુંબઈ, તા.૨૪

નાગપુરમાં આવેલ રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના એચઓડી (વિભાગ પ્રમુખ) ડો. જ્યોત્સના મેશ્રામે મનિષ નગરમાં આવેલ એક ઈમારતના નવમા માળેથી ઝંપલાવી જીવન ટૂંકાવી દીધું હતું. તેઓ આ યુનિવર્સિટીના માજી ચાન્સેલર સ્વ. ડો. સુધીર મેશ્રામના પત્ની હતા. તેમના આત્મહત્યા પાછળનું કારણ સ્પષ્ટ થઈ શક્યું નહોતું. જોકે પતિનું મૃત્યુ બાદ તેઓ માનસિક રીતે પડી ભાંગ્યા હતા. વધુ વિગતાનુસાર મેશ્રામ નાગપુરના જયતાળયા વિસ્તારમાં રહેતા હતા. તેમને એક પુત્ર હોઈ તે અમેરિકામાં સેટલ થયો છે. તેઓ થોડા દિવસો પહેલાં પુત્રને ત્યાં અમેરિકા ખાતે રહી આવ્યા હતા. તેઓ એક અઠવાડિયા પહેલા જ અમેરિકાથી પાછા ફર્યા હતા. ત્યારબાદ તેઓ રવિવારે મનિષનગરમાં રહેતા તેમના માસીને ત્યાં રહેવા આવ્યા હતા. જોકે આજે સવારે પાંચ વાગ્યે તેમણે નવમા માળેથી પડતું મુકી આત્મહત્યા કરી લીધી હતી. પતિના મૃત્યુ બાદ તેઓ માનસિક રીતે પડી ભાંગ્યા હતા. આ સિવાય રસાયણશાસ્ત્રના વિભાગ પ્રમુખ હોવાથી તેમના પર નેક (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડીટેશન કાઉન્સિલ)ની જવાબદારી પણ હોવાથી તેઓ સતત તણાવમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે આ પ્રકરણે અકસ્માત મૃત્યુની નોંધ કરી વધુ તપાસ આદરી છે.

શું મારો એટલો જ ગુનો હતો કે હું મુસ્લિમ છું ?, તસ્લીમનો સવાલ

"મને ભયંકર ડર લાગે છે" : મધ્યપ્રદેશમાં ટોળાના હુમલાનો ભોગ બનેલો બંગડી વેચનાર મુસ્લિમ

(એજન્સી) ઈન્દોર, તા.૨૪

હિંદુ વિસ્તારમાં બંગડી વેચવા બદલ મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક ટોળા દ્વારા ઉત્તરપ્રદેશના એક ૨૫ વર્ષના યુવકને બરેહમીથી મારવામાં આવ્યો છે. ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ કોંગ્રેસના નેતાઓએ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરી હતી. પોલીસે આ અંગે ફરિયાદ દાખલ કરીને બે લોકોની ધરપકડ કરી છે. હિંદુ વિસ્તારમાં બંગડીઓ વેચવા બદલ ટોળાના હુમલાનો ભોગ બનેલા પીડિતે હવે કહ્યું છે કે, ''તે ખૂબ જ ભયભીત થઈ ગયો છે'' સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ઘટનાના વીડિયોમાં દેખાય છે કે, કટ્ટરવાદીઓનો એક જૂથ તેને માર મારી રહ્યો છે. લોકો તને થપ્પડો તથા લાતો મારી રહ્યા છે જ્યારે મુસ્લિમ બંગડી વેચનાર બચવા માટે કહે છે હું ક્યારેય હિંદુ વિસ્તારમાં નહીં આવું. ૨૫ વર્ષના તસ્લીમે કહ્યું છે કે, ''તેનો ગુનો એટલો જ છે કે, તે મુસ્લિમ હતો.'' વીડિયોમાં દેખાય છે કે, તેને માર મારતાં સમયે તેના સામાનને તોડી નખાયું તથા લૂંટફાટ કરાઈ હતી. તેણે કહ્યું કે, મને ચેતવણી અપાઈ કે હિંદુ વિસ્તારમાં કોઈપણ મુસ્લિમે સામાન વેચવા આવવું નહીં. ઘટના વાયુવેગે વાયરલ થયા બાદ પોલીસે ફરિયાદ દાખલ કરીને બે લોકોની ધરપકડ કરી છે. તસ્લીમ ઉત્તરપ્રદેશના હરદોઈ જિલ્લાના મઉ ગામનો વતની છે અને મધ્યપ્રદેશમાં બંગડી વેચવાની ફેરી કરે છે. ૨૨મી ઓગસ્ટે બપોરે આશરે ૨.૩૦ વાગે તે બંગડી વેચવા માટે ઈન્દોરના બંગાનામાં ગયો હતો. ત્યાં પાંચથી છ લોકો આવ્યા હતા જેમાં એક પીળા કપડાં પહેરેલો હતો. તેણે તસ્લીમને મુસ્લિમ થઈને હિંદુ વિસ્તારમાં સામાન વેચે છે તેમ રહીને તેનો સામાન ફેંકી દીધો હતો. હુમલો કરનારા પોતાને હિંદુવાદી નેતા ગણાવતા હતા અને લોકોને પણ તેની પાસેથી સામાન નહીં ખરીદવાનું કહેતા હતા. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયો હોવા છતાં પોલીસે અજાણ્યા લોકો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. તસ્લીમે કહ્યું કે, મેં કોઈ ગુનો નથી કર્યો, હું ઉત્તરપ્રદેશનો છું અને અહીં બંગડી વેચવાનું કામ કરૂ છું. તેને કહેવાયં કે, તે શા માટે મુસ્લિમ થઈને હિંદુ વિસ્તારમં બંગડીઓ વેચે છે. પીળા શર્ટમાં રહેલ વ્યક્તિએ લોકોને મને મારવા માટે કહ્યું હતું. શું મારો એ વાંક હતો કે હું મુસ્લિમ છું ?

લ્યો, 'ઉલ્ટા ચોર કોટવાલ કો ડાંટે' જેવો ઘાટ સર્જાયો

ઈન્દોરમાં હિંદુ ટોળા દ્વારા બરેહમીથી માર મરાયેલા મુસ્લિમ બંગડી વેચનારા સામે હવે પોક્સો હેઠળ ગુનો નોંધાયો

તસ્લીમને માર મારનારા શખ્સે પોતાની ૧૩ વર્ષની દીકરી પાસે જ શારીરિક અડપલાં કરવાની ફરિયાદ દાખલ કરાવી

(એજન્સી) ઈન્દોર, તા.૨૪

મધ્યપ્રદેશના ઈન્દોરમાં કથિત રીતે હિંદુ નામ બતાવવા બદલ બરહેમીથી માર માર્યા બાદ લૂંટી લેવાયેલા બંગડી વેચનારા મુસ્લિમ યુવક સામે હવે પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરાઈ છે જેમાં તેણે એક ૧૩ વર્ષની છોકરીને અડવાનો કથિત આરોપ લગાવ્યો છે. રવિવારે રાતે બંગડી વેચનારા તસ્લીમની ફરિયાદના આધારે પોલીસે બીજા દિવસે હુમલાના આરોપમાં ત્રણ લોકોની ધરપકડ કરી હતી. જો કે, આશ્ચર્યજનક રીતે સોમવારે સાંજે તસ્લીમઅલી સામે પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ ફ્રોમ સેક્સુઅલ ઓફેન્સ અથવા પોક્સો હેઠળ ફરિયાદ દાખલ કરાઈ છે જેમાં આરોપીઓમાંથી એક કિશોરીની ફરિયાદ દાખલ કરાઈ છે. ફરિયાદ અનુસાર અલી રવિવારે બપોરે બે વાગે કિશોરીના ઘરે બંગડી વેચવા ગયો હતો અને પોતાનું નામ ગોલુ બતાવ્યું હતું જેમાં તેણે અડધું બળેલું આધાર કાર્ડ પણ બતાવ્યું હતું. કિશોરીએ પોતાની ફરિયાદમાં કહ્યું હતું કે, અમે તેની પાસેથી બંગડી ખરીદવાનું શરૂ કર્યું. જ્યારે મારી માતા પૈસા લેવા ગઈ ત્યારે બંગડી વેચનારે મારી સામે ખરાબ નજરથી જોયું અને મારો હાથ પકડી લીધો અને કહ્યું કે, હું તમને બંગડી પહેરાવવામાં મદદ કરૂં. તેણે અણછાજતી રીતે મારા ગાલ પર પણ સ્પર્શ કર્યો. તેણે દાવો કર્યો કે, તે ગભરાઈ ગઈ અને અલીએ તેને મારી નાખવાની ધમકી આપી ભાગી ગયો ત્યારે સ્થાનિક લોકોએ તેનો પીછો કર્યો. પોલીસે કહ્યું કે, આ ફરિયાદ બાદમાં દાખલ થઈ કારણ કિશોરી ગભરાઈ ગઈ હતી. બાદમાં તેની પૂછપરછ માટે અટકાયત કરાઈ હતી.

ઈન્દોરમાં મુસ્લિમ બંગડી વેચનારાને માર મારનારા આરોપી માટે હિંદુવાદી સંગઠને રેલી યોજી

(એજન્સી) ઇન્દોર, તા. ૨૪

ઈન્દોરમાં બંગડી વેચનાર મુસ્લિમ યુવક તસ્લીમ અલીને માર મારવાના કેસમાં ધરપકડના વિરોધમાં મંગળવારે હિંદુવાદી સંગઠનોએ ડીઆઈજી ઓફિસ સામે વિરોધ પ્રદર્શનો કર્યા હતા. પ્રદર્શનમાં સામેલ લોકોએ ભગવા ઝંડ લહેરાવી ભારત માતા કી જય, હિંદુસ્તાન મેં રહેના હોગા-વંદે માતરમ કહેના હોગા, જય શ્રીરામના સૂત્રોચ્ચારો કર્યા હતા. ડીઆઈજી ઓફિસ સામે હિંદુવાદી સંગઠનોનું વિરોધ પ્રદર્શન સોશિયલ મીડિયા પર પણ ખૂબ વાયરલ થયુંછે. હિંદુ જાગરણ મંચના બેનર હેઠળ ઈન્દોરના રિગલ ચાર રસ્તા પર સેંકડો લોકો ભેગા થયા હતા અને આરોપીઓ વિરૂદ્ધ પોલીસના પગલાં સામે સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. તેઓ મુસ્લિમ વિરોધી સૂત્રોચ્ચારો અને 'દેશવિરોધીઓને ગોળી મારો'ના નારા લગાવી રહ્યા હતા. દેખાવકારોએ બાદમાં કલેક્ટરને દેશવિરોધીઓ અને ચોક્કસ સમાજ વિરૂદ્ધની ઘટનાઓ અંગે આવેદન આપ્યું હતું. દેખાવકારોએ આરોપ લગાવ્યો છે કે, ઘટનાની જાણ હોવા છતાં પોલીસે પગલાં લેવાનો ઈન્કાર કર્યો. આવેદનમાં સ્વતંત્રતા દિવસના કાર્યક્રમ દરમિયાન પથ્થરમારો, કિશોરીની છેડતી અને પોતાની ઓળખ છૂપાવીને યુવા છોકરીને ભોળવવાનો આરોપ લગાવાયો છે. સોમવારથી મુસ્લિમ યુવકને માત્ર હિંદુ વિસ્તારમાં બંગડી વેચવા બદલ માર મરાયાનો વીડિયો વાયરલ થયા બાદ પૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરમે ટ્વિટમાં લખ્યું કે, ''ગાઝિયાબાદ, કાનપુર અને હવે ઈન્દોર, શું સાચુ છે અને શું ખોટું છે તે નક્કી કરનારા આ લોકો કોણ છે? તેમણે હિંસાને પ્રોત્સાહન આપવા જેવું નિવેદન આપનારા મધ્યપ્રદેશના ગૃહમંત્રી પર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, તેમણે પોતાની ખુરશીનો ત્યાગ કરી દેવો જોઈએ.

બંગડી વેચનારા શખ્સ પર થયેલા હુમલા મુદ્દે કોંગ્રેસની પ્રતિક્રિયા 'ગુંડાઓ મહાન હિંદુ સંસ્કૃતિનું અપમાન કરી રહ્યા છે'

ઈન્દોરમાં બંગડીના વ્યાપારી પર થયેલો હુમલો વિધાનસભા ચૂંટણીઓ પહેલાં ધ્રૂવીકરણની શરૂઆત છે : ચિદમ્બરમ્

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસે મંગળવારે કહ્યું હતું કે, ઈન્દોરમાં બંગડીના મુસ્લિમ વ્યાપારીને મારવાની ઘટનાએ આગામી વર્ષે રાજ્યમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં કોમવાદી સંઘર્ષ અને ધ્રૂવીકરણને ઉશ્કેરવાની શરૂઆત છે. વિપક્ષી પાર્ટીએ પ્રશ્ન કર્યો હતો કે, શું ત્યાં કોઈ કાયદાનો અમલ થઈ રહ્યો છે. મુસ્લિમ શખ્સ સાથે મારપીટ કરનારા ગુંડાઓ હિંદુ સંસ્કૃતિનું અપમાન કરી રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે કહ્યું હતું કે, આ પ્રકારની ઘટનાઓ રાજ્યમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલાં સાંપ્રદાયિક સંઘર્ષ, હિંસા અને ધ્રૂવીકરણને ઉત્તેજન આપવાની શરૂઆત છે. ગાઝિયાબાદ અને કાનુપર પછી ઈન્દોરમાં આ પ્રકારની ઘટના ઘટી હતી. પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, જો રાજ્યના ગૃહમંત્રી ટોળા દ્વારા આચરવામાં આવતી હિંસાને યોગ્ય ઠેરવશે તો પછી તે ગૃહમંત્રીની ખુરશી પર કેમ બેઠા છે. કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું હતું કે, બંગડી વેચનાર એક ગરીબ શખ્સને માર મારી જેલમાં મોકલી દેવામાં આવ્યો. તેમણે ટ્વિટ કર્યું હતું કે, આ ગુંડાઓ હિંસા ફેલાવી હિંદુ સંસ્કૃતિનું અપમાન કરી રહ્યા છે. તમને શરમ આવવી જોઈએ શું ત્યાં ખરેખર કાયદાનું શાસન છે.

જેણે પક્ષના હિતને રાષ્ટ્રહિતથી ઉપર રાખ્યું તેના માટે રાષ્ટ્રધ્વજ પાર્ટીના ધ્વજની નીચે જ હોવો જોઈએ

(એજન્સી) તા.૨૪

છબીઓની અંદર છબીઓ હોય છે બે દિવસથી જોઈ રહ્યો છું કે અનેક લોકો ઉત્તેજીત છે કે રાષ્ટ્રધ્વજને ભાજપના ધ્વજથી ઠોકી દેવામાં આવ્યો છે. તેને રાષ્ટ્રધ્વજનું અપમાન બતાવવામાં આવી રહ્યું છે. પરંતુ જે ઉત્તેજીત છે શું તે અનુભવી શકે છે કે તેમના ક્ષોભથી બાકી ભારતના લોકો પ્રભાવિત નથી. કદાચ જ લોકોને આ દૃશ્ય એટલુ અસામાન્ય લાગી રહ્યું હોય કે તે આંદોલિત થઈ ઉઠયા એવું કેમ થયું ? તેનું એક કારણ તો એ છે કે આ પ્રશ્ન કરી રહ્યા છે, તેમાંથી કોઈએ પૂછયું નહી કે આ છબીમાં રાષ્ટ્રધ્વજનો જે ઉપયોગ કરવામાં આવ્યો, તે જ યોગ્ય હતું કે નહીં અથવા રાષ્ટ્રીય ધ્વજનો આ ઉપયોગ જ તેનું અપમાન છે કે નથી. જે ભારતીય બંધારણના નામે લીધેલા શપથને ભંગ કરતા સમયે સહેજ પણ ખચકાયા નહી અને જેણે પછી આ વચન-ભંગને પોતાની વીરતા બતાવી શું તેના પાર્થિવ શરીરને રાષ્ટ્રધ્વજના સ્પર્શની ગરિમાનો અધિકાર છે ? તે મૂળ પ્રશ્ન છે પરંતુ તે પ્રશ્ન પૂછવામાં જ આવી રહ્યો નથી. અંતે કેવી રીતે યાદ નથી કે કલ્યાણસિંહે અદાલતને આપેલા વચનને તોડી નાખ્યું હતું. કે ૬ ડિસેમ્બર ૧૯૯૨એ અયોધ્યામાં લાખો કારસેવકોના ભેગા થવા છતાં બાબરી મસ્જિદની સુરક્ષાની સંપૂર્ણ વ્યવસ્થા કરીને અને તેની ગેરન્ટી કરશે કે તેને કોઈ નુકસાન ના થાય. તેમણે પોતાની બંધારણીય મર્યાદાનો ભંગ કરી

દીધો અને ભારત રાષ્ટ્રના વ્યાપક હિતની ઉપર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપના રાજનૈતિક લાભને મહત્વ આપ્યું છે અને તે માટે મુખ્યમંત્રીના પોતાના બંધારણીય પદનો દુરઉપયોગ કર્યો તેમણે બાબરી મસ્જિદની સુરક્ષા કરી નહીં અને તેને તોડી પાડવાની સંપૂર્ણ તક કારસેવકોને આપી. અદાલતને તેમણે આ વચન પણ આપ્યું હતું કે બાબરી મસ્જિદની જમીન પર કોઈ નિર્માણ કાર્ય થશે નહીં. તેમણે તેનું પણ ઉલ્લંઘન કર્યું અને તે માટે તેમને અદાલતે સજા પણ આપી તે પ્રતિકાત્મક સજા એક દિવસની કેદ હતી. આ વાત જુદી છે કે, સુપ્રીમકોર્ટે બાબરી મસ્જિદ શહીદીના કેસમાં અદાલતની અવહેલનાના કેસને આગળ વધાર્યો નહીં. બાબરી મસ્જિદની શહીદીના અપરાધમાં પોતાની ભૂમિકા વિશે કલ્યાણસિંહે લાલકૃષ્ણ અડવાણી અને બીજા ભાજપ નેતાઓની જેમ જ જુદા જુદા સમયે અલગ અલગ પ્રકારના નિવેદન આપ્યા જ્યારે તેમને લાગ્યું કે તક બરાબર નથી તો આ કાર્યમાં કોઈપણ ભાગીદારીથી તેમણે ઈન્કાર કર્યો. પરંતુ જ્યારે લાગ્યું કે પોતાના જ લોકો છે તો છાતી ઠોકીને તેનો શ્રેય લેનારા બની આગળ આવી ગયા. બાબરી મસ્જિદ શહિદીનો અપરાધ એક મસ્જિદની શહીદીનો અપરાધ તો હતો જ પરંતુ લોકોએ બરાબર જ તેને આઝાદ ભારતના માળખા પર જ આઘાતની સંજ્ઞા આપી. બાબરી મસ્જિદનો કાટમાળ ભારતીય ધર્મનિરપેક્ષતાનો કાટમાળ પણ હતો. બાબરી મસ્જિદના શહીદીના અપરાધના જવાબદાર લોકોને સજા આપવામાં આવી હોત તો ભારત આજે આ સ્થિતિમાં ના હોત. આ ભારતનો ખરાબ કાળ છે પરંતુ ભાજપનો સ્વર્ણ કાળ છે. તેમાં યોગદાન માટે કલ્યાણસિંહને તે પાર્ટી સમ્માનીત કરે, આજ તેની દૃષ્ટિએ યોગ્ય હશે. પરંતુ ભારત રાષ્ટ્ર જો માત્ર એક પાર્ટીનું છે. આવા વ્યકિત વિશે શું વલણ લેશે. જેણે કામકાજને વિભાજીત કરવા માટે રાજ્ય વિભાજન અને બંધારણીયનો ઉપયોગ કર્યો ! અને રાષ્ટ્રધ્વજ તો રાષ્ટ્ર છે. તેમ પણ આ તસવીર એવી જ ચોક્કસ છે. મૃતકનો જે સંબંધ આ ઝંડાઓ સાથે હતો તેવી જ આ તસવીર બતાવે છે. જે વ્યકિતએ પોતાની પાર્ટીના હિતને રાષ્ટ્રહિત પર મહત્વ આપ્યું તેનાથી સંબંધીત તસવીરમાં રાષ્ટ્રધ્વજને પાર્ટીના ધ્વજ નીચે જ દબાયેલો હોવો જોઈએ. આ તસવીરે મને વિચલિત કર્યો નહીં વિચલિત ત્યારે થયો હતો જ્યારે દાદરીમાં મોહમ્મદ અખલાકની હત્યાના આરોપીના પાર્થિવ શરીરને રાષ્ટ્રધ્વજથી લપેટવામાં આવ્યું હતું. જ્યારે તિરંગાના અપમાનની આ છબી પર ઉત્તેજના ઉપજાવવાનો પ્રયાસ થઈ રહ્યો હતો. તે જ સમયે મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં એક મુસ્લિમ બંગડીવાળાને જાહેરમાં મારતા, તેની બંગડીઓને તોડતા ગુંડાઓની તસવીર પણ ફરી રહી હતી. તે મારતા મુસ્લિમની અસહાયતા અને બાબરી મસ્જિદના શહીદીના નાયકોમાંથી એકના શરીર પર નાખવામાં આવેલા ધ્વજની અસહાયતા મને એક જેવી લાગી. ઈન્દોરની તસવીર પહેલા કાનપુરના મુસ્લિમ રિક્ષાવાળા પર હુમલાની તસવીર. તે પહેલા જંતરમંતર પર મુસ્લિમોના કત્લેઆમના સૂત્રોની સાથેની તસવીરો તે પહેલા હરિયાણામાં મુસ્લિમોના સંહારના ભાષણોની તસવીર તે પહેલા પણ દિલ્હીના ઉત્તમ નગરમાં મુસ્લિમ ફળ વેચનારા પર હુમલાની તસવીર અને તેના પહેલા ઈન્દોરમાં જ ફટાકડા વેચતા મુસ્લિમ દુકાનદારને ધમકીની તસવીર. શું આ તસવીરો અને રાષ્ટ્ર ધ્વજ સાથે દુવ્યવહારની તસવીરમાં કોઈ સંબંધ છે ? જ્યાં સુધી આપણે આ સંબંધને સમજી લેતા નથી તિરંગા અંગે આપણુ રડવાનું માત્ર ઢોંગ બનીને રહી જશે.

(સૌ. : ધ વાયર હિન્દી. કોમ)

તાલિબાનના કબજા પછી શરૂ થયેલા સ્થળાંતર વચ્ચે Airbnbએ ૨૦,૦૦૦ અફઘાન શરણાર્થીઓને મફતમાં ઘર આપવાની ઓફર કરી

(એજન્સી) તા.૨૪

તાલિબાને અફઘાનિસ્તાન પર કબજો જમાવતા હજારો અફઘાનો તેમનો દેશ છોડીને ભાગી રહ્યા છે. ત્યારે ઘરો ભાડે આપવાની સેવા પૂરી પાડતી Airbnbએ મંગળવારે કહ્યું હતું કે, તેણે ૨૦,૦૦૦ અફઘાન શરણાર્થીઓને વૈશ્વિક સ્તરે મફતમાં ઘરો પૂરા પાડવાનો નિર્ણય કર્યો છે. કંપનીના સહસ્થાપક બ્રાયન ચેસ્કીએ શ્રેણીબદ્ધ ટ્વિટ્સ કરી જાહેરાત કરી હતી કે, જો તમે શરણાર્થી પરિવારને રાખવા માંગતા હોવ અને તેમના સુધી પહોંચવા માંગતા હોવ તો તમને યોગ્ય લોકો સાથે મેળવી દઈશ. તેમણે એક અન્ય ટ્વિટમાં કહ્યું હતું કે, અફઘાન શરણાર્થીઓનું અમેરિકામાં વિસ્થાપન અને પુનર્વસન હાલના સમયની સૌથી મોટી માનવીય કટોકટી

છે. અમને લાગે છે કે, અમારે આ જવાબદારી ઉપાડવા આગળ આવવું જોઈએ. મને આશા છે કે, અમારૂ આ પગલું અન્ય ઉદ્યોગપતિઓને પણ પ્રેરણા આપશે. હવે આપણે સમય ન વેડફી શકીએ. નોંધનીય છે કે, અફઘાન શરણાર્થીઓને મદદ કરવા માટે Airbnb અનેક એનજીઓ સાથે મળીને કામ કરી રહી છે.

દિલ્હી રમખાણો : UAPAના આરોપીએ પૂછ્યું કે ઉશ્કેરણીજનક નિવેદનો કરવા માટે અનુરાગ ઠાકુર, કપિલ મિશ્રા વિરૂદ્ધ FIR કેમ કરવામાં આવી નથી

(એજન્સી) તા.૨૪

જામિયા મિલિયા ઈસ્લામિયાના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના પ્રમુખ શિફા-ઉર-રહેમાન, જેમની દિલ્હી રમખાણોના સંબંધમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી, તેમના વકીલે મંગળવારે કોર્ટમાં પૂછ્યું હતું કે, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, ભાજપના નેતા કપિલ મિશ્રા સામે કોઈ એફઆઈઆર કેમ નોંધવામાં આવી નથી. તેઓએ કથિત રીતે અન્ય લોકોને તોફાનો કરવા માટે ઉશ્કેરણી કરી હતી. જામીનની સુનાવણી દરમિયાન, શિફાના વકીલ અભિષેક સિંહે ૩૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ એડિશનલ સેશન્સ જજ અમિતાભ રાવત સામે ઠાકુર, મિશ્રા, બીજેપીના અન્ય નેતા પરવેશ શર્મા અને જામિયાના શૂટર રામ ભક્ત ગોપાલ સામે કથિત રીતે તોફાનો ઉશ્કેરવા માટે એફઆઈઆર નોંધવાની માંગણી કરી હતી. તેમણે કહ્યું કે શું ફરિયાદીએ તેમને સાક્ષી કે આરોપી તરીકે બોલાવવાની કે અમે કંઈક જાણવા માંગીએ તેવી નોટિસ જારી કરવાની તસ્દી લીધી હતી? કારણ કે તેઓએ કહ્યું કે 'ટઅડ શૂટ કરો' જેથી તેઓ જાણી શકે કે તે લોકો કોણ છે. તેમની પાસે ઓછામાં ઓછા કેટલાક પુરાવા હશે. તેમની સામે કોઈ એફઆઈઆર કેમ નોંધાઈ ન હતી? આ ફરિયાદ મુજબ, કોર્ટમાં વકીલ દ્વારા શિફાએ ઉલ્લેખ કર્યો હતો કે મિશ્રાએ એક રેલી કાઢી હતી જેમાં ગોળીબાર કરવાના નારા લગાવવામાં આવ્યા હતા, ત્યારબાદ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ અનુરાગ ઠાકુરે કહ્યું હતું કેઃ દેશ કે ગદ્દારો કો... ગોલી મારો સાલો કો.... જાન્યુઆરી ૨૦૨૦ માં, ઠાકુરે કથિત રીતે ચૂંટણી રેલીમાં ભાગ લેનારાઓ સામે ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કર્યા હતા. શિફા પર નાગરિકતા (સુધારો) અધિનિયમ (CAA) અને નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (NRC)ના વિરોધમાં વિવિધ ધરણા પ્રદર્શન માટે નાણાં એકત્રિત કરવાનો આરોપ છે. ફેબ્રુઆરી ૨૦૨૦ ની હિંસાના "માસ્ટરમાઈન્ડ" ગણવામાં આવ્યા છે અને તેની સાથે અન્ય ઘણા લોકો સાથે આતંકવાદ વિરોધી કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે, આ હિંસામાં ૫૩ લોકોના મોત થયા હતા અને ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. કથિત ભંડોળને ધ્યાનમાં

રાખીને, વકીલે પુષ્ટિ આપી કે શિફાએ "કેટલીક નાણાકીય વ્યવસ્થા" કરી હતી પરંતુ સવાલ ઉઠાવ્યો હતો કે શું વિરોધીઓને ચૂકવણી કરવી તે કડક UAPA હેઠળ ગુનો બને છે ? એડવોકેટ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના સભ્ય અથવા પ્રમુખ અથવા કોઈપણ વ્યક્તિ જે વિરોધ કરે છે તે ગુનો નથી કારણ કે લોકો તેમના અભિપ્રાય મેળવવા માટે હકદાર છે અને શાંતિપૂર્ણ રીતે કોઈ પણ વસ્તુનો વિરોધ કરી શકે છે. વકીલે કોર્ટને કહ્યું કે મારા અસીલ કહે છે કે મને શા માટે આ કેસમાં સંડોવવામાં આવ્યો છે હું તે સમજવામાં નિષ્ફળ છું. વિરોધ કરવાનો મારો મૂળભૂત અધિકાર છે. જો સમાજનો અમુક વર્ગ ચોક્કસ કાયદાથી વ્યથિત હોય અને તેનો વિરોધ કરે તો તે ગુનો નથી. તેઓ વિરોધ કરી શકે છે. વળી, શિફાના વકીલે તેમના માટે જામીન માંગતા કહ્યું કે તેમના મૂળભૂત અધિકારોનું વ્યવસ્થિત રીતે ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અને તેને તોફાનીઓના દાયરામાં ન મૂકી શકાય. તેમણે હિંસા માટે કોઈ ઉશ્કેરણી ન હતી તે દર્શાવવા માટે તેમની વોટ્સએપ ચેટ્સ પણ વાંચી હતી. તેમના ઉપરાંત જેએનયુના ભૂતપૂર્વ વિદ્યાર્થી નેતા ઉમર ખાલિદ, જેએનયુના વિદ્યાર્થીઓ નતાશા નરવાલ અને દેવાંગના કાલિતા, જામિયા કોઓર્ડિનેશન કમિટીના સભ્યો સફૂરા જરગર, આપના ભૂતપૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈન અને અન્ય કેટલાક લોકો પર પણ આ કડક કાયદા હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

અફઘાન સંકટ : હરદીપસિંહ પુરીનું CAAના સમર્થન અંગેનું નિવેદન અસ્વીકાર્ય અને અપ્રસ્તુત છે

(એજન્સી) તા.૨૪

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પુરીએ અફઘાનિસ્તાનની કટોકટીનો ઉપયોગ નાગરિકતા કાયદામાં ૨૦૧૯ના સુધારાને યોગ્ય ઠેરવવાની તક તરીકે કર્યો છે. ૨૨ ઓગસ્ટના રોજ, તેમણે કહ્યું હતું કે, અફઘાનિસ્તાનની તાજેતરની ઘટનાઓ અને 'શીખ અને હિન્દુઓ' જે રીતે કપરા સમયમાંથી પસાર થઈ રહ્યા છે, તે જોતાં એવું કહી શકાય કે, નાગરિકતા સુધારો કાયદો (CAA) લાવવો શા માટે જરૂરી હતો. પરંતુ માનનીય મંત્રીનું આ વાજબીપણું અમુક સ્તરે ખામીયુક્ત છે.

ડિસેમ્બર ૩૧, ૨૦૧૪ના માપદંડ

નરેન્દ્ર મોદી સરકાર દ્વારા ઘડવામાં આવેલ નાગરિકતા સુધારો અધિનિયમ, ૨૦૧૯માં ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના માપદંડ છે (વિભાગ-૨મા સુધારો). આ જોગવાઈ અનુસાર, CAAનું રક્ષણ ડિસેમ્બર ૨૦૧૪ પછી એટલે કે ૨૦૧૫માં અને પછીથી ભારતમાં પ્રવેશ કરનાર કોઈપણ વ્યક્તિને લાગુ પડશે નહીં. આથી, ૨૦૨૧માં અફઘાન 'હિંદુઓ અને શીખો'ને સ્થળાંતર કરવું એ નાગરિકતા સુધારા કાયદા માટે અપ્રસ્તુત છે. કારણ કે, તે સ્પષ્ટપણે એવા લોકો માટે છે જે ૨૦૧૪ પહેલાં ભારતમાં રહેતા હતા.

CAAના નિયમો હજુ સુધીઅમલમાં આવ્યા નથી

વર્તમાન પરિસ્થિતિમાં CAAની રક્ષા ન મળવાનું બીજું કારણ એ છે કે, હજુ સુધી આ કાયદાના નિયમો ઘડવામાં આવ્યા નથી. નાગરિકતા સંશોધન કાયદાના નિયમો ઘડવાનો મુદ્દો ૧૦ દિવસ પહેલાં સમાપ્ત થયેલા ચોમાસુ સત્રમાં ઊઠાવવામાં આવ્યો હતો. કેન્દ્રએ આ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે જાન્યુઆરી ૨૦૨૨ સુધીનો સમય માંગ્યો છે. CAA ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ અમલમાં આવ્યું હતું. પરંતુ ભારત સરકારે કોઈ નક્કર કારણ દર્શાવતા ઓછામાં ઓછા ૫ એક્સટેન્શન માટે કહ્યું છે. સબરંગ ઈન્ડિયાના અહેવાલ મુજબ, ૨૭ જુલાઈના રોજ, રાજ્યમંત્રી (ગૃહ બાબતો) નિત્યાનંદ રાયે લોકસભાને માહિતી આપી હતી કે, 'નાગરિકતા (સુધારો) અધિનિયમ, ૨૦૧૯ (CAA) ૧૨/૧૨/૨૦૧૯ના રોજ સૂચિત કરવામાં આવ્યો છે અને અમલમાં આવ્યો છે. તેના ગૌણ કાયદા, લોકસભા અને રાજ્યસભાની સમિતિઓને નાગરિકતા (સુધારો) અધિનિયમ,

૨૦૧૯ હેઠળ નિયમો ઘડવા માટે ૯/૧/૨૦૨૨ સુધીનો સમય વધારવાની વિનંતી કરવામાં આવી છે. આ વિસ્તરણ સંસદીય પ્રક્રિયા મેન્યુઅલ નિયમ ૧૧.૩.૧નું ઉલ્લંઘન કરે છે, જે જણાવે છે કે સંબંધિત કાનૂન અમલમાં આવ્યો તે તારીખથી 'છ મહિનાના સમયગાળામાં' વૈધાનિક નિયમો, નિયમનો અને પેટા-કાયદા ઘડવા જોઈએ.

અફઘાનિસ્તાનમાંથી હાલમાં સ્થળાંતર કરનારાઓ બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારા નથી

મંત્રી હરદીપસિંહના ટ્વિટમાં અન્ય એક ગેરસમજ એ છે કે, અફઘાનિસ્તાનથી ઉડાન ભરનારા લોકો બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારા નથી, જે શ્રેણીને ૨૦૧૯ના સુધારા અધિનિયમ દ્વારા સુરક્ષા આપવામાં આવી છે. CAAના અમલીકરણની હાલના સ્થળાંતર પર કોઈ અસર થશે નહીં ! ભારતે અફઘાન નાગરિકોને ભારતમાં પ્રવેશવા માટે 'ઈ-ઈમરજન્સી એક્સ-મિસક વિઝા' નામની ઈલેક્ટ્રોનિક વિઝાની નવી શ્રેણીની જાહેરાત કરી છે. જો કે, છ મહિનાના આ વિઝા જે હવે ધર્મને ધ્યાનમાં લીધા વગર આપવામાં આવશે, તેની ચકાસણી કરવામાં આવશે અને દિલ્હીમાં નિર્ણય લેવામાં આવશે એ પછી 'અરજદારની સુરક્ષા સમીક્ષા ઓળખપત્રો તપાસવા માટે કરવામાં આવશે.' જો કે, ૬ મહિનાની સમાપ્તિ પછીની પ્રક્રિયા હજુ સુધી સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવી નથી. અફઘાનિસ્તાનથી મુસ્લિમોને દેશમાં પ્રવેશવા દેતી સરકારે હવે નોંધ લેવી જોઈએ કે મુસ્લિમો ઈસ્લામિક દેશમાં સતાવણીના નિકટવર્તી ભયનો સામનો કરી શકે છે.

CAA, ૨૦૧૯નું ફ્લેશબેક

વિવાદાસ્પદ ૨૦૧૯ સુધારો હિન્દુ, બૌદ્ધ, જૈન, પારસી, ખ્રિસ્તી અને શીખ સમુદાયના પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના વસાહતીઓને નાગરિકતા આપવા કહે છે અને માત્ર મુસ્લિમોને બાકાત રાખવામાં આવ્યા છે. સરકારના પક્ષપાતી અભિગમને પ્રકાશિત કરવા સિવાય આ પ્રકારનો કાયદો લાવવા માટે કોઈ નક્કર આધાર નથી. નાગરિકતા સુધારા બિલ, ૨૦૧૬ પર સંયુક્ત સમિતિના રિપોર્ટમાં ગુપ્તચર બ્યુરોનો પ્રતિભાવ નોંધવામાં આવ્યો છે જે દર્શાવે છે કે, આ કૃત્યથી માત્ર ૩૧,૦૦૦ પ્રવાસીઓને ફાયદો થશે. તેમના જવાબમાં લખવામાં આવ્યું છે કે, 'અમારા રેકોર્ડ મુજબ, લઘુમતી સમુદાયો (હિન્દુ-૨૫,૪૪૩, શીખ-૫૮૦૩, ખ્રિસ્તી-૫૫, બૌદ્ધ-૨ અને પારસી-૨) સાથે જોડાયેલા ૩૧,૩૧૩ વ્યક્તિઓ છે જેમને લાંબા ગાળાના વિઝા આપવામાં આવ્યા છે. તેમના સંબંધિત દેશોમાં ધાર્મિક દમનનો તેઓ દાવો કરે છે અને તેઓને ભારતીય નાગરિકતા જોઈએ છે. તેથી, આ વ્યક્તિઓ તાત્કાલિક લાભાર્થી બનશે.' આ કાયદાને ઘણા કારણોસર ગેરબંધારણીય અને ભેદભાવપૂર્ણ માનવામાં આવ્યો છે. દાખલા તરીકે આ અધિનિયમ નાગરિકત્વ આપવા માટે રહેઠાણની જરૂરિયાતના સમયગાળામાં ૧૧થી ૫ વર્ષ સુધી ઘટાડો કરવામાં આવ્યો છે. તેથી, જે લોકો CAAની હદમાં આવે છે, તેમને નાગરિકતા માટે અરજી કરવા માટે માત્ર ૫ વર્ષ માટે ભારતમાં રહેવું જરૂરી છે, જ્યારે જે લોકો નાગરિકતા માટે અરજી કરવા માંગે છે તેમને ૧૧ વર્ષ સુધી રાહ જોવી પડે છે. કાયદાનું અન્ય એક ગૂંચવણભર્યું પાસું ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ની કટ ઓફ તારીખ છે. જો કાયદાનો પ્રાથમિક ઉદ્દેશ લોકોને ધાર્મિક દમનથી બચાવવાનો છે, તો શા માટે તેમના ધર્મના આધારે નાગરિકત્વનો દરજ્જો અને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ નક્કી કરવામાં આવ્યું છે ? ભારતનું બંધારણ (કલમ ૧૪) લોકોને કાયદાનું સમાન રક્ષણ પૂરું પાડે છે પરંતુ આ અધિનિયમ તેના ઉકેલ કરતાં વધુ સમસ્યાઓ ઊભી કરે છે ! આ કાયદાને પડકારતી ૧૦૦થી વધુ અરજીઓ દાખલ કરવામાં આવી છે અને CAA વિરોધી આંદોલન સામે અવાજ ઊઠાવનારા કેટલાક કાર્યકરોને આતંકવાદ વિરોધી કાયદા હેઠળ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

(સૌ. : સબરંગ ઈન્ડિયા)

જંતર મંતર પર હિંદુવાદી જૂથો દ્વારા મંજૂરી વિના યોજાયેલા કાર્યક્રમમાં કોમી ટિપ્પણીઓનો કેસ

'આપણે તાલિબાનના શાસનમાં નથી' : મુસ્લિમ વિરોધી સૂત્રોચ્ચાર કેસમાં આરોપીને કોર્ટનો જામીન આપવા ઈન્કાર

હિંદુ રક્ષા દળના પ્રમુખ ભૂપિન્દર તોમરે જાહેરમાં કોમી અસંવાદિતા સર્જાય તથા રમખાણો થાય અને જાન-માલનું નુકસાન થાય તેવા ભાષણો આપ્યા છે, સાથે જ એક મોટા સંગઠનનો પ્રમુખ હોવાથી તપાસમાં અડચણ બની શકે છે તેથી તેને આગોતરા જામીન આપી ના શકાય : દિલ્હીની કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૪

એક હિંદુ સંગઠનના પ્રમુખ દ્વારા કોમવાદી સૂત્રોચ્ચારો કરવાના કેસમાં દિલ્હીની કોર્ટે એમ કહીને આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી કે, 'આપણે તાલિબાનના શાસનમાં નથી.' એડિશનલ સેશન્સ જજ અનિલ અંતિલે હિંદુ રક્ષા દળના પ્રમુખ ભૂપિન્દર તોમરની જામીન અરજી ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, ભૂતકાળમાં આવી ઘટનાઓથી કોમવાદી તંગદિલી વ્યાપી હતી જે રમખાણોમાં પરિણમ્યા હતા અને તેના કારણે ઘણું જાન-માલનું નુકસાન થયું છે. તોમર ૮મી ઓગસ્ટના રોજ દિલ્હીના જંતર મંતર ખાતે યોજાયેલી એક રેલીમાં ચોક્કસ ધર્મના લોકો વિરૂદ્ધ કોમવાદી સૂત્રોચ્ચાર અને યુવાઓને ઉશ્કેરવાના કેસમાં આરોપી છે. એડિશનલ સેશન્સ જજે આદેશ પસાર કરતાં ટિપ્પણી કરી હતી કે, 'આપણે તાલિબાન શાસનમાં નથી. આપણી બહુલતા અને બહુસાંસ્કૃતિક સમાજમાં કાયદાનું શાસન પવિત્ર સિદ્ધાંત છે. જ્યારે આખું ભારત 'આઝાદી કા અમૃત મહોત્સવ' મનાવી રહ્યું છે ત્યારે કેટલાક લોકોના માનસ હજુ પણ અસહિષ્ણુ અને આત્મકેન્દ્રીય માન્યતાઓથી બંધાયેલા

છે. અદાલતે કહ્યું કે, આ કેસમાં આરોપીની સંડોવણી મળેલા પુરાવાથી 'પ્રથમ દૃષ્ટિએ સ્પષ્ટ' હતી અને તેની વિરૂદ્ધ આરોપ ગંભીર અને ગંભીર પ્રકૃતિના છે. અદાલતે કહ્યું કે, ઈતિહાસ એ વાતથી અછૂતો નથી જ્યાં આવી ઘટનાઓએ કોમી તંગદિલી ઉભી કરી છે અને રમખાણો થયા છે અને સામાન્ય જનતાના જાન-માલને નુકસાન થયું છે. પોલીસે જામીન પહેલાં આરોપીની ધરપકડ દાખલ કરી હતી જેમાં આરોપ લગાવ્યો હતો કે, આરોપીએ કોમી અસંવાદિતા ફેલાવવા માટે જંતર મંતરના પ્લેફોર્મનો ઉપયોગ કર્યો હતો અને તેમની યોજનાને કોમી રંગ આપ્યો હતો જેમાં સંબંધિત સત્તાવાળાઓ દ્વારા રેલી આયોજિત કરવાની મંજૂરી ન હોવા છતાં ચોક્કસ ધર્મ વિરૂદ્ધ ષડયંત્ર રચવા યુવાઓની ઉશ્કેરણી કરી હતી. અદાલતી કાર્યવાહી દરમિયાન ન્યાયાધીશે યુટ્યુબ ચેનલ પર આરોપીના એક ઈન્ટરવ્યૂની ક્લિપ ચલાવી હતી અને જોયું હતું કે, ઉચ્ચ કોમવાદી ટિપ્પણીઓ સાથે ભડકાઉ, અપમાનજનક અને ધમકીભર્યા સંકેતો મળ્યા છે. તેણે કહ્યું હતું કે ઈન્ટરવ્યૂ સમુદાયના અન્ય વર્ગો વચ્ચે ઘૃણા અને દ્વેષને પ્રોત્સાહન આપવા માટે આરોપી તરફથી ગણતરીપૂર્વકની વ્યૂહરચનાનો સંકેત આપે છે. તેમણે કહ્યું કે, બોલવાની આઝાદીનો અધિકાર મૌલિક અધિકાર છે તેમ છતાં આર્ટિકલ ૧૯(૧) અંતર્ગત યોગ્ય નથી. સુનાવણી દરમિયાન સરકાર પક્ષે કહેવાયું હતું કે, આરોપી હિંદુ રક્ષા દળનો છે અને તપાસ પ્રારંભિક અવસ્થામાં હોવાથી આરોપી તપાસને અસર કરી શકે છે અને સાક્ષીઓને ધમકાવી શકે છે જેમાં તેની ધમકીભર્યા ભાષણો અને શબ્દોને ધ્યાનમાં લેવામાં આવે. આરોપીએ પોતે પ્રાથમિક રીતે દોષિત જાહેર થતો નથી તેના આધારે આગોતરા જામીન માગ્યા હતા અને તે ન્યાયથી ભાગી નહીં જાય તેવી બાંયધરી આપી હતી. તેણે એવું પણ કહ્યું હતું કે, તે તપાસમાં સહકાર આપશે અને બોલાવશે ત્યારે હાજર રહેશે.

રસીના બે ડોઝ વચ્ચે ૮૪ દિવસનું અંતર તેની કાર્યક્ષમતાના આધારે નક્કી કરવામાં આવ્યું છે કે, પછી ઉપલબ્ધતાના આધારે : કેન્દ્રને કેરળ હાઈકોર્ટનો પ્રશ્ન

(એજન્સી) તા.૨૪

કેરળ હાઈકોર્ટે મંગળવારે કેન્દ્ર સરકારને કોવિશિલ્ડ રસીના બે ડોઝ વચ્ચે ૮૪ દિવસના અંતર શા માટે રાખવામાં આવ્યું છે, તે મુદ્દે સવાલ કર્યો. જજ પી.બી.સુરેશકુમાર કાઈટેક્સ ગારમેન્ટ્સ લિમિટેડ કંપની તરફથી કરવામાં આવેલ અપીલની સુનાવણી કરી રહ્યા હતા, તે દરમ્યાન કેન્દ્રને રસીના બે ડોઝ અંગે પ્રશ્ન કર્યો. કંપની તરફથી એ અપીલ કરવામાં આવી હતી કે તેને પોતાના કર્મચારીઓને કોરોનાની બીજી વેક્સિન લગાવવાની મંજૂરી આપવામાં આવે. કેસની સુનાવણી કરતા જજે એ પ્રશ્ન પણ પૂછ્યો કે, કેન્દ્ર સરકાર કંપનીને વેક્સિન શા માટે પૂરી પાડી રહી નથી તેની પાછળનું કારણ એ છે કે, પ્રથમ અને બીજા ડોઝ વચ્ચે ૪-૬ અઠવાડિયાનું અંતર હશે તો જ તે અસર કરશે. કોર્ટે કહ્યું કે, જો બે ડોઝ વચ્ચેની

ઉપલબ્ધતાનું મુખ્ય કારણ અંતર રાખવાનું જરૂરી છે તો જે લોકો તેને ખરીદી શકવા સક્ષમ છે જેમ કે કાઈટેક્સ, તો તેમને બીજા ડોઝ માટે પ્રવર્તમાન પ્રોટોકોલ મુજબ ૮૪ દિવસની રાહ જોયા વગર બીજા ડોઝ માટેની મંજૂરી આપવી જોઈએ. કોર્ટે કહ્યું કે, જો બે ડોઝ વચ્ચે અંતર રાખવાથી જ તેની યોગ્ય અસરકારકતા રહેતી હોય તો તેની પાછળ રહેલ વૈજ્ઞાનિક હકીકત રજૂ કરવી જોઈએ. આ જ દિશામાં આગળ કામ કરવા કેન્દ્રના વકીલે વધુ માહિતી માટે ગુરૂવાર સુધીનો સમય માંગતા કેસની સુનાવણી ૨૬ ઓગસ્ટના રોજ કરવામાં આવશે. અગાઉ ૧૨ ઓગસ્ટના રોજ હાઈકોર્ટે કેરળ સરકારને પૂછ્યું હતું કે, તે પ્રથમ ડોઝના ૮૪ દિવસની સમાપ્તિ પછી જ રસીના બીજા ડોઝની મંજૂરી કેમ આપી રહી છે. કોર્ટે કેન્દ્રને એ પણ પૂછ્યું હતું કે, કોવિશિલ્ડનો પ્રથમ અને બીજો ડોઝ વચ્ચેનું અંતર ૪ અઠવાડિયાના બદલે ૧૨-૧૬ અઠવાડિયા સુધી વધારવાનું કારણ શું છે ? મંગળવારે રાજ્ય સરકારે કહ્યું કે, તે કેન્દ્ર દ્વારા જારી કરાયેલી કોવિડ રસીકરણ માર્ગદર્શિકાનું પાલન કરી રહી છે. ત્યારબાદ, કેન્દ્રના વકીલે કોર્ટના પ્રશ્નના જવાબ આપવા માટે વધુ સમય માંગ્યો. કાઈટેક્સે તેની અરજીમાં કહ્યું છે કે, તેણે પહેલાં ડોઝથી તેના ૫૦૦૦થી વધુ કામદારોને રસી આપી છે અને બીજા ડોઝની વ્યવસ્થા કરી છે, પરંતુ અંતર રાખવાના પ્રવર્તમાન પ્રોટોકોલને કારણે તેનો અમલ થઈ શકતો નથી.

ઓછા વરસાદના કારણે ગુજરાત અને રાજસ્થાનમાં દુષ્કાળની શક્યતા

નવી દિલ્હી,૨૪

મોન્સૂનમાં પ્રથમ બ્રેક જુલાઈમાં જોવા મળ્યો અને ઓગસ્ટના પ્રથમ પંદર દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ મોન્સૂનમાં બીજો બ્રેક મોન્સૂન ફેઝ આવ્યો. નબળા વરસાદને કારણે સમગ્ર ભારતમાં સીઝનલ વરસાદની અછત ઓગસ્ટના બીજા પંદર દિવસ સુધીમાં ૯ ટકા પર આવી ગઈ. સામાન્યથી ઓછા મોન્સૂનની સામાન્યથી નીચેની સ્થિતિમાં અત્યારસુધીમાં કોઈ સુધારો થયો નથી. સ્કાઈમેટના MD જતીન સિંહના જણાવ્યા અનુસાર, મોન્સૂન નબળું પડવાનું કારણ હિન્દ મહાસાગરમાં લાંબા ૫ ફેઝ અને જુલાઈ-ઓગસ્ટમાં એમાં ફેરફાર હોઈ શકે છે. પશ્ચિમી હિન્દ મહાસાગરની સપાટીનું તાપમાન પૂર્વ હિન્દ મહાસાગરની સરખામણીમાં ઓછું અને વધુ રહે છે. ને હિન્દ મહાસાગર દ્વિધ્રુવ એટલે કે Indian Ocean Dipole(IOD) કહે છે. જોકે સપ્ટેમ્બરમા IOD બનવાના કોઈ સ્પષ્ટ સંકેત નથી સ્કાઈમેટ હવામાનની આગાહી કરનારી અને કૃષિ રિસ્ક સોલ્યુશન આપનારી ભારતની એકમાત્ર ખાનગી કંપની છે. એની શરૂઆત ૨૦૦૩માં થઈ હતી. સ્કાઈમેટ પોતાનું ન્યૂમેરિક વેધર પ્રોડક્શન મોડલ રન કરે છે. વીજળીનો સપ્લાઈ કરનારી કંપનીઓ, ઘણા મીડિયો ગ્રુપ, ખેડૂતો સાથે જોડાયેલી સર્વિસ, કીટનાશક અને ફર્ટિલાઈઝર બનાવનારી અને લોજિસ્ટિક્સ ઓપરેટરોને આ કંપની હવામાનનું પૂર્વાનુમાન ઉપલબ્ધ કરાવે છે. સ્કાઈમેટ રિમોટ સેન્સિંગ અને UAVનું પણ સંચાલન કરે છે. સ્કાઈમેટે જૂન માટે ૧૦૬ ટકા અને જુલાઈ માટે ૯૩ ટકા વરસાદની આગાહી કરી હતી. એની સરખામણીએ જૂન અને જુલાઈમાં LPAના ૧૧૦ ટકા અને ૯૩ ટકા

વરસાદ થયો. હાલની સ્થિતિને જોતાં સ્કાઈમેટે મોન્સૂનના અગાઉના અનુમાનમાં ફેરફાર કરીને તેને LPAના ૯૪ ટકા કર્યું છે. મંથલી બેસિસ પર હવે મોન્સૂનની આગાહી આ રીતે છે. ગુજરાત, રાજસ્થાન, ઓડિશા, કેરળ અને પૂર્વોત્તર ભારતમાં આગળ પણ વરસાદ ઓછો રહેવાની શક્યતા હવામાનની આગાહી કરતી પ્રાઈવેટ કંપની સ્કાઈમેટે કહ્યું છે કે આ વર્ષે વરસાદનો આંકડો સામાન્યથી ૬૦ ટકા ઓછો રહેશે. સ્કાઈમેટે આ પહેલાં ૧૩ એપ્રિલ ૨૦૨૧ના રોજ હવામાનની આગાહી જાહેર કરી હતી. એ સમયે દેશમાં સામાન્ય વરસાદની વાત કહેવામાં આવી હતી, જોકે અપડેટેડ અનુમાન મુજબ, આ વર્ષે વરસાદ સામાન્યથી ૬૦ ટકા ઓછી રહેવાની શક્યતા છે. હવામાનની ભૌગોલિક અસરની વાત કરવામાં આવે તો ગુજરાત, રાજસ્થાન, ઓડિશા, કેરળ અને પૂર્વોત્તર ભારતમાં આગળ પણ વરસાદ ઓછો રહેવાની શક્યતા છે. ગુજરાત અને પશ્ચિમ રાજસ્થાનમાં દુષ્કાળની શક્યતા છે. જોકે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના ઘણા વિસ્તારમાં વરસાદનો આંકડો સામાન્ય કે એનાથી વધુ રહ્યો છે. આ કારણે દેશના કેન્દ્રીય ભાગમાં પાક નબળો રહેવાની શક્યતા પણ છે. ઓગસ્ટમાં LPA(258.2 MM)ની સરખામણીએ ૮૦% વરસાદ પડી શકે છે. આ મહિને ૮૦ ટકા શક્યતા ઓછા વરસાદની છે, જ્યારે ૨૦ ટકા શક્યતા સામાન્ય વરસાદની છે. સપ્ટેમ્બરમાં LPA(170.2 MM)ની સરખામણીએ ૧૦૦% વરસાદ થઈ શકે છે. આ મહિને ૬૦ ટકા શક્યતા સામાન્ય વરસાદની છે, ૨૦ ટકા શક્યતા સામાન્યથી વધુ વરસાદની છે અને ૨૦ ટકા શક્યતા સામાન્યથી ઓછા વરસાદની છે. આ વર્ષે દક્ષિણ-પશ્ચિમ મોન્સૂનની શરૂઆત સમયે થઈ હતી. ટેકનિકલ રીતે લાંબા સમયમાં વરસાદનું સરેરાશ અનુમાન એટલે કે LPAના ૧૧૦%, પરંતુ જૂનના અંતમાં સારો વરસાદ થયો હતો જ્યારે ૧૧ જુલાઈ સુધી વરસાદ નબળો રહ્યો. આ કારણે જુલાઈમાં LPA 93 ટકા રહ્યો, એટલે કે સામાન્યથી ઓછો વરસાદ થયો.

અમદાવાદની મહિલાએ કોડીનારના યુવકને છેતર્યો

બોગસ ડોક્યુમેન્ટ બનાવી પરિણીતાએ લગ્નના નામે યુવક પાસેથી લાખો રૂપિયા પડાવ્યા

પતિએ ગુમ થયાની ફરિયાદ નોંધાવતાં પોલીસે પગેરું મેળવી ભેજાબાજ મહિલાને ઝડપી લીધી

કોડીનાર, તા.૨૪

અમદાવાદ વટવા વિસ્તારની મુસ્લિમ પરણિતા એ પતિના ઘરેથી ભાગી જઈ કેન્દ્ર શાસિત દીવમાં હિન્દુ યુવતીના નામના બોગસ ડોક્યુમેન્ટ બનાવી કોડીનારના યુવક પાસે લાખો રૂ.લઈ લગ્ન કર્યા બાદ પરિણીતાના પતિએ અમદાવાદ વટવા પોલીસ સ્ટેશનમાં પત્ની ગુમ થયા અંગેની નોંધાવેલી ફરિયાદમાં અમદાવાદ પોલીસે પગેરું મેળવી કોડીનાર પોલીસને જાણ કરતા કોડીનાર પોલીસે આ લૂંટેરી દુલ્હનને પકડી પાડી અમદાવાદ પોલીસને હવાલે કરેલ છે.

આ અંગે મળતી વિગત મુજબ મૂળ કલકત્તાની અને અમદાવાદ વટવા ખાતે લગ્ન કરીને આવેલી બે બાળકોની માતા અશના પરવીન ફરીદભાઈ અંસારી ગત તા.૯/૪/૨૧ના રોજ બપોરના કામનું બહાનું કરી ચાલ્યા ગયા બાદ ઘરે પરત ન ફરતા આ અંગે અશના પરવીનના પતિ ફરીદ અંસારીએ વટવા અમદાવાદ પોલીસ સ્ટેશનમાં તેની પત્ની ગુમ થયાની ફરિયાદ નોંધાવી હોય અમદાવાદ પોલીસે આ અંગે તપાસ હાથ ધરતા પરિણીતાનું લોકેશન કોડીનાર ખાતેનું મળતા અમદાવાદ પોલીસે આ અંગે કોડીનાર પોલીસ ને જાણ કરતા તપાસ હાથ ધરી અશના પરવીનને લોકેશનના આધારે કોડીનારના જીન પ્લોટ વિસ્તારના એક મકાનમાંથી પકડી પાડી હતી અને પૂછપરછ હાથ ધરતા ચોંકાવનારી હકીકત બહાર આવી હતી. આ અંગે અશના પરવીને પોલીસમાં જણાવ્યા મુજબ તે ઘરેથી ભાગી જઈ દીવમાં આવી દીવમાં તેનાં એજન્ટની મદદથી પટેલ મનીષાબેન અશોકભાઈ ઉમરપાડા સુરતના નામથી આધાર કાર્ડ સહિતના બોગસ ડોક્યુમેન્ટ બનાવી, લગ્ન કરવા ઉત્સુક કોડીનારના ચૌહાણ પરેશ રમેશભાઈ સાથે એજન્ટ દ્વારા આ બોગસ ડોક્યુમેન્ટના આધારે અમુક રકમ લઈ દીવના ઘોઘલા મુકામે રીતિ રિવાજ મુજબ લગ્ન કર્યા હોય તે કોડીનારના જીન પ્લોટ વિસ્તારમાં ચૌહાણ પરેશ સાથે પત્ની તરીકે રહેતી હોવાની કેફિયત જણાવી હોવાનું જાણવા મળ્યું હતું. કોડીનાર પોલીસે અશના પરવીનનું નિવેદન નોંધી તેને અમદાવાદ પોલીસને હવાલે કરતા અમદાવાદ પોલીસે આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગરથી સુરત જતી ખાનગી ટ્રાવેલ્સની બસમાં ફાયરિંગ વીથ લૂંટનો પ્રયાસ

અંકલેશ્વર મુલદ હાઈવે ઉપર ફાયરિંગ કરી ૨.૫૦ કરોડના હીરા લૂંટવાનો નિષ્ફળ પ્રયાસ

મુસાફર અને ક્લીનરની હિંમતથી લૂંટારૂઓ ભાગી છૂટ્યા, મુસાફરને હાથમાં ગોળી વાગી

(તસ્વીર : વાહીદ મશહદ્દી, ભરૂચ)

(તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, અંકલેશ્વર, તા.૨૪

ભરૂચ નજીક નેશનલ હાઈવે ૪૮ ઉપર મુલદ નજીક એક મહારાષ્ટ્ર પાસિંગની અર્ટિગા કારે બસને ઉભી રાખી હતી. લૂંટારૂઓએ અહીં બસના ચાલક અને ક્લીનર ઉપર હુમલો કરી આંગડિયા પેઢીના કર્મચારીઓ પાસે રહેલા હીરા લુંટવાનો પ્રયાસ કર્યો હતો.

ભાવનગરના મુસાફર અનિલ ડાંગર લૂંટારૂઓ સામે પડી બસનો દરવાજો બંધ કરવા પ્રયાસ કરતા લૂંટારૂઓએ ફાયરિંગ કર્યું હતું જેમાં અનિલ ઈજાગ્રસ્ત થયા હતા તો બુમરાણ મચી જતા લૂંટારૂઓ ફરાર થઈ ગયા હતા. ઘટનાં પગલે જિલ્લા પોલીસ અધિક્ષક આર.વી. ચુડાસમા સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. સૂત્રો અનુસાર ગતરાતે ગોપાલ ટ્રાવેલ્સની લક્ઝરી બસ ભાવનગરથી સુરત રવાના થઈ હતી. બસ મળસ્કે ૪ વાગ્યાના અરસામાં નર્મદા નદી ઉપરનો ટોલ પસાર કરી મુલદ પહોંચી ત્યારે એક અર્ટિગા કારે બસને થોભાવી હતી.

કારના આવ્યા બાદ બસમાં બેઠેલા લૂંટારૂઓ પણ એક્ટિવ થઈ ગયા હતા. આ લૂંટારૂઓએ આંગડિયા પેઢીના કર્મચારીઓને શોધી લૂંટ કરવાનો પ્રયાસ કર્યો હતો તો બહારથી લૂંટારૂઓએ ચાલાક અને ક્લીનર ઉપર હુમલો કર્યો હતો. આ ઝપાઝપીમાં લૂંટારૂઓનો સામનો મુસાફરોએ પણ કર્યો હતો. લૂંટારૂઓને બહાર ધકેલી બસનો દરવાજો બંધ કરવાનો પ્રયાસ કરનાર અનિલ ડાંગર નામના મુસાફર ઉપર લૂંટારૂઓએ ફાયરિંગ કર્યું હતું. જેમાં તેને હાથમાં ગોળી વાગતા તે ઈજાગ્રસ્ત થયો હતો.

મુસાફરો બુમરાણ મચાવી નજીકથી પસાર થતા વાહનમાં સવાર લોકોને રોકવા પ્રયાસ કરતા લૂંટારૂઓ નાસી છૂટ્યા હતા. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા કાઈમ બ્રાન્ચ અને અંકલેશ્વર ડિવિઝનની પોલીસ ઘનાસ્થળે પહોંચી હતી. મુસાફરોના નિવેદનના આધારે વર્ણન મેળવી જિલ્લામાં નાકાબંધીના આદેશ કરાયા હતા. ઘટનાના પગેલ મુસાફરોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસે લૂંટારૂઓને ઝડપી પાડવા ટોલટેક્સ અને હાઈવે હોટલોના CCTV ફૂટેજની તપાસ શરૂ કરાવી અલગ અલગ દિશામાં ટીમ રવાના કરી હતી.

એક મુસાફર અને ક્લીનરની હિંમતે લૂંટની ઘટના ટાળી

અનિલ ડાંગર નામના મુસાફરે લૂંટારૂઓનો સામનો કર્યો હતો. અનિલ સાથે ઝડપાઝપીમાં લૂંટારૂઓ બસની બહાર ધકેલાઈ ગયા હતા. સાથે જ ક્લીનર શફીકે પણ કેબિનનો દરવાજો બંધ રાખતા લૂંટારૂ બસની અંદર આંગડિયા પેઢીના ૪ કર્મીઓ સુધી પહોંચી શક્યા ન જતા. મુસાફર અનિલે બસનો દરવાજો બંધ કરવા પ્રયાસ કરતા તેના ઉપર ફાયરિંગ થયું હતું. જોકે આ યુવાનની હિંમત બાદ અન્ય મુસાફરો પણ સામનો કરતા લૂંટારૂઓ નાસી છૂટ્યા હતા.

બસમાં બુકિંગ ન મળતા છેલ્લી ઘડીએ ૩ લૂંટારૂએ ડ્રાઈવરની કેબિનમાં જગ્યા મેળવી

ગોપાલ ટ્રાવેલ્સની બસમાં આંગડિયા પેઢીના કર્મચારીઓ સાથે લૂંટારૂઓ મુસાફર બની બસમાં સવાર થયા હતા. બસમાં સીટ અવેલેબલ ન હોવાથી છેલ્લી ક્ષણોમાં બસમાં બુકીંગ માટે પહોંચેલા લૂંટારૂઓને બસની ડ્રાઈવર કેબિનમાં જગ્યા અપાઈ હતી.

નાકાબંધી કરી લૂંટારૂઓની શોધખોળ શરૂ કરાઈ : આર વી ચુડાસમા, એસપી ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક આર.વી. ચુડાસમાએ જણાવ્યું હતું કે ટેક્નિકલ સર્વેલન્સ સાથે લૂંટારૂઓની કારના વર્ણનના આધારે નેશનલ હાઈવેને અડીને આવેલા વિસ્તારોમાં નાકાબંધી શરૂ કરાઈ છે. પોલીસે સીસીટીવી નેટવર્કની મદદથી પણ લૂંટારૂઓનો પીછો શરૂ કર્યો છે. અઢી કરોડના હીરાની લૂંટની ઘટનાની જાણ ભરૂચ જિલ્લા પોલીસને થતા ભરૂચ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા સહિત સમગ્ર જિલ્લાની પોલીસ ટીમો ઘટના સ્થળે દોડી આવી લૂંટારૂઓનું પગેરું મેળવવાની કવાયત હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ તમામ લૂંટારૂઓ હિન્દી ભાષા બોલતા તથા બસ ક્લીનરના દ્વારા કરવામાં આવેલ લૂંટારૂઓના વર્ણન અનુસાર અર્ટિકા કાર અને લૂંટારૂઓની ધરપકડ કરવા ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી નાકાબંધી કરી જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાના યોગ્ય માર્ગદર્શનથી આ લૂંટારૂઓને વહેલી તકે પોલીસ સકંજામાં લઈ જેલના સળિયા પાછળ ધકેલે તેવા અહેવાલ મળી રહ્યાં છે.

ઉકાઈમાં નવા નીરની આવક ઘટતા ડેમની સપાટી ૩૨૮.૨૨ ફૂટે પહોંચી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૪

દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં ગત મંગળવારે મેઘાએ તેના ત્રીજા રાઉન્ડની શરૂઆત કરી હતી તો સાથે તાપી નદીના ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલા મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના કેચમેન્ટ એરિયામાં પણ ધોધમાર વરસાદ વરસતા તાપી નદીમાં નવા નીરની આવક શરૂ થઈ હતી. અને ક્રમશઃ ઉકાઈ ડેમની ઘટેલી સપાટીમાં ધીમે-ધીમે વધારો નોંધાઈ રહ્યો છે. આજે ઉકાઈ ડેમની સપાટી ૩૨૮.૨૨ ફૂટે પહોંચી છે અને ઉકાઈ ડેમમાં ૧૪,૧૪૫ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. ઉકાઈ ડેમના સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા ચાર દિવસથી ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં વધારો નોંધાતા એક તબક્કે ૩૨૫.૦૯ ફૂટ સુધી પહોંચી ગયેલી સપાટીમાં ક્રમશઃ વધારો નોંધાયો છે અને ઉકાઈ ડેમ ૬૦ હજાર ક્યુસેક પાણીની આવક પહોંચી જતા ઉકાઈ ડેમની સપાટીમાં પણ વધારો થઈ રહ્યો છે. જો કે આજે ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં ઘટાડો નોંધાઈ ૧૪,૧૪૫ ક્યુસેક પાણીની આવક અને ૧૦૦૦ ક્યુસેક પાણીની છાલક નોંધાઈ છે. ઉકાઈ ડેમની સપાટી ૩૨૮.૨૨ ફૂટ નોંધાઈ છે. આ ઉપરાંત હથનુર ડેમની સપાટી ૨૧૦.૪૬૦ મીટર અને ડેમમાંથી ૧૬,૭૦૩ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યા છે અને કાશા ડેમની ૧૦૮.૮૦ મીટર સપાટી નોંધાઈ છે. ડેમમાંથી ૧૫,૯૫૨ ક્યુસેક પાણીનો જથ્થો તાપી નદીમાં છોડવામાં આવી રહ્યો છે.

વડગામ પંથકના પિતા-પુત્રનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ સન્માન



કેશરપુરા, તા.૨૪

ગુજરાતને ગૌરવવંતું કરનાર બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં નવાવાસ રાજપુર ગામના રહીશ નિવૃત્ત આચાર્ય ડો. નરસિંહભાઈ એલ. પટેલને વિશ્વ માનવાધિકાર સુરક્ષા આયોગ (World Human Right Protection Commission) દ્વારા પીએચડીની પદવી એનાયત કરવામાં આવી. ડોક્ટરેટની ડીગ્રીની સાથે સાથે ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશનની મેમ્બરશિપ પણ આપવામાં આવી. જેઓ ગુજરાતી, હિન્દીમાં અનુસ્નાતક અને અંગ્રેજી, સંસ્કૃતમાં સ્નાતક, ગાંધી વિચારમાં એમફીલ, માનવાધિકારમાં પીએચડી અને બિઝનેસ લોમાં એલ એલ એમ કરેલ છે. આવા શૈક્ષણિક ઉચ્ચ પદવીધારક અને જ્ઞાાનનો ભંડાર ધરાવતા ડો. નરસિંહભાઈના પુત્ર ડો. અશોકચંદ્ર પટેલ પણ રશિયાના આર્મેનિયન- રશિયન ઈન્ટરનેશનલ યુનિવર્સિટી એરેવાન આર્મેનિયામાં નાની ઉંમરે વાઈસ ચાન્સેલર તરીકે ફરજ બજાવે છે. તે બદલ યંગેસ્ટ વાઈસ ચાન્સેલર તરીકે ઈન્ડિયનબુક ઓફ રેકોર્ડ્સમાં નોંધ કરી સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા છે. સાથે સાથે ગીનીજ વર્લ્ડ રેકર્ડમાં સૌથી નાની ઉંમર (૩૦ વર્ષ ૨૭૧ દિવસ) પુરુષ વિભાગમાં સ્થાન મેળવવા માટે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા છે. આમ બનાસકાંઠા જિલ્લાના નાનકડા ગામમાં જન્મેલા બંને બાપ અને દીકરાએ સન્માનિત રેકોર્ડ્સ પોતાના નામે કરી વિશિષ્ટ નામના મેળવી પોતાની સાથે સાથે ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે.

દક્ષિણ ગુજરાતના ૧૧ તાલુકામાં વરસાદ નોંધાતા ધરતીપુત્રોમાં આનંદ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

લાંબા સમયના વિરામબાદ મેઘાએ ત્રીજા રાઉન્ડની શરૂઆત કરી દક્ષિણ ગુજરાતના તમામ તાલુકાઓને પાણીથી તરબતર કરી નાખ્યા હતા. તો બીજી તરફ વરસાદ ખેચાઈ જવાને કારણે ચિંતામાં મુકાયેલા ધરતીપુત્રના હૈયે વરસાદનું આગમન થતાં ટાઢક વળી હતી. દક્ષિણ ગુજરાતમાં બપોર બાદ આગમન કરનાર મેઘાની સતત ચારથી પાંચ દિવસ સુધી તોફાની બેટિંગ રહી હતી જાકે છેલ્લા બે દિવસથી વરસાદનું જાર ધીમું પડયું છે વીતેલા ૨૪ કલાક દરમિયાન નવસારી અને ડાંગ જિલ્લામાં મેઘાએ વિરામ ફરમાવી ઉઘાડ કાઢ્યો હતો જયારે તાપી જિલ્લામાં માત્ર વ્યારામાં ૫ મીમી વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતના ચેરાપુંજી મનાતા વલસાડ જિલ્લામાં કપરાડામાં એક ઈંચથી વધુ અને ધરમપુરમાં ઝરમર ઝરમર ૨ મીમી વરસાદ જયારે ચાર તાલુકામાં ઉઘાડ કાઢ્યો હતો. સુરત જિલ્લાની વાત કરવામાં આવે તો મહુવા અને ઓલપાડને બાદ કરતા સાત તાલુકામાં ૨ મીમીથી લઈને ૧૫ મીમી સુધી વરસાદ નોંધાયો છે જેમાં ઉમરપાડામાં અડધો ઈંચથી વધુ ૧૫ મીમી અને કામરેજ તેમજ માંગરોળમાં ૮ મીમી સુરત સિટી ૭ મીમી જયારે બારડોલી ૫ મીમી તેમજ ચોર્યાસી ૩ મીમી, પલસાણા ૨ મીમી વરસાદની ફલડ કંટ્રોલ વિભાગના ચોપડે નોંધ થઈ હોવાનું જાણવા મળે છે.

૫૪૦૦માંથી ફક્ત ૧૬૨૨ શિક્ષકોએ કસોટી આપી

અરવલ્લી જિલ્લામાં શિક્ષક સજ્જતા સર્વેક્ષણ કસોટીનો ફિયાસ્કો

મોડાસા, તા.૨૪

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોની સજ્જતા સર્વે કસોટી જાહેર તો કર્યા પછી કસોટીને લઈને ભારે વિવાદ વકર્યો હતો. અનેક શિક્ષકો આ પરીક્ષા આપવા તૈયાર ન હતા શિક્ષકોમાં કચવાટ જોવા મળી રહ્યો હતો. જ્યારે સરકાર યેન-કેન પ્રકારે શિક્ષકો પરીક્ષા આપે અને સંખ્યા વધે તે માટે છેલ્લી ઘડી સુધી પ્રયત્ન હાથ ધર્યા હતા. પ્રાથમિક શિક્ષકોના બે સંઘ પણ આમને શિક્ષક સજ્જતા સર્વક્ષણ કસોટીને લઈને આમને-સામને આવી ગયા હતા. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે તો કસોટીનો બહિષ્કાર કરવા સોશિયલ મીડિયાના માધ્યમથી શિક્ષકોને અપીલ કરી હતી. ત્યારે આજે યોજાયેલી શિક્ષક સજ્જતા સર્વેક્ષણ કસોટીનો અરવલ્લી જિલ્લામાં ફિયાસ્કો થયો હોય તેમ જિલ્લામાં ૩૦.૬૩ ટકા શિક્ષકોએ કસોટીમાં ભાગ લીધો હતો. રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષકોનું મૂલ્યાંકન કરી તેમને વિષય વસ્તુની તાલીમ મળી રહે માટે પ્રાથમિક શિક્ષક સજ્જતા સર્વેક્ષણ ૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યની ૩૬ હજાર શાળાઓના ૨ લાખ શિક્ષકોનું સર્વેક્ષણ થાય તે હેતુથી આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ૫૪૦૦ જેટલા શિક્ષકોમાંથી ૧૬૨૨ શિક્ષકોએ શિક્ષક સજ્જતા કસોટી આપી હતી, જ્યારે ૩૬૭૩ શિક્ષકોએ કસોટીનો બહિષ્કાર કર્યો હતો. જિલ્લામાં સૌથી વધું બાયડ તાલુકામાં ૪૬૩ અને સૌથી ઓછા મેઘરજ તાલુકામાં ૧૮૪ શિક્ષકોએ કસોટી આપી હતી.

વારંવાર રજૂઆત કરવા છતાં તંત્રના આંખ આડા કાન

અમરેલીના વોર્ડ નં.૯માં કચરો ઉપાડવાના કામમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો કોંગી સદસ્યનો આક્ષેપ

વોર્ડ નં.૯ના સદસ્ય અશરફ રાઠોડ દ્વારા ચીફ ઓફિસરને તપાસ કરવા રજૂઆત કરાઈ

અમરેલી, તા.૨૪

અમરેલીના વોર્ડ નંબર ૯ માં કચરો ઉપાડવાના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહયો હોવાનો કોંગ્રેસના સદસ્યનો આક્ષેપ વોર્ડ નંબર ૯ માં ઠેરઠેર કચરાના ઢગલા પડેલ હોઈ અને તે બાબતે વારંવાર રજુઆત કરવા છતાં કચરો ઉપડાવામાં આવતો નથી વરસાદી માહોલ હોઈ અને વરસાદ પડવાથી કચરો ભીનો થાય જેથી કીચડ બને અને ગંદકી વધુ ફેલાઈ જેથી મચ્છર નો ઉપદ્રવ પણ થાય અને મોટી બીમારી ફાટી નીકળવાનો ભય હોવાથી તાત્કાલિક કચરો ઉપાડી તેમજ કચરો ઉપાડવાના કામમાં થઈ રહેલ ભ્રષ્ટાચારની તપાસ કરવા કોંગ્રેસના સદસ્યએ ચીફ ઓફિસરને લેખિતમાં ફરિયાદ કરી હતી. અમરેલી ભાજપ શાખિત પાલિકામાં કચરો ઉપાડવાના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહયો હોવાનો કોંગ્રેસના સદસ્યનો આક્ષેપ વોર્ડ નંબર ૯ માં ઠેરઠેર કચરાના ઢગલા પડેલ હોઈ અને તે બાબતે વારંવાર રજુઆત કરવા છતાં કચરો ઉપડાવામાં આવતો નથી વરસાદી માહોલ હોઈ અને વરસાદ પડવાથી કચરો ભીનો થાય જેથી કીચડ બને અને ગંદકી વધુ ફેલાઈ જેથી મચ્છર નો ઉપદ્રવ પણ થાય અને મોટી બીમારી ફાટી નીકળવાનો ભય હોવાથી તાત્કાલિક કચરો ઉપાડી તેમજ કચરો ઉપાડવાના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહયો હોવાનું કોંગ્રેસના સદસ્યનો આક્ષેપ વોર્ડ નંબર ૯ માં ઠેરઠેર કચરાના ઢગલા પડેલ હોઈ અને તે બાબતે વારંવાર રજુઆત કરવા છતાં કચરો ઉપડાવામાં આવતો નથી વરસાદી માહોલ હોઈ અને વરસાદ પડવાથી કચરો ભીનો થાય જેથી કીચડ બને અને ગંદકી વધુ ફેલાઈ જેથી મચ્છર નો ઉપદ્રવ પણ થાય અને મોટી બીમારી ફાટી નીકળવાનો ભય હોવાથી તાત્કાલિક કચરો ઉપાડી તેમજ કચરો ઉપાડવાના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહયો છે,આ બાબતે ચીફ ઓફિસરને તાત્કાલિક કચરો ઉપાડવા અને આ કામમાં થઈ રહેલ ભ્રષ્ટાચાર અંગે તપાસ કરવામાં આવે તેવી લેખિતમાં ફરિયાદ કરેલ હતી.

ડભોઈના મોટા હબીપુરા ગામે તળાવમાં દુર્ગંધયુક્ત પાણી ઠલવાતાં ગ્રામજનોમાં રોષ

ડભોઈ, તા.૨૪

ડભોઈ તાલુકાના મોટા હબીપુરા ગામના તળાવમાં છેલ્લા કેટલાક દિવસથી દુર્ગંધ મારતું કેમિકલયુક્ત પાણી ઠલવાતા ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પ્રાપ્ત માહિતી મુજબ ડભોઈ તાલુકાના સાઠોદ પાસેથી પસાર થતા રાહ કોતરમાં છેલ્લા કેટલાક દિવસથી અસહય ગંદુ અને દુર્ગંધ મારતું કેમિકલયુક્ત પાણી ઠલવાઈ રહ્યું છે જે પાણી કેટલાક ગામોના કોતરમાંથી પસાર થઈ તાલુકાના મોટા હબીપુરા ગામના તળાવમાં ઠલવાય છે જેના પરિણામે તળાવના શુદ્ધ પાણીનો ઉપયોગ કરતા પશુપાલકો તેમજ ગ્રામજનો વિમાસણમાં મુકાયા છે હાલમાં વરસાદ ખેંચાયો છે ત્યારે વરસાદી પાણી આ તળાવમાં એકત્ર થઈ શકતું નથી ત્યારે એક તરફ આ દુષિત પાણી તળાવમાં ભેગું થતાં મોટા હબીપુરા સહિતના આસપાસના ખેડૂતો માટે માથાના દુખાવા સમાન સાબિત થઈ રહ્યું છે નગરજનો દ્વારા આ અંગે સરપંચ ને રજૂઆત કરાતા હાલ તો આ દુષિત પાણી આવતું બંધ થયું છે પરંતુ રાહ કોતરમાં દુષિત પાણી કોણ છોડી જાય છે તે તપાસનો વિષય બન્યો ડભોઈ તાલુકાના મોટા હબીપુરા ગામના તળાવમાં દુર્ગંધ મારતું કેમિકલયુક્ત પાણી ઠાલવતાં ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપ્યો, ત્યારે બીજી બાજુ આ કોતરની રાહમાં આવતા આશરે ૯ જેટલા ગામોના ખેતરોમાં ઊભા પાકને નુકસાન થવાની ભીતિ પણ સેવાઈ રહી છે આ પાણી કોતરોમાં ક્યાંથી આવ્યું તે તપાસનો વિષય છે હાલ ચોમાસુ જોઈ એ તેમ જાખ્યું નથી ત્યારે ડભોઈ ૯ જેટલા ગામમાં સિંચાઈના પાણીની જરૂર છે ત્યારે આ તળાવ અને કોતરના પાણી પાકને નુકસાન કરે તેમ હોય દુર્ગંધ અને ગંદુ કેમિકલયુક્ત પાણી દૂર થાય અને યોગ્ય તપાસ કે આ પાણી ક્યાંથી આવે છે ની માંગ સાથે આજરોજ મોટા હબીપુરા ગામના ખેડૂતો અને ગ્રામજનો મોરચો તળાવ પહોચ્યો હતો અને વહેલી તકે આ સમસ્યા દૂર થાય તેવી ગ્રામજનોએ માંગ કરી હતી.

સરદાર પટેલ યુનિ.માં ફી પરત આપવાની માંગ સાથે હોબાળો

આણંદ જિલ્લાના વલ્લભવિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાં માસ પ્રમોસન મેળવનાર વિદ્યાર્થીઓને પરીક્ષા ફી પરત આપવાની માંગ સાથે આજે છાત્ર યુવા સંઘર્ષ સમિતિના કાર્યકરો દ્વારા યુનિવર્સિટી સામે સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરી કુલપતિને આવેદનપત્ર આપ્યું હતું. તેમજ કુલપતિને આવેદનપત્ર આપી જો વિદ્યાર્થીઓને ફી પરત આપવામાં નહીં આવે તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. આ પ્રસંગે મિત માલવિયા અને ધાર્મિક માથુકિયા સહિત કાર્યકરો દ્વારા કુલપતિને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. (તસવીર :- બુરહાન પઠાણ, આણંદ)

આણંદમાં ઉત્થાન એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા

ગર્ભવતી મહિલાઓ અને થેલેસીમિયા બાળકોને મદદરૂપ થવા રક્તદાન શિબિર યોજાઈ

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૨૪

આણંદ શહેરમાં ઉત્થાન એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટની સ્થાપના સાથે કુલસુમબાગ હોલ હાલાણી એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટના પટાંગણમાં રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. ગર્ભવતી મહિલાઓ અને થેલેસીમિયાના બાળકોને મદદરૂપ થવાના હેતુ સાથે રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સામાજિક કાર્યકર તાજદીનભાઈ ઉર્ફે રાજુભાઈ હાલાણી, બદરૂદ્દીનભાઈ હાલાણી, પૂર્વ ધારાસભ્ય જયંતભાઈ બોસ્કી પટેલ, ગામડીના સરપંચ ઈસ્માઈલભાઈ વહોરા, સામાજિક કાર્યકર ઈલ્યાસભાઈ મુલતાની, ઓલ ઈન્ડિયા ગ્લોબલ ઈમામ કાઉન્સિલના લુકમાન તારાપુરી તથા અતિથિ વિશેષ તરીકે ડો.ઈકબાલભાઈ ટીટોઈયા, મિનેષભાઈ પટેલ સેક્રેટરી શ્રદ્ધા હોસ્પિટલ બોરસદ તથા સંસ્થાના પ્રમુખ અલ્તાફભાઈ વહોરા, ઉપપ્રમુખ ગુલામનબી વહોરા, સેક્રેટરી ડૉ.સદ્દામહુસૈન ટીંબલિયા, જોઈન્ટ સેક્રેટરી ડૉ.સરફરાજ મન્સૂરી, ખજાનચી આરીફભાઈ વહોરા, સહખજાનચી સોયબભાઈ વહોરા, ટ્રસ્ટી સોહિલભાઈ વહોરા તથા સમાજના અગ્રણીઓ હાજરી આપી હતી અને રક્તદાન શિબિરમાં ૬૯ રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. પ્રસંગોપાત ઉદ્‌બોધન જયંતિભાઈ બોસ્કી પટેલ ઈસ્માઈલભાઈ વહોરા, મૌલાના લુકમાન તારાપુરી તથા બદરૂદ્દીનભાઈ હાલાણી, સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે હાલાણી એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટનો સહયોગ મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.સરફરાજ મન્સૂરી દ્વારા કરવામાં આવ્યું હતું.

(તસવીર :- બુરહાન પઠાણ, આણંદ)

વન્યપ્રાણીઓ માટે ખાસ બનાવાયેલ ‘‘ઓપન મેટ’’ આવાસોનું કરાયું લોકાપર્ણ

ઈન્દ્રોડા પાર્કમાં હવે વાઘ-સિંહ જેવા પ્રાણીઓ ખુલ્લામાં ફરતા જોઈ શકાશે

સફેદ વાઘની જોડી બની રહેશે ખાસ આકર્ષણ : ડાયનાસોર-ફોસીલપાર્ક અન્ય નજરાણું

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ગીર ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનના પ્રાણી સંગ્રહાલય ખાતે સિંહ, વાઘ અને દિપડા માટે પથ્થર શિલાઓ, વૃક્ષ-વનસ્પતિઓ, કાષ્ઠ, ઘાસ-વાંસ સહિતના કુદરતી સંશાધનોનો ઉપયોગ કરી તૈયાર કરવામાં આવેલા ’ઓપન મોટ’ પ્રકારના આધુનિક આવાસોનું આજે વનમંત્રી ગણપત વસાવા હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેને પગલે હવે આ ઉધાનમાં સફેદ વાઘની જોડી તથા સિંહ દિપડા વગેરે ઓપન મેટમાં જાણો ખુલ્લામાં ફરતા હોય તેવા જોવા મળશે. આ પ્રસંગે વનમંત્રી ગણપત વસાવાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના વનવિભાગ અને મુખ્ય પ્રધાનના માર્ગદર્શન હેઠળ લગભગ ૨ કરોડના ખર્ચે આ આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. ઈન્દ્રોડા પાર્કની અંદર બે સફેદ વાઘ અને બે સિંહ અને છ જેટલા દીપડાના આવાસોનું લોકાર્પણ આજે કરાયું છે. જેનો લાભ પાટનગરમાં આવતા તમામ ગુજરાતીઓ અને શહેર વાસીઓ અને દેશવાસીઓને થશે. આ સંસ્થા ૧૯૭૭થી શરૂ કરવામાં આવી છે અને આજે ૪૦૦ હેક્ટરમાં ડેવલપમેન્ટ થયું છે. ગુજરાતમાં સિંહોની

સંખ્યા એક સમયે ૨૦ જેટલી હતી. આજે એ સંખ્યા વનવિભાગ, સૌરાષ્ટ્રની જનતાના સપોર્ટથી ૬૭૪ થઈ છે. પ્રાણીઓનો રિસર્ચ માટે ૨૦૦૦ પ્રકૃતિ કેમ્પ અત્યાર સુધી અત્રે થઈ ચૂક્યા છે. પથી ૬ લાખ જેટલા પ્રવાસીઓ અહીં વર્ષ દરમિયાન આવે છે. ઈન્દ્રોડા પાર્કમાં ૨૭ સાબર, ૬૮ ચિતલ ૬૮ અને ૯૬ જેટલા કાળિયાર, મગરો જેવા પ્રાણીઓ આવેલા છે. આ ઉપરાંત બે સફેદ વાઘ પણ આજથી લોકો જોઈ શકશે. જેમના માટે પણ આ આવાસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

ઓપન મોટ આવાસોની વિશેષતા

‘ગીર’ ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનના પ્રાણી સંગ્રહાલય ખાતે સિંહ, વાઘ અને દીપડા માટે ઓપન મોટ પ્રકારના આધુનિક આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં પથ્થર શિલાઓ, વૃક્ષ-વનસ્પતિઓ, કાષ્ઠ, ઘાસ-વાંસ સહિતના કુદરતી સંશાધનોનો ઉપયોગ કરી આવાસોને આબેહૂબ નૈસર્ગિક બનાવાયા છે. આ આવાસોમાં મુખ્યત્વે વન્યજીવોને આરામ કરવાના ગઝેબો, પથ્થરની ગુફાઓ, પાણીના ઝરણા, નાના તળાવ, રેમ્પ અને સ્ટેજ પણ તૈયાર કરાયા છે. જેથી વન્યજીવોને પોતાના નૈસર્ગિક આવાસમાં જ રહેતા હોવાની અનુભૂતિ થાય. એટલુ જ નહીં મુલાકાતીઓ માટે ખાસ ગેલેરી તથા પથ બનાવી આ આવાસોની અંદર તથા બહાર ઘનિષ્ઠ વનિકરણ કરી કુદરતી ઓપ આપવામાં આવ્યો છે.

ઉધાનમાં ડાયનાસોર-ફોસીલ પાર્ક, અર્થ સેક્શનના કારણે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તેના ડાયનાસોર અને ફોસીલ પાર્ક, અર્થ સેક્શનના કારણે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. આ ઉપરાંત આ ઉદ્યાનમાં વિવિધ પ્રકારના છોડ, ક્ષુપ, વેલા અને વનસ્પતિઓ ધરાવતો વૈજ્ઞાનિક પદ્ધતિએ તૈયાર કરવામાં આવેલો બોટનીકલ ગાર્ડન પણ છે. જેનું કેક્ટસ ગાર્ડન એક અનેરૂ આકર્ષણ ધરાવે છે.

સફેદ વાઘની જોડી ગૌતમ તથા સૃષ્ટિને મુલાકાતીઓ નિહાળી શકશે

નવનિર્મિત આવાસોમાં વન્યજીવોને ખોરાક, પાણી, સારવાર તથા તમામ ઋતુઓમાં રક્ષણ પ્રદાન કરવાની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. રાજ્ય સરકારના પ્રયત્નોના ભાગરૂપે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં બિડાલકુળના વન્યજીવ સફેદ વાઘની જોડી ગૌતમ તથા સૃષ્ટિ ને રાજ્યના વિવિધ ઝૂમાંથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે લાવવામાં આવ્યા છે. જેને પણ હવેથી મુલાકાતીઓ નિહાળી શકશે. ઉપરાંત પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવેલી સિંહની પ્રખ્યાત જોડ સૂત્રના અને તથા ગ્રીવાને પણ નવનિર્મિત આધુનિક ઓપન મોટ પ્રકારના આવાસમાં નિહાળવાનો અવસર પ્રાપ્ત થશે.

‘મૈં દેશ નહીં ઝૂકને દૂંગા, મૈં દેશ નહીં બીકને દૂંગા’નું સૂત્ર આપનાર

ભાજપ સરકારે કોંગ્રેસની સરકારોએ ઊભી કરેલી રૂા.૬ લાખ કરોડની દેશની સંપત્તિ વેચવા કાઢી

● ૭૦ વર્ષમાં કોંગ્રેસે શું કર્યું ? એવા સવાલ કરાવનારાઓને વડાપ્રધાને લાલ કિલ્લા ઉપરથી જ દેશની સંપત્તિ વેચવા કાઢીને જવાબ આપી દીધો : મોઢવાડિયા

● દેશમાં લોક કલ્યાણના પ્રોજેક્ટ અને માળખાકીય વ્યવસ્થાઓ ઊભી કરવાના રોડ મેપ બનાવવાને બદલે, દેશની સંપત્તિ વેચવાનો ભાજપનો રોડ મેપ !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

દેશની ભાજપની ભાગીદારીવાળી પહેલી કેન્દ્ર સરકારે સોનું ગીરવે મૂકીને દેશને અધોગતિમાં ધકેલી દીધા બાદ હવે પૂર્ણ બહુમતી મેળવી લીધી છે. ત્યારે દેશની રૂા.૬ લાખ કરોડની મહામૂલી સંપત્તિ વેચવા કાઢવાનો રોડ મેપ બનાવીને ભાજપની કેન્દ્ર સરકારે કોંગ્રેસની સરકારોએ કરકસર કરીને ઊભી કરેલ અબજોની સરકારી સંપત્તિ તેમજ દર વર્ષે અબજો રૂપિયા કમાવી આપતા જાહેર સાહસોની સંપત્તિ પોતાના મુડીપતિ મિત્રોને પધરાવવાનું કાવતરૂં કર્યું હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું છે.

આજે પત્રકાર પરિષદમાં મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ૧૫ ઓગસ્ટે સામાન્ય રીતે દેશ માટે નવા મહત્ત્વના પ્રોજેક્ટ કે લોકોપયોગી યોજનાઓની જાહેરાત વડાપ્રધાનો કરતા હોય છે, પરંતુ વર્તમાન વડાપ્રધાન મોદીએ દેશની રૂા.૬ લાખ કરોડની સંપત્તિ ખાનગી કંપનીઓને હવાલે કરી દેવાની જાહેરાત કરી અને ગઈકાલે કેન્દ્રના નાણામંત્રીએ રૂા.૬ લાખ કરોડની રાષ્ટ્રીય સંપત્તિ વેચાણ માટે મૂકવાની જાહેરાત કરી દીધી. આ વેચાણ માટે મૂકેલ સંપત્તિમાં રૂા.૧.૬ લાખ કરોડના રસ્તા, રૂા.૧.૫ લાખ કરોડના ૪૦૦ રેલવે સ્ટેશન તથા ૧૫૦ ટ્રેન, રૂા.૬૭ હજાર કરોડની પાવર ટ્રાન્સમિશન લાઈન, રૂા.૨૪ હજાર કરોડની ગેસ પાઈપલાઈન, રૂા.૩૨ હજાર કરોડના વીજ ઉત્પાદક એકમો, રૂા.૨૦ હજાર કરોડની ઓઈલ પાઈપલાઈન, રૂા.૩૯ હજાર કરોડના બીએસએનએલના કેબલ નેટવર્ક તથા ટાવરો, રૂા.૩૨ હજાર કરોડના માઈનીંગ પ્રોજેક્ટ, રૂા.૩૪ હજાર કરોડના ૨૧ એરપોર્ટ તથા મેજર પોર્ટ્સ, રૂા.૧૧ હજાર કરોડના ૨ રમત-ગમતના સ્ટેડિયમનો સમાવેશ થાય છે. અગાઉ એરઈન્ડિયા, એલઆઈસી અને ભારત પેટ્રોલિયમ વેચવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો જ છે.

અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, લોકકલ્યાણને વરેલી સરકારો સામાન્ય રીતે જનતા માટે ઉપયોગી માળખાકીય વ્યવસ્થાઓ ઊભી કરતી હોય છે. કોંગ્રેસની સરકારોએ રેલવે, રોડ, શૈક્ષણિક તથા વૈદ્યકીય સંસ્થાઓ-દવાખાના, બંદરો, એરપોર્ટ, જાહેર સાહસો, સંશોધન સંસ્થાઓ ઊભી કરી હતી. કોંગ્રેસે ૭૦ વર્ષમાં શું કર્યું ? એવો પ્રશ્ન પૂછનારાઓને વડાપ્રધાનએ લાલ કિલ્લા ઉપરથી જ જવાબ આપી દીધો કે વર્તમાન ભાજપ સરકાર જે સંપત્તિઓ મુડીપતિ મિત્રોને પધરાવી રહી છે, તે તમામ મહામુલી સંપત્તિનું સર્જન કોંગ્રેસની સરકારોએ જ કર્યું હતું. નામ બદલવામાં શુરવીર ભાજપ સરકારે જેવી રીતે ઉત્તરપ્રદેશમાં શહેરોના નામ બદલ્યા અને ગુજરાતમાં અમદાવાદ મોઢેરાના ‘સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમ’નું નામ બદલીને ‘નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ’ કર્યું તેમ દેશની સરકારી તેમજ જાહેર સાહસોની સંપત્તિના વેચાણને પણ ‘મોનિટાઈઝેશન ઓફ એસેટ્સ’ અને ‘ડિસઈન્વેસ્ટમેન્ટ’ જેવા રૂપાળા નામો દીધા. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીઓ વખતે ‘મૈં દેશ નહીં ઝૂકને દૂંગા, મૈં દેશ નહીં બીકને દૂંગા’ની કવિતા વાંચનાર પોતે જ કાયરતાપૂર્ણ પગલું લઈને ચીન સામે અને અફઘાનિસ્તાનમાં તાલિબાનો સામે દેશને ઝૂકાવી દીધો અને દેશને મુડીપતિઓને હવાલે કરવાના ઈરાદાથી મોટાભાગની સંપત્તિઓ મુડીપતિ મિત્રોને પધરાવીને ‘રોકડા’ કરી રહ્યા છે.

કોંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારોએ પણ પોતાની વીજ વિતરણ કરતી કંપનીઓ સહિતના જાહેર સાહસો અને બીજી સંપત્તિઓ વેચે તો તેને પ્રોત્સાહન આપવા માટે વધારાના રૂા.૫ હજાર કરોડનું પ્રોત્સાહક ફંડ પણ ઊભું કર્યું છે. આશ્ચર્યજનક અને આઘાતજનક બાબત તો એ છે કે, કેન્દ્ર સરકાર સામાન્ય રીતે માળખાકીય વ્યવસ્થાને મજબૂત કરવા માટે ‘મેચિંગ ગ્રાન્ટ’ કે સહાય આપતી હોય છે તેની જગ્યાએ જેટલી સંપત્તિ વેચાય તેના ૫૦% જેટલી રકમ વગર વ્યાજની લોન તરીકે આપવાની ભાજપની કેન્દ્ર સરકારે તૈયારી બતાવી છે. ભાગ્યે જ કોઈ દેશમાં આવા પ્રકારના પ્રોત્સાહનો હશે.

વિદેશમાં ગીરવી મૂકેલું સોનું જે તે વખતની કોંગ્રેસની નરસિંહરાવની સરકારના નાણામંત્રી ડૉ.મનમોહન સિંઘે પરત લાવીને દેશને વિકાસના મોડ ઉપર મૂકી દીધું હતું. તેનાથી વિરૂદ્ધ વર્તમાન ભાજપની સરકાર દેશને વેચી રહી છે, જે હરગીઝ ચલાવી લેવાય નહીં. કોંગ્રેસ પક્ષ દેશની મહામુલી સંપત્તિઓના વેચાણને અટકાવવા બધા જ પ્રયાસો કરશે.

ધોરણ-૬થી ઉપરના વર્ગોની ઓફલાઈન પરીક્ષા લેવા પ્રોગ્રેસિવ સ્કૂલ્સની માગણી

એસો. ઓફ પ્રોગ્રેસિવ સ્કૂલ્સના પ્રમુખે રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખી રજૂઆત કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં હાલમાં ઓનલાઈન શિક્ષણ દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે ત્યારે એસોસિએશન ઓફ પ્રોગ્રેસિવ સ્કુલ્સ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખી ધોરણ-૬ અને તેથી ઉપરના વર્ગો માટે શાળામાં ફરજિયાત અર્ધવાર્ષિક પરીક્ષા લેવાની મંજુરી આપવામાં આવે તે માટે રજૂઆત કરી છે. આ માટે સ્કૂલમાં વિદ્યાર્થીઓને ૩ બેચમાં બોલાવી પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે, જેથી સ્કૂલમાં પરીક્ષા વખતે એક સાથે તમામ વિદ્યાર્થીઓ ન આવે. CBSE સ્કૂલોમાં સપ્ટેમ્બર માસથી અર્ધવાર્ષિક પરીક્ષા શરૂ થવાની હોવાથી આ મુદ્દે યોગ્ય નિર્ણય લેવા માટે જણાવાયું છે. એસોસિએશન ઓફ પ્રોગ્રેસિવ સ્કૂલ્સના પ્રમુખ મનન ચોક્સીએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, અગાઉ જ્યારે બાળક શૈક્ષણિક રીતે પાછળ પડી રહ્યું હોય ત્યારે શાળાઓ અને વાલીઓ યોગ્ય સુધારાત્મક નિર્ણયો લેતા હતા. ઓનલાઈન શિક્ષણના લીધે બાળકો પોતે જ માહિતગાર નથી કે આવતા વર્ષે ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવવા માટે તેમણે લઘુત્તમ પાયાનું જ્ઞાન મેળવ્યું છે કે નહીં.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) બોર્ડની સ્કૂલો માટે અર્ધવાર્ષિક પરીક્ષા સપ્ટેમ્બરમાં યોજાનાર છે. આ રીતે પરીક્ષા લેવાથી વાલીઓ, વિદ્યાર્થીઓ અને શાળાઓને અભ્યાસમાં નબળા પડેલા વિદ્યાર્થીઓ તથા તેમને સંલગ્ન મુદ્દા વિશે જાણવા મળશે. જેથી તે દિશામાં જરૂરી પગલાં લઈ શકાય. સમસ્યા કેટલી ગંભીર છે તે જાણવા માટે અમે શાળા અને વિદ્યાર્થીઓના અગાઉના વર્ષના પરિણામોની સરખામણી કરી શકીએ છીએ. પરીક્ષાઓની સત્વરે જાહેરાત કરવાથી વિદ્યાર્થીઓ ગંભીર બનશે અને તેમને તૈયારી કરવા માટે પૂરતો સમય મળશે. એસો. દ્વારા દરેક દિવસે ત્રણ બેચમાં પરીક્ષાનું આયોજન કરવાની યોજના રજુ કરી હતી. જેથી સ્કૂલમાં વિદ્યાર્થીઓની એક સાથે હાજરી ન થાય. સ્કૂલોમાં ક્ષમતાના ૩૩ ટકા કરતાં વધુ વિદ્યાર્થીઓ હાજર નહીં રહે તેવી પણ બાંહેધરી આપી છે. જો થોડાક મહિના પૂરતું રાબેતા મુજબ ફરીથી શાળાઓ ન ખોલીએ તો પણ માત્ર નાપાસ થયેલા વિદ્યાર્થીઓને જ બોલાવી તેમને જરૂરી શિક્ષણ આપી શકીએ છીએ તેમ પણ રજૂઆતમાં જણાવાયુ હતું. જો શાળાઓ ફરીથી શરૂ કરી શકીએ તો જે વિદ્યાર્થીઓ અભ્યાસમાં ઘણા પાછળ રહી ગયા છે તેમને ઝડપથી બીજા વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તર સુધી લઈ જવા માટે વધારાના વર્ગો પણ પૂરા પાડી શકીએ છીએ. સરકાર સામે ઘણા પડકારો છે ત્યારે એસો. દ્વારા ફરીથી વર્ગો શરૂ કરવા માટે દબાણ કરવામાં આવ્યું નથી. પરંતુ જો પરીક્ષા લેવાની મંજૂરી આપવામાં આવે તો ભવિષ્યમાં ઓનલાઈન કે ઓફલાઈન વર્ગો વધુ અસરકારક રીતે ચાલુ રાખવાની માહિતી મળી શકે તેમ હોવાનું જણાવ્યું હતું.

મહિલા પોતાના બાળકના પિતાનું નામ જાહેર કરવા ના માગતી હોય તો ગુનો બને ? કોર્ટે સરકારને પૂછ્યો સવાલ

પ્રેમિકાએ બળાત્કારની ફરિયાદ કરી ન હોવા છતાં પ્રેમીને કોર્ટમાં ૧૦ વર્ષની સજા થતાં મામલો હાઈકોર્ટમાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ સવાલ ઉઠાવીને રાજ્ય સરકારને પુછ્યું હતું કે શું એક સ્ત્રી પોતાના બાળકના પિતાનું નામ જણાવવા ઈચ્છતી ના હોય તો શું તે ગુનો બને છે? જુનાગઢમાં એક વ્યક્તિને પોક્સો એક્ટ હેઠળ થયેલી સજાના અનુસંધાને હાઈકોર્ટમાં દાખલ થયેલી અપીલના કેસની સુનાવણી દરમિયાન આ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો.

કેસની વિગતો મુજબ એક સગીર યુવતી પોતાના પ્રેમી પોતાની મરજીથી ઘરેથી ચાલી નીકળી હતી. ત્યારબાદ તેણે અલગ-અલગ સમયે બે બાળકોને જન્મ આપ્યો હતો. યુવતીના પિતાએ કરેલી ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરાઈ હતી અને તેને દસ વર્ષની કેદની સજા કરાઈ હતી.

આ કેસની સુનાવણી નીકળતા કોર્ટે સવાલ કર્યો હતો કે શું કોઈ યુવતી પોતાના બાળકના પિતાનું નામ જાહેર કરવા ના માગતી હોય અને તેણે લગ્ન સંબંધો વિના બાળકને જન્મ આપ્યો હતો તો કાયદાકીય રીતે તેને પિતાનું નામ જાહેર કરવા માટે ફરજ પાડી શકાય? અથવા તો શું કિસ્સામાં કોઇ ગુનો બને છે?

જસ્ટીસ પરેશ ઉપાધ્યાયની કોર્ટમાં સુનાવણી નીકળતા કોર્ટે પુછ્યું હતું કે, જો કોઈ સગીર યુવતી ગર્ભવતી બની હોય અને હોસ્પિટલ જાય તો શું તેને બાળકના પિતાનું નામ આપવું જરૂરી છે? શું ડોક્ટર પુછશે કે તે કોનાથી ગર્ભવતી બની છે? શું તેને હોસ્પિટલને આ નામ આપવું જરૂરી છે? કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, દિલ્હી, અમદાવાદ જેવા મેટ્રો શહેરોમાં કોઈ હોસ્પિટલ દ્વારા નામ પુછવામાં આવી શકે છે? અને જો તો ઇનકાર કરે તો ગુનો બને? કેસની વિગતો મુજબ યુવતી પોતાની મરજીથી ઘરેથી ચાલી ગઈ હતી અને ત્યારબાદ તે ૧૬ વર્ષની હતી ત્યારે વર્ષ ૨૦૧૯માં પ્રથમ બાળકને અને ત્યારબાદ વર્ષ ૨૦૨૧માં બીજા બાળકને જન્મ આપ્યો હતો. ત્યારબાદ તે ૧૮ વર્ષની થતા તે પ્રેમી સાથે લગ્ન કરવા ઈચ્છુક હતી. તેણે કોર્ટમાં પણ પ્રેમી સામે ભગાડી જવાની કે બળાત્કારની ફરિયાદ નોંધાવી નહોતી. તેમછતા નીચલી કોર્ટે યુવકને સજા કરી હતી. આથી તે લગ્ન કરી શકી નહોતી.

ITની અગ્રણી કું. IBMનું અત્યાધુનિક સ્ટેટ ઓફ ધ આર્ટ પ્રોજેક્ટ

અમદાવાદમાં પ્રોડક્ટ એન્જિ.-ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર સ્થપાશે

પ્રોડક્ટ એન્જિ. અને સોફટવેર મેન્યુફેક્ચરિંગ સેક્ટરની વર્લ્ડ બેસ્ટ પ્રેક્ટિસીસ ગુજરાતમાં લવાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

આઈટી ક્ષેત્રે વિશ્વની અગ્રગણ્ય કંપની આઈબીએમ અમદાવાદમાં અત્યાધુનિક સોફટવેર લેબની સ્થાપના કરશે. આ લેબ અમદાવાદમાં સ્ટેટ ઓફ ધ આર્ટ પ્રોડકટ એન્જીનીયરીંગ, ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર તરીકે અદ્યતન સુવિધાઓ સાથે શરૂ કરવામાં આવશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે આઈબીએમ-ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર સંદિપપટેલ અને આઈબીએમ સોફ્ટવેર લેબના વાઇસ પ્રેસિડેન્ટ ગૌરવ શર્માની ગાંધીનગરમાં યોજાયેલી ફળદાયી મૂલાકાત બેઠક દરમ્યાન તેમણે આ જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રીએ આઈબીએમના આ સેન્ટરની જાહેરાતને આવકારતાં જણાવ્યું કે, ગુજરાત પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે એફડીઆઇ અને આઈટી સેકટર સહિતના ટેકનોલોજી સેકટરના ઈન્વેસ્ટમેન્ટ માટે એક હેલ્ધી અને ફ્રેન્ડલી વાતાવરણ બન્યું છે. એટલું જ નહીં, ગુજરાતમાં સેકટરલ યુનિવર્સિટીઝની શરૂઆત તથા આઈક્રિયેટ, સ્ટાર્ટઅપ ઈનોવેશનનો વ્યાપ પણ વધ્યો છે અને યુવાઓને અદ્યતન જ્ઞાન-સંશોધન અવસર મળી રહ્યા છે.

તેમણે આઈબીએમના એમડીને એમ પણ જણાવ્યું કે, આ બધાના પરિણામે ગુજરાતમાં સ્કીલ્ડ મેનપાવર અને વિપૂલ ટેલેન્ટપૂલ ઉપલબ્ધ છે તેનો લાભ આઈબીએમને મળશે. તેમણે કહ્યું કે, આઈબીએમનું આ નવું કાર્યરત થનારૂં સેન્ટર રાજ્યમાં આઇ.ટી, આઇ.ટી.ઇ.એસ સેકટરની સમગ્ર ઈકો સિસ્ટમની કાયાપલટ કરવામાં મહત્વપૂર્ણ બનશે. ઉપરાંત આ સેન્ટર રાજ્યના યુવાઓ માટે નવા રોજગાર અવસર ઊભા કરશે અને ડિઝીટલ ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વ કક્ષાના કૌશલ્યવર્ધન ક્ષમતાનો પણ રાજ્યમાં વિકાસ થશે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. આઈબીએમ-ઈન્ડિયાના મેનેજિંગ ડિરેકટર સંદિપ પટેલે ગુજરાતે આઇ.ટી હબ બનવાની જે દિશા લીધી છે તેની પ્રસંશા કરવા સાથે ગુજરાત ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસના નવતર અભિગમ સાથે વિકાસના નવા કિર્તિમાન પ્રસ્થાપિત કરી રહ્યું છે તે સંજોગોમાં આઇ.બી.એમ ગુજરાતના ડિઝિટલ મિશનમાં યોગદાન આપવા ઉત્સુક હોવાનું જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, આઈબીએમ સોફ્ટવેર લેબ વૈશ્વિક કક્ષાના ઈનોવેશન સેન્ટર તરીકે નેકસ્ટ જનરેશન સોફ્ટવેર પોર્ટફોલિયો અને કલાઉડ સર્વિસ પૂરી પાડે છે. આવી સોફ્ટવેર લેબ બેંગાલુરૂ, પૂના, હૈદરાબાદ અને ચેન્નાઈમાં અત્યારે કાર્યરત છે હવે, અમદાવાદમાં પણ તે સ્થાપવાનું આયોજન આઈબીએમ દ્વારા કરવામાં આવ્યું છે. પ્રોડકટ એન્જીનીયરીંગ અને સોફ્ટવેર મેન્યૂફેકચરીંગ સેકટરની વર્લ્ડ બેસ્ટ પ્રેકટીસીસ ગુજરાતમાં લાવવાની નેમ આઇ.બી.એમ ઇન્ડીયાના એમ.ડી એ દર્શાવી હતી. વર્લ્ડ કલાસ ટ્રેઇન્ડ મેનપાવર અને સ્કીલ ડેવલપમેન્ટ તથા રોજગાર અવસરમાં વધારો એમ બેવડો લાભ આના પરિણામે ગુજરાતને મળતો થશે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

રાજ્યમાં પાંચ હજાર ઝુંપડાઓ તોડવાની સામે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, મનાઇ હુકમ અપાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં અને ખાસ કરીને સુરત ખાતે રેલવે ટ્રેકની આસપાસ આવેલી પાંચ હજાર જેટલી ઝુંપડીઓ તોડી પાડવાની કામગીરી રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવે તે પહેલા મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં અરજન્ટ સુનાવણીની માગણી કરવામાં આવતા કોર્ટે તે ગ્રાહ્ય રાખીને મનાઇ હુકમ આપીને વધુ સુનાવણી બુધવારના રોજ રાખી હતી. કેસની વિગતો મુજબ સુરત ખાતે રેલવે ટ્રેકની આસપાસ આવેલી ઝુંપડીઓ ગેરકાયદેસર હોવાનું જણાવીને તંત્ર દ્વારા તેને તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જે-તે સમયે મામલો હાઇકોર્ટમાં પહોંચ્યો હતો અને વર્ષ ૨૦૧૬માં હાઇકોર્ટે મનાઇ હુકમ આપ્યો હોવાથી રહીશોએ હાશકારો અનુભવ્યો હતો. પરંતુ તાજેતરમાં હાઈકોર્ટે તે મનાઇ હુકમ ઉઠાવી લેતા ઝુંપડીઓ તોડી પાડવાની કામગીરી સ્થાનિક મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી હતી. મંગળવારે રાત્રે જ આ કામગીરી કરીને ઝુંપડીઓ તોડી પાડવામાં આવનાર હોવાની માહિતી મળતા મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. આથી સિનિયર એડવોકેટ દ્વારા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ સમક્ષ અરજન્ટ સુનાવણીની માગણી કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન વચગાળાની રાહત રૂપે સુપ્રીમ કોર્ટની ચીફ જસ્ટીસ બેંચ દ્વારા વચગાળાનો મનાઇ હુકમ આપવામાં આવ્યો હતો અને બુધવારે તેની સુનાવણી રાખવામાં આવી હતી.

જમીન સંપાદનની કામગીરી સામે સ્ટે ઉઠાવી લેવાતા કચ્છને નર્મદાના નીર મળશે

● મુંદ્રા તાલુકાના ૨૨ ગામો અને ૩૨ હજાર હેક્ટર જમીન ઉપર પીવાના પાણી અને સિંચાઈનો લાભ મળશે

● હાઈકોર્ટે અરજદારોને ફટકાર્યો રૂ. ૫૦ હજારનો દંડ, હવે કામગીરી ફરી શરૂ થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

ગુજરાત હાઇકર્ટે જમીન સંપાદનને લગતી અરજીઓ ફગાવી દેતા કચ્છના કેટલાક ગામોમાં નર્મદાના જળ પહોંચવાનો માર્ગ મોકળો બન્યો હતો. આ સાથે કોર્ટે અરજદારોને રૂ. ૫૦ હજારનો દંડ પણ કર્યો હતો. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ કચ્છમાં નર્મદાના નીર પહોંચાડવાના પ્રોજેક્ટ માટે જીલ્લાની કેટલાક વિસ્તારોમાં જમીન સંપાદન કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. તેના વિરૂધ્ધમાં જમીન માલિકો દ્વારા હાઇકોર્ટમાં અરજીઓ કરવામાં આવી હતી. તેની સુનાવણી બાદ હાઇકોર્ટે જમીન સંપાદનની કાર્યવાહી પૂરી થઈ શકી નહોતી. આ કેસની સુનાવણી નીકળતા હાઇકોર્ટે અરજદારોની અરજીઓ ફગાવીને તેમને દંડ કર્યો હતો.

આ અંગે માહિતી આપતા સરકારી વકીલે જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટના આદેશના કારણે કચ્છ જીલ્લાને નર્મદાના નીર પહોંચાડવાનો માર્ગ મોકળો બન્યો છે. કચ્છના મુન્દ્રા તાલુકાના ૨૨ ગામોને મળી શકશે પીવાનું અને સિંચાઈનું પાણી મળી રહેશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, નહેરની કામગીરી પુરી થતા વિસ્તારના ૩૨ હજાર હેક્ટર જમીનને નર્મદાના નિરથી સિંચાઈનો લાભ મળશે. કચ્છ જીલ્લાના મુન્દ્રા તાલુકાના એક ગામમાં જમીન સંપાદન પર હાઇકોર્ટે મનાઈ હુકમ હટાવ્યો હોવાથી સમગ્ર ગુજરાતના અલગ-અલગ જીલ્લાઓમાં જેમ નર્મદાનું પાણી મળે છે તેમ હવે કચ્છમાં પણ મળશે. આ બાબતે ટુંક સમયમાં નહેર બાંધકાની કામગીરી શરૂ કરવામાં આવશે.

ભાવનગરના જેસર તથા વલસાડના કપરાડાને બાદ કરતા

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૩૨ તાલુકામાં સામાન્ય વરસાદ

ગુજરાત હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં વરસાદની હજુ રાહ જોવી પડશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં વરસાદ ખેંચાવાને કારણે ખેડૂતોની સ્થિતિ ચિંતાજનક બની રહી છે. અડધુ ચોમાસુ પૂરુ થવા છતાં રાજ્યમાં હજુ વરસાદની ઘટ છે. તો હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ આગામી ચાર-પાંચ દિવસ રાજ્યમાં વરસાદની શક્યતા નહિવત છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૩૨ તાલુકામાં વરસાદ પડ્યો છે. એટલે કહી શકાય કે રાજ્યમાં વરસાદનું જોર ધીમું પડ્યું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં થયેલા વરસાદની વાત કરવામાં આવે તો માત્ર ૨ તાલુકામાં ૧ ઇંચ કરતા વધુ વરસાદ પડ્યો છે. આ દરમિયાન ભાવનગરના જેસરમાં સવા બે ઇંચ વરસાદ તો વલસાડના કપરાડામાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૩૨ તાલુકામાં વરસાદ થયો છે. જેમાં ભાવનગરના જેસર વલસાડના કપરાડાને બાદ કરતા બાકી અન્ય જગ્યાએ સામાન્ય અથવા નહિવત વરસાદ થયો છે. સવારે ૬થી ૮ કલાક દરમિયાન રાજ્યના માત્ર ત્રણ તાલુકામાં વરસાદ થયો છે. જેમાં વલસાડના ધરમપુર, સુરતના ચોર્યાસી અને માંગરોળમાં નહિવત વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલના સમયમાં રાજ્યમાં કોઈ વરસાદની સિસ્ટમ સક્રિય નથી. આગામી પાંચ દિવસ રાજ્યભરમાં વરસાદની કોઈ સંભાવના નથી. ખેડૂતો પાક બચાવવા વરસાદની રાહ જોઈ રહ્યાં છે. તો બીજીતરફ સરકારે ખેડૂતોને પાણી આપવાની પણ જાહેરાત કરી છે. રાજ્યમાં આ વર્ષે હજુ મોટાભાગના વિસ્તારોમાં વરસાદની ઘટ છે. રાજ્યમાં હજુ ૪૬ ટકા વરસાદ ઓછો થયો છે.

અફઘાન ઉપરાષ્ટ્રપતિ ૫૧ મિલિયન ડોલરની રોકડ સાથે દુબઈ ભાગી ગયા

કાબુલની એક બેંકમાં એક પાવર બ્રોકરે પ્રધાનો, અધિકારીઓ અને વોર લોર્ડ્ઝને છેતરપિંડીવાળી લોન આપવા માટે નકલી કંપનીઓના નેટવર્કનો ઉપયોગ કર્યો હતો જેને કારણે દેશના અર્થતંત્રના કદના ૧૨મા ભાગ જેટલું જંગી નુકસાન થયું હતું

(એજન્સી) તા.૨૪

અમેરિકન સરકારની સાઈટ્સ પરથી ગત સપ્તાહે કેટલાક સત્તાવાર રિપોર્ટ્સ સુરક્ષાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને હટાવી દીધાં હતાં. ડેઈલી મેઈલના રિપોર્ટ અનુસાર અફઘાનિસ્તાનમાં કરજાને સરકારના પાયાને હચમચાવી નાખ્યાં હતાં અને ભ્રષ્ટ અભિજાત વર્ગ અપરાધ કરીને વ્યક્તિગત લાભ માટે સરકારને ચલાવી હતી. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે છેલ્લામાં છેલ્લી ૩૦૦ મિલિયન પાઉન્ડ (૪૪૯ મિલિયન ડોલર)ની સહાયનો હમો તેમના હાથમાં જતો રોકી દીધો હશે પરંતુ તેમણે તેના પહેલાથી જ કેટલી જંગી રકમથી પોતાના ખિસ્સા ભરી દીધા હતાં ? તે એક મહત્વનો પ્રશ્ન છે. અમેરિકન રાજદ્વારી કેબલ પરથી જાણવા મળ્યું છે કે એક અફઘાન ઉપરાષ્ટ્રપતિએ ૩૮ મિલિયન પાઉન્ડ (૫૧ મિલિયન ડોલર) રોકડ સાથે દુબઈ જવા ઉડાન ભરી હતી અને ડ્રગ્ઝની દાણચોરી અને ભ્રષ્ટ અધિકારી આવા દેશમાંથી એક સપ્તાહમાં ૧૭૦ મિલિયન પાઉન્ડ (૨૩૧ મિલિયન ડોલર) ટ્રાન્સફર કરી રહ્યાં હતાં જ્યારે તેની સરેરાશ આવક ઘણી ઓછી હતી. એ વાતનું આશ્ચર્ય નથી કે અફીણની ખેતીમાં ઉછાળો આવવાની સાથે જ અફીણના વેપારને રોકવા માટે ૬.૬ બિલિયન પાઉન્ડના બ્રિટીશ નેતૃત્વના પ્રયાસો નષ્ફળ ગયાં હતાં. એક ગવર્નર પોતાના કાર્યાલયમાં ૯ ટન અફીણ સાથે પકડાતા તેમને પદભ્રષ્ટ કરી દેવામાં આવ્યાં હતાં તો તે ગવર્નર પોતાના લોકો સાથે તાલિબાનમાં જોડાઈ ગયાં હતાં. ૨૦૧૦ સુધી એક અમેરિકન રાજદ્વારી કેબલે એક અફઘાન રાષ્ટ્રીય સલાહકારને ટાંકીને જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનમાં શાસન પ્રણાલિ માટે ભ્રષ્ટાચાર એક સમસ્યા નથી. આ સમગ્ર શાસનની એક પ્રણાલિ છે. જો ખર્ચવામાં આવેલ તમામ આંતરરાષ્ટ્રીય સહાયને અફઘાનોમાં વિભાજિત કરી દીધી હોત તો પ્રત્યેક નાગરિક તત્કાળ કરોડપતિ બની શકતાં હતાં. આ એક નાજુક, સંઘર્ષગ્રસ્ત દેશમાં સહાયતા આપવાની

તાલિબાનની નીતિઓ નિંદનીય છે પરંતુ ''કહેવાતા'' લોકશાહી શાસકોએ પણ અફઘાનિસ્તાનની ગરીબ પ્રજાની દુર્દશા કરવામાં કશું બાકી રાખ્યું નથી

ઘાતક અસર દર્શાવે છે. અફસોસની વાત એ છે કે તમામ ચેતવણી સંકેતોની અવગણના કરવામાં આવી હતી. એક દાયકાથી વધુ સમય પહેલા આ ક્ષેત્રમાં અમેરિકાના ખાસ દૂત રીચર્ડ હોલબ્રુપે જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર એક નવતર લોકશાહી બનાવવાના પ્રયાસોને નિષ્ફળ બનાવી રહ્યો છે. આ દરમિયાન કેટલીક સ્કુલોનું નિર્માણ પશ્ચિમી માપદંડો અનુસાર કરવામાં આવ્યું હતું જે ચેરિટી દ્વારા ઊભી કરવામાં આવેલ શાળાની તુલનાએ પાંચ ગણુ વધું હતું. પરંતુ મોટા ભાગના પહાડી વિસ્તારોમાં વજનદાર છતની ડિઝાઈનોને સ્થાપિત કરવા માટે ક્રેનનો ઉપયોગ કરી શકાતો ન હતો અને ક્યારેક ક્યારેક કાતિલ ઠંડીમાં બર્ફિલી વર્ષા દરમિયાન આવા બાંધકામો જમીનદોસ્ત થઈ જતાં હતાં. અમેરિકાએ આ સ્કુલો પાછળ ૮૦ કરોડ પાઉન્ડ ખર્ચ્યાં તેમ છતાં અડધાથી વધુ સ્કુલમાં પુરતા પ્રમાણમાં ટેબલ અને ખુરશીઓ ન હતાં. એક વીજળી પ્લાન્ટનો ખર્ચ ૨૪૬ મિલિયન પાઉન્ડ હતો જે યોજનાથી ૧૦ ગણો વધું હતો.

ઈઝરાયેલે ગાઝા ઉપર હુમલો કર્યો નેબ્લસમાં પેલેસ્ટીની સગીરનું મોત

(એજન્સી) તેલ અવીવ, તા.૨૪

ઈઝરાયેલના યુદ્ધ વિમાનો ગઈ રાત્રે ગાઝા ઉપર ત્રાટક્યા હતા એની સામે હમાસે સીમા પારથી ગોળીબારો કર્યા હતા. ઈઝરાયેલી સેના સાથે સંઘર્ષ થતાં કબ્જે કરાયેલ વેસ્ટ બેંકમાં એક પેલેસ્ટીની સગીરનું મોત થયું હતું. પેલેસ્ટીન સત્તાવાળાઓએ કહ્યું હતું કે, નેબ્લસ શહેરમાં ઈઝરાયેલી સેના સાથે થયેલ સંઘર્ષ દરમિયાન એક ૧૫ વર્ષીય સગીર છોકરાને માથામાં ગોળી વાગતા એનું મૃત્યુ થયું હતું. ઈઝરાયેલની સેનાએ કહ્યું હતું કે તેઓ એક ધરપકડ વોરંટ લઈ બલાટા શરણાર્થી કેમ્પમાં ગયા હતા તે વખતે એમની ઉપર બાજુના ઘરોની છત ઉપરથી મોટા પથ્થરો ફેંકવામાં આવ્યા હતા. જેના લીધે સૈનિકોએ એક વ્યક્તિ ઉપર ગોળીબારો કર્યા હતા. એ સ્પષ્ટ નથી કે મૃત્યુ પામનાર સગીર ઈમાદ હશાશ એ જ

વ્યક્તિ હતી કે અન્ય બીજી કોઈ વ્યક્તિ હતી. ઈઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે એમણે ગાઝા પટ્ટીમાં હમાસના હથિયારોના કારખાના, એક ટનલ અને એક ભોંયરામાં આવેલ રોકેટ લોન્ચની સાઈટ ઉપર સંખ્યાબંધ હવાઈ હુમલાઓ કર્યા હતા. ઈજિપ્ત દ્વારા કરાયેલ યુદ્ધ વિરામ નબળું પડતા ઈઝરાયેલ અને ગાઝામાં ફરીથી હિંસા ભડકી ઊઠી છે. એવું પણ માનવામાં આવે છે કે ઈઝરાયેલના નવા વડાપ્રધાનની બાઈડેન સાથેની વોશિંગ્ટનમાં થયેલ મુલાકાતથી ધ્યાન હટાવવા માટે હુમલાઓ કરવામાં આવ્યા હતા.હમાસ યુદ્ધ વિરામની ધીમી પ્રક્રિયાથી હતાશ થયું છે જેના લીધે હમાસ અને ઈઝરાયેલ વચ્ચે હાલના અઠવાડિયાઓમાં તંગદિલી વધી ગઈ છે. હમાસનું માનવું છે કે જાણીબુજ પ્રક્રિયા ધીમી કરવામાં આવી રહી છે જેથી ઈઝરાયેલને પ્રતિબંધો લાદવામાં સરળતા રહે.

છેલ્લા અઠવાડિયામાં એક પેલેસ્ટીની ત્રાસવાદીએ ઈઝરાયેલી સૈનિકને ઈઝરાયેલની બોર્ડર પર કરાઈ રહેલ વિરોધ પ્રદર્શનો દરમિયાન માથામાં ખૂબ નજીકથી ગોળી મારી હતી. જેના લીધે સૈનિક ગંભીર રીતે ઘવાયો હતો.

ઈરાને પાડોશી દેશ અફઘાનિસ્તાનને તેલની નિકાસ ફરી શરૂ કરી

(એજન્સી) તા.૨૪

ઈરાને થોડા દિવસો અગાઉ અફઘાનિસ્તાનની નવી સરકારની વિનંતીથી અફઘાનિસ્તાનને તેલની નિકાસ શરૂ કરી છે. અફઘાનની નવી સરકાર અમેરિકાના પ્રતિબંધોને ગણકારતી નથી એ માટે એમણે ઈરાનથી સીધ જ તેલની આયાત શરૂ કરી છે. સુન્ની મુસ્લિમ ગ્રુપે અમેરિકા અને સાથી દેશોએ પોતાની સેના પાછી બોલાવતા ગયા અઠવાડિયે અફઘાનિસ્તાનમાં ૨૦ વર્ષ પછી સત્તા મેળવી હતી. અફઘાનિસ્તાનના શહેરોમાંથી લોકોની સામૂહિક હિજરતના લીધે ગેસોલીનના ભાવો ૯૦૦ ડોલર પ્રતિ ટન થઈ ગયા હતા. લોકોને ભય છે કે તાલિબાનનું ક્રૂર શાસન ફરીથી આવી રહ્યું છે જે ૨૦ વર્ષ પહેલા એમણે જોયેલ છે. ભાવ વધારાને અટકાવવા નવી તાલિબાન સરકારે ઈરાનને વિનંતી કરી હતી કે તેઓ વેપાર માટે એમની બોર્ડરો ખોલે. ઈરાનના મંત્રી હમીદ હોસ્સેનીએ જણાવ્યું હતું કે, અમને તાલિબાને સંદેશ

મોકલ્યો હતો કે અમે પેટ્રોલિયમ ઉત્પાદો અફઘાનિસ્તાનમાં મોકલવનું શરૂ કરીએ. તાલિબાને ઈરાનના વેપારીઓ અને ઈરાનની ચેમ્બર ઓફ કોમર્સને સંદેશ મોકલ્યો હતો. જેના લીધે ઈરાને અફઘાનિસ્તાનની નિકાસ ઉપર મૂકાયેલ પ્રતિબંધો દૂર કર્યા હતા. જે પ્રતિબંધો ૬ ઓગસ્ટથી મૂકવામાં આવ્યા હતા. હોસ્સેનીએ કહ્યું કે, તાલિબાને તેલની આયાત ઉપર ડ્યૂટી ઘટાડવા પણ નિર્ણય કર્યો છે. તાલિબાને ગેસોલીન ઉપર ૭૦% ડ્યૂટી ઘટાડવા જાહેરાત કરી છે.

સોદાની કળા : તાલિબાનની વાપસી પાછળ અમેરિકી રાજદૂત ઝલમય ખલીલઝાદ

૭૦ વર્ષીય અફઘાન-અમેરિકન રાજદૂતે તાલિબાન સાથે વાટાઘાટો માટે વોશિંગ્ટનના પોઈન્ટ મેન તરીકે વર્ષો ગાળ્યા હતા, જેણે અમેરિકાને તેના સૌથી લાંબા યુદ્ધનો અંત લાવવા અને અફઘાનિસ્તાનમાંથી બહાર નીકળવાનો સોદો કરવાનો માર્ગ મોકળો કરી આપ્યો હતો

(એજન્સી) કાબુલ,તા.૨૪

જો કોઈ વ્યક્તિ અફઘાનિસ્તાનમાં શાંતિ લાવી શકે, તો અમેરિકી રાજદૂત ઝલમય ખલીલઝાદે પોતાને આ કાર્ય માટે યોગ્ય ગણાવ્યો. અંતે, જો કે, અનુભવી રાજદ્વારીએ પ્રજાસત્તાકના મૃત્યુને જોયું, જેને જાળવી રાખવા માટે તેમણે ખૂબ જ મહેનત કરી હતી. ૭૦ વર્ષીય અફઘાન-અમેરિકન રાજદૂતે તાલિબાન સાથે વાટાઘાટો માટે વોશિંગ્ટનના પોઈન્ટ મેન તરીકે વર્ષો ગાળ્યા હતા, જેણે અમેરિકાને તેના સૌથી લાંબા યુદ્ધનો અંત લાવવા અને અફઘાનિસ્તાનમાંથી બહાર નીકળવાનો સોદો કરવાનો માર્ગ મોકળો કરી આપ્યો હતો.

ભારતે છેલ્લા બે દાયકામાં અફઘાનિસ્તાનના આર્થિક, સામાજિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી : ખલીલઝાદ

અફઘાનિસ્તાન સમાધાન માટે અમેરિકાના વિશેષ પ્રતિનિધિ ઝાલ્મય ખલીલઝાદે બુધવારે છેલ્લા બે દાયકામાં અફઘાનિસ્તાનના આર્થિક અને સામાજિક વિકાસમાં ભારતની ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે આગળ પણ નવી દિલ્હીની મહત્વની ભૂમિકા રહેશે. અગાઉ, ઝલ્મય ખલીલઝાદ વિદેશ પ્રધાન જયશંકરને મળ્યા હતા. આ સીમાચિહ્ન એક વર્ષ કરતાં વધુ સમયની ગહન મુત્સદ્દીગીરી પછી આવ્યું, જે દરમિયાન ખલીલઝાદે વિદેશી રાજધાનીઓની મુલાકાત લીધી હતી, ભપકાદાર હોટેલોમાં સમિટમાં હાજરી આપી હતી અને પ્રતિષ્ઠિત વિચારકોમાં ભાષણો આપ્યા હતા. તાલિબાન સમાધાન પર ચર્ચા કરવા તૈયાર હતા, તેમણે તેમના પ્રેક્ષકોને ખાતરી આપી હતી. એક વખતના સોશિયલ મીડિયાનો એક પ્રચંડ અવાજ, યુએસ સમર્થિત સરકારના પતન અને તાલિબાનના સત્તા પર પરત ફર્યા બાદ ખલીલઝાદ ચૂપ થઈ ગયા. સ્ટેટ ડિપાર્ટમેન્ટે કહ્યું કે ગયા અઠવાડિયે રાજદૂત કતારમાં રહ્યા, રાજદ્વારી સમાધાનને પ્રોત્સાહન આપવાની આશામાં ફોન પર કામ કરતા હતા. પરંતુ જે સોદા માટે તેમણે આશા રાખી હતી કે તે યુદ્ધનો અંત લાવી શકે છે તે ખરેખર આપત્તિ લાવ્યો. હડસન ઈન્સ્ટિટ્યૂટના વરિષ્ઠ ફેલો હુસૈન હક્કાનીએ જણાવ્યું કે ખલીલઝાદે પોતાના સૈનિકોને પાછા ખેંચવા આતુર અમેરિકાના પ્રમુખોને કહ્યું હતું કે તેમની પાસે શાંતિ કરાર છે, પરંતુ હકીકતમાં તે શરણાગતિ હતી. હક્કાનીએ એએફપીને કહ્યું, ''તેમણે નબળી વાટાઘાટો કરી, તાલિબાનોને



ઉત્તેજન આપ્યું, અને એવો ડોળ કર્યો કે મંત્રણા દ્વારા શક્તિ વહેંચણી પર કરાર થશે. જો કે તાલિબાનનો સત્તા વહેંચવાનો કોઈ ઈરાદો ન હતો.'' ટ્રમ્પ વહીવટીતંત્રે તાલિબાન સાથે વાટાઘાટોની દેખરેખ રાખતા ખાસ રાજદૂતનું નામ આપ્યા બાદ ખલીલઝાદે ૨૦૧૮માં યુએસ-અફઘાન વાતચીત પર નિયંત્રણ મેળવ્યું હતું. ક્રમિક યુએસ આક્રમણ બાદ ખલીલઝાદે અફઘાનિસ્તાન અને ઈરાકમાં કઠપૂતળી સરકારોને આકાર આપ્યો હતો, જેણે વિવિધ જૂથોને ટેબલ પર લાવવા માટેની છાપ ઊભી કરી હતી. કાબુલમાં વર્ષોથી વધી રહેલી હિંસા અને તાલિબાનોએ અફઘાનિસ્તાનની રાજધાનીમાં આત્મઘાતી હુમલાઓની વણઝાર લગાવ્યા બાદ વોશિંગ્ટનને વાટાઘાટોનો નિર્ણય લેવો પડ્યો. ખલીલઝાદે પહેલ શરૂ કરવા માટે તાલિબાનના સહ-સ્થાપક મુલ્લા અબ્દુલ ગની બરાદારને પાકિસ્તાનની કસ્ટડીમાંથી મુકત કરાવ્યો, બંને પક્ષોએ લગભગ બે દાયકાના સંઘર્ષ બાદ યુ.એસ.ના નીકળી જવા માટે કરાર કર્યા હતા. કતારમાં મહિનાઓની વાટાઘાટો દરમિયાન, ખલીલઝાદે તાલિબાન પ્રતિનિધિમંડળ સાથે ગાઢ સંબંધ બનાવ્યો હોવાનું કહેવાય છે. ઓનલાઈન પ્રકાશિત થયેલી તસવીરોમાં બતાવવામાં આવ્યું છે કે જૂથમાં રહેનાર રાજદૂત બળવાખોર વાટાઘાટકારો સાથે હાસ્ય અને સ્મિત વહેંચે છે, જેણે અફઘાનિસ્તાનમાં રોષ ઊભો કર્યો હતો જ્યાં યુદ્ધ થયું હતું. પરંતુ જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૦માં દોહામાં એક ભવ્ય સમારંભમાં યુ.એસ.ના બહાર નીકળી જવાના સોદા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા ત્યારે, ખલીલઝાદે તાલિબાન તરફથી ભવિષ્યની શાંતિ અંગે મોટે ભાગે નિરાશાજનક ખાતરી મેળવી હતી. અફઘાનિસ્તાન એનાલિસ્ટ્સ નેટવર્કના કેટ ક્લાર્કે એક નવા અહેવાલમાં લખ્યું છે કે, ''ખલીલઝાદે એકમાત્ર મજબૂત પ્રતિબદ્ધતા મેળવી હતી કે તેઓ અમેરિકા અને તેના સહયોગીઓ પર હુમલો કરશે નહીં.'' તાલિબાન તરફથી અલ કાયદા અને અન્ય આંતરરાષ્ટ્રીય જેહાદી જૂથોને છોડી દેવા અને અફઘાન સરકાર સાથે વાતચીત શરૂ કરવાના અસ્પષ્ટ વચનો હતા. પાછળની દ્રષ્ટિએ જોતાં, કરાર અમેરિકન છૂટછાટોની હારમાળા હોવાનું જણાય છે. યુએસ યુદ્ધવિરામ વિના અફઘાનિસ્તાન છોડી રહ્યું હતું અને તેમણે ભવિષ્યની શાંતિ પ્રક્રિયા માટે એક માળખું પણ સ્થાપિત કર્યું ન હતું જે યુદ્ધ સમાપ્ત કરવા અને સમાધાનને સફળ કરવા માટે મહત્વપૂર્ણ બની રહે. સોદા પછીના મહિનાઓમાં તાલિબાન પાસેથી સમાધાન મેળવવાને બદલે, ખલીલઝાદે અફઘાન સરકાર પર વધુ દબાણ લાવ્યા- હજારો બળવાખોર કેદીઓને મુક્ત કરી તેઓને મજબૂત બનાવ્યા જેમણે તરત જ આતંકવાદીઓની હરોળમાં વધારો કર્યો. કાબુલની મુશ્કેલીઓમાં વધારો કરવા માટે, કરારમાં અસરકારક રીતે સમયગાળો નક્કી કરવામાં આવ્યો, જેમાં અમેરિકાએ મે ૨૦૨૧ સુધીમાં અફઘાનિસ્તાનમાંથી તેના બાકી રહેલા સૈનિકોને પાછા ખેંચવાનું વચન આપ્યું હતું - જેની સમયમર્યાદા પછી સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી હતી. અફઘાન સરકાર પાસે કંઈ કરવા માટે સમય અથવા જગ્યા ઓછી પડી ગઈ. યુએસ પ્રમુખ જો બાઈડેનના એપ્રિલમાં પાછા હટી જવાના નિર્ણયે અંતિમ દિવાસળી પ્રગટાવી, જેણે તાલિબાન દ્વારા એક સંપૂર્ણ આક્રમણની આગ લગાડી, જેઓએ ૧૫ ઓગસ્ટના રોજ અફઘાન સરકારને બળથી ઉથલાવી દીધી. બે દિવસ પહેલા જ, યુ.એસ.ના સાંસદ માઈકલ વોલ્ટ્ઝે — એક અફઘાન વેટરન - ખલીલઝાદના પ્રદર્શનની નિંદા કરતો બાઈડેનને એક પત્ર મોકલ્યો હતો. તેમણે લખ્યું કે,''ખલીલઝાદે તમને નબળી સલાહ આપી છે અને તેમની રાજદ્વારી વ્યૂહરચના ઘણી રીતે નિષ્ફળ રહી છે.'' ''આ આપત્તિના પ્રકાશમાં, રાજદૂત (ખલીલઝાદ) એ તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ અથવા તેમને પદ પરથી મુક્ત કરવા જોઈએ.'' તે જ દિવસે, ખલીલઝાદે પોતાનું છેલ્લું ટ્વિટ મોકલ્યું - તાલિબાનને વિનંતી કરી કે તેઓ કાબુલ પર ભેગા થતાં તેમના લડવૈયાઓને પાછા ખેંચી લે. રાજદૂતે લખ્યું, ''અમે શહેરોમાં થઈ રહેલા હુમલાઓનો તાત્કાલિક અંત લાવવાની, રાજકીય સમાધાનની વિનંતી કરીએ છીએ અને ચેતવણી આપીએ છીએ કે બળ દ્વારા લાદવામાં આવેલી સરકાર એક બહિસ્કૃત સરકાર હશે.'' પરંતુ ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હતું.

(સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)

અફઘાનિસ્તાનમાં સૈનિકોને પાછા બોલાવવા કે રાખવા બાઈડેનને ચિંતા

વોશિંગ્ટન,૨૪

અમેરિકાએ પહેલા ૧૧ સપ્ટેમ્બર સુધી સૈનિકોને બોલાવવાની વાત કરી હતી, તેના પછી ડેડલાઈનને ૩૧ ઓગસ્ટ કરી દીધી હતી. તાલિબાનના વધતા જતા કબ્જા વચ્ચે અમેરિકા તેનું બચાવકાર્ય પૂરુ કરવા ઉતાવળિયું છે. જો કે બાઈડેને રવિવારે જણાવ્યું હતું કે જરુર પડે તો ડેડલાઈન લંબાવી શકાય છે. પણ વિશ્વભરમાં થઈ રહેલી ટીકા વચ્ચે બાઈડેને સ્પષ્ટ કર્યું હતું કે સૈનિકો નક્કી કરેલી સમયમર્યાદા મુજબ જ પરત ફરશે. સમગ્ર વિશ્વમાં થઈ રહેલી ટીકાવચ્ચે જો બાઈડેને સ્પષ્ટ કર્યું હતું કે તે નક્કી કરેલી સમયમર્યાદામાં જ સૈનિકોને પરત બોલાવશે. અમેરિકા અફઘાનિસ્તાનમાંથી સૈનિકોની વાપસીને લઈને બરોબરનું અવઢવમાં મૂકાયું છે.એકબાજુએ બ્રિટને માંગ કરી છે કે અમેરિકાએ કાબુલમાં તેની હાજરી લંબાવવી જોઈએ તો બીજી બાજુએ તાલિબાને ધમકી આપી છે કે અમેરિકન સૈનિકો ૩૧ ઓગસ્ટ પછી રહેશે તો તેમની તકલીફમાં વધારો થશે. હવે જો બાઈડેન સામે મુશ્કેલી એ છે કે જો તે જી-૭ દેશોના દબાણમાં આવીને તેના સૈનિકોને રોકે છે તો તેના લશ્કરે કાબુલ એરપોર્ટ પર તાલિબાનોનો સામનો કરવો પડી શકે છે. પણ આ દાવા વચ્ચે બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોન્સને જણાવ્યું છે કે તેઓ અમેરિકાને

અપીલ કરશે કે સૈનિકોને લાંબા સમય સુધી કાબુલમાં રાખવામાં આવે. બોરિસ જોન્સને આ મામલે જી-સેવન દેશોની મીટિંગ બોલાવી છે. તેમા પ્રસ્તાવ મૂક્યો છે કે અમેરિકન લશ્કરે લાંબા સમય સુધી કાબુલમાં રોકાવવું જોઈએ, કેમકે તેનું બચાવકાર્ય હજી સુધી પૂરું થયું નથી. અમેરિકાના પ્રમુખ માટે મુશ્કેલી હવે એ છે કે તે જી-સેવન દેશોની વાત માને કે તાલિબાનોની ધમકી માને. બાઈડેને તો જણાવ્યું છે કે તેમનો સતત પ્રયત્ન એવો છે કે ૩૧ ઓગસ્ટ સુધી બધા સૈનિકોને નીકાળી લેવામાં આવે.

રશિયન રાષ્ટ્રપતિ, જોર્ડનના રાજાએ અફઘાનિસ્તાન, સીરિયા, પેલેસ્ટીન પર ચર્ચા કરી

(એજન્સી) તા.૨૪

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન જોર્ડનના રાજા અબ્દુલ્લા-૨ સાથે મોસ્કો ખાતે યોજાયેલ મિલિટરી ટેકનિકલ ફોરમ ૨૦૨૧ સમયે એક બીજા સાથે મળ્યા હતા. મીટિંગની શરૂઆતમાં પુતિને કહ્યું કે રશિયા અને જોર્ડન પરસ્પર સમજૂતી સાથે બધા જ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધો વિકસિત કરી રહ્યા છે. એમણે કહ્યું કે તેઓ અફઘાનિસ્તાન અને સીરિયાની સ્થિતિ અંગે પણ ચર્ચા કરશે. અબ્દુલ્લાએ એમની તરફે કહ્યું કે રશિયા અને જોર્ડન સીરિયામાં સ્થિરતા લાવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. એમણે એ પણ કહ્યું કે ઈઝરાયેલ અને પેલેસ્ટીન વચ્ચેનો સંઘર્ષ સમાપ્ત કરવાની ખાસ જરૂર છે. એમણે કહ્યું કે ઈઝરાયેલ અને

પેલેસ્ટીન વચ્ચે સંઘર્ષ સમાપ્ત કરવામાં રશિયા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકશે અને મારા મતે હવે સમય પાકી ગયો છે કે પેલેસ્ટીન નવેસરથી શરૂઆત કરે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ....

ગુજરાત ટુડે
બુધવાર ૨૫ ઓગસ્ટ ૨૦૨૧
૧૫ મોહર્રમ હિજરી ૧૪૪૩
શ્રાવણ વદ ત્રીજ સંવત ૨૦૭૭

એકતામાં શક્તિ હોય જ છે પરંતુ ટકાઉપણું જરૂરી...

એ વાત સાચી કે એકતા અને સંગઠનમાં ખૂબ શક્તિ હોય છે પણ એ શક્તિ ત્યારે જ પ્રભાવશાળી બને કે જ્યારે તેમાં ટકાઉપણું હોય અને આ ટકાઉપણું ત્યારે આવે કે જ્યારે સંગઠનના સભ્યો સહનશીલ હોય, અહ્મવાળા ન હોય અને પરસ્પર સામંજસ્ય ધરાવતા હોય, ખાસ કરીને રાજકારણમાં એમાંય પાછું આપણા રાષ્ટ્રીય રાજકારણમાં એકતાની શક્તિ આપણે ભૂતકાળમાં અનેક વખત જોઈ ચૂક્યા છીએ. એ જ રીતે આ શક્તિને વિખેરાતી પણ જોઈ ચૂક્યા છીએ. હવે ફરી એકવાર દેશના રાજકારણમાં વિપક્ષી એકતાને ચરિતાર્થ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

આ જ હેતુસર કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ તમામ વિપક્ષી દળોની બેઠક બોલાવી હતી. જેમાં ૧૯ દળ સામેલ થયા હતા. સોનિયા ગાંધીએ સૌને અપીલ કરી કે ભાજપને હરાવવા માટે તેઓ પોતાના તમામ મતભેદ ભૂલી આગામી ચૂંટણીમાં એકસાથે ઊભા રહે. પ્રાથમિક તબક્કે આ અપીલ પર સૌની સહમતિ જોવા મળી. જો કે ચૂંટણીમાં હજુ ઘણો સમય બાકી છે અને રાજનીતિમાં કયા સમયે શું થાય કંઈ કહેવાય નહીં. ચોમાસુ સત્રમાં જે રીતે તમામ વિપક્ષી દળોએ એકતા દેખાડી અને પેગાસસ જાસૂસીકાંડ, કિસાનોની સમસ્યા, મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દા પર સરકારને ઘેરવાના પ્રયાસ કર્યા, જનતાનું ધ્યાન ખેંચવામાં તેમને આંશિક સફળતા મળી છે. સરકાર પણ તેમની એકતાથી અસહજતા અનુભવવા લાગી. આ એકતાથી વિપક્ષી દળોમાં નવો જ પ્રાણવાયુ ફૂંકાયો છે. કેમકે સૌથી મોટી શક્તિશાળી પાર્ટી કોંગ્રેસ છે, આથી તમામ વિપક્ષી દળ તેનો જ હાથ પકડી આગળ વધવા માંગે છે.

એમાં કોઈ બે મત નથી કે જો વિપક્ષી દળોમાં આવી જ એકતા કાયમ રહી તો ભાજપ માટે આવનાર સમય વધુ કપરો સાબિત થવાનો. ભલે ચૂંટણીમાં ઘણો સમય બાકી હોય પરંતુ એકતાના આધાર પર નિર્ણય ઘણો વહેલો ગણાશે. પરંતુ આ સમય બંને પક્ષો માટે કસોટીનો સમય રહેશે. એ જોવાનું રહેશે કે બંને પક્ષ કેવી રીતે આ સમયનો ઉપયોગ કરશે. રાજકીય ધોરણે સત્તાધારી પક્ષની જવાબદેહી વધુ રહે છે જ્યારે કોઈ દળ બે વખત સત્તામાં હોય ત્યારે તેની જવાબદારી સાથે અપેક્ષાઓ પણ વધુ રહેતી હોય છે. ભાજપે અલગ-અલગ સ્થળો પર ચાલી રહેલ આંદોલનરૂપી સમસ્યાઓનો સામનો કરવો પડશે. તેને લોકોની નારાજગીનો પણ સામનો કરવો પડશે. સ્વાભાવિક છે કે વિપક્ષીદળ લોકોની આ નારાજગીનો લાભ ઊઠાવવાનો પ્રયાસ કરે જ. તેમની પાસે ચૂંટણીમાં ઉતરતા પહેલા સત્તાપક્ષ વિરૂદ્ધના મતો પોતાની તરફ ખેંચવા ઘણો સમય છે. તેઓ આ સમયનો કેટલો અને કેવી રીતે લાભ ઊઠાવી શકશે તે જોવાનું રહેશે.

એવું પ્રથમ વખત નથી બન્યું કે વિપક્ષીદળોએ કોઈ ચૂંટણી માટે એકજુટતાનું પ્રદર્શન કરવાનો નિર્ણય કર્યો હોય. આ પહેલા બિહાર અને પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણી સમયે તેમાંથી મોટાભાગના દળોએ એક-બીજાને સાથ આપીને બતાવ્યું હતું. જો કે ચૂંટણી પહેલા કેટલાકે સાથ છોડી દીધો હતો તે અલગ વાત છે. ચૂંટણીમાં ગઠબંધન કરી ચૂંટણી લડવી એ એક પેચીદો પ્રશ્ન બને છે, કેમ કે જ્યારે બેઠકોની વંહેચણી કરવામાં આવે ત્યારે તમામ ગણિત ધરાશાયી થઈ જાય છે. ચૂંટણી જીતતા સુધી જે ગઠબંધન રહે તે ટકી રહેવામાં સફળતા મેળવે છે. આથી જે વિપક્ષી દળ આ સમયે કોંગ્રેસ સાથે ઊભા છે, તેમાંથી મોટાભાગના પ્રાદેશિક પક્ષ છે અને તમામના જનાધાર અલગ-અલગ છે. આથી આ પક્ષો મોટેભાગે વિધાનસભા ચૂંટણીમાં એક-બીજાના પ્રતિદ્વંદી છે. લોકસભા ચૂંટણીમાં તેઓ પોતાના મતભેદ અને રાજનીતિક સ્વાર્થને બાજુએ મૂકવા તૈયાર થઈ જાય તો પણ સીટોની વહેંચણી મુદ્દે તેમના પર કાર્યકર્તાઓનું દબાણ રહેશે. આથી આ સમયે એકતાનો પાયો કેટલો મજબૂત હશે તે સમય જ બતાવશે.

ભારતને મુસ્લિમોનું સાચું રક્ષણ કરવા માટે SC/ST એક્ટ જેવા કાયદાની જરૂર છે

ધર્મના નામે હુમલો સામાન્ય ઝઘડાથી અલગ છે અને કાનૂની વ્યવસ્થાએ તે સ્વીકારવાની જરૂર છે

તાજેતરમાં, એક મુસ્લિમ ઈ-રિક્ષા ડ્રાઈવરને શેરીમાં પરેડ કરવામાં આવી, કાનપુરમાં અમુક લોકોના સમૂહ દ્વારા તેને 'જય શ્રી રામ'ના નારા લગાવવા માટે હુમલો કરવામાં આવ્યો હતો અને કથિત રીતે દબાણ કરવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર વ્યાપકપણે શેર કરવામાં આવેલા વીડિયોનો સૌથી હૃદયદ્રાવક ભાગ એ હતો કે તેની રડતી નાની પુત્રી તેને વળગી રહી હતી અને હુમલાખોરોને તેના પિતાને છોડી દેવા માટે ઘણી વિનંતી કરી રહી હતી. પાછળથી, એનડીટીવીના અહેવાલ મુજબ, બજરંગ દળના કાર્યકરોનું ટોળું પોલીસ સ્ટેશનની બહાર વિરોધ પ્રદર્શન કરે છે અને પોલીસની ''ખાતરી'' પછી જ ત્યાંથી નીકળી જાય છે.

આરોપીઓને તાત્કાલિક જામીન આપવામાં આવ્યા હતા. તેમની સામે કેસ કલમ ૧૪૭ (હુલ્લડ; સજા બે વર્ષ), ૩૨૩ (સાદી ઈજા; એક વર્ષ સજા), ૫૦૪ (શાંતિ ભંગ કરવાના ઉદ્દેશ સાથે ઈરાદાપૂર્વક અપમાન; બે વર્ષ સજા) અને ૫૦૬ (ગુનાહિત ધમકી; સજા બે વર્ષ) ભારતીય દંડ સંહિતા (IPC) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આ જામીનપાત્ર કલમો છે અને ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)ની કલમ ૪૧માં ૨૦૦૮ના સુધારા હેઠળ, સાત વર્ષથી ઓછી કેદના ગુનાઓ માટે ધરપકડ ફરજિયાત નથી. જેમ કે, પોલીસ તેમને જામીન આપવામાં ટેકનિકલી યોગ્ય હતી.

સમસ્યા કાયદા અને ''પસંદગીયુક્ત'' રીત બંને સાથે છે જેમાં તેને લાગુ કરવામાં આવે છે. પોલીસે ટોળા સામે સીઆરપીસીની કલમ ૧૦૭ (શાંતિ જાળવવા માટે સુરક્ષા) હેઠળ કાર્યવાહી શરૂ કરવી યોગ્ય ન માન્યું. સપાનું યુવતીના ઘરે આવવાનું નાટક ક્યારેય આઘાત મટાડશે નહીં.

'જય શ્રી રામ' : શુભેચ્છાથી યુદ્ધના પોકાર સુધી

સમાજશાસ્ત્રીય અને ઐતિહાસિક-સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી, 'જય શ્રી રામ' પ્રમાણમાં તાજેતરની ઉપજ છે. લગભગ તમામ હિન્દી પટ્ટીમાં, લોકો યુગોથી શુભેચ્છાના સ્વરૂપ તરીકે 'રામ રામ', 'જય રામ જી કી' અથવા 'જય સિયા રામ' કહી રહ્યા હતા. રામાનંદ સાગરની લોકપ્રિય ટીવી સીરીયલ 'રામાયણ'માં 'જય શ્રી રામ' એક યુદ્ધના નાદ તરીકે સાંભળવા મળ્યું. અયોધ્યામાં રામ મંદિર માટે આંદોલન દરમિયાન તે ફેલાયો. શુભેચ્છાઓમાંથી, રામના આહ્વાનથી યુદ્ધ જયકાર સમાન 'જય શ્રી રામ'માં વધુ આક્રમક અને અડગ પાત્ર પ્રાપ્ત થયું.

બીજી ઘણી ઘટનાઓ પણ બની છે, જેમાં લોકો તેમના ધર્મના કારણે અપમાનિત થયા છે, સાથે સાથે તેમના પર હુમલા જેવા અન્ય IPC ગુનાઓ પણ કરવામાં આવ્યા છે.

તાજેતરમાં, ધ વાયરના રિપોર્ટર યાકુત અલી, નવી દિલ્હીના દ્વારકા ખાતે 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા બાદ જ પોતાને સલામત બહાર કાઢી શક્યા, જ્યારે તેઓ ત્યાં હજ હાઉસના સૂચિત બાંધકામ સામે વિરોધ કરી રહેલા ટોળાને આવરી લેવા ગયા હતા.

જાન્યુઆરીમાં, આંધ્રપ્રદેશના કુર્નૂલમાં ઓટો નગર વિસ્તારમાં એક મુસ્લિમ યુવક સાથે કથિત રીતે માર-પીટ કરવામાં આવી હતી અને તેને 'જય શ્રી રામ'ના નારા લગાવવાની ફરજ પડી હતી. જુલાઈ ૨૦૧૯માં, સરકારી ઈન્ટર કોલેજ ઉન્નાવના મેદાનમાં ક્રિકેટ રમતા કેટલાક મદ્રેસાના વિદ્યાર્થીઓને કથિત રીતે માર મારવામાં આવ્યો હતો અને 'જય શ્રી રામ'ના નારા લગાવવાની ફરજ પાડી હતી. તે જ મહિને, આસામના બારપેટામાં આવી જ એક ઘટના બની હતી, જ્યાં યુવાન મુસ્લિમ પુરુષોના જૂથ પર હુમલો કરવામાં આવ્યો હતો અને પછી 'જય શ્રી રામ', 'ભારત માતા કી જય' અને 'પાકિસ્તાન મુર્દાબાદ' જેવા નારા લગાવવામાં આવ્યા હતા. મુંબઈમાં, ફૈઝલ ઉસ્માન ખાન નામના ટેક્સી ડ્રાઈવરે પણ આ અંગે જાણ કરી હતી. 'પાકિસ્તાન મુર્દાબાદ'ના નારા બોલવા માટે ૨૦૨૧માં ખજુરી, દિલ્હીમાં એક વ્યક્તિ પર હુમલો કરી દબાણ કરવામાં આવ્યું હતું. જૂન ૨૦૧૯માં, ઝારખંડમાં તબરેઝ અન્સારીની હત્યા કરવામાં આવી હતી, તે પહેલા તેને 'જય શ્રી રામ' અને 'જય હનુમાન'ના નારા બોલાવવામાં આવ્યા હતા. એપ્રિલ ૨૦૧૭માં, એક વીડિયો (કદાચ પશ્ચિમ ઉત્તરપ્રદેશનો) ચલણમાં હતો, જેમાં એક મુસ્લિમ વ્યક્તિને અજાણ્યા વ્યક્તિઓની માલિકીની કારની અંદર ખેંચતા જોવા મળ્યો હતો. તેઓએ તેને 'જય શ્રી રામ'ના નારા

લગાવવા દબાણ કર્યું, ધમકી આપી અને અપશબ્દો બોલ્યા કે તે મોટેથી નથી બોલતો.

સજાના પ્રકાર માટે ગુનાની વિકૃતતાને ધ્યાનમાં લેવી જોઈએ

શું ટોળાના મારમાં કોઈ તફાવત નથી, ઉદાહરણ તરીકે, 'બિનસાંપ્રદાયિક' ઝઘડા પર મુસ્લિમ પર (એટલે કે, જેમાં કોઈ ધાર્મિક ખૂણો સામેલ નથી - ઉદાહરણ તરીકે, એક નાનો ટ્રાફિક અકસ્માત) અને ધાર્મિક એંગલ સાથે સંકળાયેલા ઝઘડા પર એક ટોળું બરાબર તે જ માણસ પર હુમલો કરે છે (જેમ કે, આંતર-ધર્મીય લગ્નનો આરોપ લગાવો, જેને તેઓ 'લવ જેહાદ' કહી શકે; બળજબરીથી ધર્મ પરિવર્તન અથવા ગૌહત્યા, વગેરે) અને જ્યારે તેને 'જય શ્રી રામ'ના નારા લગાવવાની ફરજ પાડવામાં આવે છે ?

ગુનાની નૈતિક વિકૃતતા તેના પરિચિત 'સામાજિક' સંજોગો પર આધાર રાખે છે તે રાષ્ટ્ર દ્વારા પહેલેથી જ સ્વીકારવામાં આવ્યું છે. બળાત્કાર જેવા વાસનાના ગુના માટે પણ, કાયદો એક વ્યક્તિ દ્વારા કે વ્યક્તિઓ દ્વારા સામૂહિક બળાત્કાર અને વિશ્વાસ અથવા સત્તાની સ્થિતિમાં રહેલા

કરન્ટ ટોપિક

- ડૉ. એન સી અસ્થાના

વ્યક્તિઓ દ્વારા બળાત્કાર, જેમ કે પોલીસ અધિકારી, જાહેર સેવક, સશસ્ત્ર દળો, મેનેજમેન્ટ કરનાર વ્યક્તિઓ અથવા જેલના કર્મચારીઓ, રિમાન્ડ હોમ અથવા કસ્ટડીના અન્ય સ્થળો અથવા મહિલા અથવા બાળકોની સંસ્થા અથવા હોસ્પિટલનો સ્ટાફ અથવા પુનરાવર્તિત અપરાધી વચ્ચે ભેદભાવ કરે છે. કાયદો પુખ્ત વયની મહિલા પર બળાત્કારને ૧૨ વર્ષથી ઓછી ઉંમરની મહિલાથી અલગ પાડે છે.

કાયદો સ્વીકારે છે કે તે તમામ પરિસ્થિતિઓમાં, પીડિત ગુનેગારોની સરખામણીમાં વધુ નુકસાનમાં છે. ગુનેગારો તેમના પર પોતાનું વર્ચસ્વ જમાવી રહ્યા છે, અને તેથી તેઓ વધુ નૈતિક વિકૃતતાને કારણે ઉચ્ચ સજાને પાત્ર છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯માં સમાન નૈતિક ફિલસૂફી સ્વીકારવામાં આવી હતી. એસસી અને એસટી જૂથોના લોકો સામાજિક રીતે વંચિત છે અને તેથી તેમને કાયદાના રક્ષણની જરૂર છે. આ વિષય પર સંસદીય ચર્ચા પરથી સ્પષ્ટ થયું હતું.

બિલ રજૂ કરતી વખતે, સરકારે પોતે તેમના પરના અત્યાચારને રોકવા માટે હાલના કાયદાઓની બિનઅસરકારકતાને સ્વીકારી હતી. ચર્ચા દરમિયાન, ''તે ગરીબ અને લાચાર લોકોની સુધારણા, કલ્યાણ અને રક્ષણ માટે સંદર્ભ આપવામાં આવ્યો હતો જેઓ લાંબા સમયથી વિવિધ અત્યાચારોનો ભોગ બનતા હતો.'' તે પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે તેમના પર અત્યાચાર કરવામાં આવે છે તેમ છતાં, શક્તિશાળી લોકો સાથે દુશ્મનાવટની કિંમતે કોઈએ તેમની તરફેણમાં પુરાવા આપવાની હિંમત કરી નથી.

આ માત્ર હેટ સ્પીચ નથી

ગંભીર ઈજાના ખતરા હેઠળ કોઈને 'જય શ્રી રામ'ના નારા લગાવવા દબાણ કરવું એ સ્વાભાવિક રીતે એક અત્યાચાર છે. તે પીડિત દ્વારા 'હાર'ની સ્વીકૃતિ સમાન છે. તેનો અર્થ એ છે કે તે અન્ય ધર્મના માણસો દ્વારા 'પરાજિત' થઈ ગયો છે અને તેઓ તેને અને તેના ધર્મ પર પોતાના વર્ચસ્વનો દાવો કરી રહ્યા છે.

આને 'નફરતજનક ભાષણો'થી અલગ પાડવું જોઈએ. નફરતભર્યા ભાષણો અથવા અન્ય ધર્મોના અપમાનજનક સંદર્ભો બાદમાં હિંસા ભડકાવવાની સંભાવના ધરાવે છે પણ અહીં કોઈ પણ પીડિતને સામેલ કર્યા વિના ગુનો કરવામાં આવે છે. તેમનામાં વર્ચસ્વનો કોઈ દાવો નથી.

'હિન્દુસ્તાન મેં રેહના હૈ તો જય શ્રી રામ કહેના હોગા' (જો ભારતમાં રહેવું હોય તો તેમને જય શ્રી રામનો જાપ કરવો પડશે) અથવા જ્યારે તેઓ તમારી દયા પર હોય ત્યારે કોઈને 'જય શ્રી રામ'ના નારા લગાવવાની ધમકી વર્ચસ્વનું નિવેદન છે.

SC/ST જેવી જ સ્થિતિ આજે મુસ્લિમો સાથે છે. ઉપર વર્ણવેલ દેશભરની ઘટનાઓને છૂટી-છવાઈ ઘટનાઓ તરીકે નકારવી જોઈએ નહીં. જો આપણે આવી વર્તણૂક ધરાવતા સામાજિક દળોને સ્વીકારીશું તો આપણે સ્પષ્ટ સત્યને નકારવા માટે દોષિત હોઈશું. જ્યારે કાનપુરની ઘટના બની ત્યારે થોડાક ફૂટ દૂર પોલીસકર્મીઓ સ્થળ પર હાજર હતા અને તેમની હાજરીથી ટોળા પર કોઈ અવરોધક અસર નહોતી.

એવા લોકો એ હકીકતથી ઉત્સાહિત થાય છે કે પોલીસ તેમની સામે કડક પગલાં લેવા માટે અનિચ્છા ધરાવે છે. બધી સંભાવનાઓમાં, તેમને વિશ્વાસ હોય છે કે તેઓ થોડી પ્રારંભિક અગવડતા પછી મુક્ત થઈ જશે.

જફર આફાક અને અલીશાન જાફરીએ આર્ટીકલ ૧૪માં અહેવાલ આપ્યો હતો કે જંતર -મંતર પર નફરત પ્રવચનની તાજેતરની ઘટના માટે, કલમ ૧૮૮ (જાહેર સેવક દ્વારા યોગ્ય રીતે જાહેર કરાયેલા આદેશની અવમાનના), ૨૬૦ (સરકારી સ્ટેમ્પને અસલ ગણાવવું જે નકલી હતું), ૨૬૯ (જીવન માટે જોખમી રોગના ચેપને ફેલાવવાનું બેદરકારીપૂર્ણ કૃત્ય); એપિડેમિક ડિસીઝ એક્ટ, ૧૮૯૭ની કલમ ૩ (કલમ ૧૮૮ હેઠળ ગુના માટે દંડ) અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ ૫૧ બી (સરકાર દ્વારા આપવામાં આવેલા કોઈપણ નિર્દેશનું પાલન કરવાનો ઈન્કાર) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

આઈપીસીની કલમો જેવી કે ૨૯૫ એ (ઈરાદાપૂર્વક અને દુર્ભાવનાપૂર્ણ કૃત્યો, તેના ધર્મ અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને કોઈપણ વર્ગની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો હેતુઃ ત્રણ વર્ષની સજા) અને ૧૫૩ એ (ધર્મ, જાતિ, ભાષા, જન્મ સ્થળ, નિવાસસ્થાનના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું, સજા ત્રણ વર્ષ) વગેરે લગાવવામાં આવી ન હતી.

આવી પરિસ્થિતિને જોતાં, જો મુસ્લિમો માટે પણ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ જેવો કાયદો ઘડવામાં આવે તો તે અર્થપૂર્ણ બને છે, જ્યાં ધર્મને કારણે અપમાન અથવા અપમાન સાથે ગુનો થાય છે.

પરંતુ શું કાયદો એકલો મદદ કરી શકશે ?

હું ગંભીરતાથી જાણું છું કે પોલીસના પક્ષપાતી વર્તનના કુખ્યાત ટ્રેક રેકોર્ડને જોતા, કાયદો ઘડવાથી જમીન પર પરિસ્થિતિને ભૌતિક રીતે બદલવામાં મદદ નહીં મળે. જો કે, સરકારે ઓછામાં ઓછા તેના ઈરાદા સ્પષ્ટ કરી દીધા હોત તો સારું થાત.

જમીન પર કાયદાનું અમલીકરણ ઐતિહાસિક રીતે અસંખ્ય પરિબળો પર આધારિત છે જેમાં સ્થાનિક સત્તાનું રાજકારણ, પોલીસનો સહજ પક્ષપાત અને પીડિતોની સામાજિક-આર્થિક સ્થિતિ વગેરે તમામ ભાગ ભજવે છે. સેન્ટર ફોર ઇક્વિટી સ્ટડીઝના સુરભિ ચોપરા, તેમના સંશોધન 'એકાઉન્ટેબિલિટી ફોર માસ વાયોલન્સઃ એક્સામિનિંગ ધ સ્ટેટ રેકોર્ડ'માં દર્શાવ્યું છે કે આઝાદી બાદથી કોમી હિંસામાં આશરે ૨૫,૬૨૮ લોકોના જીવ ગયા હોવા છતાં, પોલીસ દ્વારા દરેક જગ્યાએ મોટાપાયે ગુંચવાડો ઊભો કરવામાં આવે છે.

આવા કાયદાના અમલીકરણથી મુસ્લિમ સમુદાયમાં થોડો વિશ્વાસ ઊભો થશે, જે ઝડપથી કાયદાના શાસનમાં વિશ્વાસ ગુમાવી રહ્યો છે.

(લેખક નિવૃત્ત આઈપીએસ અધિકારી છે)

(સૌ. : ધ ક્વિન્ટ)

કેવી રીતે જો બાઈડેને અફઘાનિસ્તાનના લોકોને નિષ્ફળ કર્યા અને યુએસની વિશ્વસનીયતાને ખરાબ કરી

એપ્રિલમાં, યુનાઈટેડ સ્ટેટ્સના ૩૫માં રાષ્ટ્રપતિ તરીકે યુવાન જહોન એફ કેનેડીએ પદભાર સંભાળ્યાના થોડા મહિના પછી, વિદેશનીતિમાં કુશળતા માટે તેમની પ્રતિષ્ઠા બે ઓફ પિગ્સના બનાવને કારણે ખરડી ગઈ, ક્યુબન સરકાર વિરૂદ્ધ છૂપી કાર્યવાહી થોડા જ દિવસોમાં નિષ્ફળ થઈ ગઈ. અફઘાનિસ્તાનમાં પતન કે જે વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઈડેન દ્વારા સંપૂર્ણરીતે યુ.એસ. સૈન્યને પાછું ખેંચી લેવાના નિર્ણયને બીજી એક બે ઓફ પિગ્સ ક્ષણ તરીકે જોવામાં આવે તેવી શક્યતા વધારે છે. પરંતુ આ અત્યંત ખરાબ હોઇ શકે, ૧૯૫૬ની સુએઝ કટોકટી જેમ, જેણે સર એન્થોની એડનની બ્રિટિશ સરકારને માત્ર અપમાનિત જ નહોતી કરી, પરંતુ વૈશ્વિક શક્તિ તરીકે યુનાઇટેડ કિંગડમના અંતને ચિહ્નિત કર્યુ હતું. જ્યારે ઇતિહાસકારો અફઘાનિસ્તાનથી યુએસના શરમજનક નિકાલ પર નજર ફેરવે છે, ત્યારે વિશ્વમાં તે વધુને વધુ અમેરિકાના પતનની નિર્ણાયક નિશાની તરીકે દેખાઈ શકે છે.

આપત્તિનો માર્ગ

આ કેવી રીતે બન્યું ? અફઘાન લોકો પહેલાથી જ વિદાય લેનારા રાષ્ટ્રપતિ અશરફ ગની પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે, અને બાઈડેનના ટેકેદારો આ કોરસમાં ચોક્કસ જોડાશે. છતાં જે બનાવો બન્યા તેના વિશે આ અતિસરળ કથન છે. ગનીની પ્રબળ શૈલી, કર્મચારીઓની નબળી પસંદગીઓ અને અન્યને સત્તા સોંપવાની અનિચ્છાએ વર્તમાન કટોકટીમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. જો કે, ગનીના રાષ્ટ્રપતિ બન્યાના ઘણા સમય પહેલાથી જ સંસ્થાકીય અને રાજકીય સમસ્યાઓ હતી : એક ગંભીર રીતે કેન્દ્રિત રાજ્ય; એક રાષ્ટ્રપતિ પ્રણાલી કે જે કાબુલમાં ઘણી વધારે ઔપચારિક સત્તા ધરાવે છે; અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈના શાસન હેઠળ વિકાસ પામેલા આશ્રયદાતા નેટવર્ક્સ પર આધારિત "ભાઈ-ભત્રીજા વાદ" ના રાજકારણનો વિકાસ, જે બદલામાં ચૂંટણી છેતરપિંડીને પ્રોત્સાહન આપે છે. પાકિસ્તાન દ્વારા વધુ મહત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી, જે તાલિબાનનો લાંબા સમયથી આશ્રયદાતા અને અભયારણ્ય પૂરૂં પાડનાર, લોજિસ્ટિક સપોર્ટ અને સાધનોનો સપ્લાયર હતો. પરંતુ અફઘાનિસ્તાનમાં તાલિબાનની આડમાં, પાકિસ્તાનના "દૂષિત આક્રમણ" માટે (અજાણતા) લીલી ઝંડી, આખરે વોશિંગ્ટન તરફથી મળી. પ્રથમ, ફેબ્રુઆરી ૨૦૨૦માં ટ્રમ્પ વહીવટીતંત્ર વતી અમેરિકાના ખાસ દૂત ઝલમય ખલીલઝાદ દ્વારા તાલિબાન સાથે આપત્તિજનક બહાર નીકળવાનો કરાર થયો હતો. આ સોદાની ખામીઓ તરત જ સ્પષ્ટ થઈ ગઈ હતી. તેનું પાલન કરવાની બાઈડનની સભાન પસંદગી હતી. બાઈડને એ વાત પર ભાર મૂક્યો છે કે તેમને ટ્રમ્પ પાસેથી વારસામાં આ કરાર મળ્યો છે, પરંતુ તેને વળગી રહેવાનો તેમનો પોતાનો નિર્ણય હતો અને આ કરારને ઘડનાર ખલીલઝાદને પોતાના પ્રતિનિધિ તરીકે જાળવી રાખવાનો પણ તેમનો જ નિર્ણય હતો. યુ.એસ.ના ખોટા નિર્ણયો આ દુર્ઘટનાના હાર્દમાં છે.

બાઈડેનની નિષ્ફળતાઓ પાછળ શું છે?

કયા પરિબળો બાઈડેનના ખોટા નિર્ણયને સમજાવી શકે છે ? આ સમયે, ઘણા ધ્યાનમાં આવે છે. પ્રથમ પરિબળ, સાર્વત્રિક રીતે અવગણવામાં આવે છે, તે જટિલ અને ખતરનાક વિદેશ નીતિના પડકારોનો સામનો કરવા માટે સંબંધિત અનુભવનો અભાવ છે. જાન્યુઆરી ૨૦૨૧માં રાષ્ટ્રપતિ બન્યા ત્યાં સુધી, બાઈડેને ક્યારેય અલગ એક્ઝિક્યુટિવ ઓથોરિટી સાથે હોદ્દો સંભાળ્યો ન હતો. તેઓ લાંબા સમયથી સાંસદ અને પછી ઉપાધ્યક્ષ હતા, અને તેઓ ૧૨ વર્ષ સુધી સેનેટના વિદેશ સંબંધ સમિતિના સભ્ય હતા, જેમાં ચેરમેન તરીકે ઘણા

વર્ષોનો સમાવેશ થાય છે.

પરંતુ તેમણે ક્યારેય એવો હોદ્દો ધારણ કર્યો ન હતો જ્યાં તેમને નોંધપાત્ર સંકળાયેલા જોખમો સાથે ઉચ્ચ નીતિની બાબતોમાં અંતિમ નિર્ણયો લેવાની નિયમિત જરૂર હોય.

વૈશ્વિક બાબતોમાં રૂચિ રાખવી એ મજબૂત નિર્ણય અથવા વિદેશ નીતિના વિકાસ અને અમલીકરણ માટે પ્રતિભા હોવા જેવી બાબત નથી. રિપબ્લિકન અને ડેમોક્રેટ બંને વહીવટીતંત્રના ભૂતપૂર્વ સંરક્ષણ સચિવ રોબર્ટ ગેટ્સે ૨૦૧૪ના તેમના સંસ્મરણમાં દલીલ કરી હતી કે બાઈડેન "છેલ્લા ચાર દાયકાઓમાં લગભગ દરેક મોટી વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા મુદ્દે ખોટા પડ્યા હતા."

કેટલાક અહેવાલો સૂચવે છે કે ટ્રમ્પના માર્ગને અનુસરવાનો બાઈડેનનો નિર્ણય જોખમોનું પદ્ધતિસરનું મૂલ્યાંકન કરવા કરતાં સહજવૃત્તિ અને લાંબા સમયથી ચાલતી માન્યતાઓ પર વધુ આધારિત હતો.

અમેરિકન સૈન્યની સલાહ પર ઘેરી શંકાને કારણે પણ બાઈડેન પ્રભાવિત થયા હોય શકે. તેમના ઉપરાષ્ટ્રપતિપદ દરમિયાન

પ્રશ્નાર્થ

- વિલિયમ માલે

અફઘાનિસ્તાનમાં અમેરિકી સૈનિકોના "વધારા" સામે તેમણે નિષ્ફળ દલીલ કરી હતી, જેને પ્રમુખ બરાક ઓબામાએ આખરે કરવાનું નક્કી કર્યું હતું.

રમતનું બીજું પરિબળ યુએસનું સ્થાનિક રાજકારણ છે. બાઈડેન અને તેમના ટેકેદારોએ યુએસના સંપૂર્ણ સૈન્યને પાછું ખેંચવાના સમર્થનમાં

> **યુએસ દ્વારા સંપૂર્ણરીતે સૈનિકોને પાછા ખેંચી લેવાના બાઈડેનના નિર્ણયને યુએસના એક અસફળ આક્રમણ તરીકે જોવામાં આવે તેવી શક્યતા છે.**

મતદાનને ટાંક્યું છે, પરંતુ અંતિમ નિર્ણયમાં આનો મોટો ફાળો હશે તેવી શક્યતા નથી, કારણ કે વિયેતનામ યુદ્ધ સાથે સંકળાયેલા અમેરિકી રાજકારણની જેમ અફઘાનિસ્તાને ક્યારેય એવી ગરમી પેદા કરી નથી. .

ડેમોક્રેટિક પાર્ટીનું આંતરિક રાજકારણ વધુ સંભવિત યોગદાનકર્તા હતું. બાઈડેનને ૨૦૦૩ માં ઇરાક પર આક્રમણ માટે તેમના ઉત્સાહી સમર્થનને કારણે ડાબેરીઓની નોંધપાત્ર ટીકા સહન કરવી પડી હતી.

અફઘાનિસ્તાન સૈનિકોને પાછા ખેંચવાથી કેટલીક ચિંતાઓ દૂર થવાની અને પક્ષની પ્રગતિશીલ પાંખ અને વૈચારિક અલગતાવાદીઓને ખુશ કરવાની સંભાવના હતી.

યુએસ-તાલિબાન કરારે કેવી રીતે આત્મવિશ્વાસ ઘટાડ્યો

યુ.એસ.નો નિર્ણય અફઘાનિસ્તાનમાં શક્તિની ગતિશીલતાની ગંભીર ગેરસમજને પણ પ્રતિબિંબિત કરે છે.

મેં અગાઉ નોંધ્યું છે તેમ, સમૂહ મનોવિજ્ઞાન એ અફઘાનિસ્તાનના જોખમી અને બિન-સંસ્થાકીય વાતાવરણમાં રાજકીય માર્ગનું નિર્ણાયક નિર્ધારક છે. અફઘાન સરકારનું પતનએ એક ધોધનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ૨૦૨૦નો યુએસ-તાલિબાન કરારએ ભવિષ્યમાં શું હોઈ શકે તે અંગે ઉંડી અને વ્યાપક આશંકા ઊભી કરે છે.

પછી, સરકારના અસ્તિત્વ માટે લશ્કરી અને નાગરિક બંને પ્રકારના તમામ પ્રકારના કાર્યકર્તાઓના આત્મવિશ્વાસને ઠારવામાં માત્ર થોડી સ્થાનિક નિષ્ફળતાઓ કારણભૂત બની. પક્ષ-પલટો એ એક તર્કસંગત વ્યૂહરચના બની ગઈ, પછી નિયંત્રણમાંથી બહાર નીકળી ગઈ. અમેરિકી સૈનિકોને પાછા ખેંચવાનું પણ બાઈડેનની નિષ્ફળતાને પ્રતિબિંબિત કરતું હોય, તેવું લાગે છે - જોકે યુએસ લશ્કર નહીં — એ જોતાં કે ફેબ્રુઆરી ૨૦૨૦નો કરાર અફઘાન સૈન્યની અસરકારકતા માટે કેટલો વિનાશક હતો.

માત્ર યુ.એસ. સૈનિકો જ નહીં પણ યુ.એસ. મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટરોને પણ પાછા ખેંચવાની આવશ્યકતામાં, તેણે અફઘાન નેશનલ આર્મીની ઈન્વેન્ટરીમાં ચાવીરૂપ અસ્કયામતોની ચાલુ ક્ષમતાઓ સાથે ચેડા કર્યા, તેમજ સેનાને જટિલ એર કવરથી વંચિત રાખ્યા. એક સમજદાર વિશ્લેષણ મુજબ, "રાષ્ટ્રપતિ બાઈડેનના સૈન્યને પાછા ખેંચવાના નિર્ણયને પગલે, યુ.એસ.એ અફઘાનિસ્તાનના વિમાનોને અને હેલિકોપ્ટરોની સેવા આપતું પોતાનું હવાઈ સમર્થન, ગુપ્તચરતંત્ર અને ઠેકેદારોને પાછા ખેંચ્યા. તેનો અર્થ એ કે અફઘાન સૈન્ય હવે કાર્યવાહી કરી શકે નહીં."

યુ.એસ.ની વિશ્વસનીયતાને લાંબા ગાળાનું નુકસાન

બાઈડેન તેની વિશ્વસનીયતામાં ઘટાડા વિના આ દુર્ઘટનામાંથી કેવી રીતે બહાર આવી શકે છે તે જોવું રહ્યું, પરંતુ સૌથી વધુ નુકસાન યુનાઈટેડ સ્ટેટ્સની વિશ્વસનીયતાને છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ઘટતી જતી શક્તિ (તેમજ સ્થાનિક રીતે નિષ્ફળ દેશ) તરીકે દેખાય છે.

કોઈ મોટા ફાયદા વગર, તેણે આ પ્રદેશની સૌથી પશ્ચિમ તરફી સરકાર અને જાહેર જનતાને એક ક્રૂર આતંકવાદી જૂથને વેચી દીધી, લાંબા સમયનો અફઘાનીઓને વચન આપ્યા પછી, કે તેઓને ક્યારેય છોડવામાં આવશે નહીં, આ કરવામાં આવ્યું. તરછોડવાની અસરો અફઘાનિસ્તાનની સરહદોની બહાર સુધી ફેલાઈ છે. પ્રખ્યાત નિવૃત્ત રાજદૂતોના જૂથે કહ્યું છે કે, "દેશમાંથી અમેરિકાનું અપમાનજનક પ્રસ્થાન અન્ય દેશોને ભયંકર સંકેત આપશે કારણ કે યુનાઈટેડ સ્ટેટ્સ ચીન અને અન્ય સરમુખત્યારશાહી દેશો સાથે સ્પર્ધા કરે છે. જો યુએસની સુરક્ષા ખાતરી વિશ્વાસપાત્ર ન હોય તો કોઈ ચીન સાથે સોદો કેમ ન કરે ?" મે ૧૯૪૦માં, ચેમ્બરલેન સરકારને તેના સાથીઓ દ્વારા અસરકારક રીતે તેમની પડખે ઉભા રહેવાની નિષ્ફળતાઓ માટે, ભૂતપૂર્વ બ્રિટિશ વડા પ્રધાન ડેવિડ લોયડ જ્યોર્જે ટૂંકમાં નોંધ્યું હતું કે "અમારી પ્રોમિસરી નોટ હવે બજારમાં કચરો છે." અફઘાનિસ્તાન પર તેમની નિષ્ફળતાઓના પરિણામે, બાઈડેન વહીવટ ઝડપથી સમાન દિશામાં આગળ વધી રહ્યુ છે.

(સૌ. : ધ ક્વિન્ટ)

હદીસ બોધ

દરેક સત્કર્મ ઉદારતાની સમકક્ષ છે. -હદીસ બોધ

બોધ વચન

સૌથી વધુ ડાહ્યા માણસોના દિમાગમાં પણ કોઈ એક જગ્યાએ મૂર્ખતા સંતાયેલી હોય છે. -એરિસ્ટોટલ

આજની આરસી

૨૫ ઓગસ્ટ બુધવાર ૨૦૨૧
૧૫ મોહર્રમ હિજરી ૧૪૪૩
શ્રાવણ વદ ત્રીજ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૪-૫૭
ખત્મે ઝવાલ ૧૨-૪૨
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૪

ગુસ્સુરિયું

શિક્ષક : નસરૂ ! તારી પાસે બે સફરજન હોય અને એ સમયે તારા ઘરે બે મહેમાન આવી જાય તો તું શું કરે ?

નસરૂ : સાહેબ ! હું તો એમના જવાની રાહ જોઉં.

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. -વ્યવસ્થાપક

મોટો સ્કોર બનાવવા પર વિરાટ કોહલીની નજર

હેડિંગ્લેમાં આજથી ત્રીજી ટેસ્ટનો પ્રારંભ : અજય લીડ મેળવવા ટીમ ઈન્ડિયા ઊતરશે

લીડ્સ,તા.૨૪ કપ્તાન વિરાટ કોહલી લાંબા સમયથી ચાલી રહેલા પોતાના ખરાબ ફોર્મમાંથી બહાર આવીને ઈંગ્લેન્ડ વિરૂદ્ધ બુધવારથી અહીયા શરૂ થનારી ત્રીજી ક્રિકેટ ટેસ્ટ મેચમાં મોટો સ્કોર બનાવવાની સાથે ભારતને પાંચ મેચોની સિરીઝમાં અજય લીડ અપાવવાનો પ્રયાસ કરશે. કોહલીએ પોતાની અંતિમ આંતરરાષ્ટ્રીય સદી નવેમ્બર ૨૦૧૯માં ફટકારી હતી. તે હાલની સિરીઝમાં બે વખત ૪૦ રનના સ્કોરે પહોંચ્યો પણ મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ ગયો. જો કે, તેની પાસે હંમેશા મોટા સ્કોરની આશા રાખવામાં આવે છે. ચેતેશ્વર પૂજારા અને રહાણેનું ફોર્મ પણ ભારત માટે ચિંતાનો વિષય છે. આ બંનેએ જો કે, લોર્ડ્સ ટેસ્ટના ચોથા દિવસે લગભગ ૫૦ ઓવર સુધી બેટિંગ કરીને ફોર્મમાં પરત ફરવાનો સંકેત આપ્યો છે. ઓપનર રોહિત શર્મા અને રાહુલનું પ્રદર્શન ભારત માટે બેટિંગ વિભાગમાં સકારાત્મક બાબત છે. હેડિંગ્લેમાં પરિસ્થિતિઓ ઝડપી બોલરોને અનુકૂળ રહેવાની સંભાવના છે અને ભારત ચાર ઝડપી બોલરો સાથે ઉતરી શકે છે. આવામાં અશ્વિનને ફરીથી બહાર બેસવું પડી શકે છે. શાર્દુલ ઠાકુર ફિટ થઈ ગયો છે પણ લાગતું નથી કે કોહલી પોતાના ઝડપી બોલિંગ આક્રમણમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરશે. મોહમ્મદ સિરાજના આવવાથી ભારતનું વિશ્વસ્તરીય આક્રમણ મજબૂત થયું છે. સિરાજે લોર્ડસમાં પાંચમા દિવસે શાનદાર બોલિંગ કરી છે. તેણે પોતાની સટીક બોલિંગથી સતત પ્રભાવિત કર્યા છે. ભારત અહીંયા છેલ્લીવાર ૨૦૦૨માં રમ્યું હતું ત્યારે તેણે ઈનિંગ અને ૪૬ રને વિજય મેળવ્યો હતો. હાલની ટીમના કોઈપણ ખેલાડીને આ મેદાન પર રમવાનો અનુભવ નથી. ઈંગ્લેન્ડને આશા હશે કે ડેવિડ મલાનના આવવાથી તેની બેટિંગની નબળાઈ દૂર થશે.

એસ્પાયર હોમ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ

ASPIRE HOME FINANCE A Motilal Oswal Group Company

મોતિલાલ ઓસ્વાલ ટાવર, રહેમતુલ્લાહ સયાની રોડ, એસ.ટી. ડેપોની સામે, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫,
ઈ-મેઈલ : info@ahfcl.com CIN : U65923MH2013PLC248741

કબજા નોટિસ (સ્થાવર મિલકત/તો માટે)

આથી નીચે સહી કરનાર એસ્પાયર હોમ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ ૨૦૦૨માં રૂલ ૮ (૧) મુજબ માન્ય અને સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-૨૦૦૨ની કલમ-૧૩(૧૨) હેઠળ રૂલ-૩ સહિત વાંચવું હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરતા નીચે દર્શાવેલ દરેક એકાઉન્ટ વિરૂદ્ધ જણાવેલ તારીખે સબંધિત દેણદારોને દરેક એકાઉન્ટની સાથેના નાણાં આ નોટિસ/સો મળ્યે તારીખ/નોટિસ તારીખના દિન-૬૦માં પરત કરવા ડિમાન્ડ નોટિસ ઈસ્યુ કરી હતી.
દેણદારો ઉપરોક્ત નાણાં પરત ચૂકવવામાં નિષ્ફળ જતાં અત્રે દેણદાર/રો અને ખાસ કરીને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે. ઉપરોક્ત કાયદાની કલમ-૧૩ (૪) રૂલ-૮ સહિત વાંચવું મુજબ મળેલ સત્તાનો ઉપયોગ કરવા નીચે સહી કરનાર તે/તેણીએ નીચે નિર્દિષ્ઠ મિલકતોનો દરેક એકાઉન્ટ સામે દર્શાવેલ તારીખે કબજો મેળવી લીધો છે.
દેણદાર/રો અને ખાસ કરીને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકત/તો બાબતે કોઈ સોદાબાજી કરવી નહીં અને કોઈપણ સોદાબાજી મિલકત/તો સંબંધી થશે તો તે એસ્પાયર હોમ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડનો લોન કરારમાં દર્શાવેલ વ્યાજ સહિતની રકમનો વસૂલાતનો વિષય રહેશે. દેણદારોનું ધ્યાન દોરવાનું કે ઉપલબ્ધ સમય દરમ્યાન કાયદાની કલમ-૧૩ પેટા કલમ-(૮)ની જોગવાઈ મુજબ સલામત મિલકતો પરત મેળવી શકે છે.

ક્રમ નં.	લોન કરાર નં./દેણદાર/સહ દેણદાર/ગેરેન્ટરના નામ	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	કબજો લેવાની તારીખ	મોર્ગેજ મિલકત/તોની વિગતો
૧.	LXHIM00116-170041727 રમણભાઈ દૌલાભાઈ પ્રજાપતિ અને ભીખીબેન રમણભાઈ પ્રજાપતિ	23-12-2020 રૂા. 285919/	18-08-2021	મિલકત નં.૬૬, ગામતળ પરવાના રજિ. નં.૦૭, ગામતળ રહેઠાણ નં. ૧૬૦, મોજે - ગામ ધમબોલીયા, જોગણી માતા મંદિર પાસે, ભિલોડા, સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૨૩૫.

સ્થળ : ગુજરાત
તારીખ : ૨૫-૦૮-૨૦૨૧
સહી
અધિકૃત અધિકારી
(એસ્પાયર હોમ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ)
* ભાષાંતરમાં ત્રુટી અથવા વિસંગતતા હશે તો અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.

બે વર્ષથી ઘરે ગઈ નથી, હવે મેડલ સાથે માતાને મળીશ : શૈલી

રાયપુર, તા.૨૪ ભારતીય લોન્ગ જમ્પર શૈલી સિંહે અંડર-૨૦ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં દેશને સિલ્વર મેડલ અપાવ્યો છે. તે ગોલ્ડ મેડલથી માત્ર ૧ સેમી પાછળ રહી ગઈ. ઉત્તર પ્રદેશના ઝાંસીની નિવાસી શૈલીએ કહ્યું કે, એક સેન્ટીમીટર વધુ નથી હોતું, પરંતુ એ એક સેમીના કારણે હું ગોલ્ડ ચુકી ગઈ. જોકે, આવતા વર્ષે હું ગોલ્ડ જીતીને રહીશ. તેણે કહ્યું કે, કોરોનાને કારણે મેં મારા કોચ (બોબી જ્યોર્જ)ની સાથે નિર્માણાધીન સ્ટેડિયમમાં વર્લ્ડ ચેમ્પિયનશિપની તૈયારી કરી છે. હું છેલ્લા બે વર્ષથી ઘરે ગઈ નથી. માતાને મળી નથી.

Following posts are to be filled at our Self-Financed Polytechnic

F.D. (Mubin) Institute of Engg. & Technology (Polytechnic), Bahiyal, Tal. Dehgam, Dist. Gandhinagar, Pin-382308

Sr. No	Branch/ Post	HOD	LECTURER
1	Mech. Engg	1	6
2	Civil Engg.	1	6
3	Elec. Engg.	1	6
4	Computer Engg.	1	6
5	EC Engg.	1	6
6	Information Tech.	1	6
7	English/Math's	–	2 (Each)
8	Chemistry/ Physics	–	1 (Each)
9	Principal/Director	ONE	
10	Librarian	ONE	

Qualification, Experience, Salary, Age limit as per AICTE/GTU norms. Applications with true attested copies of Certificates, Mark sheets, Testimonials, Passport size photographs by eligible candidates to be sent to the Principal of Polytechnic at the above -mentioned address within 15 daysof this advertisement.

CHAIRMAIN, F.D. EDUCATION SOCIETY, AHMEDABAD

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળઃ

ગુરૂવાર, 26 ઓગસ્ટ, 2021, સાંજે 6:30 વાગ્યાથી.
ગ્રેસિયસ બેન્કવેટ એન્ડ રેસ્ટોરન્ટ, બ્રાન્ડ ફેક્ટરી આઉટલેટ પાસે, શાહ આલમ, અમદાવાદ.

શુક્રવાર, 27 ઓગસ્ટ, 2021, સાંજે 7:00 વાગ્યાથી.
ઈકા ક્લબ, વેસ્ટસાઈડની બાજુમાં, કાંકરિયા, અમદાવાદ.

શનિવાર, 28 ઓગસ્ટ, 2021, સાંજે 7:00 વાગ્યાથી.
હોટલ ફોર્ચ્યુન પાર્ક, ગુજરાત કોલેજની સામે, એલિસબ્રિજ, અમદાવાદ.

નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હાર્દિક મહેતા, મોબાઈલ : 99250 04182.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 7:00 સુધીનો જ રહેશે. કાર્યક્રમ દરમિયાન કોવિડ સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત છે. વોક–ઈન્સને મંજૂરી નથી.

An Investor Education Initiative HDFC MUTUAL FUND BHAROSA APNO KA

કેવાઈસી, સરનામું બદલવું, રોકાણકારોની ફરિયાદોનું નિવારણ વગેરે માટે https://www.hdfcfund.com/information/key-know-how ની મુલાકાત લો.
મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૧૭.૦૪.૨૦૨૧ના** રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧.ગોવર્ધન પાઈપ એન્ડ સ્ટીલ, ૨.શ્રીમતી દિવ્યાબેન એસ.પોકિયા, ૩. શ્રી શૈલેષભાઈ વલ્લભભાઈ પોંકિયાના રૂા.૭૭,૯૭,૫૬૭.૩૩/- (ફક્ત રૂપિયા સિતોત્તેર લાખ સત્તાણું હજાર પાંચસો સડસઠ અને તેંત્રીસ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૦૭.૦૪.૨૦૨૧** મુજબ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.
દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો ભૌતિક કબજો **૨૧મી ઓગસ્ટ,૨૦૨૧**નાં રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૭૭,૯૭,૫૬૭.૩૩/- (ફક્ત રૂપિયા સિતોત્તેર લાખ સત્તાણું હજાર પાંચસો સડસઠ અને તેંત્રીસ પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.
દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ જે મિલકત રેસિડેન્શિયલ હાઉસનું જમીન ક્ષેત્રફળ ૮૦-૧૩ ચો.મી. એટલે કે ૯૫-૮૪ ચો.વાર જેનું પ્લોટ નં. ૨૨૪, 'સુખ સાગર' એરિયા તરીકે જાણીતું સ્થિત માવડી રેવન્યુ સર્વે નં.૩૦/પી/૧-૨-૩ સબ પ્લોટ નં. અને રજિ. જિ. રાજકોટ, રાજ્ય ગુજરાત-૩૬૦૦૦૪.
આ મુજબ પ્લોટની ખૂંટ : **ઉત્તર** : પ્લોટ નં.૨૩, **દક્ષિણ** : ૯-૦૦ મી. રોડ, **પૂર્વ** : ૭-૫૦ મી.રોડ, **પશ્ચિમ** : પ્લોટ નં.૨૧૩.

સહી/-
અધિકૃત અધિકારી
તારીખ :- ૨૧-૦૮-૨૦૨૧
સ્થળ : રાજકોટ
લોન એકાઉન્ટ નં. : 20948766
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેન્ક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૧૭.૦૧.૨૦૨૦ના** રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧.મહાવીર એન્ટરપ્રાઈઝ, ૨.પટેલ નાનીબેન ભગવાનદાસ, ૩.પટેલ રાકેશ ભગવાનદાસ, ૪.પટેલ વિપુલભાઈ ભગવાનદાસ, ૫.પટેલ ડિમ્પલબેન વિપુલભાઈ, ૬.પટેલ દિપીકાબેન રાકેશકુમારના રૂા.૨,૫૪,૫૯,૪૬૪/- (ફક્ત રૂપિયા બે કરોડ ચોપ્પન લાખ ઓગણસાઈઠ હજાર ચારસો ચોસઠ)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૧૩.૦૧.૨૦૨૦** મુજબ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.
દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો ભૌતિક કબજો **૨૧મી ઓગસ્ટ,૨૦૨૧**નાં રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેન્ક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) રૂા.૨,૫૪,૫૯,૪૬૪/- (ફક્ત રૂપિયા બે કરોડ ચોપ્પન લાખ ઓગણસાઈઠ હજાર ચારસો ચોસઠ)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.
દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ(૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

૧.મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૨૦, પૈકી પ્લોટ નં.૧૫, પાર્થ વિલા, પાટણ, ચાણસમા હાઈવે, પાટણ-૩૮૪૨૬૫.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૧૨૨.૫૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : આર.એસ.નં.૨૧ આવેલ ખુલ્લી જગ્યા, **પશ્ચિમ** : પ્લોટ નં.૧૬ આવેલ, **ઉત્તર** : ૬.૦૦ મી. પહોળો આંતરિક રોડ આવેલ, **દક્ષિણ** : પ્લોટ નં.૨૬ આવેલ ખુલ્લી જગ્યા
૨.મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ કોમર્શીયલ મિલકત સ્થિત પ્લોટ નં. ૨૬/બી, પાર્થ એગ્રી ગોડાઉન, ઊંઝા રોડ, હસપુર, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૮૨.૫૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૨૬/એ આવેલ દીવાલ સાથે, **પશ્ચિમ** : આર.એસ.નં.૩૨૪ આવેલ પૈકી આંતરિક રોડ, **ઉત્તર** : પ્લોટ નં.બી/૨૫ આવેલ દીવાલ સાથે, **દક્ષિણ** : પ્લોટ નં.૨૭/બી આવેલ દીવાલ સાથે
૩.મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૯૦૦/ પૈકી, પ્લોટ નં.૭૪/બી, એમ.એસ.નં.૧૧/૪/૧૦૫, તિરૂપતિ ટાઉનશીપ, ચાણસમા હાઈવે, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૧૯૭.૭૩ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૭૮ આવેલ(બ્રાઉઝર નં.૮૨ મુજબ), **પશ્ચિમ** : તિરૂપતિ ટાઉનશીપ આંતરિક રોડ આવેલ, **ઉત્તર** : આર.એસ.નં.૭૪ આવેલ(બ્રાઉઝર પ્લોટ નં.૯૦ મુજબ), **દક્ષિણ** : પ્લોટ નં.૪૪ આવેલ(બ્રાઉઝર પ્લોટ નં.૯૨ મુજબ)
૪.મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૨૦, પૈકી પ્લોટ નં.૨૬, પાર્થ વિલા, ગોલાપુર, ચાણસમા હાઈવે, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૧૫૩ ચો.મી.
ખૂંટ : પૂર્વ : આર.એસ.નં.૧૭ પછી સોસાયટીની હદ આવેલ, ખુલ્લી જમીન, **પશ્ચિમ** : પ્લોટ નં.૨૫, **ઉત્તર** : પ્લોટ નં.૧૫ આવે, **દક્ષિણ** : ૬.૦૦ મી. પહોળો આંતરિક રોડ આવે
૫.મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૨૦, પૈકી પ્લોટ નં.૩૬, પાર્થ વિલા, ગોલાપુર, ચાણસમા હાઈવે, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૮૮.૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૩૭ આવે, **પશ્ચિમ** : પ્લોટ નં.૩૫ આવે, **ઉત્તર** : પ્લોટ નં.૩૧ આવે, **દક્ષિણ** : ૬.૦૦ મી. પહોળો આંતરિક રોડ આવે
૬.મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત પૈકી પ્લોટ નં.૩, ગંગામૈયા સોસાયટી, આરએસ નં.૩૩૭/પૈકી, ગુંગડી પટ્ટી, ચાણસમા હાઈવે, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૯૯.૯૯ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૪ આવે, **પશ્ચિમ** : સીએસ નં.૬૪૬/એ પૈકી એસેટસ આવે, **ઉત્તર** : પ્લોટ નં.૨ અને આંતરિક રોડ આવે, **દક્ષિણ** : આર.એસ. નં.૩૩૭ પૈકી એસેટસ આવે
૭.મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ કોમર્શિયલ મિલકત સ્થિત પ્લોટ નં.૨૫/બી, પાર્થ એગ્રી ગોડાઉન, ઊંઝા રોડ, હસાપુર, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૮૨.૫૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૨૫/એ આવે, દીવાલ સાથે, **પશ્ચિમ** : આરએસ નં.૩૨૪ પૈકી આંતરિક રોડ આવે, **ઉત્તર** : પ્લોટ નં.૨૪/બી આવે, દીવાલ સાથે, **દક્ષિણ** : પ્લોટ નં.૨૬/બી આવે, દીવાલ સાથે
૮.મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૨૦, પૈકી પ્લોટ નં.૮૯, કુલ ૮૦.૦૦ ચો.મી. પાર્થ વિલા, ગોલાપુર, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૮૦.૦૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૯૦ આવેક, **પશ્ચિમ** : પ્લોટ નં.૮૮ આવે, **ઉત્તર** : પ્લોટ નં.૯૪ આવે, **દક્ષિણ** : ૬.૦૦ મી પહોળો આંતરિક રોડ આવે.
૯. મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૨૦, પૈકી પ્લોટ નં.૮૮, પાર્થ વિલા, ગોલાપુર, ચાણસમા હાઈવે, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૮૦.૦૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૮૯ આવે, **પશ્ચિમ** : પ્લોટ નં.૮૭ આવે, **ઉત્તર** : પ્લોટ નં.૯૫ આવે, **દક્ષિણ** : ૬.૦૦ મી પહોળો આંતરિક રોડ નજીક
૧૦. મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૨૦, પૈકી પ્લોટ નં.૪૭, ગોલાપુર, ચાણસમા હાઈવે, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૮૮.૦૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૪૬ ખુલ્લી જમીન આવે, **પશ્ચિમ** : ૯.૦૦ મી. પહોળો આંતરિક રોડ આવે, **ઉત્તર** : ૬.૦૦ મી. પહોળો આંતરિક રોડ આવે, **દક્ષિણ** : પ્લોટ નં.૪૮ ખુલ્લી જગ્યા આવે
૧૧. મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૨૦, પૈકી પ્લોટ નં.૫૩, ગોલાપુર, ચાણસમા હાઈવે, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૮૮.૦૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૫૪ ખુલ્લી જમીન આવે, **પશ્ચિમ** : પ્લોટ નં.૫૨ ખુલ્લી જગ્યા નજીક, **ઉત્તર** : પ્લોટ નં.૪૨ ખુલ્લી જગ્યા નજીક, **દક્ષિણ** : ૬.૦૦ મી. પહોળો આંતરિક રોડ આવે
૧૨. મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૨૦, પૈકી પ્લોટ નં.૫૯, ગોલાપુર, ચાણસમા હાઈવે, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૧૦૭.૦૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૫૮ ખુલ્લી જમીન નજીક, **પશ્ચિમ** : પ્લોટ નં.૬૦ ખુલ્લી જગ્યા નજીક, **ઉત્તર** : ૬.૦૦ મી. પહોળો આંતરિક રોડ નજીક, **દક્ષિણ** : સોસાયટીની હદ પછી આર.એસ. નં.૧૯ નજીક
૧૩. મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રહેણાંકની મિલકત સ્થિત આર.એસ. નં.૨૦, પૈકી પ્લોટ નં.૧૦૨, ગોલાપુર, ચાણસમા હાઈવે, પાટણ.
તમામ બિલ્ડિંગો અને માળખા સહિત તથા તમામ અને મશીનરી જે ભૂમિ સાથે જોડાયેલ હોય અથવા કાયમી રૂપે જમીન સાથે જોડાયેલ કોઈપણ વસ્તુ.
ફલેટનો કુલ વિસ્તાર-૧૦૭.૦૦ ચો.મી.
ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૧૦૩ ખુલ્લી જમીન આવે, **પશ્ચિમ** : પ્લોટ નં.૧૦૧ ખુલ્લી જગ્યા આવે, **ઉત્તર** : પ્લોટ નં.૧૦૯ ખુલ્લી જગ્યા આવે, **દક્ષિણ** : ૬.૦૦ મી. પહોળો આંતરિક રોડ આવે

સહી/-
તારીખ : ૨૧-૦૮-૨૦૨૧ અધિકૃત અધિકારી
સ્થળ : પાટણ આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ
લોન એકાઉન્ટ નં. : 10026265272
(અગાઉની આઈડીએફસી બેન્ક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

સીક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના

ક્ર. નં.	કર્જદાર (રો)ના નામ (ક)	ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ)	એનપીએ તારીખ (ગ)	બાકી રકમ (રૂા.) (ઘ)
1	લોન એકાઉન્ટ નં. HLAPSUR00253666 1 .પુરષોત્તમભાઈ અર્જુનભાઈ કાલે પ્રૉપરાઈટર સાઈ કુરીયર્સ 2. મનીષા પુરષોત્તમભાઈ કાલે	દુકાન નં.–201, 202, 203, બીજો માળ, રાજ પોઈન્ટ, સંધ્યા વંદન સોસાયટીની બાજુમાં, પાલણપુર રોડ, સુરત–395009,ગુજરાત	27.05.2021	રૂા.1,48,82,076.14 /– (રૂપિયા એક કરોડ અડતાલીસ લાખ બ્યાસી હજાર છોંતેર અને ચૌદ પૈસા માત્ર)27.05.2021 ના રોજ
2	લોન એકાઉન્ટ નં. HHLAME00306056 1 .શાલિગ્રામ લેમિનેટ્સ પ્રા.લિ. 2. રક્ષિત કુમાર પટેલ ડાયરેક્ટર શાલિગ્રામ લેમિનેટ્સ પ્રા.લિ. 3. શીતલબેન રક્ષિતભાઈ પટેલ 4. કે.એસ. પટેલ	પ્લૉટ નં.40, (ઔડા પ્લાન પ્રમાણે પ્લૉટ નં.41 પૈકી 462 સ્કે.યાર્ડ અને પ્લૉટ નં.40 પૈકી 140 સ્કે.યાર્ડ),હેરીટેજ હોમ્સ (થલતેજ) કૉ.ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, હેરીટેજ હોમ્સ સર્વે નં. 266/1, 266/2, 273, એફ.પી.નં.42, મોજે થલતેજ, તાલુકા ઘાટલોડિયા, અમદાવાદ, પિન – 380052,ગુજરાત	27.05.2021	રૂા. 1,38,44,713.10 /– (રૂપિયા એક કરોડ આડત્રીસ લાખ ચુમાલીસ હજાર સાતસો તેર અને દસ પૈસા માત્ર)27.05.2021 ના રોજ

આ સાથે જણાવવાનું ઉપરોક્ત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શક્યા નથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર (રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.
ધિરાણ લેનાર (રા) લોનની રકમની પુનઃ ચુકવણીની બાબતમાં સતત કસુરવાર ઠરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર (રા) ના લોન એકાઉન્ટને નોન પરફોર્મિંગ ઍસેટ (કોલમ ગ માં દર્શાવેલ તારીખ પ્રમાણે) તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.
ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિવસ સુધીના વ્યાજ , ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ (ઘ) માં દાર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને/તેણીને એલાન કરે છે. જો તેમ નહી થાય તો કોલમ (ખ) માં જણાવેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદો હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.
કૃપા કરીને નોંધ લેશો કે સરફેસી ઍક્ટની કલમ 13ની પેટા કલમ (8) ની જોગવાઈઓના સંદર્ભમાં, ''કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધીજ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટ્સના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મંગાવીને, પબ્લિક પાસેથી અથવા પ્રાયવેટ ટ્રીટી થી ટેન્ડર મંગાવીને કરાતા વેચાણની સૂચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશે, વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો કર્જદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.
સરફેસી કાયદોની કલમ 13 ની પેટા કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈ પણ , તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસ ઉલ્લેખિત સુરક્ષિત સંપતિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

સહી/–
સ્થળ: સુરત/અમદાવાદ(ગુજરાત)
ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ
અધિકૃત અધિકારી

અફઘાનિસ્તાનના ખેલાડીઓની માનસિક સ્થિતિ જોતા પાક. સામેની સિરીઝ સ્થગિત

કાબુલ,તા.૨૪ અફઘાનિસ્તાને પાકિસ્તાન સામેની ત્રણ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચોની સિરીઝ અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરી દીધી છે. અફઘાનિસ્તાન ઉપર તાલિબાનના કબજા બાદ ખેલાડીઓની માનસિક સ્થિતિ અને તૈયારીઓ સંબંધિત મુદ્દાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અફઘાનિસ્તાનને ત્રણ સપ્ટેમ્બરથી શ્રીલંકામાં પાકિસ્તાનની યજમાની કરવાની હતી પણ અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે સોમવારે પાકિસ્તાનમાં આ સિરીઝનું આયોજન કરવા સહમતી વ્યક્ત કરી હતી પણ આ જ સુધીમાં ઘટનાક્રમ બદલાઈ ગયો અને અફઘાનિસ્તાન આ પરિણામ પર પહોંચ્યું કે હાલ સિરીઝ સ્થગિત કરવી જ ઉચિત રહેશે. કારણ કે તેમના ખેલાડીઓને દેશના શાસનમાં ફેરફારના કારણે તૈયારીઓ માટે પર્યાપ્ત સમય મળ્યો નથી. કાબુલ વિમાની મથકેથી ફ્લાઈટો પણ બંધ કરી દેવાઈ છે.

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

વેચવાનું છે

મીરઝાપુર માર્કેટ પાસે
મોકાની દુકાન વેચવાની છે. કબજા સાથે
9726470178

વેચવાની છે
દુકાન 220 ફીટ ગ્રાઉન્ડ ફ્લોર, આલીશાન કોમ્પ્લેક્ષ, દાણીલીમડા
9998929691

મકાન વેચવાનું છે
દરિયાપુર ચારવાટ રોડ ટચ
8000729396

૩૨૮ વારનું ગોડાઉન વેચવાનું છે
રેડી પઝેશન અને મીટર સાથે, સુએજ ફાર્મ, રેહાન મસ્જિદ પાસે, દાણીલીમડા, માહીર ભાઈ
8849000791

મકાન વેચવાનું છે
૩૫ વારમાં ૩ માળ ફર્નિચર સાથે બનેલું રોડ ટચ, વૈશ્યસભા બસ ટેન્ડ પાસે, જમાલપુર
મો.9662906073

મકાન અને જમીન ભાડે-વેચાણ

મુસ્લિમ વિસ્તારમાં પ્રોપર્ટી
લેવા-વેચવા તેમજ ભાડે આપવા માટે મળો
એવન પ્રોપર્ટી કન્સલટન્ટ
મતીનભાઈ
8490903000
હૈદરભાઈ
9227777881

ફલેટ વેચાણ
અલ-બુરૂઝ ૯મો માળ મકરબા 3.5 BHK સરખેજ
કોન્ટેક્ટ
9099474796

ત્રણ ગોડાઉન ભાડે તથા વેચાણ આપવાની છે
૧૩૦ વારનાં રેડી પઝેશન, ગટર લાઈન અને મીટર સાથે, સુએજ ફાર્મ, રેહાન મસ્જિદ પહેલા, દાણીલીમડા.
(૧૩,૫૦૦ રૂા. ભાડું ચાલુ)
માહીર ભાઈ
8849000791

લગ્ન વિષયક

લગ્ન વિષયક
બીજા લગ્ન માટે એક પત્ની ધરાવતા એજ્યુકેટેડ પોતાનો કારોબાર ધરાવતા ૪૧ વર્ષીય દીનદાર યુવક માટે સુંદર, સમજદાર, બેવા ૩૫થી ૪૫ વયની મહિલાની જરૂર છે
9099555987

ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરો
Graduate માટે સમસ્ત મુસ્લિમ સમાજના લગ્ન માટે પસંદગી અને પરિચય મેળો ૪ સપ્ટે. અમદાવાદ રજિસ્ટ્રેશન માટે વેબસાઈટ www.khatoonmatrimonial.com
7874188748

સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજના લગ્ન ઈચ્છુક દીકરા તથા દીકરીઓ માટે પસંદગી અને પરિચય મેળો અમદાવાદ ખાતે. તા.૫/૯/૨૧ રવિવાર સવારે ૧૦ વાગે સોરઠિયા ઘાંચી હોલ, સોનલ ચાર રસ્તા, જુહાપુરા અમદાવાદ ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરો દ્વારા
9173188748

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ ફર્સ્ટ બેન્ક લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૩૧, ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોકત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેણદાર અને સહ-દેણદારના નામ	૧૩ (૨) મુજબની નોટિસની તારીખ	૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ	મિલકતોનું સરનામું
૧.	૧૫૧૬૩૩૧૬ ૧૨૦૯૧૪૭૪ ૧૨૩૯૦૫૦૦ અને ૧૫૩૬૩૨૮૦	મિલકત સામે લોન અને બિઝનેસ લોન	૧.ઉમિયા ઈલે. સેલ્સ એન્ડ સર્વિસ ૨. ધીરજલાલ રામજીભાઈ સારણિયા ૩. રસ્મીતાબેન સારણિયા ૪. સંજયકુમાર આર. સારણિયા ૫. શ્રી વલ્લભ એન્ટરપ્રાઈસીસ ૬. ઊષા સાંજયકુમાર સારણિયા	૦૭-૦૮-૨૦૨૧	ભા.રૂા. ૧,૭૫,૦૨,૧૯૬.૩૫/-	**મિલકત ૧. : રહેણાંકની મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** રહેણાંકની મિલકત એટલે કે ઘર/બંગલો નં.એ/૪૪ જમીન ક્ષેત્રફળ ૭૬-૮૬ ચો.મી. સાથે, પ્લોટ નં.૪૪ સ્થિત રેવન્યુ સર્વે નં. ૫૬ પૈકી ગામ : માવડી, સબ જિ. અને જિ. રાજકોટ આરએમસીની હદ સાથે રાજ્ય ગુજરાત અને **આ મુજબની ખૂંટ : પૂર્વ** : ઘર/બંગલો નં.૫૨ જેની આગળ ૫-૦૪ મી. ક્ષેત્રફળ, **પશ્ચિમ** : ૭-૫૦ મી. પહોળો રોડ જેની આગળ ૫-૦૪ મી. ક્ષેત્રફળ, **ઉત્તર** : ઘર/બંગલો નં.૪૫, જેની આગળ ૧૫-૨૫ મી. ક્ષેત્રફળ, **દક્ષિણ** : ઘર/બંગલો નં.૪૩, જેની આગળ ૧૫-૨૪ મી. ક્ષેત્રફળ **મિલકત ૨. : સબ પ્લોટ નં.૨૯- મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ઈન્ડસ્ટ્રીયલ શેડ જેનું જમીન વિસ્તાર ૧૧૧-૩૨ ચો.મી. એટલે કે ૧૩૩-૧૪ ચો.વાર, સબ પ્લોટ નં.૨૯, પ્લોટ નં. એ સ્થિત શાપર રેવન્યુ સર્વે નં.૨૮૮/પી સબ જિ. અને રજિ. જિ. રાજકોટ રાજ્ય ગુજરાત અને **આ મુજબની ખૂંટ : પૂર્વ** : અન્યની કૃષિ જમીન, જેની આગળ ૬-૦૭ મી. ક્ષેત્રફળ, **પશ્ચિમ** : ૭-૫૦ મી. રોડ જેની આગળ ૬-૦૭ મી ક્ષેત્રફળ, **ઉત્તર** : સબ પ્લોટ નં.૨૮, જેની આગળ ૧૮-૩૪ મી. ક્ષેત્રફળ, **દક્ષિણ** : સબ પ્લોટ નં.૩૦, જેની આગળ ૧૮-૩૫ મી. ક્ષેત્રફળ **પ્લોટ નં.૩૦:** મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ઈન્ડસ્ટ્રીયલ શેડ જેનું જમીન વિસ્તાર ૧૧૧-૩૨ ચો.મી. એટલે કે ૧૩૩-૧૪ ચો.વારે સબ પ્લોટ નં.૩૦, પ્લોટ નં. એ સ્થિત શાપર રેવન્યુ સર્વે નં.૨૮૮/પી સબ જિ. અને રજિ. જિ. રાજકોટ રાજ્ય ગુજરાત અને **આ મુજબની ખૂંટ : પૂર્વ** : અન્યની કૃષિ જમીન, જેની આગળ ૬-૦૭ મી. ક્ષેત્રફળ, **પશ્ચિમ** : ૭-૫૦ મી. રોડ જેની આગળ ૬-૦૭ મી. ક્ષેત્રફળ, **ઉત્તર** : સબ પ્લોટ નં.૨૯, જેની આગળ ૧૮-૩૪ મી. ક્ષેત્રફળ, **દક્ષિણ** : સબ પ્લોટ નં.૩૧, જેની આગળ ૧૮-૩૫ મી. ક્ષેત્રફળ **મિલકત ૩. : મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** રહેણાંકનો બંગલો નં.૪૫, (મિલકત સરનામું : ઉમિયા બ્લોક નં.એ-૪૫, ગોવિંદરત્ના બંગલો, માર્વેલ હોસ્પિટલની સામે, માવડી બાયપાસ રોડ, માવડી, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૪) જેનું જમીન વિસ્તાર ૭૬-૮૬ ચો.મી. એટલે કે ૯૧-૯૨ ચો.વાર પ્લોટ નં ૪૫, 'ગોવિંદ રત્નામ બંગલોઝ' વિસ્તાર તરીકે જાણીતું, સ્થિત માવડી રેવન્યુ સર્વે નં. ૫૬ સબ જિ. અને રજિ. જિ. રાજકોટ રાજ્ય ગુજરાત અને **આ મુજબની ખૂંટ : પૂર્વ** : બંગલો નં.૫૩, જેની આગળ ૫-૦૪ મી. ક્ષેત્રફળ, **પશ્ચિમ** : ૭-૫૦ મી. પહોળો રોડ જેની આગળ ૫-૦૪ મી ક્ષેત્રફળ, **ઉત્તર** : બંગલો નં.૪૬, જેની આગળ ૧૫-૨૫ મી. ક્ષેત્રફળ, **દક્ષિણ** : બંગલો નં.૪૪, જેની આગળ ૧૫-૨૪ મી. ક્ષેત્રફળ

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)** ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)** ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફસ્ટ બેન્ક લિમિટેડ
તા. : ૨૫/૦૮/૨૦૨૧
સ્થળ : રાજકોટ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીક જાણીતી)

UPSCમાં ભાજપના પ્રશ્નો બાદ બંગાળની સિવિલ સર્વિસ પરીક્ષામાં સાવરકર, NRC અને ટુલ કિટ અંગેના પ્રશ્નો પૂછાયા

વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદોનું માનવું છે કે UPSCએ બંગાળ ચૂંટણી હિંસા અંગેનો પ્રશ્ન પૂછ્યા બાદ હવે જેવા સાથે તેવાની નીતિ અપનાવીને પ.બંગાળની મમતા સરકારે સાવરકર અને NRC અંગેના પ્રશ્નો પૂછ્યા

(એજન્સી) તા.૨૪

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર અને પ.બંગાળમાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીની સરકાર વચ્ચે જે હાઇ વોલ્ટેજ રાજકીય જંગ ચાલી રહ્યો છે તે હવે સિવિલ સર્વિસ પરીક્ષાના પ્રશ્ન પેપર સુધી પહોંચી ગયો છે. ઘણા વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદોને જણાયું છે તેમ જેવા સાથે તેવાના એક કૃત્યમાં જેમ યુપીએસસીની પરીક્ષામાં પ.બંગાળ હિંસા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો તેમ હવે પ.બંગાળની સિવિલ સર્વિસ પરીક્ષામાં એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે ક્યા સ્વાતંત્રસેનાનીએ જેલમાંથી બ્રિટીશ પ્રશાસનને દયાની અરજી કરી હતી ? આ પ્રશ્નનો સાચો જવાબ વિનાયક દામોદર સાવરકર છે કે જેઓ ભાજપના વૈચારીક ગુરુ અને આરએસએસના વૈચારીક સ્રોત હતાં. આ પ્રશ્ન પેપરમાં નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન્સ (એનઆરસી) અને ટુલ કીટ અંગેની સ્થિતિ અંગે પણ પૂછવામાં આવ્યું છે કે જે બે મુદ્દાને કારણે વૈશ્વિક વિવાદમાં નરેન્દ્ર મોદી સરકારની બદનામી થઇ હતી. યુપીએસસીના પ્રશ્ન પેપરમાં બંગાળની ચૂંટણી અંગે પૂછાયા બાદ મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ વ્યંગ કરતાં એવો આક્ષેપ કર્યો હતો કે યુપીએસસી ભાજપના પ્રશ્નો પૂછી રહી છે. તેમણે કોલકાત્તામાં પત્રકારોને જણાવ્યું હતું કે યુપીએસસી એક સમયે નિષ્પક્ષ સંસ્થા હતી, પરંતુ હવે ક્યા પ્રશ્નો પૂછવા તે પણ ભાજપ

તેને આપે છે. કિસાનોના આંદોલન અંગેનો પ્રશ્ન પણ રાજકીય પ્રેરીત હતો. ભાજપ હવે યુપીએસસી જેવી સંસ્થાઓનો વિનાશ વેરી રહી છે. રવિવારની પ.બંગાળ સિવિલ સર્વિસની પરીક્ષામાં સાવરકર અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર જેમણે પરીક્ષા આપી હતી એવા કેટલાકે કોમેન્ટ કરી હતી કે યુપીએસસીની પરીક્ષામાં પ.બંગાળની ચૂંટણી હિંસા માટેનો પ્રશ્ન મોદી સરકારે પૂછાવ્યાં બાદ હવે મમતાએ તેનું વેર વાળ્યું છે. પ.બંગાળ સિવિલ સર્વિસ પરીક્ષાના પ્રશ્નપત્રમાં એક એવો પણ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે ગતિધારા યોજના હેઠળ લાભાર્થીને મહત્તમ કેટલી સરકારી સબસિડી મળી શકે ? એ જ રીતે આ પરીક્ષામાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીની યોજના સબુજ સાથી અંગે પણ પ્રશ્ન પૂછવામાં આવ્યાં હતાં.

અમેરિકાની વસ્તી ગણતરીના અદ્યતન ડેટા વંશીય અને જાતિવાદી વિવિધતા અંગે શું જાહેર કરે છે અને ભારતે તેના પરથી હવે શું શીખવાનું છે ?

ભારતના કિસ્સામાં જાતિગત વસ્તી ગણતરી આપણને વસ્તીલક્ષી વ્યાકરણને સમજવા માટે સક્ષમ કરશે કે જેના દ્વારા રોજબરોજના સંદર્ભમાં આપણને જ્ઞાતિવાદનો અનુભવ અને અનુભૂતિ થઇ રહ્યા છે

(એજન્સી) તા.૨૩

૨૦૨૦ની અમેરિકાની વસ્તી ગણતરીના તાજેતરમાં જારી કરાયેલા ડેટા ૧થી વધુ કારણોસર ઐતિહાસિક છે. જાતિ અને વંશીયતા અંગેના વસ્તી ગણતરીના તારણો ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે આ તારણો દ્વારા અમેરિકાના ઇતિહાસમાં પ્રથમવાર એવું બહાર આવ્યું છે કે શ્વેત લોકોની વસ્તી ઘટી ગઇ છે.

૨૦૧૦થી ૨૦૨૦ વચ્ચે અમેરિકાની શ્વેત લોકોની વસ્તી ૬૩.૭ ટકા હતી તે ઘટીને ૫૭.૮ ટકા થઇ ગઇ. આમ એકંદરે શ્વેતોની વસ્તીમાં ૯ ટકાનો ઘટાડો નોંધાયો છે. બીજી બાજુ અન્ય રંગ ધરાવતાં લોકોની વસ્તીમાં ૨૦૧૦માં અમેરિકાની કુલ વસ્તીના ૩૪ ટકા હતાં તે વધીને હવે ૪૩ ટકા થઇ ગયાં. આનો અર્થ એ થયો કે ૨૦૧૦-૨૦૨૦ વચ્ચે અમેરિકાનો વસ્તી વિકાસ લેટીનો કે હિસ્પેનિક, બ્લેક (અશ્વેત), એશિયન અમેરિકન, નેટીવ અમેરિકન, નેટીવ હવાઇયન કે પેસિફિક આઇલેન્ડર ઉપરાંત બે કે અન્ય વધુ વંશીય લોકો દ્વારા પ્રેરીત છે.

બીજી બાજુ ૧૭૯૦માં અમેરિકાની વસ્તી ગણતરી શરુ થઇ ત્યારથી અત્યાર સુધીમાં નોન-હિસ્પેનીક વ્હાઇટ્સની સંખ્યામાં ઘટાડો થયો છે. ૨૦૧૦થી ૨૦૨૦ વચ્ચે પોતાને લેટીનો અથવા હિસ્પેનીક ગણાવતાં લોકોની સંખ્યા ૧૬.૩ ટકા હતી તે વધીને ૧૮.૭ ટકા થઇ. એશિયન અમેરિકનોની વસ્તીમાં પણ સારો એવો વધારો થયો છે. ૨૦૧૦માં તેમની વસ્તી ૪.૭ હતી તે વધીને ૫.૯ ટકા થઇ. તેના સંદર્ભમાં અશ્વેતનું પ્રમાણ તુલનાત્મક રીતે યથાવત રહ્યું કહેવાય. ૨૦૧૦માં તેમની વસ્તી ૧૨.૨ ટકા હતી તે ૨૦૨૦માં ૧૨.૧ ટકા થઇ. વ્યાપક રીતે જોઇએ તો ૧૯૮૦માં અમેરિકાની રાષ્ટ્રીય વસ્તીમાં શ્વેત લોકોની વસ્તી ૮૦ ટકા હતી અને અશ્વેત લોકોની ૧૧.૫ ટકા હતી તેમજ લેટીનો કે હિસ્પેનીક્સની ૬.૪ ટકા હતી. પરંતુ ચાર દાયકા બાદ અમેરિકાની વસ્તીલક્ષી માળખુ નોંધપાત્ર રીતે બદલાઇ ગયું છે. એટલું જ નહીં ૫૦ લાખથી વધુ લોકો એવા નોંધાયેલા છે કે જેઓ મૂળભૂત રીતે એશિયાથી આવે છે. અમેરિકન વસ્તી બ્યુરોએ ૨૦૨૦ની વસ્તી ગણતરીના પહેલા વિસ્તૃત પરિણામોને ૧૦ વર્ષ પહેલાની દેશની વસ્તીના ડેટા સાથે તુલનાત્મક માહિતી રજૂ કરી છે. અમેરિકામાં વંશીય અને જાતિય વૈવિધ્યની તરફેણમાં વસ્તીલક્ષી વ્યાપક બદલાવ થવા છતાં એ યાદ રાખવું જોઇએ કે ૨૦૧૦થી ૨૦૨૦ના સમયગાળામાં અમેરિકાના ઇતિહાસમાં વસ્તી વધારાના દરનો બીજા નંબરનો સૌથી ધીમો સમયગાળો હતો. એટલે કે વસ્તી વધારો નાટકીય રીતે છેલ્લા દાયકામાં ધીમો પડી ગયો છે. આ ઉપરાંત રાષ્ટ્રના ઇતિહાસમાં શ્વેત વસ્તીનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. વસ્તી ગણતરીના નિષ્ણાતોએ એવી તાકીદ કરી છે કે શ્વેત લોકોની વસ્તીમાં આટલો મહદ્અંશે ઘટાડાનું કારણ કદાચ એ હકીકત છે કે શ્વેત અમેરિકાનો સહિત હવે લોકો સ્વયંને બહુવંશીય કે બહુજાતિય ગણાવે છે. ૨૦૦૦માં પ્રથમ વખત અમેરિકનોને સ્વયંની ઓળખ માટે એક કરતાં વધુ જાતિના વિકલ્પો આપવામાં આવ્યાં હતાં તેના પરિણામે ૨૦૧૦થી ૨૦૨૦ દરમિયાન સ્વયંને મલ્ટી રેશીયલ તરીકે ઓળખ આપતાં લોકોની સંખ્યા ૯ મિલીયનથી ત્રણ ગણી થઇને ૩૩.૮ મિલીયન થઇ ગઇ હતી કે જેઓ હવે અમેરિકન વસ્તીના ૧૦ ટકા જેટલા લાકો છે. ૨૦૨૦ના વસ્તી ગણતરીના ફોર્મમાં પ્રથમ વખત લોકોને પોતાની ઉત્પત્તિના મૂળ અંગે વધુ માહિતી આપવા માટે જણાવાયું હતું. એટલે કે માત્ર શ્વેત અને અશ્વેત જ નહીં પરંતુ તેઓ જર્મન, આઇરીશ, આફ્રિકન અમેરિકન, હૈતિયન, સોમાલિયન વગેરે જણાવવાનું તેમને કહેવામાં આવ્યું હતું. ૨૦૨૦ની વસ્તી ગણતરીમાં વંશીય રીતે સંવેદનશીલ નીગ્રોની કેટેગરી પડતી મૂકવામાં આવી હતી તેના બદલે શ્વેત કે આફ્રિકન અમેરિકન એવો વિકલ્પ આપવામાં આવ્યો હતો. વસ્તી ગણતરીના પ્રવાહો પરથી એક અન્ય હકીકત એ બહાર આવી હતી કે વિવિધ વર્ણના

લોકોમાં હવે અમેરિકાના ૧૮ વર્ષથી ઓછી વયની યુવા વસ્તીના અડધા કરતાં વધુ લોકોનો તેમાં સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન બ્લેક, અમેરિકન ઇન્ડિયન, નેટીવ આઇલેન્ડર અને શ્વેત યુવાનોમાં નજીવો ઘટાડો થયો હતો. ૨૦૨૦માં રાષ્ટ્રની કુલ યુવા વસ્તીમાં ૨૫.૭ ટકા હીસ્પેનિક યુવાનો અથવા લેટીનો હતા અને ૧૩.૨ ટકા અશ્વેત યુવાનો હતા. છેલ્લા એક દાયકા કરતાં વધુ સમયમાં લેટીનો બુમના કારણે જુદા જુદા વર્ણ કે રંગની વસ્તીઓમાં એકંદરે વધારો થયો હતો પરંતુ વાસ્તવમાં વ્યક્તિગત વંશીય અને જાતિય લઘુમતીના વૃદ્ધિદરમાં પણ ઘટાડો થયો છે. પ્યુ રીસર્ચ સેન્ટરના સંશોધકોના જણાવ્યા અનુસાર અહીં મહત્વનું પરિબળ છેલ્લા એક દાયકામાં ખાસ કરીન ટ્રમ્પના શાસનકાળ દરમિયાન મેક્સિકોમાંથી ઇમિગ્રેશનનો એકંદરે ઘટાડો થયો હતો જેના કારણે અમેરિકામાં હીસ્પેનિક મહિલાઓ દ્વારા જન્મ દરની વાર્ષિક સંખ્યા ઘટી છે. ૨૦૦૦માં છેલ્લા બે દાયકામાં વંશીય અને જાતિય ઓળખ ઘટી છે. ૯૩ ટકા લોકોએ માત્ર બ્લેક તરીકેની સ્વયંની વંશીય ઓળખ આપી છે. ૨૦૧૯માં ૮૭ ટકાએ પોતાની જાતિને માત્ર બ્લેક તરીકે અને પોતાની વંશીયતાને નોન-હિસ્પેનીક તરીકે દર્શાવી હતી. જ્યારે ૮ ટકાએ તેમની જાતિ બ્લેક ગણાવી હતી. અન્ય ૫ ટકાએ સ્વયંને બ્લેક અને હિસ્પેનિક અથવા બ્લેક હીસ્પેનિક તરીકે ઓળખાવ્યાં હતાં. આ પ્રકારના અદ્ભૂત અને ક્યારેક વિરોધાભાસી પ્રવાહોના સંદર્ભમાં આપણને પૂછવાનું મન થાય છે કે આજે અમેરિકામાં વધતી જતી મલ્ટી રેશીયલ ઓળખ શું દર્શાવે છે ? શું તેના કારણે લઘુમતીઓ પર જાતિવાદ અને જાતિવાદ સંબંધીત અસરો ઘટી છે ? આ સંદર્ભમાં ૨૦૨૧ના ૭૮ રાષ્ટ્રોના શ્રેષ્ઠ દેશોના રિપોર્ટમાં અમેરિકા ૬૯માં ક્રમે જાતિય સમાનતાના માપદંડના આધારે આવ્યું હતું એટલે કે બ્રાઝિલ, દ.આફ્રિકા, ચીન, ઇજિપ્ત અને ભારતથી પણ અમેરિકા પાછળ હતું. આ પ્રવાહો જોતાં આપણે એ ધ્યાનમાં રાખવું પડશે કે જાતિય અસમાનતા પરના આ પ્રકારના આંકડા માત્ર જાતિવાદના કૃત્યોને આવરી લે છે. સાથે સાથે એ પણ નોંધનીય છે કે જાતિ અમેરિકન સમાજના સ્ટ્રકચરીંગમાં મૂળભૂત ભૂમિકા ભજવે છે પરંતુ તે વસ્તી ગણતરીના ડેટાને તરોડી મરોડીને વિકૃત રીતે રજૂ કરે છે. ૧૯૯૦ની વસ્તી ગણતરીમાં અશ્વેત સમુદાયોની ઓછી વસ્તી દર્શાવાઇ હતી. જેમ કે આફ્રિકન અમેરિકનમાં ૪ ટકા જેટલો ઘટાડો દર્શાવાયો હતો. આ માહિતીને કે ડેટાને ૨૦૨૨માં હાઉસ કંટ્રોલ માટે થનારી ચૂંટણી સાથે પણ જોડીને જોવામાં આવી રહ્યાં છે કે જેના કારણે નેતાઓના અંકગણિત ઊંધા-ચત્તા થઇ ગયાં છે.

ભારતે અમેરિકાના વસ્તી ગણતરીના ડેટા પરથી શું શીખવાનું છે ?

ભારતે પણ આ ડેટા પરથી કેટલુંક શીખવાનું છે. વંશવાદ અને જ્ઞાતિવાદની માળખાગત વાસ્તવિકતાઓ અને જટિલતાઓનું ખરા અર્થમાં વૈવિધ્યકરણ થઇ રહ્યું છે અને તેનું એક વધુ નવતર સ્વરુપ બહાર આવી રહ્યું છે. ભારતના કિસ્સામાં જ્ઞાતિની વસ્તી ગણતરી આપણને વસ્તીલક્ષી વ્યાકરણને સમજવા માટે સક્ષમ કરશે કે જેના દ્વારા રોજબરોજના સંદર્ભમાં જ્ઞાતિવાદનો અનુભવ થઇ રહ્યો છે.

ભારતમાં તાજેતરમાં જાતિગત વસ્તી ગણતરીના મામલે જે માગણી થઇ રહી છે અને જે વિવાદ છેડાયો છે અને વર્તમાન સરકાર તેનો ઇન્કાર કરી રહી છે તે બતાવે છે કે ઐતિહાસિક રીતે જેઓ વંચિત છે અને વસ્તી ગણતરીના ડેટામાં જેઓ બહુમતી (બહુજન) છે તેમની ચિંતા અને સમસ્યાઓ રાજકીય રીતે, ફિલોસોફીકલ રીતે અને વ્યવહારુ રીતે હલ કરવા બાબતે સરકારની પોતાની ક્ષમતાનો અભાવ છે. બીજી બાબત એ છે કે તેમના માટે જ્ઞાતિ એક જ માત્ર ઉપલબ્ધ સંસાધન છે જેના આધારે નૈતિક અને ભૌતિક દાવાઓ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રી સતિષ દેશપાંડેએ જણાવ્યા મુજબ જ્ઞાતિ અંગેના પ્રમાણિત ડેટા અને માહિતીના અભાવની જ્ઞાતિના વિશેષાધિકારો અને તેમની સત્તા પર વિપરીત અસર કરી શકે છે.

સંપૂર્ણતઃ જાતિગત વસ્તી ગણતરી માટે જેઓ ઇન્કાર કરી રહ્યાં છે તેમને જ્ઞાતિની વધતી જતી હાજરીનો ડર લાગી રહ્યો છે જેની પાછળના ઘણા કારણો છે. પ્રથમ તો બ્રાહ્મણવાદી ભય પ્રવર્તે છે અને તેમને ડર છે કે તેના કારણે સવર્ણો લઘુમતીમાં આવી જશે. વાસ્તવમાં અત્યારે ભારતમાં બ્યુરોક્રેટીક અને રાજકીય ક્ષેત્રે સવર્ણોનો સિંહફાળો છે. સવર્ણોને બીજો ડર એ છે કે તેમને ચૂંટણીમાં માર પડશે. ત્રીજું કારણ એ છે કે જાતિગત વસ્તી ગણતરી અટકાવીને સંભવતઃ જાતિ આધારીત જોડાણો વધુ મજબૂત થશે. ચોથું કારણ એ છે કે સવર્ણોને એવો ડર છે કે જાતિગત વસ્તી ગણતરીથી આરક્ષણનું સંતુલન ઊંધુ ચત્તુ થઇ જશે અને તેના કારણે આમજનતા અને સરકારની સંકુચિતતા ઉઘાડી પડી જશે. પાંચમી બાબત એ છે કે જ્ઞાતિઓ વચ્ચે અસમાનતા ઉપરાંત જ્ઞાતિઓની અંદર સુયોજિત અસમાનતાના પુરાવા વધી રહ્યાં છે.

તાજેતરમાં ઓબીસી યાદીને લઇને ૧૨૭માં બંધારણીય સુધારા કરવામાં આવેલ છે તે પણ સરકારને નૈતિક રીતે ફરજ પાડે છે કે સરકારે હવે સંપૂર્ણકક્ષાની જાતિગત વસ્તી ગણતરી હાથ ધરવી જોઇએ. અમેરિકામાં વગદાર શ્વેત લોકો અને રુઢીચુસ્તો જાતિ અને વંશીયતા પરના તાજેતરના વસ્તી ગણતરીના પરિણામોથી વ્યગ્ર છે અને તેઓ અમેરિકાને તેનાથી શું શું નુકસાન થયું છે એવી ખોટી ભ્રમણા ઊભી કરવા માટે વસ્તીલક્ષી વૈવિધ્યકરણના ડેટાનો ઉપયોગ કરી રહ્યાં છે. ભારતમાં પણ સર્વગ્રાહી જાતિગત વસ્તી ગણતરીના સીધા ઇન્કાર પાછળ ઘર કરી ગયેલ બ્રાહ્મણવાદી વલણ જવાબદાર છે જે સમકાલિન ભારતના જ્ઞાતિ રહિતતા પર ભાર મૂકી રહ્યાં છે. બંને કિસ્સાઓમાં વંશવાદ અને જ્ઞાતિવાદની માળખાગત વાસ્તવિકતાઓ અને જટિલતાઓનું ખરા અર્થમાં વધુ નવતર વૈવિધ્યકરણ થઇ રહ્યું છે. સર્વગ્રાહી વસ્તી ગણતરી આ વિશેષાધિકાર રાજકીય પદ ધરાવતાં વગદાર લોકોની અસંગતતાઓ અને વિચિત્રતાઓને ઉઘાડી પાડશે. ભારતના કિસ્સામાં જાતિગત વસ્તી ગણતરી આપણને વસ્તીલક્ષી વ્યાકરણને સમજવા માટે સક્ષમ કરશે કે જેના દ્વારા રોજબરોજના સંદર્ભમાં આપણને જ્ઞાતિવાદનો અનુભવ અને અનુભૂતિ થઇ રહ્યાં છે.

- નિખિલ પાંધી

(લેખક પ્રિન્સ્ટન યુનિવર્સિટી ખાતે મેડિકલ અને કલ્ચરલ એન્થ્રોપોલોજીમાં ડોક્ટરલ ઉમેદવાર છે.)

(સૌ. : સ્ક્રોલ.ઇન)

અફઘાનિસ્તાનમાં ભારત, ચીન અને પાકિસ્તાનના સ્પર્ધાત્મક હિતો

ભારત ૧૯૯૬થી ૨૦૦૧ દરમિયાન સત્તારૂઢ તત્કાલીન તાલિબાનરાજની અને તેની પાકિસ્તાન સાથેની સાંઠગાંઠ અંગેની કડવી યાદો ભૂલ્યું નથી

(એજન્સી) તા.૨૪

રશિયા અને બ્રિટીશ સામ્રાજયો અફઘાનિસ્તાનના મામલે ૧૯મી સદીમાં બાખડ્યાં હતાં અને ૨૦મી સદીમાં અમેરિકા અને સોવિયેત સંઘ તેને મામલે યુદ્ધે ચડ્યાં હતાં. તાલિબાને હવે જ્યારે આ વ્યૂહાત્મક રાષ્ટ્રનો કબજો લીધો છે ત્યારે હવે પાકિસ્તાન અને ચીન વચ્ચે એક નવો ખેલ શરુ થઇ ગયો છે કારણ કે નવા ખેલમાં પાકિસ્તાનનો કંટ્રોલ જોઇને ચીન હવે આ પ્રદેશ પર પોતાની પક્કડ જમાવવા માગે છે. પાકિસ્તાનને તાલિબાન સાથે ગહન સંબંધો છે અને તેના પર આ આતંકી જૂથને સમર્થન આપવાનો આરોપ મૂકાયો છે. જો કે આ આક્ષેપો ઇસ્લામાબાદે ફગાવી દીધાં છે. ગત સપ્તાહે જ્યારે તાલિબાને કાબુલ પર કબજો જમાવ્યો ત્યારે પાકિસ્તાનના વડાપ્રધાન ઇમરાનખાને જણાવ્યું હતું કે અફઘાને ગુલામીની ઝંઝીરો તોડી નાખી છે. તાલિબાનોએ પોતાની સરકારનું મોડલ તૈયાર કરવા ચર્ચાઓ શરુ કરી કે મીડિયા રિપોર્ટમાં એવું જણાવાયું કે તેમાં કેટલાક પાકિસ્તાની અધિકારીઓ પણ સંડોવાયા છે. ચીન અગાઉ અફઘાનિસ્તાન સાથે સંકળાયેલ ન હતું પરંતુ પાકિસ્તાન સાથે મજબૂત જોડાણ ધરાવે છે એટલે ચીને તાલિબાનને દેશના ખનિજના ખજાનાથી લલચાઇને પ્રલોભન આપ્યું છે કારણ કે ત્યાં લિથિયમનો પણ વિશાળ ભંડાર હોવાથી ઇલેક્ટ્રીક વાહનોનો તે મહત્વનો ભાગ હોવાથી ચીનને હવે અફઘાનિસ્તાનનું પ્રલોભન થયું છે. જો કે ચીન એવું કહે છે કે તાલિબાન સુધી પહોચ બનાવવાનો તેનો મુખ્ય હેતુ પશ્ચિમ શિનજિયાંગ પ્રાંતને ચીન વિરોધી ઇસ્ટ તુર્કિસ્તાન ઇસ્લામિક મૂવમેન્ટ

(ઇટીઆઇએમ)ના ત્રાસવાદીઓથી બચાવવાનો છે કારણ કે તેઓ હવે અફઘાનિસ્તાનમાં રાજ્યાશ્રય માગી શકે છે. પાકિસ્તાન ભારત વિરુદ્ધ અફઘાનિસ્તાનને ટેકો આપીને પોતાની સ્થિતિ મજબૂત કરવા માગતું હશે પરંતુ ચીનના કિસ્સામાં આવું નથી એવું સિચુઆન યુનિવર્સિટીના સાઉથ એશિયન સ્ટડીઝના પ્રો.જાન્ગ લીએ જણાવ્યું છે. ચીનની મુખ્ય ચિંતા હવે એક સર્વસમાવેશક અને મવાળવાદી શાસનની રચના તાલિબાન કરે એ બાબતે છે કે જેથી ત્રાસવાદ શિનજિયાંગ સુધી પહોંચે નહીં. અમેરિકન સરકાર કહે છે કે ઇટીઆઇએમ વિધિવત સંગઠન તરીકે અસ્તિત્વ ધરાવતું નથી. પરંતુ તેના બદલે ચીનનો ઇરાદો શિનજિયાંગ પ્રાંતમાં ઉઇગર સહિતના મુસ્લિમ વંશીય સમુહોને હેરાન કરવા માટે તેનો ઉપયોગ કરવા માગે છે. આમ અફઘાનિસ્તાનમાં ભારત, ચીન અને પાકિસ્તાનને પોતપોતાન સ્પર્ધાત્મક હિતો છે. ભારતને ૧૯૯૬થી ૨૦૦૧ વચ્ચે અફઘાનિસ્તાન પરના તત્કાલીન તાલિબાનરાજની કડવી યાદો છે અને એ જ રીતે પાકિસ્તાન સાથે તાલિબાનની સાંઠગાંઠ પણ ભારત માટે ચિંતાજનક છે. ૧૯૯૯માં ઇન્ડિયન એરલાઇન્સનું વિમાન હાઇજેક કરીને દક્ષિણ અફઘાનિસ્તાનના કંદહારમાં લઇ જવાયું હતું અને એ વખતે નવી દિલ્હીને પ્રવાસીઓની સુરક્ષા અને વાપસીના બદલામાં પાકિસ્તાનના ત્રણ ખૂંખાર આતંકવાદીઓને છોડવા પડ્યાં હતાં અને તાલિબાને હાઇજેકર્સને અને છોડાયેલા કેદીઓને પાકિસ્તાન લઇ જવા દીધાં હતાં. આ ઉપરાંત ભારતના અફઘાનિસ્તાનના તમામ ૩૪ પ્રાંતમાં વિકાસકીય પ્રોજેક્ટ્સ પણ છે કે જેમાં કાબુલની સંસદીય ઇમારતનો પણ સમાવેશ થાય છે.

દિલ્હીના રમખાણોને ષડયંત્ર ગણાવીને ઉમર ખાલિદે જણાવ્યું કે પોલીસના નિવેદનોમાં વિરોધાભાસ છે

દિલ્હી પોલીસે તાજેતરમાં એવું જણાવ્યું હતું કે ઉમર ખાલિદની જામીન અરજીમાં કોઇ મેરીટ્સ નથી અને કેસમાં દાખલ કરવામાં આવેલ ચાર્જશીટનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે તે ઉમર ખાલિદ વિરુદ્ધ પ્રથમદર્શીય કેસ હોવાનું દર્શાવશે

(એજન્સી) તા.૨૪

જેએનયુના વિદ્યાર્થી નેતા ઉમર ખાલિદે સોમવારે જણાવ્યું હતું કે ઉત્તર પૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણો એક સાઝીશ હતાં. ખાલિદે જણાવ્યું છે કે દિલ્હી પોલીસના દાવામાં કેટલાય વિરોધાભાસ છે. ખાલિદ આ રમખાણોનો આરોપી છે અને તેની યુએપીએ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ખાલિદ અને અન્ય કેટલાક લોકોની વિરુદ્ધ યુએપીએ હેઠળ કેસ નોંધવામાં આવ્યાં હતાં. તેમના પર ફેબ્રુ.માં થયેલા રમખાણોની સાઝીશ કરવાનો આરોપ છે. આ રમખાણોમાં ૫૩ લોકોએ જીવ ગુમાવ્યાં હતાં જ્યારે ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયાં હતાં. ખાલિદે આ કેસમાં જામીન માગ્યાં છે. ખાલિદના વકીલ ત્રિદિપ પૈસે એડિશનલ સેશન્સ જજ અમિતાભ રાવતને જણાવ્યું હતું કે એફઆઇઆર મનઘડંત અને બિનજરુરી છે અને જેનો ઉપયોગ તેના અસીલને પસંદગીના આધારે નિશાન બનાવવામાં આવ્યો છે. આ આખો કેસ ઉપજાવી કાઢીને ઊભો કરવામાં આવેલ છે. વકીલે દિલ્હી પોલીસના દાવામાં બે વિરોધાભાસ હોવાનો સંકેત આપ્યો છે. તેમણે સૌપહેલા અદાલતને મહારાષ્ટ્રમાં ખાલિદના ભાષણનો ૨૧ મિનિટનો વિડિયો બતાવ્યો હતો જેને ફરિયાદી પક્ષે કહેવાતી રીતે ભડાકઉ હોવાનું ગણાવ્યું હતું. વિડિયો બતાવવાના ક્રમમાં વકીલે અદાલતમાં જણાવ્યું હતું કે તેમના અસીલે ભાષણના માધ્યમથી હિંસા માટે કોઇ હાકલ કરી ન હતી અને વાસ્તવમાં લોકોને એકતાનો

સંદેશ આપ્યો હતો. ઉમર ખાલિદના વકીલે વધુમાં જણાવ્યું હતું કે એ દિવસે ઉમર ખાલિદે ગાંધીજી પર આધારીત એકતાનો સંદેશો આપ્યો હતો અને તેને આતંક ગણાવવામાં આવ્યો છે. સામગ્રી દેશદ્રોહી નથી. ઉમર ખાલિદ લોકતાંત્રિક સત્તાની વાત કરી રહ્યાં હતાં અને તેમણે ગાંધીનો પણ ઉલ્લેખ કર્યો હતો. બીજી તેમણે એવી દલીલ કરી છે કે પોલીસના કેસ અનુસાર ખાલિદે ૮,જાન્યુ.ના રોજ અન્ય આરોપીઓ સાથે મળીને અમેરિકાના પૂર્વ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત યાત્રા દરમિયાન રમખાણો ભડકાવવાની સાઝીશ રચી હતી. જો કે ટ્રમ્પની ભારત યાત્રા અંગેની જાહેરાત ફેબ્રુ.માં કરવામાં આવી હતી. આ એવા પ્રકારનું જૂઠ છે જે તેઓ ફેલાવી રહ્યાં છે. આ એક મજાક છે. આ એફઆઇઆર મનઘડંત છે. શું કોઇ વ્યક્તિ વિરુદ્ધ પ્રોસિડીંગ આટલા સરળ છે ? શું ફરિયાદી પક્ષ તરીકે તમારી કોઇ જવાબદારી નથી બનતી ? વગેરે સવાલો ઉમર ખાલિદના વકીલે કોર્ટમાં ઉઠાવ્યાં છે. ખાલિદ ઉપરાંત જેએનયુની વિદ્યાર્થિની નતાશા નરવાલ અને દેવાંગના કાલિતા, જામિયા સમન્વય સમિતિની સભ્ય સફુરા ઝરગર, આમ આદમીના પૂર્વ કોર્પોરેટર તાહીર હુસૈન અને અન્ય વિરુદ્ધ પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે તાજેતરમાં એવું જણાવ્યું હતું કે ઉમર ખાલિદની જામીન અરજીમાં કોઇ મેરીટ્સ નથી અને કેસમાં દાખલ કરવામાં આવેલ ચાર્જશીટનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે તે ઉમર ખાલિદ વિરુદ્ધ પ્રથમદર્શીય કેસ હોવાનું દર્શાવશે.

ઉમરના વકીલે ૮ જાન્યુ.ની ષડયંત્ર બેઠકના આક્ષેપને ફગાવી દીધો અને આ કેસ ઉપજાવી કાઢેલ હોવાનું જણાવ્યું

ઉમર ખાલિદના વકીલે જણાવ્યું કે આ FIR હેઠળ દાખલ કરાયેલ તમામ નિવેદનો 'આફટરથોટ' છે

(એજન્સી) તા.૨૪

જેમાં યુએપીએ લગાવવામાં આવ્યું છે તે એફઆઇઆર ૫૯ હેઠળ ચાલી રહેલ ઉમર ખાલિદની જામીનની સુનાવણી દરમિયાન તેના સિનીયર એડવોકેટ ત્રિદિપ પૈસે જણાવ્યું હતું કે યુએપીએની જોગવાઇને કારણે ન્યાયતંત્રને કાર્યવાહી કરતા અક્ષમ બનાવવામાં આવેલ છે. વિધાનગૃહ, કારોબારી અને હવે તમે છો. આ સમીકરણમાં ન્યાયતંત્રને તેમનું કાર્ય કરતા અટકાવવામાં આવ્યાં છે. ન્યાયતંત્રનો અવિશ્વાસ પીએમએલએ, યુએપીએ વગેરે છે અને તેથી તમારા હાથ બંધાયેલા છે. આમ સરકારની ત્રીજી અને સૌથી મહત્વની પાંખને કાર્યવાહી કરવામાંથી અટકાવવામાં આવેલ છે. ન્યાયિક જગતમાં આવી એફઆઇઆર રજીસ્ટર્ડ થવી જ જોઇતી ન હતી એવું ત્રિદિપ પૈસેએ દિલ્હીની કરકરદુમા અદાલત ખાતે ૨૩, ઓગસ્ટ સોમવારે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું. સુનાવણી દરમિયાન પોલીસ સાઝીશની થિયરીમાં રહેલી ત્રુટીઓને પર્દાફાશ કરતાં ધ ક્વિન્ટના અહેવાલને પણ રીફર કરવામાં આવ્યો હતો. સુનાવણી માટે હાજર રહેનારાઓમાં ખાલિદના વકીલો- ત્રિદિપ પૈસે, સાનિયાકુમાર અને રક્ષંદા દેકા, એડિશનલ સેશન્સ જજ અમિતાભ રાવત અને પબ્લિક પ્રોસિક્યુટર અમિત મહાજન પણ ઉપસ્થિત હતા. ઉમર ખાલિદના વકીલે જણાવ્યું હતું કે ચુનંદી રીતે લોકોને નિશાન બનાવવા માટે એફઆઇઆર ૫૯નો મુસદ્દો તૈયાર કરાયો હતો. ૨૩ અને ૨૫,ફેબ્રુ. ૨૦૨૦ વચ્ચે ૭૦૦ એફઆઇઆર નોંધવામાં આવી હતી. એક પણ એફઆઇઆરમાં મારું નામ નથી અને પાછળથી ધરપકડ કરી હતી જે એફઆઇઆર પર હું જામીન પર છું. એફઆઇઆર ૫૯ જ્યારે નોંધવામાં આવી હતી ત્યારે ૬, માર્ચના રોજ કેસ ન હતો પરંતુ એપ્રિલ બાદ તમે કેસ ઉપજાવી કાઢ્યો હતો. ત્યારબાદ રમખાણ, હત્યાની વિવિધ કલમો હેઠળ ૭૫૦ એફઆઇઆર દાખલ કરાઇ હતી. તેમાં કોઇ વિવાદ નથી તેની તમે તપાસ કરો. મારી તમને રજૂઆત છે કે જ્યારે તે એફઆઇઆર દાખલ કરાઇ હતી ત્યારે વાસ્તવિક અપરાધ હતો. ૬,માર્ચ ૨૦૨૦ની એફઆઇઆરમાં આવા કોઇ ગુનાનો ઉલ્લેખ નથી. જે તમામ નિવેદનો નોંધવામાં આવ્યાં હતાં તે આફટરથોટ એટલે કે પાછળથી વિચારીને ઉમેરવામાં આવ્યાં છે. ટ્રમ્પની મુલાકાતને લઇને પોલીસનો દાવો પણ વિરોધાભાસી છે. સમગ્ર એફઆઇઆર ઉપજાવી કાઢવામાં આવેલ છે. હવે ઉમર ખાલિદના વકીલ પૈસ ૩, સપ્ટે. તેમની દલીલ આગળ ચાલુ રાખશે. આ કેસમાં પૈસે મહત્વની દલીલ એ કરી હતી કે ટ્રમ્પની મુલાકાતની જાહેરાત ૧૧, ફેબ્રુ.૨૦૨૦ના રોજ કરવામાં આવી હતી તેથી ઉમરને તેની પહેલા તો તેને અંગે જાણ ન થઇ હોય તે સ્વાભાવિક છે. વકીલ પૈસે સવાલ કર્યો હતો કે સાક્ષીએ ૨૧, મેના રોજ નિવેદન કઇ રીતે આપ્યું કે જેમાં મિટીંગનો કોઇ ઉલ્લેખ જ નથી ? જો તમને ૨૧, મેના રોજ મિટીંગના આયોજનની ખબર ન હોય તો પછી તમે ૨, જૂનના રોજ ચાર્જશીટ કઇ રીતે દાખલ કર્યુ ? ત્યાર બાદ તમારે નિવેદનની જરુર હતી આથી તમે સપ્લિમેન્ટરી ચાર્જશીટ દાખલ કર્યુ. ૨૭, સપ્ટે.એ જ સાક્ષીએ ૮,જાન્યુ.ની બેઠકનો ઉલ્લેખ કર્યો આમ ૮, જાન્યુએ યુએપીએના આરોપી ખાલિદ સૈફી, ઉમર ખાલિદ અને તાહીર હુસેન વચ્ચે બેઠક થઇ હતી એવી દલીલ કરવામાં આવી છે.

મહુધાના ચુણેલમાં ૧૭ લાખના કૌભાંડ મામલે બે તલાટી મંત્રી સહિત ૧૦ સામે ફરિયાદ

નડિયાદ, તા.૨૪

મહુધા પંથકમાં છેલ્લા કેટલાય દિવસોથી ચર્ચામાં રહેલ ચુણેલ ગામનું વાંસ પ્રોજેક્ટ કૌભાંડ મામલે આખરે આજે પોલીસ ફરિયાદ થઈ છે. વાંસ કૌભાંડનું પોપડું બહાર આવતાં સરકારી બાબુઓ સહિત દસ સામે કાર્યવાહી કરવા મહુધા પોલીસમાં ફરિયાદ નોંધાઈ જવા પામી છે. જેના પગલે ચકચાર મચી છે.

મળતી માહિતી મુજબ મહુધા તાલુકાના ચુણેલ ગામે ગોચર જામીન આવેલ હોઈ આ જમીન માં વાંસ પ્રોજેક્ટ માટે સન ૨૦૧૪ માં ગામ વિકાસ એજન્સી નડિયાદ દ્વારા મનરેગા યોજના હેઠળ આ પ્રોજેકટને લીલી ઝંડી મળી હતી રૂપિયા ૪૩૦૦૯૧૦ ની રકમ મંજૂર થઈ હતી અને તા ૪/૮/૧૪ ના રોજ કામગીરી શરૂ થઈ હતી આ કામગીરી તાવ૧૦/૯/૧૬ ના રોજ પૂરું થઈ હતી. આ કામ અંતર્ગત લેબર ખર્ચની રકમ અને માલ સામાન ખર્ચની રકમ મળી રૂપિયા ૧૭ ૬૩ ૬૩૦નો એકંદરે ખર્ચ થયો હતો. જીવંત ખાતાના અધિકારીઓ તલાટી કમ મંત્રી સરપંચ વગેરેના કામ પૂર્ણ થયાના રિપોર્ટ નિવેદનના આધારે આ રકમ ચૂકવાઈ ગઈ હતી. જો કે વર્ષ ૨૦૨૦માં ગામમાં રહેતા એક જાગૃત નાગરિક કમલેશ ચૌહાણ ની નજર માં આવ્યું હતું કે સરકારે આટલો ખર્ચ કર્યો છે છતાં પણ સ્થળ પર તો વાંસ દેખાતો નથી જેથી તેમણે મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં ઓનલાઈન અરજી કરતાં તેની તપાસ થઈ હતી અને આ સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. તે સમયના તત્કાલીન તાલુકા વિકાસ અધિકારી દ્વારા તપાસનો દોર શરૂ કરાયો હતો. જેથી સમગ્ર કૌભાંડ આચર્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

જે દરમિયાન મનરેગા યોજનાના હોદેદારો તથા પદાધિકારીઓ અને કર્મચારીઓ આ વાંસ પ્રોજેક્ટ કૌભાંડમાં ભ્રષ્ટાચાર કરી લાખો રૂપિયાના સરકારી નાણાંની ઉચાપત આચરી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. તપાસમાં કુલ રૂપિયા ૧૭ લાખ ૬૩ હજાર ૬૩૦ની રકમની ઉચાપત આચરી હોવાનું ઘટફોસ્ટ થયો હતો.

આ કૌભાંડ આચરનાર લોકોએ પ્રોજેક્ટ જ્યારથી શરૂ થયો ત્યારથી શ્રમીકોના ખોટા ખોટા ખાતા ખોલી, શ્રમીકોને અંધારામાં રાખી નાણાં ઉપાડી દસ્તાવેજોનો દુર ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત પોતે સરકારી અધિકારીઓ હોવા છતાં ફરજમાં નિષ્કાળજી દાખવતાં નાણાંનો ખોટી રીતે આર્થિક લાભ મેળવવા માટે ઈરાદાપૂર્વક કાવતરું રચ્યું હોવાનું બહાર આવ્યું છે. ચુણેલ ગામના ગરીબ ગ્રામીણ શ્રમીકોને જે લાભ મળવો જોઈએ એ નહી આપી વાંસ પ્રોજેક્ટ અંતર્ગતના ઉપરોક્ત રકમ ચાઉ કરી દેતાં ચકચાર જાગી છે. આ અંગે મહુધા પોલીસે તાલુકા પંચાયતના મદદનીશ ઈન્ચાર્જ અધિકારી તેજશ ઉદેસિંહ ગઢવીની ફરિયાદના આધારે કૌભાંડને અંજામ આપનાર ૧૦ વ્યક્તિઓ એમ. એમ. ચાવડા (તલાટી કમ મંત્રી-હાલ નિવૃત્ત, રહે. બામરોલી, તા.નડિયાદ), આર. એ. વાઘેલા (હાલના તલાટી કમ મંત્રી, રહે. રામોલ, તા.વસો), હસમુખ નાનાભાઈ પટેલ (પૂર્વ સરપંચ ચુણેલ, રહે. ચુણેલ, તા.મહુધા), મહેશ મણીભાઈ મકવાણા (પૂર્વ GRS, રહે.ચુણેલ, તા.મહુધા), ગણપતસિંહ રઈજીભાઈ (GRS, રહે. ખલાડી, તા. મહુધા), વિજય પ્રભાતસિંહ ભોજાણી (ટેકનીકલ આસીસ્ટન્ટ, રહે. સરસવણી, તા. મહેમદાવાદ), જીતેન્દ્ર રઘુનંદન ગોસાઈ (ટેકનીકલ આસીસ્ટન્ટ, રહે. હલધરવાસ, તા. મહેમદાવાદ), તેજશ શાહ (અધિક મદદનીશ ઈજનેર, હાલ તાલુકા પંચાયત, રહે. મહેમદાવાદ), પંકજ જે પ્રજાપતિ (APO, રહે. મહુધા), વિક્રમસિંહ રાઓલજી (તત્કાલીન ઉપ્યુટી સરપંચ, ચુણેલ, રહે. ચુણેલ) સામે પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગર ખેડૂતો સહાય માટે આજે આંદોલનનું રણશિંગું ફૂંકશે

સુરેન્દ્રનગર, તા.૨૪

સમગ્ર જિલ્લામાં દુષ્કાળ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હોય ત્યારે સરકાર દ્વારા હજુ સુધી સહાય ચૂકવવાની કોઈ જાહેરાત કરવામાં આવી નથી ત્યારે ચાલો સૌ સાથે મળી જિલ્લાનાં ખેડૂતોએ સુરેન્દ્રનગર મુકામે ખેતીવાડી અધિકારી જિલ્લા પંચાયત કચેરી ખાતે સવારે ૧૦ કલાકે તા.૨૬-૮-૨૧ને ગુરૂવારે અચુક હાજરી આપશો. ખેડૂતોએ જણાવ્યું કે આપણે લેખિતમાં રજૂઆત અનેક વખત કરી ચુક્યા છીએ પરંતુ આજદિન સુધી સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી ત્યારે આપણે સૌ સાથે મળીને રજૂઆત કરવાની હોય તો આપ હાજરી આપશો આ તકે ખેડૂતોનું તમામ પાર્ટીઓને જાહેર આમંત્રણ આપવામાં આવે છે કે સુરેન્દ્રનગર જિલ્લાનાં ખેડૂતોની હક્કની લડતમાં તમામ પાર્ટીનાં નેતાઓ, હોદેદારોને આમંત્રણ છે કે ખેડૂતોની લડતમાં સહભાગી બનશો.

સ્વાતંત્ર્ય સેનાની ૧૪મી પૂણ્યતિથિ નિમિત્તે બાળકોને ભોજન

સાપર ગામના રહેવાસી અને સ્વાતંત્ર્ય સેનાની એવાં દેવચંદભાઈ વનમાળી દાસ પુજારાની ૧૪મી પૂણ્યતિથિ નિમિત્તે સાપર ગામના બાળકોને બટુકભોજન કરાવીને તેમનાં સ્વતંત્રતા માટેની લડતની માહિતી શાળાનાં બાળકો આપવામાં આવી હતી. આ રીતે પૂણ્યતિથિ વર્ષોથી ઉજવવામાં આવે છે જેમાં તેમનાં પુત્ર નવિનભાઈ પુજારા પુત્રવધૂ સરોજબેન પુજારાએ ખાસ હાજરી આપી હતી. દેવચંદ શેઠ તરીકે આજુબાજુના ગામોમાં તેમની એક અલગ જ ઓળખ રહી હતી અને તેમનાં વિકાસલક્ષી કામગીરીને લઈ દશ ગામોમાં હજું પણ તેમની સુવાસ ફેલાયેલી હોય અને આદર પ્રેમ સાથે તેમને લોકો યાદ કરે છે.

ડો. યાસ્મિન આરીફભાઈ બાવાણીનું ગુજરાતનાં કેબિનેટ મંત્રી સૌરભભાઈ પટેલ દ્વારા કોરોના વોરિયર્સ તરીકે બજાવેલ ફરજો બદલ સ્વાતંત્ર્યદિનના રોજ સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

પાવીજેતપુરના સુખીડેમમાં પાણીનો સંગ્રહ ઘટ્યો, ખેડૂતો ચિંતિત

(તસવીર :- આશીફ ખત્રી, પાવીજેતપુર)

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૨૪

પાવીજેતપુર તાલુકાના સુખી ડેમ જીલ્લાના ખેડૂતો માટે જીવાદોરી સમાન છે. ચાલુ વર્ષે વરસાદ પ્રમાણમાં ખૂબ ઓછો જણાઈ રહ્યો છે. અને જેને લઈને જીલ્લાના ખેડૂતોની જીવાદોરી સમાન સુખીડેમમાં પણ પાણીનો સંગ્રહ ખૂબ ઓછો જોવા મળી રહ્યો છે. સુખી ડેમમાં પાણીનો સંગ્રહ ખૂબ ઓછો થતાં પંથકના ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. સુખીડેમના માધ્યમથી જીલ્લાની ૨૦ હજાર હેકટર જેટલી જમીનને સીંચાઈ માટે પાણી આપવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે વરસાદ ઓછો પડવાને કારણે ખેડૂતોમાં ચિંતા જણાઈ રહી છે. આગામી દીવસોમાં વરસાદ નહી પડે તો ખેડૂતોના મકાઈ, કપાસ, સોયાબીન અને ડાંગરના પાકને નુકસાન થયા તેવી ભીતી સેવાઈ રહી છે. ત્યારે જગતનો તાત હવે વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યો છે તેવામાં વહીવટીતંત્ર સુખીડેમમાથી ખેડૂતોને પાણી આપે તેવું ઈચ્છી રહ્યા છે. આમ, સુખીડેમની સપાટી આજે ૧૪૪.૨૧ મીટર એટલે એક ૫૬.૧૧ % છે. ગત વર્ષે આજના દીવસે ૧૪૬.૦૪ મીટર સપાટી હતી અને ૭૬.૧૮% સ્ટોરેજ હતું. જે ચાલુ વર્ષે ૨૦% જેટલું ઓછું છે.

અમરેલીના વરસડા ગામેથી દેશી રિવોલ્વર સાથે શખ્સ ઝડપાયો

અમરેલી, તા.૨૪

અમરેલી વરસડા ગામેથી એલસીબી પોલીસે દેશી બનાવટની રિવોલ્વર સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલી એલસીબી ઈંચાર્જ પીઆઈ આર.કે કરમટા તેમજ એસઓજી પીએસઆઈ મોરી સહિતનો સ્ટાફ અમરેલી તાલુકા પોલીસ હદમાં પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન વરસડા ગામના બસ સ્ટેન્ડમાં શંકાસ્પદ જણાતા ઈસમ નનકુ ખોડુ ધાધલ ઉવ-૩૪ રહે લુવારીયા તા.લાઠી હાલ સુરત વાળના કબ્જામાંથી દેશી બનાવટની ગેરકાયદેસર લાયસન્સ વગરની રિવોલ્વર મળી આવી હતી પકડાયેલ શખ્સે કોની પાસેથી રિવોલ્વર મેળવી હતી અને કોઈ અંજામ આપવાનો હતો તે બાબતે પૂછપરછ હાથ ધરી છે.

સુરત મ્યુ.કમિશનરને રજૂઆત કરાઈ

ઉત્રાણથી ભેસ્તાન રેલવે ઝૂંપડપટ્ટીના ગરીબોનો આવાસ યોજનામાં સમાવેશ કરવા રજૂઆત

સુરત, તા.૨૪

પશ્ચિમ રેલવે પ્રશાસન દ્વારા ઉત્રાણથી ભેસ્તાન રેલવે ઝૂંપડપટ્ટીનું મેઘા ડીમોલેશન કરવાનું નક્કી કરેલ હોય તે માનવતા દૃષ્ટિએ ગરીબોને આવાસ યોજનામાં સમાવેશ કરવા ઉત્રાણથી ભેસ્તાન રેલવે ઝૂંપડપટ્ટી વિકાસ મંડળ દ્વારા સુરત મ્યુ.કમિશનરને રજૂઆત કરાઈ છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ ઉત્રાણથી ભેસ્તાન રેલવે પરિસરના ઝૂંપડપટ્ટીમાં આશરે ૪૦થી ૪૫ વર્ષથી વસવાટ કરતા આવ્યા છીએ. અમો સુરત મહાનગરપાલિકાના સીધાવેરાના ટેક્ષ ચૂકવતા આવ્યા છીએ. અમારા પોતાના કુંટુબ કબિલાના આ સ્થળે આધાર પૂરાવા જેવા કે ચૂંટણી કાર્ડ, રાશન કાર્ડ, આધારકાર્ડ, બાળકોનો જન્મ પ્રમાણપત્ર જેવા આધાર પુરાવા ધરાવીએ છીએ અમોને ટોરેન્ટ પાવર તરફથી વીજ સપ્લાય આપવામાં આવેલ છે. આપને જણાવવાનું કે આપ દ્વારા તાપી નદીના તટ પર વસવાટ કરતા ઝૂંપડાવાસીઓને પાળા યોજનાના નામે ખસેડવામાં આવેલ ત્યારે મહાનગરપાલિકાએ સંચાલક દ્વારા માનવતાની દૃષ્ટિએ તેઓને આવાસી યોજનામાં સમાવેશ કરવામાં આવેલ તે જ પ્રકારે આપ અમો ગરીબ લાચાર લોકોને પણ આવાસી યોજનામાં સમાવેશ કરશો અને આપ નિયત કરેલ કિંમત અમો નિયમ પ્રમાણે ભરપાઈ કરીશું. તો અમારી અરજ છે કે, અમારી ઉપરોક્ત રજૂઆતને ધ્યાનમાં લઈ અમારા બાળકોને ભવિષ્યને ધ્યાનમાં લઈ અમો નિરાધાર ઉપર હાથ મૂકી આધાર બનશો અને યોગ્ય નિર્ણય લઈ અમોને પણ આવાસી યોજનામાં સમાવેશ કરશો તેવી અરજ છે.

સુરેન્દ્રનગરના સોમાસર નજીકનો બનાવ

અમદાવાદથી રાજકોટ ઈન્કમટેક્સના સર્વે માટે જઈ રહેલ ટીમનો અકસ્માત થતાં ૧૧ને ગંભીર ઈજા

સુરેન્દ્રનગર, તા.૨૪

સુરેન્દ્રનગર જિલ્લામાં રોજ બરોજ નાના-મોટા અકસ્માતો સર્જાયા કરતા હોય છે ત્યારે ખાસ કરી રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર અકસ્માતોની સંખ્યામાં છેલ્લા એક મહિનામાં નોંધપાત્ર રીતે વધારો થયો છે તેવા સંજોગોમાં સુરેન્દ્રનગર જિલ્લામાં અમદાવાદ થી રાજકોટ જતી ઈન્કમટેક્સની ટીમને સોમાસર ગામ પાસે અકસ્માત નડ્યો છે અકસ્માતના પગલે ઘટનાસ્થળે જગ્યા ૧૧ લોકોને ગંભીર ઈજા પહોંચવા પામી છે.

મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના સોમાસર ગામ પાસે આજે વહેલી સવારે અમદાવાદ થી રાજકોટ ઈન્કમટેક્સના દરોડા પાડવા જતી આખી ટીમને અકસ્માત નડ્યો છે ત્યારે વહેલી સવારે અમદાવાદથી રાજકોટ તરફ ફોર્સ કંપનીની ટ્રાવેલર ગાડી લઈ અને તપાસ કામગીરી માટે ઈન્કમટેક્સની ટીમ રાજકોટ તરફ જઈ રહી હતી તે સમયે સોમાસર ગામ પાસે વહેલી સવારે ડ્રાઈવરને ઝોકુ આવી જતા ગાડી ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ હતી.

ગાડી અથડાતાંની સાથે જ ઈન્કમટેક્સ અધિકારીઓને ગંભીર ઈજાઓ પહોંચવા પામી છે તમામને સારવાર માટે સુરેન્દ્રનગર શહેરની મેડીકલ કોલેજ ખાતે લાવવામાં આવ્યા છે અને તેમની હાલત હાલમાં ગંભીર હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તમામે તમામ ની સારવાર તાત્કાલીક પણ શરૂ કરાવી દેવામાં આવી છે ત્યારે ઉલ્લેખનીય છે કે સુરેન્દ્રનગર જિલ્લાના જોરાવરનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ ના અકસ્માતના પગલે ૧૧ ઈન્કમટેક્ષના અધિકારીઓ ને ગંભીર ઈજાઓ પહોંચતા શહેરની ટી.બી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા છે ત્યારે વહેલી સવારે છ વાગ્યાના અરસામાં આ અકસ્માત સર્જાતા જોરાવરનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ ના કુરેશી અને તેમની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી તમામને ફોર્સ કંપનીની ટ્રાવેલ ગાડીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને તમામને સારવાર માટે સુરેન્દ્રનગર શહેરની ટી.બી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નૂર શિક્ષણ સંકુલ મૂળજ ખાતે સમાજના આગેવાનોનો અભિવાદન સમારંભ યોજાયો

(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

આણંદ, તા.૨૪

નૂર એજ્યુકેશન ટ્રસ્ટ છેલ્લા ૨૪ વર્ષથી ધર્મ અથવા જ્ઞાતિના ભેદભાવથી અલિપ્ત રહીને સમાજના ગ્રામ્ય વિસ્તાર અને શહેરના ગરીબ બાળકોને અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં સ્કુલ શિક્ષણ નજીવી ફીમાં આપી રહ્યું છે. ટ્રસ્ટનું આ ઉમદા કામ એમની મેનેજીંગ સમિતિનાં સક્ષમ અને સમર્પિત મેમ્બરના અથાગ પ્રયાસના લીધે શક્ય બન્યું છે. આ આગેવાનોએ ફક્ત મુસ્લિમ સમાજ પૂરતું નહીં બલ્કે દરેક વર્ગને સાથે રાખી શિક્ષણ, આરોગ્ય, સામાજિક સેવા, કોમી એકતા જેવા અનેક મહત્ત્વના ક્ષેત્રોમાં સિંહફાળો આપ્યો છે. એમના ઉમદા કામની નોંધ લઈ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા એમને ઈનામ અને ઈકરામથી નવાજવામાં આવ્યા છે. ટ્રસ્ટના આવા આગેવાનોનો અભિવાદન સમારંભનું આયોજન શનિવાર તા.૨૧મી ઓગસ્ટના રોજ નૂર સંકુલ મૂળજ ખાતે યોજવામાં આવ્યું હતું. હાજી ઉસ્માન ગની આદમભાઈ વ્હોરા (પ્રમુખ : નૂર એજ્યુકેશન ટ્રસ્ટ), હાજી ખમીસાભાઈ સિંધી (Pride of Charotar Award), ડો.મહેરૂન્નિસાબેન દેસાઈ (પ્રમુખ : AMWA, બેસ્ટ NGO એવોર્ડ), હાફિજભાઈ મલેક (સેક્રેટરી, રોટરી ક્લબ, નડિયાદ), ઈકરામભાઈ સૈયદ (સેક્રેટરી, આદર્શ સંકુલ, નાપા) અને અન્ય મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

ઝઘડિયા જીઆઈડીસી ખાતે નવીન પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે

અંકલેશ્વર, તા.૨૪

સરકાર દ્વારા રાજયના પાંચ જિલ્લાઓમાં પીઆઈ તેમજ પીએસઆઈ કક્ષાના કુલ મળીને નવા ૧૯ પોલીસ સ્ટેશન અને ૮ નવી આઉટ પોસ્ટ ચોકીઓ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, તેમાં ભરૂચ જિલ્લાના પાનોલી અને ઝઘડીયા જીઆઈડીસીનો સમાવેશ થાય છે. ઝઘડીયા પોલીસ સ્ટેશનનું વિભાજન કરીને ઝઘડીયા જીઆઈડીસી ખાતે નવીન પોલીસ સ્ટેશન બનાવાશે.

મળતી વિગતો મુજબ ઝઘડીયા જીઆઈડીસી વિસ્તારમાં નવીન પોલીસ સ્ટેશન બનાવવા ધારોલી ચોકડી પર જગ્યા ફાળવવામાં આવી છે પરંતુ તાત્કાલિક ધોરણે જીઆઈડીસી પોલીસ ચોકીમાં પોલીસ સ્ટેશન શરૂ કરાય એવી શક્યતા જણાય છે. ઝઘડીયા પોલીસ સ્ટેશનનું વિભાજન કરીને જીઆઈડીસી અને ધારોલી વિસ્તારના ૩૧ જેટલા ગામો સમાવીને નવીન ઝઘડીયા જીઆઈડીસી પોલીસ સ્ટેશન બનાવાશે. ઝઘડીયા તાલુકામાં હાલ ઝઘડીયા રાજપારડી અને ઉમલ્લા એમ ત્રણ પોલીસ સ્ટેશનો કાર્યરત છે, તેમાં ઝઘડીયા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના સમાવેશ સાથે તાલુકામાં પોલીસ સ્ટેશનોની કુલ સંખ્યા ચાર થશે. થોડા વર્ષો અગાઉ પણ વહિવટી સુગમતા માટે ઝઘડીયા પોલીસ સ્ટેશનનું વિભાજન કરીને રાજપારડીને અલગ પોલીસ સ્ટેશન ફળવાયું હતું.

સુરેન્દ્રનગરમાં શાકભાજીના વેપારીએ આપઘાત કરી લેતા ચકચાર

સુરેન્દ્રનગર શહેરમાં મોટી શાકમાર્કેટમાં છેલ્લા કેટલાક સમયથી શાકભાજી વેચી અને પોતાનું ગુજરાન ચલાવતા કોળી સમાજના ધર્મેન્દ્રભાઈ તળપદા નામના યુવાને અગમ્ય કારણોસર ટ્રેન નીચે ઝંપલાવી આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી છે. ત્યારે રેલવે પોલીસે ઘટનાસ્થળે જઈ તેની તપાસ હાથ ધરી છે. બનાવને પગલે લોકોમાં ભારે અરેરાટી વ્યાપી જવા પામી છે.

મહેમદાવાદના સિહુંજ પાસે રીક્ષામાંથી પડી ગયેલી મહિલાનું મોત

નડિયાદ, તા.૨૪

મહુધા તાલુકાના ભુમસ ગામે ડેરીવાળા ફળિયામાં રહેતા કારીબેન માનાભાઈ પરમાર ગત ૨૧ ઓગસ્ટના રોજ પોતાના દિકરાની દવા કરાવવા તેની સાથે સિહુંજ ગામે ગયા હતા. જ્યાંથી દવા કરાવીને પરત ફરતાં સિહુંજ ગામેથી એક રીક્ષામાં બેઠા હતા. આ ગામની સીમમાં બસ સ્ટેન્ડ પાસે જ આકસ્મિક રીતે રીક્ષામાંથી કારીબેન રોડ પર પડી ગયા હતા. તેથી તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. કુટુંબના લોકો કારીબેનને નજીકના સરકારી દવાખાને અને ત્યાંથી નડિયાદની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમની તબિયત વધુ લથડતાં વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડ્યાં હતા. જ્યાં ગતરોજ બપોરે કારીબેન પરમારનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ અંગે મહેમદાવાદ પોલીસે મરણજનારના ભત્રીજા સુનીલ પરમારની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે.

બોરસદમાં ફૈઝાને સોહદાએ કરબલા નિમિત્તે બ્લડગ્રુપ ચેકઅપ કેમ્પ યોજાયો

બોરસદ શહેરમાં મોઈનુદ્દીન યુવા ફાઉન્ડેશન અને આઈ કેર પેથોલોજી લેબોરેટરીનાં સંયુક્ત ઉપક્રમે ફૈઝાને શોહદાએ કરબલા નિમિત્તે ફ્રી બ્લડ ગ્રુપ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૩૫૬ વ્યક્તિઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે નગીના મસ્જિદ સૈયદ ટેકરાના ઈમામ સૈયદ અહેસાનઅલી બાપુ ઉપસ્થિત રહ્યા હતા. મોઈનુદ્દીન યુવા ફાઉન્ડેશનના સભ્યો દ્વારા સહકાર આપનાર તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. (તસ્વીર : બુરહાન પઠાણ, આણંદ)

પ્રથમ વાર્ષિક ખિરાજે અકીદત

જનાબ મર્હૂમ હાજી અહમદભાઇ બોબાત
જન્નતનશીન :- ૨૫/૦૮/૨૦૨૦

વર્ષો સુધી સમાજના ઉત્કર્ષ માટે આપે ખિદમત અંજામ આપી અને સમગ્ર સમાજને સેવા પૂરી પાડેલ છે, તેમજ સાથે સાથે જ્યાં પણ અન્ય સમાજોને પણ જરૂર પડી હોય ત્યારે પણ ખભેથી ખભા મેળવીને ઊભા રહ્યા છે, તે બદલ અમો તેમજ સમગ્ર સમાજ આપનાં આભારી અને ઋણી છીએ. અમારી દુવા છે કે અલ્લાહ આપની મગફીરત ફરમાવી જન્નતમાં આલામાં આલા દરજ્જો અતા ફરમાવે આમીન...

લી. દુઆગીર...
હાજી જહાંગીરખાન પઠાણ, સલાઉદ્દીન બેગ
કાશ્મીરાબેન અંકલેશ્વરીયા, સમાઉનખાન પઠાણ
યુનિટી ઈંગ્લિશ મીડિયમ હાઇસ્કુલ,
અંકલેશ્વર નાં શાળા પરિવાર.

પ્રથમ વાર્ષિક ખિરાજે અકીદત

જનાબ મર્હૂમ હાજી અહમદભાઈ બોબાત
જન્નતનશીન- ૨૫/૦૮/૨૦૨૦

હજારો લોકોના જીવનમાં અજવાળું કરનાર અભય દીવા સમાન જનાબ હાજી અહમદભાઈ બોબાત સાહેબ આ ફાની દુનિયા છોડી અલ્લાહની રહેમતે પહોંચતા આજે એક વર્ષ થઈ ગયું છે. અલ્લાહ તઆલાએ આપને જેટલી ઈજ્જત અને બુલંદીથી દુનિયામાં નવાજ્યા, તેનાથી પણ સવિશેષ બુલંદી અને મરતબો આખેરતમાં અલ્લાહ રબબૂલઈજ્જત અતા કરે એવી દિલી દુવાઓ. આમીન...

લી. દુઆગો
અંકલેશ્વર સાર્વજનિક હોસ્પિટલ
એન્ડ મેડિકલ ટ્રસ્ટના
ટ્રસ્ટી મંડળ
તથા હોસ્પિટલના તમામ કર્મચારીગણ.

MBA થયા

ભૂજ, તા.૨૪

તાજેતરમાં જાહેર થયેલ

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ માસ્ટર્સ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (એમબીએ)ના સેમેસ્ટર-૧ના પરિણામમાં ભૂજના સાહિલ મેમણ ૧૦ સીપીઆઈ એટલે કે, ૧૦૦ ટકા ગુણ મેળ વીને રાજ્યમાં પ્રથમ ક્રમે આવેલા ૩૫ છાત્રોમાં સ્થાન મેળવીને સમાજ તથા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

જન્માષ્ટમી તથા ગણેશોત્સવના તહેવારો માટે ગાઈડલાઈન્સ-SOPની જાહેરાત

રાજ્યના આઠ મહાનગરોમાં તહેવારો માટે રાત્રી કરફ્યુમાં વધુ છૂટ આપવા નિર્ણય

જન્માષ્ટમીના દિવસે કરફ્યુ રાત્રે ૧:૦૦થી અને ગણેશોત્સવમાં રાત્રે ૧૨:૦૦થી રહેશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં જન્માષ્ટમી અને ગણેશોત્સવના આગામી તહેવારોની ઉજવણી લોકો કરી શકે તે હેતુસર મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. જન્માષ્ટમી ૩૦ ઓગસ્ટ સોમવારે રાત્રે ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવ ઉજવી શકાય તે માટે જે ૮ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂ અમલમાં છે તે મહાનગરોમાં ૩૦ ઓગસ્ટના એક દિવસ પૂરતો રાત્રિ કર્ફ્યૂમાં વધુ છૂટ આપવા સાથે ગણેશોત્સવમાં પણ કરફ્યુમાં છૂટ અપાઈ છે.

રાજ્ય સરકારે લીધેલ નિર્ણય મુજબ જન્માષ્ટમીના દિવસે આઠ મહાનગરોમાં રાત્રિના ૧ વાગ્યાથી કરફ્યુ અમલી કરાશે. મંદિર પરિસરમાં એક સમયે એક સાથે વધુમાં વધુ ૨૦૦ લોકોને દર્શન માટે છૂટ આપવામાં આવી છે. જ્યારે ગણેશોત્સવ માટે ૯થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન રાત્રિ કર્ફ્યૂમાં રાત્રિના ૧૨ વાગ્યાથી અમલી બનશે.

તહેવારો દરમ્યાન મંદિરમાં દર્શન વખતે દર્શનાર્થીઓએ કોરોના માટેની ગાઈડલાઈન્સ-એસઓપીનું પાલન ફરજિયાત કરવાનું રહેશે. આ માટે બે ફૂટના અંતરે સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે ગોળ કુંડાળા-સર્કલ કરીને તેમાં ઊભા રહી દર્શન કરવાના રહેશે. મંદિર પરિસરમાં ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સના નિયમો પણ ચુસ્તપણે પાળવાના રહેશે. રાજ્યમાં જન્માષ્ટમી પર્વે યોજાતી શોભાયાત્રાની પરંપરા જળવાય તે માટે ૨૦૦ લોકોની સંખ્યામાં મર્યાદિત રૂટ ઉપર યાત્રાની છૂટ અપાશે. રાજ્યમાં જન્માષ્ટમીના તહેવારોના લોકમેળા યોજવાની પરવાનગી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત મટકી ફોડ ઉત્સવને પણ પરવાનગી આપવામાં આવશે નહીં.

મુખ્યમંત્રીએ ગણેશોત્સવનું પર્વ આગામી ૯ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં ઉજવાવાનું છે તે સંદર્ભમાં પણ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. તદઅનુસાર, સાર્વજનિક ગણેશોત્સવમાં ૪ ફૂટની ગણેશ પ્રતિમા તથા ઘરમાં બે ફૂટની ગણેશ પ્રતિમાની સ્થાપના કરી શકાશે. સાર્વજનિક ગણેશોત્સવના સ્થળોએ મંડપમાં સોશિયલ ડિસ્ટન્સ તેમજ કોરોના સંક્રમણ નિયંત્રણ ગાઈડ લાઈન્સ એસઓપી પાલન, ફરજિયાત માસ્ક સાથે લોકો ગણેશ દર્શન કરી શકશે.

સાર્વજનિક ગણેશોત્સવ સ્થળોએ માત્ર પૂજા-આરતી અને પ્રસાદ વિતરણની ધાર્મિક વિધિની જ છૂટ આપવામાં આવી છે અન્ય કોઈ જ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી શકાશે નહીં. ગણેશ સ્થાપન અને વિસર્જન માટે વધુમાં વધુ ૧૫ લોકોની મર્યાદામાં એક વાહન દ્વારા સ્થાપન-વિસર્જનની મંજૂરી આપવામાં આવશે.

કોરોનામાંથી સાજા થવાનો મામલો વધતા રિકવરી રેટ ૯૮.૭૬ ટકા

રાજ્યમાં કોરોનાની બીજી લહેર કાબૂમાં નવા ૧૪ કેસ સામે ૨૫ દર્દી સાજા થયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં કોરોના તબક્કાવાર રીતે કાબૂમાં આવી રહ્યો છે. આજે રાજ્યમાં નવા ૧૪ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૫ દર્દીઓ સાજા પણ થયા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર પણ વધીને ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. જ્યારે ૪,૬૩,૦૩૬ ડોઝ વેક્સિનના આપવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજ્યમાં અત્યાર સુધીમાં ૮,૧૫,૦૯૧ નાગરિકો કોરોનાને મ્હાત આપીને ઘરે પણ જઈ ચૂક્યા છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૬૦ કેસ એક્ટિવ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટીલેટર પર છે અને અન્ય ૧૫૫ નાગરિકો સ્ટેબલ છે. ૧૦૦૭૯ નાગરિકોનાં કોરોનાને કારણે અત્યાર સુધીમાં મોત થઈ ચુક્યા છે. જો કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નિપજ્યું નથી. ૨૮ જિલ્લામાં એક પણ કેસ નોંધાયો નથી. ૬ જિલ્લામાં કેસ નોંધાયા છે. અમદાવાદ કોર્પોરેશને ૫, સુરતમાં ૩, વડોદરા કોર્પોરેશનમાં ૩, ભાવનગરમાં ૧ અને કચ્છ તથા સુરત કોર્પોરેશનમાં ૧-૧ કેસ નોંધાયા છે. આ સિવાયના તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર્સ પૈકી ૧૫ લોકોને પ્રથમ ડોઝ અને ૫૦૮૫ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૭૮૯૫૭ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ જ્યારે ૬૭૮૦૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. આ ઉપરાંત ૧૮-૪૫ વર્ષનાં ૨,૪૨,૦૮૧ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૬૯૦૯૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યા છે. આ પ્રકારે ૪,૬૩,૦૩૬ ડોઝ આજના દિવસમાં અપાયા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૬૩૧૫૩૩ રસીના ડોઝ અપાઈ ચુક્યા છે.

રાજ્યમાં કોરોનાના કેસો

શહેર	કેસ
અમદાવાદ કોર્પોરેશન	૦૫
સુરત	૦૩
વડોદરા કોર્પોરેશન	૦૩
ભાવનગર	૦૧
કચ્છ	૦૧
સુરત કોર્પોરેશન	૦૧
કુલ	**૧૪**

કોરોનાની સંભવિત ત્રીજી લહેર માટે તૈયારી

ત્રીજી લહેરને લઈને એસવીપી હોસ્પિ.માં ૩૫૦ બેડનો વધારો

23 CNG-ભઠ્ઠી-સ્માશાન ગૃહનું ૪.૫ કરોડના ખર્ચે સમારકામ કરાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૪

કોરોના વાયરસની સંભવિત ત્રીજી લહેર માટે અત્યારથી અમદાવાદ મહાનગર પાલિકાનું તંત્ર સજ્જ બન્યું છે. હોસ્પિટલ હોય કે પછી સ્માશન ગૃહ, અત્યારથી જ એડવાન્સ તૈયારીઓ ચાલી રહી છે. સંભવિત ત્રીજી લહેરને પહોંચી શકાય તે માટે એસવીપી હોસ્પિટલમાં બેડ વધારવાની અને સીએનજી સ્માશન ગૃહ મેઈન્ટન્સ કરવા કામો મંજૂર કરાયા છે. આ મામલે એએમસી રોડ એન્ડ બિલ્ડિંગ કમિટી ચેરમેન મહાદેવ દેસાઈ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં કોર્પોરેશન સંચાલિત એસ વી પી હોસ્પિટલમાં વધુ ૩૫૦ ઓક્સિન સાથે બેડ ઊભા કરવા નિર્ણય કરાયો છે. અમદાવાદ મહાનગર પાલિકા રોડ એન્ડ બિલ્ડિંગ કમિટી બેઠક મળી હતી. જેમા અમદાવાદ શહેરમાં કોરોની સંભવિત ત્રીજી લહેર માટે એસ.વી.પી. હોસ્પિટલમાં ઓક્સિન બેડ વધારવા માટે કરોડોનાં કામ મંજૂર કરાયા છે. કોરોના પ્રથમ અને બીજા વેવમા એસ.વી. પી. હોસ્પિટલ સંપૂર્ણ કોવિડ હોસ્પિટલ જાહેર કરવામાં આવી હતી. ફરી એકવાર એસ.વી.પી. હોસ્પિટલમા વ્યવસ્થા ઊભી કરવા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ચેરમેને વધુમાં જણાવ્યુ હતુ કે, હોસ્પિટલ સાથે એએમસી દ્વારા સ્માશન ગૃહ પણ મેઈન્ટેન કરવા નિર્ણય કર્યો છે. અમદાવાદ શહેરમાં આવેલા ૨૩ સીએનજી ભઠ્ઠી સ્માશન ગૃહ મેઈન્ટેનન્સ પાછળ સાડા ચાર કરોડનો ખર્ચ કરાશે. પહેલા અને બીજી લહેરમાંથી એએમસી ઘણું શીખી રહી છે. તે અંતર્ગત હવે એએમસી સંભવિત ત્રીજી લહેર માટે અત્યારથી તૈયારીઓ શરૂ કરી છે. બીજી તરફ અમદાવાદ મહાનગર પાલિકના વોટર કમિટીની બેઠક મળી હતી. એએમસી વોટર કમિટીના ચેરમેન જંતિન પટેલે જણાવ્યુ હતુ કે, શહેરમાં વારંવાર ટ્રેનેજ ઢાંકણા તૂટવા અંગે મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. હવેથી રસ્તા પર ૫ ટન વજન સહન કરી શકે તેવા ઢાંકણાનો ઉપયોગ બંધ કરાશે. હવે ફક્ત ૧૦, ૧૫, ૨૦, અને ૪૦ ટન વજન સહી શકે એવા ઢાંકણા મૂકાશે.

બાંદ્રા ટર્મિનસ અને ગાંધીધામ કોચિંગ ડેપોમાં ઓટોમેટીક કોચ વોશિંગ પ્લાન્ટ શરૂ

અમદાવાદ, તા.૨૪

પશ્ચિમ રેલવે દ્વારા હાલમાં જ બાંદ્રા ટર્મિનસ કોચીંગ ડેપો અને ગાંધીધામ કોચીંગ ડેપોમાં બે ઓટોમેટિક કોચ વોશિંગ પ્લાન્ટ (એસીડબલ્યુપી) શરૂ કરવામાં આવ્યા છે. આ સંરચના આખી ટ્રેનની ધોલાઈ પ્રક્રિયાને પ્રભાવી રીતે પુરી કરવા માટે સમય, પાણી અને માનવશક્તિને ઓછી કરવામાં મદદ કરે છે. આ સંરચનાની ઓટોમેટીક સંચાલન અને દક્ષતાને કારણે આ આશા કરવામાં આવી રહી છે કે આનાથી ડેપો માટે બહારની ધોલાઈ પડતરમાં પ્રત્યેક વર્ષે લગભગ ૫૦ લાખ રૂપિયાની બચત થશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરના જણાવ્યા મુજબ બાંદ્રા ટર્મિનસ કોચિંગ ડેપોના ઓટોમેટીક કોચ વોશિંગ પ્લાન્ટમાં ટ્રેન મુવમેન્ટની ઓટોમેટીક ટ્રેકીંગ સુનિશ્ચિત કરી શકાશે અને ધોલાઈની ગતિ ૫-૮ કિલોમીટર પ્રતિ કલાકની રાખવામાં આવી છે. આના માટે અધિકત્તમ ૬૦ લિટર પ્રત્યેક કોચ સાફ પાણીની આવશ્યકતા હોય છે. જે હાથથી ધોલાઈની સરખામણીમાં ૮૦% ઓછી છે. આ સંરચના માટે સાફ પાણીની જરૂરીયાત માત્ર ૨૦ % છે અને ધોલાઈ માટે ઉપયોગ કરાનારા પાણીના ૮૦ % નું દરેક ધોલાઈ ચક્રમાં પુનઃ નવીનીકરણ કરવામાં આવે છે.

મુથુટ્ટ મિનીનો એનસીડી પબ્લિક ઈશ્યુ તા.૯ સપ્ટેમ્બર સુધી ખુલ્લો રહેશે

અમદાવાદ,તા.૨૪

વર્ષ ૧૯૯૮માં સ્થાપિત ગોલ્ડ લોન સેકટરમાં સિસ્ટેમેટિકલી ઈમ્પોર્ટન્ટ નોન-ડિપોઝિટ ટેકિંગ એનબીએફસી મુથુટ્ટ મિની ફાઈનાન્શિયર્સ લિમિટેડ ('મુથુટ્ટ મિની'/ એમએમએફએલ')નો સિકયોર્ડ અને અનસીકયોર્ડ ડિબેન્ચર્સ (એનસીડી)નો પબ્લિક ઈશ્યુ ખુલી ગયો છે. જે દરેકની ફેસ વેલ્યુ રૂા.૧,૦૦૦ છે. ૧૫ એનસીડી ઈશ્યુની બેઝ ઈશ્યુ સાઈઝ રૂા.૧૨૫ કરોડ છે, જેમાં રૂા.૧૨૫ કરોડ સુધીનું ઓવર-સબસ્ક્રિપ્શન જાળવી રાખવાનો વિકલ્પ છે. જેથી ઈશ્યુની સાઈજ કુલ રૂા.૨૫૦ કરોડ થઈ જશે. એનસીડી ઈશ્યુ ૮.૭૫ ટકાથી ૧૦.૦૦ ટકાના વાર્ષિક વ્યાજ દરની રેન્જના કૂપન રેટ સાથે એનસીડીના સબસ્ક્રિપ્શન માટે વિવિધ વિકલ્પો ઓફર કરેછે. એનસીડી ઈશ્યુ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ ખુલી ગયો છે અને ૦૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ બંધ થશે.

દેશના માછીમારોએ પકડેલી માછલીઓનું મધ્યદરિયેથી વેચાણ કરી શકશે

અમદાવાદ,તા.૨૪

વિશ્વના સૌપ્રથમ અને સૌથી કિફાયતી એન્ડ-ટુ-એન્ડ સેટેલાઈટ નેરોબેન્ડ આઈઓટી સોલ્યુશન સ્કાયલોએ આજે તેના ફિશ કેચ રિપોર્ટના લોન્ચિંગની જાહેરાત કરી હતી, જે વિશ્વનું સૌપ્રથમ મોબાઈલ કમ્યુનિકેશન સોલ્યુશન છે અને તે મત્સ્યપાલકો અને બોટના માલિકોને માછલી પકડીને બોટમાં લાવ્યા બાદ તુરંત જ તેને વેચવાની સુવિધા પૂરી પાડે છે. એટલે કે તેઓ દરિયાકાંઠે પહોંચે તે પહેલા જ તેમણે પકડેલી માછલીઓ વેચવાની સુવિધા પૂરી પાડે છે. આ અંગે સ્કાયલોના સીઓઓ અંગીરા અગરવાલે જણાવ્યું હતું કે સૌપ્રથમ વાર દેશના મત્સ્યપાલકો માગને આધારે પોતે પકડેલી માછલીઓનું મધ્યદરિયે થી વેચાણ કરી શકશે. જેના લીધે તેઓ ઉંચી કિંમતે પોતાનો માલ વેચી વધુ નફો રળી શકવા ઉપરાંત બગાડમાં ઘટાડો કરી શકશે.

ગાંધીનગરના વાવોલ ગામમાં વૃદ્ધ પર તેના પત્ની અને પુત્રો દ્વારા હુમલો કરાયો

ગાંધીનગર, તા.૨૪

મહેસાણા ખાતેનાં બીએસએનએલ વિભાગનાં નિવૃત આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ સોસાયટીના કામ અર્થે ગાંધીનગરના વાવોલ આવી પહોંચતા પત્ની અને બે પુત્રોએ પિત્તો ગુમાવી દઈ બિભત્સ ગાળા ગાળી કરીને લાકડાનું દંડૂકુ ફટકારી ગડદાપાટુનો ઢોર માર મારી ખૂન કરવાની ધમકી આપતા સેકટર ૭ પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મહેસાણાનાં કોરડા ગામના મૂળ વતની અને વાવોલ સંપત રો-હાઉસમાં રહેતા અમરત સોમાભાઈ સોમેશ્વરના પરિવારમાં પત્ની રતનબેન તેમજ બે પુત્રો મેહુલ અને કૃષ્ણકાંત છે. ૬૩ વર્ષીય અમરત મહેસાણા ખાતે બીએસએનએલ વિભાગમાંથી આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટનાં હોદ્દા પરથી વીઆરએસ લઈ નિવૃત જીવન જીવી રહ્યા છે.પરિવારના સભ્યો સાથે મનમેળ ન હોવાથી અમરત તેમના મૂળ વતન કોરડા ખાતે છેલ્લા છ મહિનાથી એકલા રહે છે. અમરત સોસાયટીનાં કામ અર્થે ગાંધીનગર વાવોલ આવ્યા હતા.તે દરમિયાન પત્ની રતનબેન પતિને જોઈને એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી કહેવા લાગેલા કે અહીં કેમ આવ્યા છો અહીંયા આવવાનું નહીં ઘર અમારું છે. જેથી પતિ પત્ની વચ્ચે માથાકૂટ ચાલી હતી હતી તે વખતે મોટો પુત્ર મેહુલ પણ આવી પહોંચ્યો હતો. અને માતા પિતાના ઝગડામાં તે પણ વચ્ચે પડી પિતા અમરતને ગાળાગાળી કરવા લાગ્યો હતો. બાદમાં માતા પુત્ર ભેગા મળી અમરતને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. ત્યારે નાનો પુત્ર કૃષ્ણકાંત પણ હાથમાં લાકડાનું દંડૂકુ લઈને દોડી આવ્યો હતો અને તેના પિતાના બરડામાં દંડૂકુ ફટકારવા લાગ્યો હતો. જેનાં પગલે અમરતે બૂમાબૂમ કરતા આસપાસના વસાહતીઓ દોડી આવ્યા હતા અને તેમને છોડાવ્યા હતા. ત્યારે ત્રણેય માતા પુત્રોએ ઘરમાં જતાં જતાં અમરતને ફરી વખત ઘરે આવશો તો ખૂન કરી નાખવાની ધમકી ઓ પણ આપી હતી. બાદમાં ઈજાગ્રસ્ત અમરતને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પિતાની ફરિયાદના આધારે સેકટર ૭ પોલીસે પત્ની અને બે પુત્રો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સ્થળાંતરિતોના બાળકોને મફત શિક્ષા, મફત રાશન, આધારકાર્ડ, વર્ક પરમીટ વગેરે સત્વરે અપાશે

પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈ રાજ્યમાં આવેલા હિન્દુઓના પ્રશ્ને સરકાર એક્શન મોડમાં !

પાસપોર્ટ રિન્યુઅલ જેવા પ્રશ્નો અંગે કેન્દ્રમાં રજૂઆત કરાશે : તબીબી સુવિધા-વેક્સિનેશન માટે કાર્યવાહી થશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈને આવતા હિન્દુઓને રાજ્યમાં પાસપોર્ટ રિન્યુઅલ, શિક્ષણ (અભ્યાસ), નોકરી-રોજગાર વગેરેમાં કોઈપણ જાતની તકલીફ ન પડે એ માટે રાજ્ય સરકાર દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં કેન્દ્ર સરકારને લગતી બાબતો અંગે ત્યાં રજૂઆત કરવા અને અન્ય સુવિધાઓ માટે રાજ્ય સરકારના સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ પાઠવવામાં આવી હોવાનું બેઠકમાં જણાવાયું હતું.

પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈ આવતા હિન્દુઓને કોઈપણ પ્રકારની તકલીફના પડે એ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. આવા સ્થળાંતરિત થઈને આવેલ હિન્દુ નાગરિકોને ગુજરાતમા રહેવા સહિત રાશન અને એમના બાળકોને શિક્ષણ સહિતની સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી રહી હોવાનું જણાવતાં મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ટર્મ વિઝા પર ભારતમાં રહેતા પાકિસ્તાની હિંદુ નાગરિકોને પડતી વ્યવહારીક મુશ્કેલીઓનો સત્વરે નિકાલ કરાશે તેમજ કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને આ નાગરિકોને કોરોનાથી રક્ષિત કરવા રસી આપવાનો પણ નિર્ણય લેવાયો છે.

મંત્રીએ ઉમેર્યું કે, રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીએ પાકિસ્તાનથી સ્થળાંતરિત થતાં હિંદુઓને ગુજરાતમાં કોઈપણ પ્રકારની તકલીફ ન પડે એ માટે સઘન કાર્યવાહી કરીને સુવિધાઓ પુરી પાડી છે. સ્થળાંતરિત થઈને આવેલ હિંદુ નાગરિકોને પડતી તકલીફોના નિવારણ માટે વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે સમિક્ષા કરી હતી. મંત્રીએ ઉમેર્યું કે, ૨૦૧૪ પહેલા પાકીસ્તાનથી સ્થળાંતરીત થઈને આવેલા નાગરિકોને તેમના પાસપોર્ટ રિન્યુઅલ માટે પાકિસ્તાની દૂતાવાસ દિલ્લી ખાતે જવાનું આર્થિક રીતે પરવડે તેમ ન હોઈ, યોગ્ય નિર્ણય લેવા કેન્દ્ર સરકારને રજૂઆત કરવામાં આવી છે.

લોંગ ટર્મ વિઝા પર ભારતમાં રહેતા પાકિસ્તાની હિંદુ નાગરિકોને આધાર કાર્ડ મેળવવા પડતી મુશ્કેલીઓ અંગે રાજ્ય સરકારે પાકીસ્તાન/અફઘાનિસ્તાન/બાંગ્લાદેશી લઘુમતી સમુદાયના નાગરિકોના LTV/રેસિડેન્શિયલ પરમીટના દસ્તાવેજોમાં દર્શાવેલ સરનામાની વિગતોને આધાર કાર્ડ મેળવવા રજૂ કરવાના દસ્તાવેજો પૈકીની સૂચિમાં સરનામાના પુરાવા તરીકે માન્ય પુરાવો ગણવા કેન્દ્ર સરકારના સબંધિત મંત્રાલય અને યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાને જણાવ્યુ છે. તેમણે ઉમેર્યું કે, પાકિસ્તાની નાગરિકોના બાળકોને અભ્યાસના પ્રવેશ મેળવવા સંદર્ભે અલગ અલગ જિલ્લાઓમાં વિસંગતતાઓને કારણે જે મુશ્કેલી પડે છે. પાકિસ્તાનથી આવેલ વિદ્યાર્થીઓને પ્રવેશ અને શિક્ષણ માટે આનુષંગિક કાર્યવાહી કરવા શિક્ષણ વિભાગ દ્વારા મોનિટરીંગ કરવા માટે સૂચના આપી દેવાઈ છે. તેમજ ઉચ્ચ શિક્ષણ-વિદેશ અભ્યાસમાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ અંગે DGP દ્વારા સંકલન કરી વહેલી તકે નિવારણ કરવામાં આવશે. લોંગ ટર્મ વિઝા પર ભારતમાં રહેતા પાકીસ્તાની હિંદુ નાગરિકોને ભારત સરકારની સૂચનાઓ મુજબ નિયમાનુસાર તબીબી સુવિધાઓ પુરી પાડવા અને વેક્સીનેશન અંગે આનુષંગિક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત નોકરી માટે ખાનગી કંપનીઓ દ્વારા તેઓની પાસે વર્ક પરમીટ માંગવામાં આવતું હોવાનું ધ્યાને આવતા તેઓને વર્ક પરમીટ આપવા સંબંધિત કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે અને આ માટે ખાનગી સંસ્થાઓમાં રોજગારી મળી રહે તે માટે વર્ક પરમીટ સરળતાથી મળે તે સારૂ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

ભાવનગરથી સુરત જતી ખાનગી ટ્રાવેલ્સની બસમાં ફાયરિંગ વીથ લૂંટનો પ્રયાસ

અંકલેશ્વર મુલદ હાઈવે ઉપર ફાયરિંગ કરી ૨.૫૦ કરોડના હીરા લૂંટવાનો નિષ્ફળ પ્રયાસ

મુસાફર અને ક્લીનરની હિંમતથી લૂંટારૂઓ ભાગી છૂટ્યા, મુસાફરને હાથમાં ગોળી વાગી

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, અંકલેશ્વર, તા.૨૪

ભરૂચ નજીક નેશનલ હાઈવે ૪૮ ઉપર બસમાં સવાર આંગડિયા પેઢીના ૪ કર્મચારીઓ પાસે રહેલા રૂા.૨.૫૦ કરોડના હીરા લૂંટવાનો પ્રયાસ થયો છે. લૂંટારૂઓએ ઘટનાને અંજામ આપવા એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જેમાં એક મુસાફર ઈજાગ્રસ્ત થયો છે. ઈજાગ્રસ્તને સારવાર માટે ભરૂચની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

ગોપાલ ટ્રાવેલ્સની બસમાં આંગડિયા પેઢીના કર્મચારીઓ નિયમિત મુસાફરી કરતા હોવાનું ધ્યાન પાર આવતા આજે આ બસમાં આંગડિયા પેઢીના કર્મચારીઓ સાથે ૩ લૂંટારૂઓ મુસાફર બની બસમાં સવાર થયા હતા. નેશનલ હાઈવે ૪૮ ઉપર મુલદ નજીક એક મહારાષ્ટ્ર પાસિંગની અર્ટિગા કારે બસને ઉભી રાખી હતી. લૂંટારૂઓએ અહીં બસના ચાલક અને ક્લીનર ઉપર હુમલો કરી આંગડિયા પેઢીના કર્મચારીઓ પાસે રહેલા હીરા લુંટવાનો પ્રયાસ કર્યો હતો.

ભાવનગરના મુસાફર અનિલ ડાંગર લૂંટારૂઓ સામે પડી બસનો દરવાજો બંધ કરવા પ્રયાસ કરતા લૂંટારૂઓએ ફાયરિંગ કર્યું હતું જેમાં અનિલ ઈજાગ્રસ્ત થયા હતા તો બુમરાણ મચી જતા લૂંટારૂઓ ફરાર થઈ ગયા હતા. ઘટનાં પગલે જિલ્લા પોલીસ અધિક્ષક આર.વી. ચુડાસમા સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. સૂત્રો અનુસાર ગતરાતે ગોપાલ ટ્રાવેલ્સની લક્ઝઝરી બસ ભાવનગરથી સુરત રવાના થઈ હતી. બસ મળસ્કે ૪ વાગ્યાના અરસામાં નર્મદા નદી ઉપરનો ટોલ પસાર કરી મુલદ પહોંચી ત્યારે એક અર્ટિગા કારે બસને થોભાવી હતી.

કારના આવ્યા બાદ બસમાં બેઠેલા લૂંટારૂઓ પણ એક્ટિવ થઈ ગયા હતા. આ લૂંટારૂઓએ આંગડિયા પેઢીના કર્મચારીઓને શોધી લૂંટ કરવાનો પ્રયાસ કર્યો હતો તો બહારથી લૂંટારૂઓએ ચાલાક અને ક્લીનર ઉપર હુમલો કર્યો હતો. આ ઝપાઝપીમાં લૂંટારૂઓનો સામનો મુસાફરોએ પણ કર્યો હતો. લૂંટારૂઓને બહાર ધકેલી બસનો દરવાજો બંધ કરવાનો પ્રયાસ કરનાર અનિલ ડાંગર નામના મુસાફર ઉપર લૂંટારૂઓએ ફાયરિંગ કર્યું હતું. જેમાં તેને હાથમાં ગોળી વાગતા તે ઈજાગ્રસ્ત થયો હતો.

મુસાફરો બુમરાણ મચાવી નજીકથી પસાર થતા વાહનમાં સવાર લોકોને રોકવા પ્રયાસ કરતા લૂંટારૂઓ નાસી છૂટ્યા હતા. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા કાઈમ બ્રાન્ચ અને અંકલેશ્વર ડિવિઝનની પોલીસ ઘનાસ્થળે પહોંચી હતી. મુસાફરોના નિવેદનના આધારે વર્ણન મેળવી જિલ્લામાં નાકાબંધીના આદેશ કરાયા હતા. ઘટનાના પગેલ મુસાફરોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસે લૂંટારૂઓને ઝડપી પાડવા ટોલટેક્સ અને હાઈવે હોટલોના CCTV ફૂટેજની તપાસ શરૂ કરાવી અલગ અલગ દિશામાં ટીમ રવાના કરી હતી.

એક મુસાફર અને ક્લીનરની હિંમતે લૂંટની ઘટના ટાળી

અનિલ ડાંગર નામના મુસાફરે લૂંટારૂંઓનો સામનો કર્યો હતો. અનિલ સાથે ઝડપાઝપીમાં લૂંટારૂઓ બસની બહાર ધકેલાઈ ગયા હતા. સાથે જ ક્લીનર શફીકે પણ કેબિનનો દરવાજો બંધ રાખતા લૂંટારૂં બસની અંદર આંગડિયા પેઢીના ૪ કર્મીઓ સુધી પહોંચી શક્યા ન જતા. મુસાફર અનિલે બસનો દરવાજો બંધ કરવા પ્રયાસ કરતા તેના ઉપર ફાયરિંગ થયું હતું. જોકે આ યુવાનની હિમત બાદ અન્ય મુસાફરો પણ સામનો કરતા લૂંટારૂઓ નાસી છૂટ્યા હતા.

બસમાં બુકિંગ ન મળતા છેલ્લી ઘડીએ ૩ લૂંટારૂએ ડ્રાઈવરની કેબિનમાં જગ્યા મેળવી

ગોપાલ ટ્રાવેલ્સની બસમાં આંગડિયા પેઢીના કર્મચારીઓ સાથે લૂંટારૂઓ મુસાફર બની બસમાં સવાર થયા હતા. બસમાં સીટ અવેલેબલ ન હોવાથી છેલ્લી ક્ષણોમાં બસમાં બુકીંગ માટે પહોંચેલા લૂંટારૂઓને બસની ડ્રાઈવર કેબિનમાં જગ્યા અપાઈ હતી.

નાકાબંધી કરી લૂંટારૂઓની શોધખોળ શરૂ કરાઈ : આર વી ચુડાસમા, એસપી ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક આર.વી. ચુડાસમાએ જણાવ્યું હતું કે ટેક્નિકલ સર્વેલન્સ સાથે લૂંટારૂઓની કારના વર્ણનના આધારે નેશનલ હાઈવેને અડીને આવેલા વિસ્તારોમાં નાકાબંધી શરૂ કરાઈ છે. પોલીસે સીસીટીવી નેટવર્કની મદદથી પણ લૂંટારૂઓનો પીછો શરૂ કર્યો છે. અઢી કરોડના હીરાની લૂંટની ઘટનાની જાણ ભરૂચ જિલ્લા પોલીસને થતા ભરૂચ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા સહિત સમગ્ર જિલ્લાની પોલીસ ટીમો ઘટના સ્થળે દોડી આવી લૂંટારૂઓનું પગેરું મેળવવાની કવાયત હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ તમામ લૂંટારૂઓ હિન્દી ભાષા બોલતા તથા બસ ક્લીનરના દ્વારા કરવામાં આવેલ લૂંટારૂઓના વર્ણન અનુસાર અર્ટિકા કાર અને લૂંટારૂઓની ધરપકડ કરવા ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી નાકાબંધી કરી જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાના યોગ્ય માર્ગદર્શનથી આ લૂંટારૂઓને વહેલી તકે પોલીસ સકંજામાં લઈ જેલના સળિયા પાછળ ધકેલે તેવા અહેવાલ મળી રહ્યાં છે.

ત્રીજી લહેર વચ્ચે દેશમાં માત્ર ૭.૬ ટકા લોકોને જ મળી સંપૂર્ણ રસી

નવી દિલ્હી, તા.૨૪

કોરોનાની ત્રીજી લહેરની ચેતવણીએ લોકોની ચિંતામાં વધારો કર્યો છે. ગૃહ મંત્રાલયના અહેવાલમાં જણાવાયું છે કે ત્રીજી લહેર સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં તેની ટોચ પર હશે. આ સાથે પ્રધાનમંત્રી કાર્યાલયને સોંપવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં માત્ર ૭.૬ ટકા (૧૦.૪ કરોડ) લોકોને જ સંપૂર્ણ રસી આપવામાં આવી છે. જો વર્તમાન રસીકરણ દરમાં વધારો કરવામાં નહીં આવે, તો ભારતમાં મહામારીની આગામી લહેરમાં દરરોજ ૬ લાખ કેસ આવી શકે છે. કોરોનાની ત્રીજી લહેરની ચેતવણીએ લોકોની ચિંતામાં વધારો કર્યો છે. ગૃહ મંત્રાલયના અહેવાલમાં જણાવાયું છે કે ત્રીજી લહેર સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં તેની ટોચ પર હશે. આ સાથે પ્રધાનમંત્રી કાર્યાલયને સોંપવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં માત્ર ૭.૬ ટકા (૧૦.૪ કરોડ) લોકોને જ સંપૂર્ણ રસી આપવામાં આવી છેકેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ આવતી એક સંસ્થા દ્વારા રચાયેલી એક નિષ્ણાત સમિતિએ આશંકા વ્યક્ત કરી છે કે દેશમાં કોવિડ-૧૯ ની ત્રીજી લહેર સપ્ટેમ્બર અને ઓક્ટોબર વચ્ચે ગમે ત્યારે આવી શકે છે અને રસીકરણની ગતિને ઝડપી કરવાની જરૂર છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (એનઆઈડીએમ) દ્વારા રચાયેલી નિષ્ણાત સમિતિએ એમ

પણ કહ્યું છે કે બાળકોને પુખ્ત વયના સમાન જોખમમાં હશે. મોટી સંખ્યામાં બાળકોના સંક્રમિત થવાની સ્થિતિમાં બાળરોગ હોસ્પિટલો, ડોકટરો અને વેન્ટિલેટર, એમ્બ્યુલન્સ વગેરે જેવા સાધનોની ઉપલબ્ધતા માંગની અનુરૂપ થઈ શકતી નથી. જાણીતા નિષ્ણાતોએ ભારતમાં કોવિડ-૧૯ ની ત્રીજી લહેરની વારંવાર ચેતવણી આપી છે. મહામારીના નિષ્ણાતોએ આશંકા વ્યક્ત કરી છે કે જ્યાં સુધી આપણે રસીકરણ અથવા સંક્રમણ દ્વારા વ્યાપક પ્રતિરક્ષા વિકસિત નહીં કરીએ ત્યાં સુધી કેસો વધતા રહેશે. એનઆઈડીએમ રિપોર્ટમાં આઈઆઈટી કાનપુરના નિષ્ણાતોના અનુમાનનો અહેવાલ આપતા કહ્યું કે, ત્રીજી લહેર માટે ત્રણ સંભવિત દૃશ્યો સૂચવવામાં આવ્યા હતા. પ્રથમ સંજોગોમાં ત્રીજી લહેર ઓક્ટોબરમાં ટોચ પર પહોંચી શકે છે અને દરરોજ ૩.૨ લાખ કેસ આવી શકે છે. બીજા સંજોગોમાં વાયરસનું નવું અને વધુ સંક્રામક સ્વરૂપ સામે આવી શકે છે અને ત્રીજી લહેર સપ્ટેમ્બરમાં તેની ટોચ પર પહોંચી શકે છે, જેમાં દરરોજ પાંચ લાખ કેસ સામે આવવાની આશંકા છે. નિષ્ણાતોએ ત્રીજા સંજોગોમાં આશંકા વ્યક્ત કરી છે કે ત્રીજી લહેરની ટોચ ઓક્ટોબરના અંત સુધીમાં આવશે અને દરરોજ બે લાખ કેસ આવી શકે છે. અહેવાલ મુજબ તે સૂચવે છે કે જો ૬૭ ટકા વસ્તી વાયરસ સામે રોગપ્રતિકારક શક્તિ (કેટલાક વાયરસ દ્વારા અને બાકીના રસીકરણ દ્વારા) વિકસાવે છે. તો મોટા પાયે પ્રતિરક્ષા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. તેમણે કહ્યું કે, સાર્સ કોવ-૨ નવા અને વધુ સંક્રામક સ્વરૂપ સામે આવ્યા બાદ તે જટીલ થઈ જશે, કેમ કે, વાયરસના આ સ્વરૂપોમાં અગાઉના સંક્રમણથી બનેલી રોગ પ્રતિકારક શક્તિને બચાવવાની ક્ષમતા છે, તેમજ કેટલાક કિસ્સાઓમાં તે હાજર રસીઓ પણ બચી શકે છે. રિપોર્ટ અનુસાર, આ કારણથી ૮૦-૯૦ ટકા આબાદીમાં રોગ પ્રતિરક્ષા વિકસિત થયા પર મોટા પ્રમાણમાં રોગ પ્રતિરક્ષા વિકસાવવાનો લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. એનઆઈડીએમ ત્રીજી લહેરના સંકેત સૂચવતી અનેક ચેતવણીઓમાંથી સંકેતો લઈ રહી છે, તેમને સમજાવવાનો પ્રયાસ કરી રહી છે અને ત્રીજી લહેર સાથે વ્યવહાર કરવાની તૈયારી કરી રહી છે. આ પૃષ્ઠભૂમિમાં તે વિવિધ હિસ્સેદારો સાથે કાર્ય કરવા માટે એકીકૃત ભલામણો તૈયાર કરવાના પ્રયાસમાં લાગ્યા છે જે કેસમાં વધારો રોકવા અથવા તેને ઘટાડવા કામ કરે.

મંત્રી પુરી ખોટા છે : અફઘાન હિંદુ અને શીખોને ભારત આવવા માટે મદદ કરવામાં CAAની કોઈ ભૂમિકા નથી

આ કાયદાના નિયમો હજુ પ્રસિદ્ધ કરાયા નથી અને તેમાં જે કટઓફ ડેટ છે તે અફઘાનિસ્તાનની વર્તમાન કટોકટીના પીડિતોને તેનો ઉપયોગ કરવા માટે ગેરલાયક ઠરાવે છે

(એજન્સી) તા.૨૪

અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજાની ભારતની ઘરેલુ રાજનીતિ પર વિચિત્ર અસર જોવા મળી છે કારણ કે શાસક ભાજપે પોતાનું સમર્થન વધારવા માટે આતંકી જૂથની નીતિઓને હાઈલાઈટ કરી છે. ૨૦૧૯માં મોદી સરકાર દ્વારા પાસ કરવામાં આવેલ નાગરિકતા સુધારા કાયદા (સીએએ) દ્વારા પ્રથમ વખત ભારતીય નાગરિકતા માટે ધાર્મિક માપદંડને આધાર તરીકે રજૂ કરાયો છે. નવા કાયદા પ્રમાણે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી શરણાર્થીઓ ભારતમાં ગેરકાયદે રીતે પ્રવેશ્યા હોય પરંતુ જ્યાં સુધી તેઓ મુસ્લિમો ન હોય ત્યાં સુધી તેમને ભારતીય નાગરિકતા માટે અરજી કરવાનો અધિકાર આપ્યો છે. આ કાયદાના દાયરામાં માત્ર ભારતના મુસ્લિમ બહુમતી ધરાવતાં પડોશીઓનો સમાવેશ કરાયો છે જ્યારે શ્રીલંકામાં ત્રાસ અને દમનનો સામનો કરીને નાસી રહેલા તમિળોને સીએએ હેઠળ આવરી લેવાયાં નથી. તાલિબાનનો વિજય થયો ત્યારથી ભાજપના સમર્થકો એવો દાવો કરી રહ્યાં છે કે સીએએ કાયદો ઘડવાથી ફાયદો થયો કારણ કે તાલિબાનોએ અફઘાન શીખો એ હિંદુઓના ભારતમાં પ્રવેશને મંજૂરી આપી છે. ખાસ કરીને કેન્દ્રીય પ્રધાન હરદીપ પુરીએ આ દાવો જોરશોરથી રવિવારે એક ટ્વીટ

દ્વારા કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આપણા પડોશી અફઘાનિસ્તાનની તાજેતરની ઘટનાઓ અને જે રીતે શીખો અને હિંદુઓ ત્યાં યાતનામાંથી ગુજરી રહ્યાં હતાં તે જોતાં નાગરિકતા સુધારા કાયદો ઘડવો જરુરી હતો. જો કે આ વાત તો એક બાજુ રહી, પરંતુ અફઘાનિસ્તાનની કટોકટીમાં પોતે ફસાયાં છે એવું માનતાં લઘુમતીઓને મદદ કરવામાં આ કાયદો કોઈ ભૂમિકા ભજવશે નહીં. સૌપ્રથમ તો હજુ સીએએનો અમલ કરાયો નથી. ૨૦૧૯માં આ કાયદો પાસ થયો હતો પરંતુ મોદી સરકારે અગમ્ય કારણોસર આ કાયદાના રુલ્સ પ્રસિદ્ધ કરવાનું મોકૂફ રાખ્યું છે. રુલ્સ એ આ કાયદાનો કઈ રીતે અમલ કરશે તેની ગાઈડલાઈન્સ હોય છે. આમ રુલ્સ વગરનો કાયદો એ એક રીતે મૃતપ્રાય ગણાય. મોદી સરકારે ૨૦૨૦માં તાલિબાન સાથે અમેરિકા દ્વારા કરવામાં આવેલ વાપસી અંગેની ડીલ બાદ પણ સીએએનું અમલીકરણ વિલંબમાં મૂક્યું છે. તે જ બતાવે છે કે વર્તમાન કટોકટીમાં સીએએ કેટલું ઉપયોગી છે તે મોદી સરકાર જાણે છે. મોદી સરકારની આ કાર્યવાહી સીએએમાં વિશ્વાસનો અભાવ છતો કરે છે એ શંકા અસ્થાને નથી. સીએએમાં કટઓફ તારીખ ૩૧, ડિસે. ૨૦૧૪ છે આનો અર્થ એ થયો કે જો સીએએનો અમલ કરવામાં આવે તો પણ ૨૦૧૫ અને ત્યાર બાદ ભારતમાં પ્રવેશનાર કોઈને પણ લાગુ પડશે નહીં. આથી અફઘાનિસ્તાનમાં ૨૦૨૧માં તાલિબાનોએ કબજો લીધો ત્યાર બાદ તેઓ અફઘાનિસ્તાન છોડીને ભારતની નાગરિકતા મેળવવા માગતાં હશે તેના માટે આ કાયદો અર્થહીન છે.

(સૌ. : સ્ક્રોલ.ઈન)

તાલિબાન દ્વારા કબજામાં લેવામાં આવેલા અમેરિકન હથિયારો ભારત પહોંચતા પહેલાં પાકિસ્તાનમાં પાયમાલી સર્જી શકે છે : સેના અધિકારીઓ

(એજન્સી) તા.૨૪

આર્મીના વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું છે કે, તેઓનું માનવું છે કે, અફઘાન આર્મી પાસેથી તાલિબાન દ્વારા જપ્ત કરાયેલા અમેરિકન હથિયારો ભારતમાં મોકલવાનો પ્રયાસ કરવામાં આવે તે પહેલાં પાકિસ્તાનમાં વિનાશ સર્જશે તેવી શકયતા છે. અફઘાન સેનાએ તાલિબાન સમક્ષ આત્મસમર્પણ કર્યા બાદ અને તેના તમામ હથિયારો આપી દીધા બાદ પાકિસ્તાન આર્મી અને તેના સમર્થિત આતંકવાદી જૂથોને આ હથિયારોનો મોટો પુરવઠો મળી રહ્યો છે. લશ્કરના ટોચના સૂત્રોએ ઈન્ડિયા ટુડે ટીવીને કહ્યું હતું કે, 'અફઘાનિસ્તાનમાં તાલિબાનની જીતથી પાકિસ્તાનમાં આઈએસઆઈ સમર્થિત આતંકવાદી જૂથોને જે રીતે મજબૂત કરવામાં આવ્યા છે, તેથી સંભવ છે કે, આ હથિયારોનો ઉપયોગ ભારત પહોંચતા પહેલાં પાકિસ્તાનમાં જ હિંસા માટે કરવામાં આવશે.' તાલિબાન દ્વારા લૂંટવામાં આવેલા હથિયારોમાં પાંચ લાખથી વધુ એમ-૧૬ અને એમ-૪ એસોલ્ટ રાઈફલ્સ સાથે અમેરિકન લાઈટ મશીન ગન અને સશસ્ત્ર વાહનો સાથે ૫૦ કેલિબર હથિયારોનો સમાવેશ થાય છે. આ હથિયારોમાં સ્ટીલ કોર બુલેટ્સ, બુલેટપ્રૂફ વેસ્ટ્સ અને આર્મર્ડ વેધન રાઉન્ડ સાથે મોટી સંખ્યામાં સ્નાઈપર રાઈફલ્સનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત નાના હથિયારો પણ છે. આ સૂચવે છે કે, પાકિસ્તાનને આ સહિતના ૨૦૦૦ સશસ્ત્ર વાહનો, UH-60 બ્લેક હોક્સ સહિત ૪૦ વિમાનો, એટેક હેલિકોપ્ટર અને સ્કેનઐગલ નાના ડ્રોન પર નિયંત્રણ મેળવવાની શકયતા છે.

જો તાલિબાન અથવા પાકિસ્તાન આર્મી દ્વારા ઉપયોગ કરવામાં આવે તો આ મોટા લશ્કરી સાધનોને શોધી શકાય તેવી સંભાવના હોવા છતાં, નાના હથિયારો અફઘાનિસ્તાનની બહાર સરળતાથી વાપરી શકાય છે. સેનાના સૂત્રોએ એમ પણ કહ્યું છે કે, કાશ્મીર ઘાટીમાં રહેલા સુરક્ષા દળો કાશ્મીર ખીણ અથવા અન્ય સ્થળોની અંદર આ હથિયારોના કોઈપણ આવનારા પ્રવાહને પહોંચી વળવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. અમારી ઘૂસણખોરી અને આતંકવાદ વિરોધી ગ્રીડ મજબૂત છે અને તે પાકિસ્તાની સેના અથવા તેના સમર્થિત આતંકવાદીઓ દ્વારા આવા કોઈપણ અભિગમનો સામનો કરવામાં સક્ષમ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, જો પાકિસ્તાનની સેના અફઘાન તાલિબાનને ભારતીય વિસ્તારોમાં ધકેલવાનો પ્રયાસ કરશે તો તેમની સાથે ૧૯૯૦ના દાયકામાં જે રીતે કાર્યવાહી કરવામાં આવી હતી, તે જ રીતે કાર્યવાહી કરવામાં આવશે. સૂત્રોએ એમ પણ કહ્યું છે કે, અફઘાન આતંકવાદીઓ સંપૂર્ણપણે કટ્ટરપંથી છે અને તેઓ એન્કાઉન્ટરમાં આત્મસમર્પણ કરશે નહીં.

ભાજપની સરકાર નિ:સહાય નથી : ઈંધણ પરના ટેક્સથી એક જ હપ્તામાં ઓઈલ બોન્ડની પુનઃ ચુકવણી (પે ઓફ) થઈ શકે તેમ છે

મોદી સરકાર ઓઈલ બોન્ડ માટે UPAને જવાબદાર ગણાવે છે પરંતુ તેનું એક્સાઈઝ ડ્યુટી કલેક્શન ૨૦૧૪-૧૫થી ચાર ગણું થઈ ગયું છે. છેલ્લા સાત વર્ષમાં NDAના શાસનમાં રૂા.૧૫.૬ લાખ કરોડની એક્સાઈઝ ડ્યૂટી વસૂલી છે જે ઓઈલ બોન્ડની જેટલી બાકી રકમ નીકળે છે તેનાથી ૧૨ ગણી છે. આ રકમનો ઉપયોગ સરળતાથી UPA બોન્ડની પુનઃ ચુકવણીમાં થઈ શક્યો હોત

(એજન્સી) તા.૨૪

વધતા જતાં ઈંધણના ભાવોના મામલે પ્રજાના આક્રોશનો સામનો કરી રહેલ કેન્દ્ર સરકારે આ સ્થિતિ માટે અગાઉની યુપીએ સરકાર પર દોષનો ટોપલો ઢોળ્યો છે અને ઈંધણ પર કરવેરા ઘટાડવા માટે પોતાની નિ:સહાયતા વ્યક્ત કરી છે. આ વર્ષે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અભૂતપૂર્વ વધારો થયો છે જેના કારણે નાગરિકોના ઘરના બજેટ ઊંધા-ચત્તા થઈ ગયાં છે. અધૂરામાં પૂરું કોવિડ મહામારીને કારણે આર્થિક વિનાશનો પ્રજા સામનો કરી રહી છે. નાણા મંત્રાલયના બ્રિફીંગમાં નિર્મલા સીતારમને જણાવ્યું હતું કે યુપીએ પેટ્રોલના ભાવો નીચા રાખવાનો યશ લીધો છે પરંતુ આજે સરકાર યુપીએ જે પ્રયુક્તિઓ કરી હતી તેને ભોગવી રહી છે. હું તમને યુપીએ દ્વારા ૨૦૧૨માં ઈસ્યૂ કરવામાં આવેલ રૂા.૧.૪૪ લાખ કરોડના ઓઈલ બોન્ડને કારણે કોઈ રાહત આપી શકુ નહીં. તેમણે ઉમેર્યું હતું કે સરકારે આ બોન્ડ પર વ્યાજ તરીકે રૂા.૧૭૦૧૯૫ કરોડ ચૂક્વ્યાં છે. આખરે આ ઓઈલ બોન્ડ છે શું ? જ્યારે ઈંધણના ભાવો અંકુશમુક્ત ન હતાં ત્યારે જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ (ઓએમસી) પેટ્રોલ અને ડીઝલ બજાર કરતાં નીચા ભાવે વેચીને અન્ડર રીકવરીઝનો સામનો કરી રહ્યાં હતાં. સરકાર તેમને ઓઈલ બોન્ડ ઈસ્યૂ કરીને તેનું વળતર ચુકવતી હતી. આ ઓઈલ બોન્ડ ૧૫થી ૨૦ વર્ષના હતાં અને વાર્ષિક ઈન્ટરેસ્ટ આપવાનું થતું હતું. યુપીએ સરકારે રૂા.૧.૪૪ લાખ કરોડના એક સાથે આવા બોન્ડ ઈસ્યૂ કર્યા હતાં જેને કારણે સરકાર સબસીડી પરના ખર્ચને ડીફર કરી શકતી હતી અને રાજકોષિય ખાધને મેનેજ કરી શકતી હતી. નાણા પ્રધાન જયારે એવું કહે છે કે ભાજપ યુપીએ સરકારે ઊભો કરેલ બોજ વહન કરી રહી છે ત્યારે તેઓ આંશિક રીતે સાચા છે. પરંતુ એનડીએ સરકારે પોતાના શાસનકાળ દરમિયાન પેટ્રોલ અને ડીઝલ પર અનેક વખત એક્સાઈઝ ડ્યૂટી વધારી છે. સરકાર હાલ પેટ્રોલ પર પ્રતિ લિટર રૂા.૩૨૯૦ની એક્સાઈઝ ડ્યૂટી વસુલે છે જ્યારે ડીઝલ પર રૂા.૩૧.૮૦ની એક્સાઈઝ વસુલે છે. પેટ્રોલ અને ડીઝલ પરનો ભાવ વધારો એટલો તીવ્ર છે કે ઈંધણ દ્વારા એક્સાઈઝ ડ્યૂટીની વસુલાત ૨૦૧૪-૧૫માં ૭૨ટકા હતી તે વધીને ૨૦૨૦-૨૧માં ૨૦૨૦-૨૧મા ૯૫ ટકા થઈ ગઈ છે.

છેલ્લા સાત વર્ષમાં એનડીએના શાસનમાં રૂા.૧૫.૬ લાખ કરોડની એક્સાઈઝ ડ્યૂટી વસુલી છે જે ઓઈલ બોન્ડની જેટલી બાકી રકમ નીકળે છે તેનાથી ૧૨ ગણી છે. આ રકમનો ઉપયોગ સરળતાથી યુપીએ બોન્ડની પુનઃ ચુકવણીમાં થઈ શક્યો હોત. બીજું એક્સાઈઝ ડ્યૂટીની વસુલાત પેટ્રોલ ડીઝલના ભાવ વધારાને કારણે જ વધી છે એવું નથી પરંતુ વપરાશમાં વધારો થવાથી પણ આ એક્સાઈઝ ડ્યૂટી વધી છે. ૨૦૧૪-૧૫માં એક્સાઈઝ ડ્યૂટી કલેક્શન રૂા.૯૯૦૦૦ કરોડ હતું તે વધીને ૨૦૨૦-૨૧માં રૂા.૩.૭૧ લાખ કરોડ થઈ ગયું છે. આમ નાણા પ્રધાને દાવો કર્યા મુજબ ભાજપની સરકાર નિ:સહાય નથી.

કેરળના પોપ્યુલર ફ્રન્ટે અફઘાનિસ્તાનમાં અમેરિકી કબજા વિરુદ્ધ તાલિબાનના 'પ્રતિકાર'ની પ્રશંસા કરી

(એજન્સી) તા.૨૪

અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસનની પ્રશંસા કરતાં અને અફઘાનિસ્તાન માટે "આશા" વ્યક્ત કરતા, પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI) એ કહ્યું છે કે અફઘાનિસ્તાનમાં આપણે જે જોયું છે તે અમેરિકી કબજા સામે તાલિબાનનો પ્રતિકાર હતો. પીએફઆઈના નેતા અને નેશનલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય પરપુરાથુકોયાએ જણાવ્યું હતું કે, વિયેતનામ અને બોલિવિયામાં અમેરિકાના કબજા સામે પ્રતિકાર સાથે સમાનતા છે. કોયાએ ૨૨ ઓગસ્ટના પાર્ટીના મુખપત્રની ઓનલાઈન આવૃત્તિમાં 'તાલિબાનનું આગમન અને અફઘાનિસ્તાનનું ભવિષ્ય' શીર્ષક હેઠળના એક લેખમાં જણાવ્યું હતું તાલિબાન વિશે મોટાભાગના પશ્ચિમી મીડિયા અહેવાલો એકતરફી અને દ્વેષપૂર્ણ હોય છે અને તેઓ વાસ્તવિકતાથી અલગ ચિત્ર દર્શાવે છે. તાલિબાન સાથે પૂર્વગ્રહથી ન થવો જોઈએ. પાકિસ્તાનને અફઘાનિસ્તાનથી દૂર રાખવા માટે ભારતે રાજદ્વારી સંબંધો શરૂ કરવાની જરૂર છે. કોયાના જણાવ્યા મુજબ, અફઘાનના લોકો અમેરિકન કબજા હેઠળ ક્રૂર સતાવણીનો ભોગ બન્યા હતા. કાલિકટ યુનિવર્સિટીમાંથી અંગ્રેજી ભાષા અને સાહિત્યમાં માસ્ટર્સ કર્યા પછી કોલેજ શિક્ષણ વિભાગમાં લેક્ચરર બનેલા કોયાએ કહ્યું કે "અમેરિકા દ્વારા નિયુક્ત

અશરફ ગની સરકાર ભ્રષ્ટાચારમાં વ્યસ્ત હતી. આનાથી તાલિબાન માટે વસ્તુઓ સરળ બની હતી. PFI પોતાને દલિતો અને સમાજના અન્ય નબળા વર્ગો જેવા લઘુમતી સમુદાયના લોકોને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ નવ-સામાજિક ચળવળ તરીકે વર્ણવે છે. ૧૯૯૨ માં બાબરી મસ્જિદ ધ્વંસ પછી ત્રણ મુસ્લિમ સંસ્થાઓ (નેશનલ ડેવલપમેન્ટ ફ્રન્ટ ઓફ કેરલા, કર્ણાટક ફોરમ ડિગ્નિટી અને તમિલનાડુની મનીથાનીતિપાસરાય)ને મર્જ કર્યા બાદ ૨૦૦૬ માં કેરળમાં તેની શરૂઆત કરવામાં આવી હતી. કેરળના આ સંગઠનના ઘણા નેતાઓ, ખાસ કરીને કોયા સહિતના સ્થાપકો, પ્રતિબંધિત સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયા (સિમી) ના કાર્યકરો હતા. PFI એ એક સમયે ૪૦,૦૦૦ થી વધુ સભ્યો હોવાની વાત કરી હતી પરંતુ ૨૦૧૦ પછી તેના કાર્યકરોએ કથિત રીતે "ધર્મનિંદા" કરવા બદલ બદલો લેવા માટે કેરળ કોલેજના પ્રોફેસરનો હાથ કાપી નાખ્યો હતો. હજુ પણ, ૨૫,૦૦૦ કાર્યકરો અને ત્રણ લાખથી વધુ લોકોની સહાનુભૂતિ ધરાવતી, પીએફઆઈ કેરળમાં રાજકીય ક્ષેત્રમાં એક અગત્યનું બળ ગણવામાં આવે છે. કેરળની ૧૪૦ વિધાનસભા બેઠકોમાંથી, PFI ની રાજકીય પાંખ, સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા (SDPI) એ ૨૦ બેઠકો પર વિજય મેળવ્યો છે.

માનવતાએ એમેઝોનને કાર્બનના દોહનથી સ્ત્રોત તરફ દોર્યું

વૈજ્ઞાનિકો વચ્ચે વર્ષોથી ચેતવણીએ વધતા ડર પછી ભયાનક સંશોધનમાં જાણવા મળ્યું કે આબોહવા પરિવર્તન અને વન નાબૂદીએ એમેઝોન-બેસિનના ભાગો, એક નિર્ણાયક સિંકને ગ્રહ-ગરમી કાર્બન ડાયોક્સાઈડના સ્ત્રોતમાં ફેરવી દીધા છે

(એજન્સી) તા.૨૪

જો કે તાજેતરના સંશોધનમાં એમેઝોન વાતવારણમાં શોષણ કરતા વધુ CO_2 અને ન્ય ગ્રીનહાઉસ વાયુઓ નાખવા અંગે ચિંતા વધારી છે, નેચર જર્નલમાં પ્રકાશિત થયેલા નવા તારણો વૈજ્ઞાનિકો અને આબોહવા દ્વારા પ્રથમ તરીકે રજૂ કરવામાં આવ્યા. ૨૦૧૦થી ૨૦૧૮ સુધી નવા અભ્યાસ માટે સંશોધકો - બ્રાઝિલની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ રિસર્ચની લ્યુસિયાના ગાટ્ટીની આગેવાનીમાં એમેઝોનિયામાં ચાર સ્થળોએ વૃક્ષની છત્ર ઉપર થોડા માઈલ ઉપર કાર્બન ડાયોક્સાઈડ અને મોનોક્સાઈડનું વર્ટિકલ પ્રોફાઈલિંગ માપન હાથ ધર્યું. સંશોધકોએ શોધી કાઢયું કે દક્ષિણપૂર્વ એમેઝોનિયામાં ખાસ કરીને ચોખ્ખા કાર્બન સ્ત્રોત તરીકે કામ કરે છે અને પશ્ચિમ ભાગની તુલનામાં પૂર્વીય એમેઝોનિયામાં કુલ કાર્બન ઉત્સર્જન વધારે છે. તેઓએ નોંધ્યું છે કે ભૂતપૂર્વને તાજેતરના દાયકાઓમાં જંગલોની કાપણી, ઉષ્ણતામાન અને ભેજ જેવા તણાવનો સામનો કરવો પડયો છે. નેચર સાથેના એક લેખમાં કોલોરાડો સ્ટેટ યુનિવર્સિટીના વાતાવરણીય વૈજ્ઞાનિક વિભાગના પ્રોફેસર સ્કોટ ડેનિંગે લખ્યું કે પેપરની વાતાવરણીય રૂપરેખાઓ દર્શાવે છે કે અચોક્કસ ભવિષ્ય થઈ રહ્યું છે. પ્રશ્નોના ઈમેઈલ કરેલા જવાબમાં ડેનિંગ નવા અભ્યાસને પ્રથમ વાસ્તવિક મોટાપાયે માપ તરીકે પ્રશંસા કરી. આ ઘટના જંગલ સ્થળો પર પરંપરાગત માપદંડથી આગળ પરિણામો દર્શાવે છે. પૂર્વીય એમેઝોનિયામાં ઉષ્ણતામાન અને વન નાબૂદીએ કાર્બન સિંકને પ્રાદેશિક ધોરણે ઉલટાવી દીધી છે અને વાસ્તવમાં પરિવર્તન દેખાઈ રહ્યું છે. અખબારના જણાવ્યા મુજબ જેણે ગોમાંસ અને સોયા ઉત્પાદન માટે ઈરાદાપૂર્વક આગ લગાડવાના ઉત્સર્જનની ભૂમિકા તેમજ બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારાએ વધતા વન નાબૂદીને પ્રોત્સાહન આપવા માટે જે વૈશ્વિક ટીકાનો સામનો કરવો પડયો હતો તેની નોંધ લીધી છે. ઓછા વૃક્ષો એટલે ઓછો વરસાદ અને વધારે તાપમાન, બાકીના જંગલ માટે સૂકી

મોસમ વધુ ખરાબ બનાવે છે. એમઝોનમાંથી મોટાભાગના લાકડા, માંસ અને સોયા બ્રાઝિલમાંથી નિકાસ થાય છે. ગેટ્ટીએ કહ્યું, એમેઝોનને બચાવવા માટે વૈશ્વિક કરારની જરૂર છે. યુરોપિયન રાષ્ટ્રોએ કહ્યું છે કે તેઓ ઈ.યુ.ને અવરોધિત કરશે. બ્રાઝિલ અને અન્ય દેશો સાથે વેપાર સોદો જ્યાં સુધી બોલ્સોનારો એમેઝોનિયન વિનાશનો સામનો કરવા માટે વધુ કરવા માટે સંમત ન થાય. નેચર કલાઈટમેટ ચેન્જના પ્રકાશિત થયેલા એપ્રિલના અભ્યાસને પણ નવા તારણો અનુસરે છે, જે બ્રાઝિલ પર કેન્દ્રિત છે, જે નવ દેશોમાં ફેલાયેલા અતિઉત્સાહી જૈવવિવિધ અને જોખમી વરસાદી જંગલોનું ઘર છે. ડેનિંગ કહે છે કે તેઓ ઘરમૂળથી અલગ અલગ પદ્ધતિઓ સાથે પૂરક અભ્યાસ કરે છે જે ખૂબ સમાન તારણો પર આવે છે. કલ્પના કરો કે જો એમેઝોનમાં આગને પ્રતિબંધિત કરી શકીએ તો તે કાર્બન સિંક હોઈ શકે છે. ગેટ્ટીએ જણાવ્યું કે ખેતી માટે છેલ્લા વરસાદી જંગલોના ભાગને રૂપાંતરિત કરવાની નકારાત્મક અસરને નોંધી. પરંતુ અમે તેનાથી વિરુદ્ધ કરી રહ્યા છીએ. અમે આબોહવા પરિવર્તનને વેગ આપી રહ્યા છીએ.

મામલતદારને આવેદન પાઠવી રજૂઆત કરાઈ

ખંભાતમાં પીવાના પાણી, કરવેરા ઘટાડવાની માંગ સાથે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૪

આણંદ જિલ્લાનાં ખંભાત શહેરમાં પીવાનાં મીઠા પાણી, ટેક્ષ ઘટાડવા અને ડેમુ ટ્રેનના ભાડા ઘટાડવાની માંગ સાથે આજે કોંગ્રેસ પાર્ટી દ્વારા ધરણા કરી સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યા બાદ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

મળતી વિગતો અનુસાર ખંભાત શહેરમાં દરિયો નજીક હોવાના કારણે ભૂગર્ભ જળ ખારા અને ક્ષારવાળા હોઈ વર્ષોથી શહેરીજનો પીવાના મીઠા પાણીની માંગ કરી રહ્યા છે. તેમજ નગરપાલિકા દ્વારા કરવેરાઓમાં આકરો વધારો કરવામાં આવ્યો છે અને એક તરફ કોરોનાની મહામારીમાં પીસાયેલી પ્રજા અને બીજી તરફ ડેમુ ટ્રેનના ભાડામાં પણ આકરો વધારો કરી દેવામાં આવતા ધંધા રોજગારની મંદી વચ્ચે નગરજનોની કમર તૂટી ગઈ છે, જેને લઈને આજે કોંગ્રેસ દ્વારા ધરણા કરી સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ખંભાત શહેરમાં પાલિકા દ્વારા લોકોને ૪૦૦૦ ટીડીએસવાળું પાણી આપવામાં આવી રહ્યું છે. પ્રજા, ખારૂ અને ક્ષારવાળું પાણી પી રહ્યા છે, જેને લઈને કોંગ્રેસ દ્વારા આજે મીઠા પાણીનો પ્રશ્ન, પાલિકા દ્વારા વધારેલા કરવેરાઓમાં ઘટાડો કરવા તેમજ ડેમુ ટ્રેનમાં ઘટાડો કરવાની માંગ સાથે ધરણા કરી સૂત્રોચ્ચાર કરી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

(તસવીર :- બુરહાન પઠાણ, આણંદ)

આવેદનપત્ર આપ્યા બાદ કોંગ્રેસનાં કાર્યકરોએ જો તંત્ર દ્વારા ખંભાતની જનતાના મીઠા પાણી, વધારેલા કરવેરાઓ અને ડેમુ ટ્રેનના ભાડાના પ્રશ્નો હલ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ધરણામાં કોંગ્રેસના ખુશમનભાઈ પટેલ, નીતિનભાઈ બ્રહ્મભટ્ટ, ચંદુભાઈ કડિયા, સાવજસિંહ ગોહિલ, ઈફતેખાર યમની, શારદાબેન રાણા સહિતના વિપક્ષના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોડીનારના સીમરપોર્ટથી લોથપુર સુધી

ખેડૂતોની જમીનમાંથી ગેસ પાઈપલાઈન નાખવાનો વિરોધ

ખેડૂતો લોકસુનાવણી સ્થળ છોડી ચાલ્યા ગયા

કોડીનાર,તા.૨૪

કોડીનારના છારા સરખડીના દરિયાકાંઠે આકાર લઈ રહેલ શાપુરજી પાલોનજી ગ્રુપના સીમર પોર્ટ ખાતેથી અમરેલી જિલ્લાના લોથપુર સુધી એચ.એસ. ઈ.પી.એલ દ્વારા જમીનમાં ગેસ પાઈપલાઈન નાખવા માગે છે. આ અંગે પર્યાવરણીય મજુરીની જરૂર પડે છે. ગીરગઢડા ખાતે કલેકટર તથા જીપીસીબી બોર્ડના અધિકારીઓની હાજરીમાં જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ તો આ ગેસની પાઈપલાઈન દરિયાકાંઠા વિસ્તારમાં નાખી શકાય તેમ હોવા છતા ખેડૂતોની જમીન વચ્ચે કાઢવામાં આવતી હોય ખેડૂતોએ લોકસુનાવણીમાં જોરદાર વિરોધ નોંધાવ્યો હતો અને ખેડૂતો લોક સુનાવણી સ્થળ છોડી ચાલ્યા ગયા હતા. કોડીનાર કિસાન એકતા સમીતીના પ્રમુખ સુરપાલ બારડે લોકસુનાવણીમાં ખુલ્લો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ખેડૂતોના ભોગે અને પર્યાવરણના ભોગે આ ગેસ પાઈપ નાખવા યોજવામાં આવેલ આ લોકસુનાવણી એક નૌટંકી છે. કંપની દ્વારા સરકારના તમામ અધિકારીને મોટી મોટી રકમ આપીને આ મંજુરી મેળવી લેવાય છે. અંગ્રેજી ભાષામાં રજૂ કરેલા પ્રોજેક્ટ રીપોર્ટ બાબતે પણ જબરો વિરોધ થતા આ લોક સુનાવણી મોકૂફ રાખવાની માગણી છતા આ બાબતની માત્ર નોંધ લઈને લોકસુનાવણી કાર્યક્રમ સંપન્ન થયાની જાહેરાત કરવામાં આવી હતી. આમ શાપુરજી પાલનજી ગ્રુપના સીમર પોર્ટથી લોથપુર સુધીની ગેસની પાઈપલાઈન નાખવાની કામગીરી હાથ ધરાશે તો ખેડૂતોમાં ઉગ્ર વિરોધનો વંટોળ ફેલાશે અને સંઘર્ષ ટાળવા માટે છારાના દરિયાકાંઠા વિસ્તારમાંથી આ ગેસ પાઈપ કાઢવામાં આવે તેવો સુર ઉઠયો હતો.

ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ- ગુજરાતના પ્રમુખ પદે ઈનામુલહક્ક ઈરાકીની વરણી

અંજાર,તા.૨૪

ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ ટ્રસ્ટ દ્વારા ગુજરાતના જાણીતા ઉદ્યોગકાર, સામાજિક આગેવાન, અનેક સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા, સખીદાતા ઈનામુલહક્ક શમશુલહક્ક ઈરાકી (અમદાવાદ વાળા)ની રાષ્ટ્રીય કાર્યકારીણીના ટ્રસ્ટી પદે તેમજ ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ-ગુજરાત પ્રદેશના પ્રમુખ પદે નિમણૂક કરવામાં આવી છે. તેમની નિમણૂકને સંસ્થાના ટ્રસ્ટી અને સામાજિક આગેવાન હાજી જુમ્માભાઈ રાયમા તથા સંસ્થાના પ્રમુખ હાજી મોહમ્મદભાઈ આગરિયા ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટીઓ, શુભેચ્છકો હાજી નુરમામદભાઈ રાયમા, યુસુફભાઈ સંઘાર, હૈદરશા પીર, ઈદ્રીશભાઈ વોરા, સદીકભાઈ

રાયમા, મૌલાના શરીફ સાહેબ, મૌલાના લતીફ સાહેબ ઓઢેજા, મૌલાના અબ્દુજાના સાહેબ, મહેબુબભાઈ ભીમાણી, હુસેનભાઈ આગરિયા, શાહનવાઝભાઈ શેખ, ઈકબાલભાઈ મંધરા, અશરફભાઈ પાસ્તા, નાસીરખાન પઠાણ, સલીમભાઈ રાયમા, હબીબશા સૈયદ, અબ્દુલભાઈ આગરિયા, શકુરભાઈ મંજોઠી, સુલ્તાનભાઈ મંજોઠી, ભાકરશા પીરજાદા, યાકુબભાઈ કુંભાર, સીધીકભાઈ નારેજા, વૈપલ નૌડે, સાલેમામદ દરાડ, રફીકભાઈ બારા, નજીબભાઈ અબ્બાસી, સાજીદભાઈ માણેક, મુસ્તાકભાઈ હિંગોરજા, જુસબભાઈ આગરિયા, ઈકબાલભાઈ દેદા, રમજાનભાઈ બાયડ, ગુલામશા શેખ, રીજવાનભાઈ ખોજા, અબ્દ્રેમાન ખત્રી, રફીભાઈ ખત્રી, શબ્બીરભાઈ સુમરા, અબ્દુલભાઈ જત, રમજુભાઈ કુંભાર, ફતેહમામદ રાઉમા, ઈકબાલભાઈ જત, રજમાનભાઈ આગરિયા સહિતનાઓએ આવકારી શુભેચ્છા પાઠવી હતી. એવું સંસ્થાના પ્રમુખ હાજી મોહમ્મદભાઈ આગરિયાએ જણાવ્યું હતું.

મોહર્રમ પર્વ નિમિત્તે મોહસીને આઝમ મિશન, નાગલપુરની ઉમદા કામગીરી

મહેસાણાની સિવિલ અને લાઈન્સ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રૂટ વિતરણ

મહેસાણા, તા.૨૪

મોહસીને આઝમ મિશન નાગલપુર મહેસાણા દ્વારા દસમી મોહર્રમના રોજ હઝરત મોહમ્મદ પયગ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના નવાસા હઝરત ઈમામ હુસૈન (ર.અ.)એ એમના ૭૨ જાનિસારો સાથે કરબલામાં યઝીદ પલીદની ક્રૂરતા કટ્ટરતા અનૈતિકતાના સામે હકની આવાઝ બુલંદ કરી માનવતા અને સત્યતાના રક્ષણ માટે બલિદાન આપી શહાદત વ્હોરી હતી તેમની યાદમાં મોહસીને આઝમ મિશનની દરેક બ્રાન્ચો દ્વારા હઝરત સૈયદ હસન

અસ્કરીમિયાંની ગાઈડલાઈન્સ મુજબ આખા ભારતમાં હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ કરવામાં આવે છે.

એમ એ એમ નાગલપુર મહેસાણા દ્વારા પણ મહેસાણાની સિવિલ હોસ્પિટલ તથા લાઈન્સ હોસ્પિટલમાં દર્દીઓને ૨૦૦થી વધુ ફ્રૂટ કીટ વિતરણ કરી અનોખી રીતે ઉજવણી કરી હતી. તે પ્રસંગે લાઈન્સ હોસ્પિટલના ડૉ. પટવા તથા બ્લડ બેંકના ડૉ. દિનેશ પટેલ હાજર રહ્યા હતા અને મિશનની આ કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કાર્યક્રમના પ્રોજેક્ટ ઈન્ચાર્જ સૈયદ મોહસીન મિયાં તથા સૈયદ અબરાર અને વકાર ખાન, અવેસ ખાન, સમીર સૈયદ, શાકિર સૈયદ, અસવદ કુરેશી, અવેશ મલેક તથા દરેક કાર્યકર્તાઓ મહેનત કરી આખા પ્રોગ્રામને સફળ બનાવ્યું હતું.

સુરત : રેલવે ટ્રેકની ઝૂંપડપટ્ટી હટાવવાની કામગીરી પર સુપ્રીમ કોર્ટનો એક દિવસીય સ્ટે

ડિમોલીશન કામગીરી દરમ્યાન પૂર્વ નગરસેવક અસલમ સાયકલ વાલાની અટકાયત કરાઈ

(સંવાદદાદા દ્વારા) સુરત, તા.૨૪

છેલ્લાં પાંચ દસક કરતાં વધુ સમયથી સુરત-ઉધના રેલવે ટ્રેક નજીક કાચા ઝૂંપડામાં વસવાટ કરતાં શ્રમજીવી પરિવારોને દૂર કરવાના આદેશને પગલે તંત્રએ આજે સવારથી જ મેગા ડિમોલિશન ઓપરેશન શરૂ કર્યું હતું જેમાં કોંગ્રેસના પૂર્વ નગરસેવકની આક્રમક લડતને પગલે પોલીસે અટકાયત કરી લીધી હતી જયારે બીજી બાજુ સુપ્રિમકોર્ટે એક દિવસનો સ્ટે આપ્યો હોવાથી ઝૂંપડાવાસીઓને એક દિવસની મહોલત મળી ગઈ છે. કોંગી નેતા અસલમ સાઈકલવાલાએ અસરગ્રસ્તો માટે વૈકલ્પિક વ્યવસ્થાની માંગ કરી હતી. સુરત મહાનગરપાલિકાના આવાસો, સુડાના ખાલી પડેલા આવાસો, જેએનએનયુઆરએસ યોજના હેઠળ ખાલી પડેલા આવાસો અથવા કોઈપણ સરકારી આવાસો જે બનીને તૈયાર પડ્યા હોય તેવા મકાનો ફાળવવા ઉગ્ર માંગ કરી હતી. જોકે, તમામ ગતિવિધિ અને આંદોલનાત્મક કાર્યપદ્ધતિને અવગણી તંત્રએ આજે સવારે મેગા ડિમોલિશન કાર્યવાહી હાથ ધરી હતી જેમાં અનેક લોકોના ઝૂંપડા પર બૂલડોઝર ફરી વળ્યા હતા જયારે બીજી બાજુ ઝૂંપડાવાસીઓ તરફથી માનવીય અભિગમ દાખવનાર લોકોએ સુપ્રિમકોર્ટમાં પ્રેયર કરી હતી જેને પગલે સુપ્રિમકોર્ટે ઓગસ્ટ સુધી સ્ટે આપ્યો હતો. છેલ્લાં કેટલાય દિવસથી આક્રમક રીતે આગળ વધી રહેલા કોંગ્રેસના નેતા અસલમ સાયકલવાલાએ દર્શના જરદોશના ઘરનો પણ ઘેરો ઘાલ્યો હતો. પગલે આજે સવારથી જ પૂર્વ નગરસેવકની સ્થાનિક પોલીસે અટકાયત કરી લીધી હતી.

આંગડિયા પેઢીનો લૂંટનો મામલો

અંજારમાં લૂંટમાં ગયેલી કાર ભચાઉના ચીરઈ પાસેથી મળી આવી

લૂંટ માટે ઉપયોગમાં લેવાયેલ બાઈક ચોરીનું હોવાનું ખૂલ્યું

ભૂજ,તા.૨૪

અંજાર શહેરની એનઆર એન્ડ કંપની નામની આંગડિયા પેઢીના સંચાલક પાસેથી ૬૬ લાખની લુંટ થવાની ઘટનામાં હજી બીજા દિવસે તપાસનો ધમધમાટ ચાલુ રહ્યો છે. આંગડિયા પેઢીના સંચાલક ભાવિન તુલસીદાસ ઠક્કર તા.૨૩-૮-ની રાત્રે રોકડ રકમ ભરેલ થેલો પોતાની સ્વીફ્ટ કારમાં નાખી ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે બાઈક સવાર ૩ અજાણ્યા શખ્સોએ ગાડીમાં બાઈક ભટકાવી હતી. ગાડીથી બહાર આવેલ ભાવિન ઠક્કરની આંખમાં મરચાની ભુકી નાખી અજાણ્યા શખ્સો ૬૬ લાખ રોકડ ભરેલ થેલો અને કાર લઈ ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ પોલીસે ચારેતરફ નાકાબંધી કરી હતી. આસપાસ વિસ્તારના સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા. ત્યારે આજરોજ આંગડિયા પેઢીના ચાલકની કાર બિનવારસી હાલતમાં ભચાઉ ગાંધીધામ હાઈવે ઉપર ચીરઈ નજીકથી મળી આવતા હવે લૂટારૂઓ કચ્છ બહાર નીકળી ગયા હોવાનું અનુમાન છે. બીજી તરફ લૂંટ વખતે કારમાં જે બાઈક લઈને લૂંટારૂ આવ્યા હતા તે બાઈક પણ અંજાર ખાતેથી બે દિવસ અગાઉ ચોરી થયાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

આવકની દૃષ્ટિએ રાજ્યમાં ચોથા ક્રમ સાથે

પાલનપુર એસ.ટી. વિભાગને બે દિવસમાં રૂા.૧.૨૫ કરોડની આવક

પાલનપુર, તા.૨૪

પાલનપુર એસ.ટી. વિભાગ દ્વારા બે દિવસમાં ૧,૨૫,૦૦,૦૦૦ લાખની આવક મેળવી ગુજરાતમાં ચોથો ક્રમ મેળવી બનાસકાંઠા એસ.ટી. વિભાગનું ગૌરવ વધાર્યુ છે. રક્ષાબંધનના તહેવારની સીઝનમાં પાલનપુર એસ.ટી વિભાગના સુચારા આયોજનથી પાલનપુર વિભાગ દ્વારા છેલ્લા બે દિવસમાં ૧,૨૫,૦૦,૦૦૦ (સવા કરોડ)ની આવક મેળવી વિભાગનું નામ રોશન કરેલ છે તેમજ પાલનપુર વિભાગ આવકની દૃષ્ટીએ ભૂતકાળના તમામ રેકોર્ડ બ્રેક કરી અગ્રેસર બન્યું છે. ગુજરાતમાં પાંચમાં ક્રમે આવતો હતો. તેના બદલે ચોથો ક્રમ મેળવ્યો છે તેમજ આગામી સમયમાં ગુજરાતમાં પ્રથમ નંબરે આવતા વાર નહીં લાગે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

આ ગૌરવભરી ક્ષણના સહભાગી એવા ડી.એમ.ઈ., ડી.ટી.ઓ. પાલનપુર વિભાગના તમામ ડેપોના ડેપો મેનેજર, માન્ય ત્રણેય યુનિયનના જવાબદાર વ્યક્તિઓ, ડ્રાઈવર/કંડક્ટર મિત્રો, મેકેનીકલ સ્ટાફ, વહીવટી સ્ટાફ તથા પ્રત્યક્ષ અને પરોક્ષ મદદરૂપ થનાર તમામનો વિભાગીય નિયામક કિરીટભાઈ ચૌધરી આભાર વ્યક્ત કર્યો હતો.

ગણેશ અને નવરાત્રિ ઉત્સવ નહીં તો વોટ પણ નહીં, સુરત બાદ વડોદરામાં બેનર લાગ્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

સુરત બાદ હવે વડોદરામાં ગણેશ ઉત્સવ અને નવરાત્રિ ઉત્સવ નહીં તો વોટ પણ નહીંના બોર્ડ લગાડવામાં આવતા ગરમાવો આવ્યો છે. કોરોનાની સ્થિતીને ધ્યાને રાખીને રાજ્ય સરકારે તહેવારોની ઉજવણીઓ પર આડકતરી રીતે લગામ કરી છે.

કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક નવા ચહેરાઓને મંત્રી મંડળમાં સામેલ કરવામાં આવ્યા હતા. લોકસભાનું પાર્લામેન્ટ્રી સેશન પતી ગયા બાદ કેન્દ્રિય મંત્રીઓ દ્વારા જન આશિર્વાદ યાત્રા શરૂ કરવામાં આવી હતી. જેમાં ઠેર ઠેર લોકોની ભીડ એકત્ર થતી જોવા મળી રહી હતી. જો કે, ગણેશ પર્વ અને નવરાત્રિ પર્વ નજીકમાં આવી રહ્યું છે. અને રાજ્ય સરકાર દ્વારા પાબંદીઓ લગાડીને તહેવારોની ઉજવણી પર આડકતરી રીતે લગામ કસવામાં આવી છે. નિયમો માત્ર પ્રજા માટે હોવાની તંત્રની દ્વારા એક તરફી જ કાર્યવાહી કરવામાં આવી રહી હોવાની શક્યતાઓ નકારી શકાય તેમ નથી.

તાજેતરમાં સુરતમાં કેન્દ્રિય મંત્રીઓની જન આશિર્વાદ યાત્રા પર કટાક્ષ કરવાની સાથે ગણેશ પર્વ અને નવરાત્રિ પર્વ પર મંજુરી માંગતા પોસ્ટરો લાગ્યા હતા. પોસ્ટરોને કારણે સુરતમાં ભારે ચર્ચા જાગી હતી. હવે સુરત બાદ વડોદરાના તરસાલીમાં સ્થાનિક યુવક મંડળ દ્વારા સુરતની જેમ જ પોસ્ટરો મારવામાં આવ્યા છે. તરસાલી વિસ્તારમાં મહાદેવ ગૃપ સંચાલિત શ્રી સાંઈરામ યુવક મંડળ દ્વારા પોસ્ટરો લગાડવામાં આવ્યા છે. જો કે, સામાન્ય પ્રજા અને નેતાઓ માટે અલગ અલગ નિયમો હોવાનો અનુભવ કરાવતો આ પહેલો પ્રસંગ નથી. અગાઉ રાજ્યમાં પંચાયત અને પાલિકાની ચુંટણી હતી ત્યારે પણ તંત્ર દ્વારા એક તરફી નિયમોનું પાલન કરાવવામાં આવતું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. અગાઉ એક તરફ લોકોને કોરોનાના નિયમોનું સુસ્ત પણે પાલન કરવા અને જો તેમ નહીં કરે તો દંડ વસુલવા સુધીની કાર્યવાહી કરવાની કડકાઈ દાખવવામાં આવતી હતી. પરંતુ નેતાઓની જાહેર સભા અથવા તો રેલીઓમાં થતી ભીડ મામલે તંત્ર મૌન સેવાતું હતું.

વડોદરામાં શિક્ષક સજ્જતા સર્વેક્ષણ પરીક્ષાનો ૯૦૦ શિક્ષકોએ કર્યો બહિષ્કાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

ગુજરાત સરકાર તરફથી શિક્ષક સજ્જતા પરીક્ષાનો આજે વડોદરા શિક્ષણ સમિતિના શિક્ષકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો જેમાં અંદાજે ૯૦૦ જેટલા શિક્ષકોએ પરીક્ષાનો બહિષ્કાર કર્યો હોવાનું જાણવા મળે છે. વડોદરા શિક્ષણ સમિતિના શિક્ષકો દ્વારા આજે વિરોધ કરવામાં આવ્યો હતો જેમાં રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતી શિક્ષક સજ્જતા પરીક્ષા અંગે શિક્ષકોએ રાજ્ય સરકારના આ નિર્ણયને વખોડી કાઢી જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની પરીક્ષા લેનારની પરીક્ષા કેવી રીતે લેવાય શિક્ષકોની અવારનવાર તાલીમ આપવામાં આવતી હોય છે તાજેતરમાં નિષ્ઠા તાલીમ વર્ગ પણ શિક્ષકો માટે યોજવામાં આવ્યો હતો તેમ છતાં શિક્ષકોની પરીક્ષા લેવામાં આવી રહી છે તે અયોગ્ય છે. શિક્ષકોએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો આ નિર્ણય પરત લેવો જોઈએ કારણકે, શિક્ષક પહેલેથી સજ્જ છે એટલે જ શિક્ષક છે. શિક્ષણ વિભાગ શિક્ષકોની પરીક્ષા લઈ કરી અપમાન કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શિક્ષકો પ્રત્યે કડક વલણ અપનાવશે તો આગામી દિવસોમાં શિક્ષક સંઘ જે નિર્ણય કરશે તે પ્રમાણે આંદોલન કરવામાં આવશે.

સરકારના વિનામૂલ્યે અનાજ આપવાના દાવા પોકળ

તહેવારો ટાણે જ સુરતના સેંકડો કાર્ડધારકો રાશનથી વંચિત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૪

ઘણા દુકાનદારોને તહેવારો ટાણે જ મહિનાની આખર તારીખો હોવા છતાં જરૂરિયાતમંદ લોકોને મળવા પાત્ર સરકારી અનાજ વહેંચવા માટે સરકારી ગોડાઉનોમાંથી જથ્થો મળ્યો ન હોવાની ફરિયાદો દુકાનદારોમાં ઉઠી છે. જ્યારે તહેવારો માટે વધારાનો એક કિલો તેલનો જથ્થો આપવા માટે એ પણ દુકાનદારને જથ્થો ગોડાઉન તરફથી આપવામાં આવ્યો નથી એટલે કે સરકારી ગોડાઉનમાં તળિયા આવી ગયા છે. સુરત શહેર જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત સરકારી માન્ય વ્યાજબી ભાવની દુકાનો પર દર મહિનાની ૩જી તારીખથી લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ મળી રહે તે માટે વ્યવસ્થા ઊભી કરાઈ હતી. સરકારની જાહેરાત પ્રમાણે દર મહિનાની ૩જી તારીખથી વિનામૂલ્યે તેમજ ૧૭મી તારીખથી રાહત દરે રેશનકાર્ડ ધારકોને અનાજ સહિતનો જથ્થો મળી રહે તે પ્રમાણે આયોજન કરવાની જિલ્લા પુરવઠા અધિકારીને સૂચના અપાઈ હતી જેમાં પણ ઓગસ્ટ મહિનામાં રક્ષાબંધન, મહોર્રમ, જન્માષ્ટમી સહિતના તહેવારો આવતા હોવાથી લાભાર્થીઓને સમયસર જથ્થો મળી રહે તે માટે પણ તાકીદ કરાઈ હતી પરંતુ જિલ્લામાં ગોડાઉનોમાં પૂરતો અનાજનો જથ્થો ન હોય પણ આ દુકાનદારોને જથ્થો સમયસર ન મળતા સરકારની જાહેરાત પોકળ સાબિત થઈ રહી હતી. તહેવારો ટાંણે જ કેટલાક વિસ્તારોમાં ગરીબ પરિવારો મફત સહિતના સરકારી અનાજના જથ્થાનાથી વંચિત રહી ગયા હોવાની પરિસ્થિતિ ઊભી થવા પામી છે.

અમરેલીમાં ભાઈના મૃત્યુના વિરહમાં બહેને પણ ગળેફાંસો ખાધો

અમરેલી, તા.૨૪

અમરેલીમાં થોડા મહિના પહેલા ભાઈના મૃત્યુથી આઘાતમાં રહેલ બહેને પણ રક્ષાબંધનના તહેવારે ગળાફાસો ખાઈ આપઘાત કરી લીધેલ હતો, રક્ષાબંધન દિવસે હું કોને રાખડી બાંધીશ ભાઈ તું જીવતો હોત તો રાખડી બાંધત પણ તું નથી તેમ યાદ કરી અંતે બહેને પણ મોટા ભાઈ પાસે સદા માટે ચાલી ગયેલ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલીના લીલીયા રોડ બાયપાસ ચોકડી પાસે રહેતી ક્રિષ્નાબેન મનસુખભાઈ ચાવડા ઉવ-૧૮ એ પોતાના ઘરમા ચૂંદડી બાંધી ગળાફાસો ખાઈ આપઘાત કરી લીધેલ હતો, આપઘાત કરી લેનાર ક્રિષ્નાનો મોટો ભાઈ થોડા મહિના પહેલા જ મૃત્યુ પામેલ હોઈ જેની આ રક્ષાબંધનમાં ખોટ વર્તાતા અને રક્ષાબંધનમાં રાખડી બાંધવા તેનો ભાઈ હાજર ના હોઈ અને તું જીવતો હોત તો હું તને રાખડી બાંધત તેવા પોતાના ભાઈ પ્રત્યેનો અપાર પ્રેમ લાગણીના કારણે યાદ કરતી હતી પરંતુ ક્રિષ્ના પોતે જ આપઘાત કરી સદાય માટે મોટા ભાઈ પાસે ચાલી ગયેલ બનાવ અંગે તાલુકા પોલીસમાં મૃતકના પિતાએ જાહેર કર્યું હતું.

જાહેર નોટિસ

ડો.એસ.એમ. ગાંગુલી (GAS), સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, સિદ્ધપુર પ્રાંત સિદ્ધપુરની કોર્ટમાં

નં.એમએજી/જન્મ-મરણ/એસ.આર.૦૫/૨૦૨૦

અરજદાર : **પરવીનબેન અબ્દુલમજીદ ધોબી** રહે. પોલીસ લાઈન, ટેકરાવાસ, સિદ્ધપુર

સામાવાળા : સબ રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી સિદ્ધપુર નગર સેવા સદન, સિદ્ધપુર

જન્મ/મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પરવીનબેન અબ્દુલમજીદ ધોબી રહે. પોલીસ લાઈન, ટેકરાવાસ, સિદ્ધપુરના પુત્રશ્રી ઈજાન અબ્દુલમજીદ ધોબીનો જન્મ તા.૧૨/૧૧/૨૦૧૮ના રોજ તેમના ઘરે સિદ્ધપુર મુકામે થયેલ છે. પરંતુ તે વખતે કાયદાની અજ્ઞાનતાના કારણે શરતચૂકથી તેમના મરણની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી સિદ્ધપુર નગર સેવા સદન, સિદ્ધપુરના રેકર્ડે નોંધાયેલ ન હોઈ, તેમના મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોને નોંધ લેવી.

આજ તા.૧૭/૧૦/૨૦૨૦ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સિદ્ધપુર

ડીસાના વડાવલ ગામના પાટિયા નજીક

અજાણ્યા વાહનની ટક્કરે મારૂતી વાનમાં સવાર બે યુવકોનાં મોત : ત્રણ ઈજાગ્રસ્ત

ડીસા, તા.૨૪

ડીસા ભીલડી હાઈવે પર વડાવલ પાટિયા નજીક બપોરના સમયે મારૂતીવાનને કોઈ અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારતાં બે વ્યક્તિના મોત થતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જ્યારેય ત્રણ વ્યક્તિને ઈજા થઈ હતી. આ અંગેની મળતી માહિતી મુજબ ડીસાના નટ પરીવારના સભ્યો ડીસાથી વરાણા ખોડીયાર માતાજી મંદિર દર્શનાર્થે મારુતી વાન નંબર GJ 07 DB 6442 લઈ જતાં હતાં તે દરમિયાન ડીસા તાલુકાના વડાવલ ગામના પાટીયા નજીક કોઈ અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારતાં મારૂતી વાનમાં બેઠેલ બે મોત નિપજયા હતા જયારે ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઇ હતી ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા આ અંગેની પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. મૃત્યુ પામેલા યુવકોમાં અનિલભાઈ સરદાર ભાઈ નટ અને શાંતિભાઈ સાયબા ભાઈ નટનો સમાવેશ થાય છે. ભીલડીથી ડીસા તરફ જઇ રહેલી મારૂતિ વાનને સામેથી રોંગ સાઈડ આવતા કોઈ વાહને જોરદાર ટક્કર મારી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે જોકે આ લખાય છે ત્યાં સુધી કયા વાહને ટક્કર મારી તે જાણી શકાયું નથી.

જૂનાડીસામાં સમાજ સુધારણા ચિંતન શિબિર યોજાઈ

જૂનાડીસા ધી ઓએસીસ ચેરિટેબલ ટ્રસ્ટ તથા સમસ્ત જાલોરી મુસ્લિમ સમાજ દ્વારા આજરોજ ધી ઓએસીસ ટ્રસ્ટની સમુહલગ્ન મેનેજમેન્ટ કમિટી દ્વારા સમાજ સુધારણા માટે જૂનાડીસા જાલોરી સમાજની સિનિયર સિટિઝન્સ સમાજ સુધારણા ચિંતન શિબિર વકીલ અબ્દુલકય્યુમખાન સલીમખાન ચાવડાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવી હતી. જેમાં ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા અને રીટાયર્ડ બિસ્મિલ્લાહ સોસાયટીના મદ્રેસા હોલમાં હાજર રહ્યા હતા. જેમા સમાજ સુધારણાને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી અને સમાજ સુધારણા કમિટીની રચના કરવામાં આવી હતી.

(તસવીર : જમીલ મેમણ, ડીસા)

સુરતમાં ટ્રાફિક SPએ જ જાહેરમાં બર્થ ડે ઉજવી નિયમોના ધજાગરા ઉડાવ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

શહેરભરના જાહેર રસ્તાઓ ઉપર ઉતરી એક બાજુ ખુદ પોલીસ માસ્ક વગરનાઓને દંડે છે, ત્યારે બીજી બાજુ ટ્રાફિક એસીપીએ જાહેરમાં પોતાના બર્થડેની કરેલી ઉજવણી કર્યોની બાબત ચર્ચાનો વિષય બની છે. દિલ્હીગેટ ફ્લાયઓવર બ્રિજ નીચે થયેલી બર્થડેની ઉજવણીમાં એસીપીની સાથે સામેલ મોટાભાગના માસ્ક વિના હતા અને તમામે સોશ્યલ ડિસ્ટન્સનું પણ પાલન કર્યું નહોતું. આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. અત્રે નોંધનીય છે કે સુરતના પોલીસ કમિશનરે જાહેરમાં બર્થડેની ઉજવણી પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડયું છે અને પોલીસ સમયાંતરે તેનો ભંગ કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરે છે. ઉપરાંત, હાલમાં કોરોનાને પગલે તેનો ફેલાવો અટકાવવા પણ વિવિધ ગાઈડલાઈનનો અમલ પોલીસ કરાવે છે અને તેનો ભંગ કરનારાઓ વિરૂદ્ધ પણ એપેડેમિક એક્ટ મુજબ કાર્યવાહી થાય છે. ત્યારે શહેર પોલીસની ટ્રાફિક શાખાના ઝોન ૪ ના એસીપી અશોકસિંહ ચૌહાણે તેમના જન્મદિનની ઉજવણી દિલ્હીગેટ ફ્લાયઓવર બ્રિજ જાહેરમાં કેક કાપી કરી હતી. તે સમયે તેમના સંબંધીઓ અને પરિચિતો ત્યાં હાજર હતા. ઉજવણી વેળા એસીપી માસ્ક સાથે હતા. પરંતુ તેમની સાથે હાજર મોટાભાગનાઓએ માસ્ક પહેર્યા નહોતા. તેમજ ઉજવણી વેળા સોશિયલ ડિસ્ટન્સનું પણ પાલન કરાયું નહોતું. કેક કાપ્યા બાદ એસીપી ચૌહાણે પણ ભેટ સ્વીકારતી વેળા પોતાનું માસ્ક નાક નીચે ઉતારી દીધું હતું. જોકે આ મુદ્દે પોલીસ કમિશનર દ્વારા શું કોઈ કાર્યવાહી થાય છે કે કેમ તે જોવું રહ્યું છે.

સીક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના

ક્ર. નં.	કર્જદાર (રો)ના નામ (ક)	ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ)	એનપીએ તારીખ (ગ)	બાકી રકમ (રૂા.) (ઘ)
1	લોન એકાઉન્ટ નં. HLLAAHE00404015 1 .શ્રુતી વિશાલ સંઘવી 2. પ્રદિપ હરિલાલ 3. સંઘવી વિશાલ પ્રદિપભાઈ ઉર્ફે વિશાલ પ્રદિપભાઈ સંઘવી પ્રૉપરાઈટર ખેવના ઈન્ફ્રાસ્ટ્રકચર 4. પૂજાબેન પ્રદિપભાઈ સંઘવી	પ્લૉટ નં. 585/2, શાંતિવન (પ્લૉટ નં. 585/2) સેક્ટર –30 ગાંધીનગર, ''ચ-૬ "સર્કલ, ''ચ "રોડ, ગુજરાત–382010	24.05.2021	રૂા. 1,15,13,943.30 /– (રૂપિયા એક કરોડ પંદર લાખ તેર હજાર નવસો તેતાલીસ અને ત્રીસ પૈસા માત્ર)24.05.2021 ના રોજ

આ સાથે જણાવવાનું ઉપરોક્ત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શક્યા નથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર (રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.

ધિરાણ લેનાર (રા) લોનની રકમની પુનઃ ચુકવણીની બાબતમાં સતત કસુરવાર ઠરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર (રા) ના લોન એકાઉન્ટને નોન પરફોર્મિંગ એસેટ (કોલમ ગ માં દર્શાવેલ તારીખ પ્રમાણે) તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.

ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિવસ સુધીના વ્યાજ , ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ (ઘ) માં દાર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને/તેણીને એલાન કરે છે. જો તેમ નહી થાય તો કોલમ (ખ) માં જણાવેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદો હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.

કૃપા કરીને નોંધ લેશો કે સરફેસી ઍક્ટની કલમ 13ની પેટા કલમ (8) ની જોગવાઈઓના સંદર્ભમાં, ''કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધીજ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટ્સના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મંગાવીને, પબ્લિક પાસેથી અથવા પ્રાયવેટ ટ્રીટી થી ટેન્ડર મંગાવીને કરાતા વેચાણની સૂચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશે, વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો કર્જદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.

સરફેસી કાયદોની કલમ 13 ની પેટા કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈ પણ , તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસ ઉલ્લેખિત સુરક્ષિત સંપતિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

સ્થળ : અમદાવાદ/ગાંધીનગર(ગુજરાત)

સહી/–
ઈંડિયાબુલ્સ કોમર્શિયલ ક્રેડિટ લિમિટેડ
અધિકૃત અધિકારી

દિલ્હી રમખાણો : ઉમર ખાલિદે કહ્યું, ટીવી ચેનલોએ તેમના ભાષણના સંપાદિત અંશ ચલાવી તેમને ફસાવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણોના ક્રમમાં ગેરકાયદેસર ગતિવિધિઓ (અટકાવો) કાયદા (યુએપીએ) હેઠળ ધરપકડ કરવામાં આવેલા જવાહરલાલા નેહરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થી નેતા ઉમર ખાલિદે સોમવારે દિલ્હીની એક અદાલતમાં જણાવ્યું કે, પોલીસના દાવાઓમાં અનેક વિરોધાભાસ છે. ખાલિદે તેને એક ષડ્યંત્ર ગણાવ્યું.

તેમણે જણાવ્યું કે, કેટલીક સમાચાર ચેનલોએ તેમના ભાષણના વીડિયોનો સંપાદિત ભાગ ચલાવીને તેમને ફસાવ્યા. આ વીડિયો તેમણે પોતે રેકોર્ડ કર્યો ન હતો. પરંતુ ભાજપ નેતા અને પાર્ટીના આઈટી સેલ પ્રમુખ અમિત માલવિયના ટ્વિટથી કોપી કરવામાં આવ્યો હતો.

ખાલિદ અમને અન્ય કેટલાક લોકોની વિરૂદ્ધ યુએપીએ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. તેમની પર ફેબ્રુઆરી ૨૦૨૦માં થયેલા રમખાણોનું ષડ્યંત્ર રચવાનો આરોપ છે. આ રમખાણોમાં ૫૩ લોકોનાં મોત થયા હતા જ્યારે ૭૦૦થી વધુ ઘાયલ થયા છે.

ખાલિદના વકીલ ત્રિદીપ પૈસે એડિશનલ સત્ર ન્યાયાધીશ અમિતાભ રાવતે જણાવ્યું કે, એફઆઈઆર મનમરજીની અને બિનજરૂરી છે અને જેમનો ઉપયોગ તેમના ક્લાયન્ટને પસંદગીના આધારે નિશાન બનાવવા માટે કરવામાં આવ્યો.

વકીલે દિલ્હી પોલીસના દાવાઓ બે વિરોધાભાસો તરફ સંકેત કર્યો. તેમણે સૌપ્રથમ મહારાષ્ટ્રમાં ખાલિદના ભાષણનો ૨૧ મિનિટનો એક વીડિયો બતાવ્યો, જેને ફરિયાદ પક્ષે કથિત રીતે ઉશ્કેરણીજનક બતાવ્યું. તેમણે અદાલતને જણાવ્યું કે, તેમના ક્લાયન્ટે ભાષણના માધ્યમથી હિંસાનું કોઈ આહ્‌વાન કર્યું નથી અને વાસ્તવિકતામાં લોકોને એકતાનો સંદેશ આપ્યો.

બીજું તેમણે તર્ક આપ્યો કે પોલીસના મામલા મુજબ ખાલિદે ૮ જાન્યુઆરીએ અન્ય આરોપીઓની સાથે મળીને પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રવાસ દરમ્યાન રમખાણો ઉશ્કેરવાનું ષડ્યંત્ર રચ્યું, જો કે, ટ્રમ્પના પ્રવાસ સંબંધી સમાચારની જાહેરાત ફેબ્રુઆરીમાં થઈ હતી. આ રીતે જૂઠ્ઠે જે તે ફેલાવી રહ્યા છે. આ એક મજાક છે આ એફઆઈઆર મનમાની છે. કોઈ પણ વ્યક્તિની વિરૂદ્ધ ફરિયાદ શું આટલી સરળ છે. શું ફરિયાદ પક્ષ તરીકે તમારી કોઈ જવાબદારી નથી.

પૈસે અદાલતમાં આ કહીને પોતાની દલીલો શરૂ કરી કે, પોલીસે કુલ ૭૧૫ એફઆઈઆર નોંધી છે અને કોઈપણ એફઆઈઆરમાં ઉમરનું નામ નથી.

તેમણે અદાલતને જણાવ્યું કે, યુએપીએ એફઆઈઆર બિનજરૂરી છે અને સીએએના વિરોધના આધારે પસંદગીના લોકોને લક્ષિત કરવા માટે મુસદ્દા તૈયાર કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે, આ મામલામાં સાક્ષીઓએ પોલીસ અને મેજિસ્ટ્રેટને વિરોધાભાસી નિવેદન આપ્યા છે.

પૈસે જણાવ્યું કે, મારા ક્લાયન્ટને પ્રેસે ફસાવ્યો છે. તેમણે ભાષણના અન્ય ભાગોને કેમ છેડ્યા ? આપવામાં આવેલી ડીવીડી ચાર્જશીટનો ભાગ નથી. ૧૭ ફેબ્રુઆરીએ આપવામાં આવેલ યુ-ટ્યૂબ અને ટીવી ચેનલ પર જારી ફૂટેજ ઉપલબ્ધ કરાવવા માટે ૨૩ જૂને નોટિસ મોકલી હતી. જવાબ વાંચતા પૈસે અદાલતને જણાવ્યું કે, મહેરબાની કરી આ એવા પત્રકાર છે જે ભાષણ જોવા માટે ક્યારેય જમીન પર જતા નથી. પરંતુ તેને બતાવવામાં ઘણા ખુશ થાય છે તે ત્યાં ક્યારેય ગયા નથી. તેમની પાસે રો ફૂટેજ નથી અને આ વીડિયો ભાજપના એક સભ્ય દ્વારા કરવામાં આવેલ ટ્વિટથી મળી આવ્યો હતો. આ વર્ષે એપ્રિલમાં જેએનયુના પૂર્વ વિદ્યાર્થી ઉમરને રમખાણોથી સંબંધિત એક અન્ય મામલામાં જામીન મળી હતી. અદાલતે જામીન આપતા જણાવ્યું હતું કે, ઘટનાના દિવસ તે પ્રત્યક્ષ રીતે અપરધા સ્થળ પર હાજર ન હતા. ખાલિદ ઉપરાંત જેએનયુના વિદ્યાર્થી નતાશા નરવાલ અને દેવાંગના કલીતા, જામિયા સમન્વય સમિતિના સભ્ય સફુરા જરગર, આમ આદમી પાર્ટીના પૂર્વ સાંસદ તાહિર હુસેન તેમજ અન્યની વિરૂદ્ધ પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

અજમેરમાં મુસ્લિમ ભીખારી પર હુમલો ભીખ માંગવા પાકિસ્તાન જવા માટે પણ કહ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

મુસ્લિમો વિરૂદ્ધ ધિક્કારની અન્ય એક ઘટનામાં અજમેર જિલ્લામાં એક મુસ્લિમ ભિખારીને કટ્ટરવાદી લોકોના એક જૂથ દ્વારા ઘેરી લેવામાં આવ્યો હતો અને તેના પર હુમલો કરવામાં આવ્યો હતો અને તેને ભીખ માંગવા માટે પાકિસ્તાન જવાનું પણ કહેવામાં આવ્યું હતું. બાદમાં આ ઘટના સંદર્ભે પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ આરોપીઓની ઓળખ લલિત શર્મા (૪૦), સુરેન્દ્ર ૩૨; તેજપાલ ૨૭; રોહિત શર્મા ૩૨ અને શૈલેન્દ્ર ટાંક ૩૧ તરીકે થઈ છે તેઓ બાદમાં જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલ એક વીડિયો ક્લિપમાં બે બાળકો સાથે આવેલા મુસ્લિમ ભિખારીને પરેશાન કરતા અનેક પુરૂષો દેખાય છે. એક આરોપી પીડિતા સાથે રહેલા નાના છોકરાના માથા પર લાત મારતો પણ જોવા મળે છે. આ છોકરા પર હુમલો કરતી વખતે, તે એવું કહે છે કે, 'તમે ભીખ માંગવા માટે પાકિસ્તાન જાઓ. તમે અહીં કેમ આવ્યા છો ?' આ ઘટના લગભગ ચાર દિવસ પહેલાં સુભાષનગર વિસ્તારમાં બની હતી, જે રામગંજ પોલીસ સ્ટેશન હેઠળ આવે છે. જો કે, આ મુસ્લિમ વ્યક્તિની શોધ કરવામાં આવી નથી અને શકય છે કે, તે બીજા રાજ્યમાંથી અહીં આવ્યો હોવો જોઈએ.

મુરાસોલી મારન અને ટી.આર. બાલુની તમિલનાડુ પોલીસે ધરપકડ કરી હતી, નારાયણ રાણે સાથે ઈતિહાસનું પુનરાવર્તન

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

મંગળવારે મહારાષ્ટ્રમાં કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેને મહારાષ્ટ્ર પોલીસે ધરપકડ કરી. નારાયણ રાણે પર આરોપ છે કે, તેઓએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પર આપત્તિજનક ટિપ્પણી કરી હતી. એવું પ્રથમ વખત નથી બન્યું કે કોઈ રાજ્યની પોલીસે કોઈ કેન્દ્રીય મંત્રીની ધરપકડ કરી હોય. પહેલાં પણ આ પ્રકારની ઘટનાઓ બની ચૂકી છે જમાં કેન્દ્રીય મંત્રીઓને રાજ્યની પોલીસે ધરપકડ કરી હોય, નારાયણ રાણે સાથે ઈતિહાસનું પુનરાવર્તન થતું જોવા મળ્યું છે. વર્ષ ૨૦૦૧માં જ્યારે કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયની નેતૃત્વ ધરાવતી એનડીએ સરકાર હતી ત્યારે એ જ સરકારમાં તમિલનાડુના ડીએમકે સહયોગી પક્ષ હતો. વાજપેયી સરકારમાં ડીએમકે તરફથી મુરાસોલી મારન તથા ટીઆર બાલુ કેન્દ્રમાં મંત્રી રહ્યા હતા. પરંતુ તમિલનાડુમાં જયલલિતાના નેતૃત્વમાં એઆઈડીએમકેની સરકાર હતી. જુલાઈ ૨૦૦૧માં તમિલનાડુ પોલીસે ડીએમકે સુપ્રીમો અને પૂર્વ મુખ્યમંત્રી કરૂણાનિધીની ધરપકડ કરી હતી અને કરૂણાનિધી સાથે તેમના જમાઈ તેમજ કેન્દ્રીય મંત્રી મુરાસોલી મારનની પણ ધરપકડ કરવામાં આવી હતી, મારન સિવાય કેન્દ્રીય મંત્રી ટીઆર બાલુની પણ ધરપકડ થઈ હતી. ડીએમકે નેતાઓની ધરપકડના વીડિયો આખા દેશના મીડિયામાં દર્શાવવામાં આવ્યા હતા કેમ કે તમિલનાડુ પોલીસે ડીએમકે નેતાઓને ઊઠાવીને લઈ ગઈ હતી. ખરેખર જ્યારે તમિલનાડુમાં કરૂણાનિધિના નેતૃત્વ ધરાવતી ડીએમકે સરકાર હતી ત્યારે તે સમયે જયલલિતા વિરૂદ્ધ ભ્રષ્ટાચારનો આરોપ લગાવવામાં આવ્યો હતો અને જયલલિતાની ધરપકડ કરી જેલમાં બંધ કરવામાં આવી હતી. જયલલિતા જેલમાં રહેવા છતાં તેમની પાર્ટી એઆઈડીએમકે ચૂંટણી જીતી ગઈ હતી અને બાદમાં કોર્ટમાં જયલલિતા વિરૂદ્ધ આરોપ ખોટા સાબિત થયા અને તે જેલમાંથી છૂટી બહાર આવી ગઈ અને તમિલનાડુની મુખ્યમંત્રી બની. તેમના મુખ્યમંત્રી બન્યા બાદ કરૂણાનિધી અને અન્ય ડીએમકે નેતાઓની ધરપકડ થઈ હતી અને તે સમયે એવું માનવામાં આવ્યું હતું કે, જયલલિતાએ પોતાનો બદલો લેવા તે ધરપકડ કરાવી હતી. આજે હવે મહારાષ્ટ્ર પોલીસે કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેની ધરપકડ કરી છે તો ૨૦૦૧માં તે સમયે કેન્દ્રીય મંત્રી મુરાસોલી મારન તથા ટીઆર બાલુની ધરપકડની યાદો તાજા થઈ. વર્તમાન સમયમાં પણ કેન્દ્રમાં એનડીએની સરકાર છે પરંતુ હવે તમિલનાડુમાં કરૂણાનિધીના પુત્ર એમ.કે.સ્ટાલિનના નેતૃત્વવાળી ડીએમકે સરકાર છે અને હવે ડીએમકે કોંગ્રેસ પાર્ટીનો સહયોગી પક્ષ બનેલ છે.

મહારાષ્ટ્રમાં કાળા જાદુની આશંકામાં ૭ દલિતોને ઢોરમાર મારવામાં આવ્યો

(એજન્સી) તા.૨૪

મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના એક ગામના બે દલીત પરિવારોના ૭ સભ્યોને શનિવારે કાળા જાદુ કરવાની આશંકામાં માર મારવામાં આવ્યો. અંધવિશ્વાસ અને કાળા જાદુ કાયદા હેઠળ અત્યાર સુધી ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સાતમાંથી પાંચ દલીત સભ્ય ગંભીર રીતે ઘાયલ છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનામાં વીડિયોમાં જોઈ શકાય છે. કે કેવી રીતે ગ્રામીણોએ પરિવારો પર હુમલો કર્યો હતો મોહર્રમ દરમ્યાન ગ્રામીણોનો દાવો છે કે ગામમાં ત્રણ મહિલાઓમાં દેવી હતી, જે માટે તે બે પરિવારોના દલીત સભ્યોને આ કહેતા દોષી ગણાવે છે કે તેમણે મહિલાઓ પર કાળો જાદુ કર્યો છે. ત્યાર બાદ બંને પરિવારોને ગામના ચોકમાં બોલાવી નિર્દયતાથી માર મારવામાં આવ્યો ઘાયલોમાં શાંતાબાઈ કાંબલે (૫૩), શિવરાજ કાંબલે (૭૪), સાહેબરાવ હુકા (૪૮), ધામશીલા હુકા (૩૮), પંચફુલા હુકા (૫૫), પ્રયાગબાઈ હુકા (૬૪) અને એકનાથ હયુકા (૭૦), સામેલ છે. સમાચાર મુજબ ચંદ્રપુરના એડિશનલ એસપી અતુલ કુલકર્ણીએ શનિવારે માહિતી આપી કે ભીડે બે મહિલાઓ સહિત પરિવારના ત્રણ સભ્યોને લાકડીના ડંડાથી બાંધી દીધા, તેમને ગડદા પાટુ મારી.

પેન્શનપાત્ર પગાર : EPFOની અપીલ સુપ્રીમ કોર્ટની મોટી બેન્ચ સમક્ષ મૂકવામાં આવી

(એજન્સી) તા.૨૪

મંગળવારે સુપ્રીમ કોર્ટની ડિવિઝન બેંચે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ જે કેરળ હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અરજી, જે ૧૯૯૫ની યોજના (EPS) 'અલ્ટ્રા વાયર્સ' તરીકે કર્મચારી પેન્શન હેઠળ 'પેન્શનપાત્ર પગાર નક્કી કરવા'માં સુધારાને રદ કરે છે તે સુપ્રીમ કોર્ટની મોટી બેન્ચ સમક્ષ મૂકી હતી. ન્યાયમૂર્તિ લલિતની ખંડપીઠે કહ્યું કે, ઓછામાં ઓછા ત્રણ ન્યાયાધીશોની મોટી ખંડપીઠ, જે આ અપીલમાં 'મામલાના મૂળમાં જાય છે.' મોટી બેન્ચ બનાવવા માટેની અપીલ ભારતના મુખ્ય ન્યાયાધીશને મોકલવામાં આવી હતી. આ વિવાદ EPS-1995ની કલમ ૧૧(૩)માં કરવામાં આવેલા વિવાદાસ્પદ સુધારાઓ વિશે છે. સુધારાઓ સામે પડકારો આપતા EPSએ કહ્યું કે, તેઓ ત્રાસી ગયા છે. સુધારાઓને પડકારનારા લોકો જીવન અને કામના તમામ ક્ષેત્રમાંથી આવ્યા હતા. તેઓએ યોગ્ય પેન્શન સાથે વધુ સુરક્ષિત જીવનની માંગ કરી છે. EPS-1995ના પહેલાના સંસ્કરણમાં, મહત્તમ પેન્શનપાત્ર પગાર મર્યાદા ? ૬૫૦૦ હતી. જો કે, જે સભ્યોનો પગાર આ મર્યાદાને વટાવી ગયો છે તેઓ તેમના માલિકો સાથે તેમના વાસ્તવિક પગારના ૮.૩૩% સુધી યોગદાન આપી શકે છે. આ સુધારાએ આ કેપ ? ૬૫૦૦થી વધારીને રૂા.૧૫,૦૦૦ કરી છે. પરંતુ સુધારામાં કહેવામાં આવ્યું છે કે, ૧ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ હાલના EPS સભ્ય એવા કર્મચારીઓ જ તેમના વાસ્તવિક પગાર અનુસાર પેન્શન ફંડમાં યોગદાન આપવાનું ચાલુ રાખી શકે છે. નવી પેન્શન વ્યવસ્થા પસંદ કરવા માટે તેમને છ મહિનાનો સમય આપવામાં આવ્યો હતો. જો કે, સુધારાઓ દ્વારા રજૂ કરાયેલ બદલાયેલ પેન્શન યોજનાનો અર્થ એ થયો કે ૧ સપ્ટેમ્બર, ૨૦૧૪ પછી ઈપીએસ સભ્ય બનનાર વ્યક્તિને તેના વાસ્તવિક પગાર સાથે પેન્શન નહીં મળે. એટલે કે, જો તમારો પગાર રૂા.૧ લાખ હોય, તો પણ તમને માત્ર ૧૫,૦૦૦ રૂપિયાના પગારથી પેન્શન મળશે' મુખ્ય ઉત્તરદાતાઓ માટેના એડવોકેટ નિશે રાજેન શોંકરે સમજાવ્યું કે, આ કેસ હજારો કર્મચારીઓ અને પેન્શનરોની ચિંતા માટે છે જેઓ પેન્શન તરીકે માત્ર ? ૨૦૦૦ અથવા ૩૦૦૦ મેળવે છે. આર.સી. ગુપ્તા કેસમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, EPS-1995 જેવી 'લાભકારી યોજના'ને ૧ સપ્ટેમ્બર, ૨૦૧૪ જેવી કટ ઓફ તારીખના સંદર્ભમાં જોવું જોઈએ નહીં. આ ઉપરાંત, સુધારાઓ એવા સભ્યો માટે વધારાની જવાબદારીઓ બનાવે છે જેમનો પગાર રૂા.૧૫,૦૦૦ની ટોચમર્યાદાને વટાવી ગયો છે. તેઓએ તેમના EPF યોગદાન ઉપરાંત પગારના ૧.૧૬%ના દરે યોગદાન આપવાનું હતું. આ ઉપરાંત, આ કર્મચારીઓએ છ મહિનાની અંદર આ નવો વિકલ્પ અપનાવવાનો હતો. આ સુધારાઓ લાવવામાં આવે તે પહેલાં, દરેક કર્મચારી, જે ૧૬ નવેમ્બર, ૧૯૯૫ના રોજ ૧૯૫૨ની કર્મચારી ભવિષ્ય નિધિ યોજનાનો સભ્ય બન્યો હતો, તે આ EPSનો લાભ લઈ શકતો હતો. પેન્શનપાત્ર પગાર કર્મચારીના EPSમાંથી બહાર નીકળ્યાની તારીખ પહેલાં સરેરાશ ૧૨ મહિનાનો પગાર હતો. સુધારાએ સરેરાશ પગારની ગણતરીની અવધિ ૧૨ મહિનાથી વધારીને ૬૦ મહિના કરી હતી. ઉત્તરદાતાઓ, જેઓ કર્મચારીઓ અને પેન્શનરો છે, તેમણે દલીલ કરી હતી કે સામાન્ય રીતે નિવૃત્તિ પહેલાં છેલ્લા વર્ષ દરમિયાન પગાર સૌથી વધુ હતો. તેઓએ દલીલ કરી હતી કે, સરેરાશ પેન્શનપાત્ર પગારની ગણતરીના સમયગાળાને ૧૨ થી ૬૦ મહિના સુધી વધારવાથી પેન્શનમાં અનુરૂપ ઘટાડો જોવા મળશે.

EPFOની દલીલ

ઈપીએફઓ એ તેની અપીલમાં સુધારાની તરફેણમાં દલીલ કરતા કહ્યું હતું કે, હાઈકોર્ટે માત્ર 'ઈપીએસ-૧૯૯૫ના ઉદ્દેશને રદ કરતો નથી, પરંતુ નીચા વેતન ધરાવતા કર્મચારીઓના હિતોને પણ પૂર્વગ્રહિત કરશે.' તેમાં કહેવામાં આવ્યું છે કે, ઉચ્ચ પગારનું પેન્શન પેન્શન ફંડને ખતમ કરશે અને 'ઓછા પગારમાં યોગદાન આપનારા કર્મચારીઓ યોજનાનો લાભ તેની યોગ્યતા સાથે મેળવી શકશે નહીં.'

કેટલાક પેન્શનરો અને કર્મચારીઓ તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ જયદીપ ગુપ્તાએ જણાવ્યું હતું કે, માત્ર કેટલાક અંદાજિત એક્ચ્યુઅરિયલ ડેફિસિટના કારણે લોકોના પૈસા રોકવા એ અયોગ્ય છે. અમે માત્ર એક નાણાં માંગી રહ્યા છીએ, તે અમારા પોતાના પૈસા છે ઘણા નિવૃત્ત લોકો પાસે દવાઓ ખરીદવા અથવા તેમની મૂળભૂત જરૂરિયાતોની સંભાળ રાખવા માટે પૈસા નથી.

સરકારી સમિતિની 'મોપલા શહીદો'ને ઈતિહાસના પુસ્તકમાંથી હટાવવાની માંગ, કહ્યું : વિદ્રોહી સાંપ્રદાયિક હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ભારતીય ઐતિહાસિક અનુસંધાન પરિષદ ત્રણ સભ્યવાળી સમિતિએ 'વૈગન ત્રાસદી' પીડિતો અને માલાબાર વિદ્રોહના નેતાઓને ભારતના સ્વતંત્રતા સંગ્રામના શહીદો પર એક પુસ્તકમાંથી હટાવવાની માંગ કરાઈ.

સમાચાર મુજબ આ જ સમિતિએ વર્ષ ૨૦૧૬માં વર્ષ ૧૯૨૧ના વિદ્રોહના ફ્રીડમ ફાઈટર્સના નામના રિપોર્ટની સમીક્ષા રજૂ કરી હતી. **ડિક્શનરી ઓફ મોર્ટર્સ :** ઈન્ડિયાઝ ફ્રીડમ સ્ટ્રગલ ૧૮૫૭-૧૯૪૭ નામનું પુસ્તક વર્ષ ૨૦૧૯માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જારી કરવામાં આવ્યું હતું. શિક્ષણ મંત્રાલય હેઠળ આવતા આઈસીએમઆરે પુસ્તકના પાંચમા ભાગમાં પ્રવિષ્ટિઓની સમીક્ષા કરી છે અને તારણ કાઢ્યું કે, ૩૮૭ મોપલા શહીદોના નામ જેમાં અલી મુસલિયાર, વરિયામકુનાથ અહેમદ હાજી અને હાજીના બે ભાઈઓને પુસ્તકમાંથી હટાવી દેવા જોઈએ. સમાચાર મુજબ મોપલા (મુસ્લિમ) રમખાણો તરીકે પણ ઓળખાતા માલાબાર વિદ્રોહ ૨૦ ઓગસ્ટ ૧૯૨૧એ મુસ્લિમ ભાડૂઆતો દ્વારા બ્રિટિશ શાસકો અને સ્થાનિક હિન્દુ જમીનદારોની વિરૂદ્ધ શરૂ થયો હતો. કેટલાક ઐતિહાસિક બતાવે છે કે, વિદ્રોહમાં લગભગ ૧૦,૦૦૦ લોકોના જીવ ગયા જેમાં ૨૩૩૯ વિદ્રોહી સામેલ હતા. આઈસીએમઆરના એક સભ્ય સીઆઈ આઈજેકે સમીક્ષા રિપોર્ટમાં નોંધ્યું કે, મોપલામાં લગભગ તમામ આક્રોશ સાંપ્રદાયિક હતા. આ હિન્દુ સમાજની વિરૂદ્ધ હતા અને માત્ર અસહિષ્ણુતાના કારણે કરવામાં આવ્યા હતા. માટે લખેલા નામ જલ્દી પ્રકાશિત થનારા પ્રોજેક્ટમાંથી હટાવવા જોઈએ. તેમણે જણાવ્યું કે, વૈગન ત્રાસદીમાં મૃત્યુ પામનારાઓમાંથી કોઈ પણ ભારતના સ્વતંત્રતા સેનાની ન હતા. કારણ કે, તેમને ખિલાફતનો ધ્વજ ફરકાવ્યો અને અનેક સંક્ષિપ્ત સમયગાળા માટે ખિલાફત અને ખિલાફત આંદોલનની સ્થાપના કરી. તેમની રમખાણોમાં ભાગ લેવાના આરોપમાં સેનાએ ધરપકડ કરી હતી. રમખાણોમાં ભાગ લેનારા લગભગ ૧૦ હિન્દુ પણ શબ્દકોશમાંથી હટાવનારા વ્યક્તિઓની યાદીમાં છે. વર્તમાનપત્રના રિપોર્ટ મુજબ રમખાણકારોએ ધર્મનિરપેક્ષ મુસ્લિમોને પણ છોડ્યા નહીં જે રમખાણકારોના હાથે મૃત્યુ પામ્યા તે નાસ્તિક હતા. મોટી સંખ્યામાં મોપલા શહીદ જે વિચાર હેઠળ કેદી હતા. ટાઈફોઈડ જેવા રોગો અને કુદરતી કારણોથી મૃત્યુ પામ્યા, માટે તેમને શહીદ તરીકે માની શકાતા નથી. તેમાંથી થોડાકને જ સરકારે અદાલતી સુનાવણી પછી ફાંસી આપી હતી.

રાજનૈતિક વિચારધારા

૧૯ ઓગસ્ટે આરએસએસ નેતા રામ માધવે દાવો કર્યો કે, ૧૯૨૧ના મોપલા વિદ્રોહ ભારતમાં તાલિબાન માનસિકતાની પ્રથમ અભિવ્યક્તિઓમાંથી એક હતું. તેમણે જણાવ્યું કે, કેરળમાં વામ સરકાર કથિત રીતે તેને કમ્યુનિસ્ટ ક્રાંતિ તરીકે ઉજવીને તેની છબિ સાફ કરવાનો પ્રયાસ કરે છે. તેના જવાબમાં ભાજપાના મહાસચિવ ડૉ.રાજાએ જણાવ્યું કે, આરએસએસ એક સાંપ્રદાયિક વિચારધારાનું પાલન કરે છે અને આ ઈતિહાસની ફરીથી વ્યાખ્યા કરવાનો પ્રયાસ કરે છે. તેમણે જણાવ્યું કે, જયાં સુધી મોપલા વિદ્રોહનો પ્રશ્ન છે આ સામંતોની વિરૂદ્ધ હતો, બ્રિટિશ શાસકોની વિરૂદ્ધ હતો, માટે તે લોકોને સેલ્યુલર જેલોમાં મોકલવામાં આવ્યા હતા. જણાવી દઈએ કે, વૈગન ત્રાસદી ૨૧ નવેમ્બર ૧૯૨૧માં થઈ હતી, જેમાં અંગ્રેજોની વિરૂદ્ધ વિદ્રોહ કરનારા ખેડૂતો (મોપલા કેદીઓ)ને કોઈમ્બતુર જેલમાં લઈ જવા માટે ભોજન અને પાણી વિના એક બારી વિનાની વૈગનમાં લઈ જવામાં આવ્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૭૦ ખેડૂતોના શ્વાસ રૂંધાવાના કારણે મોત થયા હતા. જ્યારે બાકી પેશાબ પીને જીવિત બચી શકયા હતા. આ ત્રાસદ ઘટનાને દક્ષિણનો જલિયાંવાલા બાગ કહેવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૭૨માં કેરળ સરકારે તેને વૈગન ત્રાસદી કરી હતી.

તિરાડ વધી ? છત્તીસગઢના CM બઘેલ અને આરોગ્યમંત્રી રાહુલ ગાંધીને મળશે

(એજન્સી) તા.૨૪

કોંગ્રેસ શાસનમાં રાજ્યમાં મતભેદો વધવાની શકયતા હોવાથી છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ આજે રાહુલ ગાંધી સહિત પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરશે. મુખ્યમંત્રીની રાષ્ટ્રીય રાજધાનીની મુલાકાત જ્યાં રાજ્યના આરોગ્ય મંત્રી ટી.એસ.સિંહ દેવ પણ ભોપાલથી પંહોચ્યા છે. તે કોંગ્રેસ શાસક રાજ્યમાં મુખ્યમંત્રી પદ માટે કથિત અઢી વર્ષ (૨.૫)ની સત્તા વહેંચણી સૂત્ર સાથે જોડાયેલી છે. લાંબા સમય પછી હું દિલ્હી જઈ રહ્યો છું.(ગયા મહિને) મેં હિમાચલ પ્રદેશના નેતા વીરભદ્રસિંહજીના અંતિમ સંસ્કારમાં ભાગ લેવા હિમાચલ પ્રદેશની મુલાકાત લીધી હતી, તે દરમિયાન હું પ્રતિનિધિ સોનિયા ગાંધી અને પ્રિયંકા (દિલ્હી પરત ફરતા) સાથે મુલાકાત કરી. આ વખતે બેઠક રાહુલ ગાંધી સાથે થવાની છે. એઆઈસીસીના મહાસચિવ કેસી વેણુગોપાલ અને રાજ્યના પ્રભારી પીએલ પુનિયા સાથે પણ બેઠક થશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું સિંઘ દેવ પણ ગાંધી સાથેની મુલાકાતમાં ઉપસ્થિત રહેશે. તેમણે જણાવ્યું કે મારી પાસે માત્ર રાહુલ ગાંધી સાથેની મુલાકાત કરવા અંગેની માહિતી છે. જ્યારે સંપર્ક કરવામાં આવતા તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ દિલ્હીમાં પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરશે, તો સિંહ દેવે પીટીઆઈને જણાવ્યું કે તેઓ આ અંગે અત્યારે જાણતા નથી અને રાજ્યના પ્રભારી પીએલ પુનિયા તેમને આ વિશે જણાવશે. મને વધુ કોઈ માહિતી નથી. પુનિયાજીને આ કાર્ય સોંપેલ છે. તે હાઈકમાન્ડના સંપર્કમાં છે. અમે તેમના સંદેશાની રાહ જોઈ રહ્યા છીએ. મે પુનિયાજીને જાણ કરી છે કે હું દિલ્હીમાં છું અને મને લાગે છે કે સવારે (એક મીટિંગ વિશે) અમને જણાવવામાં આવશે. બઘેલ સરકારે આ વર્ષે સત્તાના અઢી વર્ષ પૂર્ણ કર્યા હતા અને એવી અટકળો થવા લાગી છે કે મંગળવારે નિર્ધારિત પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે મુખ્યમંત્રીની બેઠકો દરમિયાન સત્તાની વહેંચણીના સૂત્ર પર ચર્ચા થવાની સંભાવના છે. ડિસેમ્બર ૨૦૧૮માં કોંગ્રેસ સત્તા પર આવ્યા બાદ રાજ્યના રાજકીય વર્તુળોમાં મુખ્યમંત્રીની પોસ્ટને રોટેશનલ ધોરણે વહેંચવામાં આવી હતી. તે સમયે, બઘેલ અને તેમના બે વરિષ્ઠ કેબિનેટ સાથીઓ ટીએસ સિંહ દેવ અને તામ્રધ્વજ સાહુ મુખ્યમંત્રી તરીકેના અગ્રણી દાવેદારોમાંના એક હતા. જ્યારે ૧૭ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ બઘેલે મુખ્યંત્રી તરીકે શપથ લીધા ત્યારે દેવ અને સાહુએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. અનુમાન મુજબ, બઘેલ અને દેવ વચ્ચે આ અઢી વર્ષની સત્તા વહેંચણીની ફોર્મ્યુલાના આધારે મુખ્યમંત્રી પદ માટે સર્વસંમતિ બની હતી. સત્તા વહેંચણી અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે હાઈકમાન્ડનો નિર્ણય તેમને માન્ય રહેશે અને તે જયારે કહેશે ત્યારે તેઓ આ પદ ખાલી કરી દેશે.

કોરોના વાયરસ : ભારતમાં નવા ૨૫,૪૬૭ કેસો નોંધાયા, સોમવાર કરતાં થોડાક વધારે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

દેશમાં કોરોના ધીમે-ધીમે નિયંત્રણમાં આવી રહ્યો હોવાના સકારાત્મક સંકેતો મળ્યા છે. ભારતમાં કોરોનાના કુલ સક્રિય કેસો ૩,૧૯,૫૫૧ થયા છે જે કુલ કેસના ૦.૯૮ ટકા છે. વિતેલા માર્ચ ૨૦૨૦ની તુલનાએ કોરોનાના સક્રિય કેસો એક ટકાથી નીચે સૌથી ઓછા રહ્યા છે. ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૫,૪૬૭ કેસો નોંધાતા અત્યાર સુધીમાં દેશમાં કોરોના સંક્રમિતોનો કુલ આંક વધીને ૩,૨૪,૭૪,૭૭૩ થયો હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે. એક દિવસમાં વધુ ૩૫૪ દર્દીનાં મોત થતાં કુલ મૃત્યુઆંક વધીને ૪,૩૫,૧૧૦ થયો છે.

મંત્રાલયના જણાવ્યા મુજબ દેશમાં કોરોનાના સક્રિય કેસો ૧૫૬ દિવસ પછી સૌથી ઓછા નોંધાયા છે. રિકવરી રેટ વધીને ૯૭.૬૮ ટકા થયો છે. સોમવારે દેશમાં ૧૬,૪૭,૫૨૫ કોરોના સેમ્પલના ટેસ્ટ હાથ ધરાયા હતા. અત્યાર સુધીમાં ૫૦,૯૩,૯૧,૭૯૨ કોરોના સેમ્પલના ટેસ્ટ હાથ ધરવામાં આવ્યા છે.

કોરોનાનો દૈનિક પોઝિટિવિટી રેટ ઘટીને ૧.૯૪ ટકા થયો છે જે સળંગ ૨૮મા દિવસે ત્રણ ટકા કરતા ઓછો છે. બીજીતરફ સાપ્તાહિક પોઝિટિવિટી રેટ પણ ૧.૯૦ ટકા જેટલો નીચો છે. કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા ૩,૧૭,૨૦,૧૧૨ થઈ છે. કોરોનાનો મૃત્યુદર ૧.૩૪ ટકા નોંધાયો હોવાનું મંત્રાલયે જણાવ્યું છે.

કોરોના રસીકરણ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે અને કુલ ૫૮.૮૯ કરોડ કોરોના રસીના ડોઝ આપવાની કામગીરી પૂર્ણ થઈ છે. દેશમાં ૨૪ કલાકમાં વધુ ૩૫૪ દર્દીનાં મોત થયા છે જે પૈકી મહારાષ્ટ્રમાં ૧૦૫, કેરળમાં ૯૦ અને ઓરિસ્સામાં ૬૮ દર્દીનો સમાવેશ થાય છે.

- હવાઈમાર્ગે છત્તીસગઢ જતાં એમણે રસીકરણ કરાયેલા મુસાફરો માટે આરટી-પીસીઆર ટેસ્ટ રિપોર્ટ સાથે લઈ જવું જરૂર નથી.
- સોમવારે મહારાષ્ટ્રમાં ડેલ્ટા વેરિઅન્ટના ૨૭ નવા કેસો નોંધતા આ વેરિઅન્ટના કુલ કેસોની સંખ્યા ૧૦૩ થઈ.
- અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા ફાઈઝર-બાયોએનટેકની રસીને સંપૂર્ણપણે માન્યતા આપવામાં આવી છે.
- વિશ્વમાં અત્યાર સુધી ૨૧.૨૪ કરોડ લોકો કોરોના સંક્રમિત થઈ ચૂક્યા છે અને ૪૪.૪ લાખ કરોડ લોકોએ આ મહામારીમાં જીવ ગુમાવી દીધો છે.

વેસ્ટમાંથી બેસ્ટ : છોટાઉદેપુરના આદિવાસીઓ કેળાના થડમાંથી હાથબનાવટના ઈકો-ફ્રેન્ડલી કાગળ બનાવશે

(એજન્સી) તા.૨૪

કેન્દ્ર સરકારની આત્મનિર્ભરની ઝુંબેશને પડઘો પાડતી પ્રક્રિયા વડોદરા જિલ્લાના છોટાઉદેપુરના તેજગઢ ખાતે તેજગઢની આદિવાસી એકેડમી દ્વારા શરૂ થઈ ગઈ છે. કેળાના થડમાંથી હાથબનાવટના રંગીન કાગળ બનાવવાનો માર્ગદર્શક સફળ પ્રોજેક્ટ ટૂંક સમયમાં કામ કરતો થઈ જશે. તેજગઢની આદિવાસી એકેડેમીએ પીઠોરા પેન્ટિંગના સ્વરૂપમાં વિવિધ વાર્તાઓને આકાર આપવાની ડિઝાઈનનો પ્રારંભ કરી દીધો છે અને એ તમામ આદિવાસીઓ દ્વારા બનાવેલા હાથબનાવટની રંગીન કાગળમાં પુસ્તક સ્વરૂપે હશે. મહામારીના સમયનો સદુપયોગ કરીને એકેડેમીએ કેળાના થડમાંથી કાગળ બનાવવાનો પ્રયોગ કર્યો હતો અને તેમની મહેનત રંગ લાવી હતી અને તે સફળ રહ્યો હતો. એકેડેમી સાથે સંકળાયેલા રવિ રાજે કહ્યું હતું કે, તે હાથ બનાવટના કાગળ બનાવવા ઉપર અગાઉ મેં કામ કર્યું છે. એકેડેમી જયારથી કેળના થડમાંથી યાર્ન અને હાથકાગળ બનાવવાનું સંશોધન કરી રહ્યું હતું ત્યારથી મેં પણ તેમાં સહયોગ આપીને તે અંગે સંશોધન શરૂ કર્યું અને હાથ બનાવટના કાગળ બનાવવામાં અમને સફળતા મળી. રવિ રાજ અત્યારે આદિવાસીઓને કેળાના થડમાંથી કેવી રીતે હાથ બનાવટના કાગળ બનાવવા તેની તાલીમ આપી રહ્યા છે. એકેડમીના ડાયરેક્ટર ડૉ.મદન મિનાએ કહ્યું કે, અત્યારે અમે સ્ટોરી બૂકમાં તેને અજમાવી રહ્યા છીએ. પરંતુ લાંબાગાળે અમારી ઈચ્છા અને પ્રયત્ન છે કે, આ પ્રદેશના કેળા પકવતા ખેડૂતોને કેળાના કાગળ બનાવવા માટે તાલીમ આપવી. અમે અત્યારે તેમને તાલીમ આપી રહ્યા છીએ અને તેના ઉપયોગ અંગે માહિતગાર કરી રહ્યા છીએ. અમારું ધ્યેય છે કે, કોઈપણ જાતના નાણાકીય રોકાણ વગર કેળાની વેસ્ટનો નાશ કરવાના બદલે તેમાંથી તે તેમની આજીવિકા ઊભી કરી શકે. રવિ રાજે કહ્યું કે, છોટાઉદેપુર કેળાના ઉત્પાદનનું મોટુ કેન્દ્ર છે. તેને દરેક સીઝનમાં તેનો પાક ઉતાર્યા પછી તેના છોડવાઓનો નાશ કરી દેવામાં આવે છે. અન્ય પ્રકારની વનસ્પતિ જલદીથી કોહવાઈ જાય છે. પરંતુ કેળાના રોપવાને કોહવાતા સમય લાગે છે. બીજું તેને સરળતાથી બાળી પણ શકાતા નથી. કેળાના થડમાંથી ઉત્પાદિત થયેલા કાગળનો દસ્તાવેજ માટે અને દફતરમાં પણ ઉપયોગ કરવા માટે ઉત્તમ છે. અન્ય કોઈપણ કાગળ કરતાં તેની ક્ષમતા ઘણી સારી છે, તે લખવામાં ઉપયોગમાં લઈ શકાય છે. કેળાના વેસ્ટમાંથી બનાવેલ કાગળથી પેકિંગ પણ કરી શકાય છે અને ઘરના ઈન્ટિરિયર અને ડેકોરેશનના કામમાં ઉપયોગ થઈ શકે છે.

UAEએ ભારતના મુસાફરો માટે વિઝા-ઓન-અરાઈવલ અસ્થાયી રૂપે સ્થગિત કર્યું

(એજન્સી) તા.૨૪

ભારતથી યુએઈ તરફ જતા મુસાફરો અને છેલ્લા બે સપ્તાહથી વધુ ભારતમાં રોકાયેલા લોકો પણ વિઝા-ઓન-અરાઈવલ સુવિધાનો ઉપયોગ કરી શકશે નહીં. એક સવાલના જવાબમાં યુએઈની રાષ્ટ્રીય કેરિયર એતિહાદ એરવેઝે એક ટ્વિટમાં કહ્યું : યુએઈના સત્તાવાળાઓએ છેલ્લા ૧૪ દિવસોમાં ભારતમાં આવનારા અથવા ભારતમાં આવેલા મુસાફરો માટે વિઝા-ઓન-અરાઈવલ અથવા ભારતમાં આવેલા મુસાફરો માટે વિઝા-ઓન-અરાઈવલ સુવિધાને અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે. અમે અમારી વેબસાઈટને અપડેટ કરવા માટે કામ કરી રહ્યા છીએ. કૃપા કરીને નવા નિયમોની જાણકારી માટે https://bit.ly/TravelGuideEN નજર રાખો. આ જ નિયમ સમાન ધોરણે અન્ય દેશો જેવા કે શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન, નેપાળ, અફઘાનિસ્તાન, નાઈજીરિયા, દક્ષિણ આફ્રિકા, યુગાન્ડા અને નામ્બિયાથી આવતા મુસાફરો માટે લાગુ પડશે. યુએઈમાં મુસાફરી કરનાર મુસાફરોએ ફ્લાઈટમાં બેસતા પહેલાના ૬ કલાક પહેલાં કોવિડ નેગેટિવસ ટેસ્ટ રેપિડ પીસીઆર ટેસ્ટ કરાવી સાથે રાખવાનો રહેશે. યુએસવિઝા, ગ્રીન કાર્ડસ, યુકે રેસિડેન્ટ પરમિટ્સ અથવા ઈયુ (યુરોપિયન યુનિયન) રેસિડેન્ટ પરમિટ સાથે નિયમિત પાસપોર્ટ ધરાવતા ભારતીય નાગરિકોને ૧૪ દિવસ માટે યુએઈ પહોંચ્યા પછી એન્ટ્રી વિઝા મેળવવાની મંજૂરી છે અને સમાન સમયગાળામાં ફક્ત એક જ વખત લંબાવી શકાશે. ભારતીય દૂતાવાસની વેબસાઈટ જણાવે છે કે, ભારતીય પાસપોર્ટ, યુએસવિઝા, ગ્રીન કાર્ડ, યુકે રેસિડેન્ટ પરમિટ અને ઈયુ નિવાસી પરમિટ ઓછામાં ઓછા છ મહિના માટે માન્ય હોવી જોઈએ. મે મહિનામાં ટોચ પર પહોંચેલી બીજી લહેર સામેની કઠિન લડાઈ પછી, ભારતમાં જૂનથી દૈનિક કોવિડ કેસોમાં ઘટાડો જોવા મળ્યો. જેમ-જેમ દેશ ત્રીજા તરંગની અપેક્ષાએ પગલાં લે છે, સરકાર રસીકરણની ગતિને ઝડપી બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

સંઘ સંલગ્ન ભારતીય કિસાન સંઘની આઠમી સપ્ટેમ્બરથી રાષ્ટ્રવ્યાપી દેખાવોની ચેતવણી

મોદી સરકાર ૩૧મી ઓગસ્ટ સુધી કૃષિ કાયદા અંગે યોગ્ય નિર્ણય કરે : કિસાન સંઘ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ સંલગ્ન ભારતીય કિસાન સંઘે મંગળવારે ચેતવણી આપી હતી કે, જો કેન્દ્ર સરકાર કૃષિ કાયદા અને એમએસપી અંગેની તેમની માંગણી ચાલુ માસના અંત સુધી નહીં સ્વીકારે તો આઠમી સપ્ટેમ્બરથી દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો કરવામાં આવશે. કિસાન સંઘે જણાવ્યું હતું કે, પડતરના આધારે લઘુત્તમ ટેકાના ભાવો નક્કી થવા જોઈએ અને સરકાર દ્વારા પસાર કરવામાં આવેલ નવા કૃષિ કાયદા ખેડૂતોની ચિંતાઓને ધ્યાનમાં રાખતાં અમલી બનાવવા જોઈએ. આ કાયદા અંગે ખેડૂતોની જે કોઈ મુંઝવણો છે તેને દૂર કરવી જોઈએ. આ માંગણીઓ સાથે દેશભરમાં પ્રતિકાત્મક દેખાવો કરવામાં આવશે. મોદી સરકારને આ માગણીઓ અંગે ૩૧મી ઓગસ્ટ સુધી કાર્યવાહી કરવાની સમય મર્યાદા આપવામાં આવે છે. જો સરકાર આ મામલે હકારાત્મક પગલાં નહીં ભરે તો અમે આઠમીથી રાષ્ટ્ર વ્યાપી દેખાવો યોજીશું. ત્યારબાદ ભવિષ્યની યોજના અંગે પણ વિચારણા કરવામાં આવશે. ખેડૂતોને તેમના પાક અંગે લાભકારક કિંમત મળી શકશે નહીં, એમએસપી લાભકારક નથી. આ કારણે કિસાન સંઘ પ્રદર્શનો કરવા મજબૂર છે. કિસાન સંઘે જણાવ્યું હતું કે, મોદી સરકાર ખેડૂતોના હિતો અંગે ગંભીર નથી.

સીક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ ઍન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના

ક્ર. નં.	કર્જદાર (રો)ના નામ (ક)	ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ)	એનપીએ તારીખ (ગ)	બાકી રકમ (રૂા.) (ઘ)
1	લોન એકાઉન્ટ નં. HLAPSUR00253666 1 .પુરષોત્તમભાઈ અર્જુનભાઈ કાલે પ્રૉપરાઈટર સાઈ કુરીયર્સ 2. મનીષા પુરષોત્તમભાઈ કાલે	દુકાન નં.–201, 202, 203, બીજો માળ, રાજ પોઈન્ટ, સંધ્યા વંદન સોસાયટીની બાજુમાં, પાલણપુર રોડ, સુરત–395009,ગુજરાત	27.05.2021	રૂા.1,48,82,076.14 /– (રૂપિયા એક કરોડ અડતાલીસ લાખ બ્યાસી હજાર છોંતેર અને ચૌદ પૈસા માત્ર)27.05.2021 ના રોજ
2	લોન એકાઉન્ટ નં. HHLAME00306056 1 .શાલિગ્રામ લેમિનેટ્સ પ્રા.લિ. 2. રક્ષિત કુમાર પટેલ ડાયરેક્ટર શાલિગ્રામ લેમિનેટ્સ પ્રા.લિ. 3. શીતલબેન રક્ષિતભાઈ પટેલ 4. કે.એસ. પટેલ	પ્લૉટ નં.40, (ઔડા પ્લાન પ્રમાણે પ્લૉટ નં.41 પૈકી 462 સ્કે.યાર્ડ અને પ્લૉટ નં.40 પૈકી 140 સ્કે.યાર્ડ),હેરીટેજ હોમ્સ (થલતેજ) કૉ.ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, હેરીટેજ હોમ્સ સર્વે નં. 266/1, 266/2, 273, એફ.પી.નં.42, મોજે થલતેજ, તાલુકા ઘાટલોડિયા, અમદાવાદ, પિન – 380052,ગુજરાત	27.05.2021	રૂા. 1,38,44,713.10 /– (રૂપિયા એક કરોડ આડત્રીસ લાખ ચુમાલીસ હજાર સાતસો તેર અને દસ પૈસા માત્ર)27.05.2021 ના રોજ

આ સાથે જણાવવાનું ઉપરોક્ત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શક્યા નથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર (રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.

ધિરાણ લેનાર (રા) લોનની રકમની પુન: ચુકવણીની બાબતમાં સતત કસુરવાર ઠરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર (રા) ના લોન એકાઉન્ટને નોન પરફોર્મિંગ એસેટ (કોલમ ગ માં દર્શાવેલ તારીખ પ્રમાણે) તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.

ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિવસ સુધીના વ્યાજ , ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ (ઘ) માં દાર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને/તેણીને એલાન કરે છે. જો તેમ નહી થાય તો કોલમ (ખ) માં જણાવેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદો હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.

કૃપા કરીને નોંધ લેશો કે સરફેસી એક્ટની કલમ 13ની પેટા કલમ (8) ની જોગવાઈઓના સંદર્ભમાં, ''કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધીજ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટ્સના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મંગાવીને, પબ્લિક પાસેથી અથવા પ્રાયવેટ ટ્રીટી થી ટેન્ડર મંગાવીને કરાતા વેચાણની સૂચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશે, વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો કર્જદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.

સરફેસી કાયદોની કલમ 13 ની પેટા કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈ પણ , તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસ ઉલ્લેખિત સુરક્ષિત સંપતિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

સહી/–

સ્થળ : સુરત/અમદાવાદ(ગુજરાત) ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ
અધિકૃત અધિકારી

અગાઉ ફરજિયાત સર્વેક્ષણની જાહેરાત બાદ સંઘના વિરોધને પગલે ઘૂંટણીયે પડેલી સરકારે મરજિયાત જાહેર કર્યું હતું !

રાજ્યમાં મરજિયાત હોવા છતાં ૫૭ હજાર શિક્ષકો સર્વેક્ષણમાં જોડાયાનો સરકારનો દાવો

સૌથી વધુ ૭૮ ટકા શિક્ષકો નવસારી જિલ્લાના જોડાયા : સર્વેક્ષણના પરિણામનું પૃથક્કરણ કરાશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૨૪

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોની સજ્જતા ચકાસવા મોટા ઉપાડે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ (કસોટી) યોજવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ શિક્ષકોના સંઘ દ્વારા તેનો બહિષ્કાર કરવામાં આવતા સરકાર રાજયભરના શિક્ષકોનું સર્વેક્ષણ કરવામાં નિષ્ફળ રહી છે. તેમ છતાં પણ સરકાર તરફથી આજે મરજિયાત સર્વેક્ષણ હોવા છતાં ૫૭ હજાર શિક્ષકો સર્વેક્ષણમાં જોડાયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગે જણાવ્યું કે, ભારતના કોઈપણ રાજ્યમાં આટલા મોટા સ્કેલ પર આવું સર્વેક્ષણ અગાઉ કદી પણ થયું નથી. ગુજરાત સરકાર દ્વારા થયેલ આ સર્વેક્ષણ દેશનુ સૌથી પહેલુ અને સૌથી મોટુ છે. વધુ વિગતો આપતા શિક્ષણ સચિવ શ્રી વિનાદ રાવે જણાવ્યું કે, આ સર્વેક્ષણના વૈજ્ઞાનિક પૃથક્કરણ દ્વારા આગામી તાલીમનું આયોજન એકદમ ધ્યેયલક્ષી રીતે થશે. તમામ જ શિક્ષકોને એકસમાન તાલીમ આપવામાં ક્યારેક જરૂરિયાત ન હોય તેવા વિષયની તાલીમ પણ શિક્ષકોએ લેવી પડતી હોય છે. એના બદલે આ ડેટાના આધારે જે તે શિક્ષક માટે જરૂરી એવી તાલીમનુ આયોજન કરી શકાશે જેથી સમય અને સંસાધનોનો મહત્તમ ઉપયોગ થશે. જેમાં આજે તા.૨૪ ઓગસ્ટના રોજ યોજાયેલ શિક્ષક સજ્જતા સર્વેક્ષણ મરજિયાત હોવા છતાં, અંદાજે ૫૭,૦૦૦ જેટલા શિક્ષકો સ્વૈચ્છિક રીતે આ સર્વેક્ષણમાં જોડાયા હતા. અત્રે એ નોંધવું જરૂરી છે કે, કેટલાક લોકોએ શિક્ષકોને આ સર્વેક્ષણનો બહિષ્કાર કરવા ઉશ્કેર્યા હતા તેમ છતાં હજારોની સંખ્યામાં શિક્ષકોએ આ સ્વૈચ્છિક સર્વેક્ષણમાં જોડાઈને પોતાની શિક્ષક તત્પરતા અને નિષ્ઠા પ્રદર્શિત કરી હતી. પ્રાથમિક શિક્ષકો પૈકી CRC કોઓર્ડિનેટર્સ, દિવ્યાંગ શિક્ષકો, સ્કૂલ ઈન્સ્પેક્ટર વગેરેને બાદ કરતાં મહત્તમ અંદાજે ૧,૫૧,૦૦૦ શિક્ષકો આ સર્વેક્ષણમાં જોડાવા પાત્ર હતા, તે પૈકી ૫૭,૦૦૦ એટલે કે ૩૭% જેટલા શિક્ષકો આ મરજિયાત અને સ્વૈચ્છિક સર્વેક્ષણમાં જોડાયા હોવાનો દાવો સરકાર તરફથી કરાયો છે. આ સર્વેક્ષણના પરિણામનું પૃથક્કરણ કરીને શિક્ષણ વિભાગ હવે પછી કયા શિક્ષકોને ક્યા મુદ્દાઓની તાલીમની જરૂર છે એનો અહેવાલ તૈયાર કરીને એ મુજબ આગામી તાલીમનું આયોજન કરશે. આ સર્વેક્ષણમાં જોડાયેલા શિક્ષકીની સંખ્યા પર નજર કરતાં જણાય છે કે, નવસારી જિલ્લામાં ૭૮% જેટલા શિક્ષકો આ સર્વેક્ષણમાં જોડાયા હતા. નવસારી જિલ્લો શિક્ષણમાં અગ્રેસર છે એનું કારણ એના શિક્ષકોની નિષ્ઠાને ગણી શકાય. તાલુકાની વાત કરીએ તો વિજયનગર જેવા બહુ જ અંતરિયાળ અને આદિવાસી બહુલ તાલુકામાં ૯૯% શિક્ષકો આ સર્વેક્ષણમાં જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વિજયનગર તાલુકો પ્રાથમિક શિક્ષણમાં રાજ્યના શ્રેષ્ઠ તાલુકાઓ પૈકી છે. આ દર્શાવે છે કે, સ્થાનિક બોલી અને અંતરિયાળ વિસ્તાર જેવા અવરોધો હોવા છતાં, માત્ર શિક્ષકોની શિક્ષણ નિષ્ઠાને લીધે આ તાલુકો સારૂ પ્રદર્શન કરી રહ્યો છે, એમ રાજ્ય પરીક્ષા બોર્ડ અને જીસીઈઆરટીની યાદીમાં જણાવાયું છે.

શિક્ષકોના આક્રોશની અસર; રાજ્યભરમાં સર્વેક્ષણનો થયો ફિયાસ્કો

શૈક્ષિક સંઘના દાવા મુજબ ૩૦ હજારથી પણ ઓછા શિક્ષકો જોડાયા, ૮૫ ટકાએ બહિષ્કાર કર્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

રાજયમાં મંગળવારે યોજાયેલી શિક્ષક સજ્જતા સર્વેક્ષણનો ફિયાસ્કો થયો હોવાનું સામે આવ્યું છે. સરકારી દાવા મુજબ ૫૭ હજાર જેટલા શિક્ષકો સર્વેક્ષણમાં જોડાયા હતા. જ્યારે શૈક્ષિક સંઘના દાવા ૩૦ હજાર શિક્ષકો પણ સર્વેક્ષણમાં જોડાયા ન હતા. આમ, બંને દાવા મુજબ સર્વેક્ષણ નિષ્ફળ રહ્યું હોવાનું જણાઈ આવે છે. સમગ્ર રાજયમાં ૧.૯૨ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકો આવેલા છે. જો કે, સરકારના દાવા પ્રમાણે સર્વેક્ષણ માટે ૧.૫૧ લાખ શિક્ષકો લાયક હતા અને તે પૈકી ૩૭ ટકા શિક્ષકોએ સર્વેક્ષણમાં ભાગ લીધો હતો. જ્યારે સંઘના દાવા મુજબ ૧.૯૨ લાખ શિક્ષકોમાંથી ૧૫ ટકા શિક્ષકોએ જ ભાગ લીધો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયમાં આવેલી પ્રાથમિક શાળાના શિક્ષકો માટે મંગળવારે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ યોજવાનો નિર્ણય લેવાયો હતો. આ નિર્ણય સાથે સમગ્ર રાજયમાં શિક્ષકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આ સર્વેક્ષણને શિક્ષકોના અપમાન સમાન ગણાવી સર્વેક્ષણ રદ કરવા માટે રજૂઆત કરી હતી. પરંતુ સરકાર સર્વેક્ષણ લેવા મક્કમ હોવાથી અંતે સંઘ દ્વારા સર્વેક્ષણનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. આમ, શિક્ષક સજ્જતા સર્વેક્ષણ એ સરકારના શિક્ષણ વિભાગ અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ વચ્ચે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની હતી. દરમિયાન મંગળવારે બપોરે શરૂ થયેલા સર્વેક્ષણમાં મોટાભાગના જિલ્લાઓમાં શિક્ષકો સર્વેક્ષણમાં ભાગ લેવા માટે પહોંચ્યા ન હતા. સરકારે આ સર્વેક્ષણ મરજિયાત રાખ્યું હોવા છથાં સંઘના વિરોધના પગલે અનેક શિક્ષકો આ સર્વેક્ષણથી દુર રહ્યા હતા. રાજ્યના મોટા શહેરોમાં તો અનેક સર્વેક્ષણ સેન્ટરો પર એક પણ શિક્ષક હાજર રહ્યો ન હોવાનું ચિત્ર સામે આવ્યું હતું. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ ખુબ જ ઓછી સંખ્યામાં શિક્ષકો સર્વેક્ષણ માટે હાજર રહ્યા હોવાનું સામે આવ્યું છે. આમ, એકંદરે સર્વેક્ષણનો ફિયાસ્કો થયો હોવાનું જાણવા મળે છે. સરકારના દાવા મુજબ, સર્વેક્ષણ માટે ૧.૫૧ લાખ જેટલા શિક્ષકો લાયક હતા, જેમાંથી ૩૭ ટકા શિક્ષકો એટલે કે ૫૭ હજાર જેટલા શિક્ષકોએ સર્વેક્ષણમાં ભાગ લીધો છે. પ્રાથમિક શિક્ષકો પૈકી ઝઇઝ કોઓર્ડિનેટર્સ, દિવ્યાંગ શિક્ષકો, સ્કૂલ ઈન્સ્પેક્ટર વગેરેને સર્વેક્ષણમાં જોડવામાં આવ્યા ન હતા. નવસારી જિલ્લામાં ૭૮% જેટલા શિક્ષકો આ સર્વેક્ષણમાં જોડાયા હતા. વિજયનગર તાલુકામાં ૯૯% શિક્ષકો આ સર્વેક્ષણમાં જોડાયા હતા. જ્યારે સામે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના દાવા મુજબ સમગ્ર રાજયમાંથી ૧.૯૨ લાખ જેટલા શિક્ષકો પૈકી સર્વેક્ષણમાં ૩૦ હજાર જેટલા શિક્ષકો પણ સર્વેક્ષણમાં જોડાયા ન હતા. આમ, સમગ્ર રાજયમાં ૮૫ ટકા જેટલા શિક્ષકોએ સર્વેક્ષણથી દુર રહીનો પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે. સર્વેક્ષણ એ એક રીતે પરીક્ષા હોવાથી શિક્ષકોના અપમાન સમાન સર્વેક્ષણથી શિક્ષકો અગળા રહ્યા હતા. આમ, સર્વેક્ષણનો ફિયાસ્કો થયો હતો.

સર્વેક્ષણના પરિણામ પરથી આગામી તાલીમનું આયોજન કરાશે

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવેલી શિક્ષક સજ્જતા સર્વેક્ષણમાં ખુબ જ ઓછી સંખ્યામાં શિક્ષકો જોડાયા હતા. આ સર્વેક્ષણ મરજિયાત હોવા છતાં મોટી સંખ્યામાં શિક્ષકો જોડાય તે માટેના પ્રયાસો કરાયા હતા. પરંતુ સર્વેક્ષણમાં શિક્ષકોની ખુબ જ ઓછી સંખ્યા નોંધાઈ હતી. હવે સરકાર દ્વારા આ સર્વેક્ષણનાં પરિણામનુ પૃથક્કરણ કરીને શિક્ષણ વિભાગ હવે પછી કયા શિક્ષકોને કયા મુદ્દાઓની તાલીમની જરૂર છે એનો અહેવાલ તૈયાર કરીને એ મુજબ આગામી તાલીમનુ આયોજન કરશે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ૯૯.૩૨ ટકા શિક્ષકો સર્વેક્ષણથી દૂર રહ્યા

અમદાવાદમાં પણ પ્રાથમિક શિક્ષકો માટેના શિક્ષક સજ્જતા સર્વેક્ષણનો ફિયાસ્કો થયો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન હસ્તકની પ્રાથમિક સ્કુલોમાં ૪૪૦૦ જેટલા શિક્ષકો ફરજ બજાવે છે. જોકે, આ શિક્ષકો પૈકી ૯૯.૩૨ ટકા જેટલા શિક્ષકો સર્વેક્ષણથી દુર રહ્યા હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ અતુલ પટેલે જણાવ્યું હતું કે, કોર્પોરેશનની સ્કૂલોના ૪૪૦૦ શિક્ષકો પૈકી સર્વેક્ષણમાં માંડ ૨૭ શિક્ષકો જ હાજર રહ્યા હતા. આમ, ૯૯.૩૨ ટકા શિક્ષકો સર્વેક્ષણથી દુર રહ્યા હતા.

ધોરણ-૧૦ના ૩.૭૮ લાખ રિપીટર વિદ્યાર્થીઓનું પરિણામ આજે જાહેર કરાશે

બોર્ડની વેબસાઈટ પર સવારે ૮ વાગ્યે પરિણામ જાહેર કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ માસમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષાનું પરિણામ બુધવારના રોજ જાહેર કરવાનો નિર્ણય લીધો છે. સમગ્ર રાજ્યમાંથી ૩.૭૮ લાખ જેટલા રિપીટર વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા માટે નોંધાયા હતા. પરીક્ષા પુર્ણ થયા બાદ બોર્ડ દ્વારા વહેલી તકે પરિણામ જાહેર કરવાની તૈયારીઓ શરૂ કરી હતી. જેમાં હવે બુધવારના રોજ પરિણામ જાહેર કરવામાં આવનાર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં કોરોનાના પગલે માર્ચ-૨૦૨૧માં લેવાનારી ધોરણ-૧૦ની પરીક્ષા સરકાર દ્વારા મોકૂફ રાખવાની જાહેરાત કરાઈ હતી. ત્યારબાદ સરકાર દ્વારા નિયમિત વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરી તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું. જ્યારે રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું નક્કી કરાયું હતું. જેના પગલે રિપીટર વિદ્યાર્થીઓને પણ માસ પ્રમોશન આપવામાં આવે તેવી રજૂઆતો થઈ હતી. પરંતુ બોર્ડ દ્વારા પરીક્ષા લેવાની જાહેરાત કરાઈ હતી. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ના રિપીટર વિદ્યાર્થીઓની જુલાઈમાં પરીક્ષા લેવામાં આવી હતી. ૧૫ જુલાઈથી ૨૭ જુલાઈ સુધી ધોરણ-૧૦ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષા ચાલુ હતી તે દરમિયાન જ બોર્ડ દ્વારા ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી શરૂ કરી દીધી હતી. જેથી સમયસર પરિણામ તૈયાર કરી શકાય. આ કામગીરી પુર્ણ થયા બાદ બોર્ડ દ્વારા બુધવારના રોજ ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી ૩.૭૮ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાં ખાનગી રિપીટર ૧૫૦૯૦, આઈસોલેટેડ ૫૨૦૯૦ અને રિપીટર ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. આ વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષા વખતે હાજર રહેલા વિદ્યાર્થીઓનું પરિણામ બુધવારના રોજ સવારે ૮ વાગ્યે બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાનો બેઠક ક્રમાંક નાંખીને પરિણામ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પરિણામ જાહેર કરાયા બાદ માર્કશીટ મોકલવા અંગેની જાણ હવે પછી બોર્ડ દ્વારા કરવામાં આવશે. ઉપરાંત ગુણ ચકાસણી અ દફ્તર ચકાસણી અંગેની સુચના પણ બોર્ડ દ્વારા હવે પછી જાહેર કરાશે.

ગત વર્ષે રિપીટર વિદ્યાર્થીઓનું ૮.૮૭ ટકા પરિણામ આવ્યું હતું

બોર્ડ દ્વારા ગતવર્ષે જાહેર કરવામાં આવેલા ધોરણ-૧૦ના પરિણામમાં રિપીટર વિદ્યાર્થીઓનું ૮.૮૭ પરિણામ જાહેર કરાયું હતું. ગતવર્ષે ૨.૨૦ લાખ રિપીટર વિદ્યાર્થી નોંધાયા હતા. જે પૈકી પરીક્ષા વખતે ૨.૧૨ લાખ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાંથી ૧૯ હજાર પાસ થયા હતા. આમ રિપીટરનું ૯.૧૦ ટકા પરિણામ આવ્યું હતું. જ્યારે ખાનગી વિદ્યાર્થીઓ ૧૯ હજાર નોંધાયા હતા અને પરીક્ષા વખતે ૧૭ હજાર ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૧ હજાર પાસ થયા હતા. આમ, ખાનગી વિદ્યાર્થીઓનું ૬.૧૨ ટકા પરિણામ જાહેર કરાયું હતું. આમ, કુલ રિપીટર વિદ્યાર્થીઓ ૨,૪૦,૪૬૧ નોંધાયા હતા. જેમાંથી પરીક્ષા વખતે ૨,૨૯,૫૧૬ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૨૦,૩૬૪ વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલી ઈમ્યુરાઈઝ નામની દવાનો ૨૫૦૦ જેટલા લોકોની સાથે મળી પ્રયોગ કરાયો હતો

કોરોના માટેની હર્બલ આયુર્વેદિક દવાને ત્રીજા તબક્કાની ટ્રાયલ માટે મળી મંજૂરી

એનિમલ ટેસ્ટિંગ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરાયું હતું : ટેબલેટ ફોર્મમાં દવા ઉપલબ્ધ, હવે સિરમ તૈયાર કરાશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

કોરોના સંક્રમણ સામે લડવા માટે ગુજરાત યુનિવર્સિટીના લાઈફ સાયન્સ વિભાગ દ્વારા તૈયાર કરાયેલી હર્બલ આયુર્વેદિક દવાને ICMR દ્વારા ત્રીજા તબક્કાની મંજૂરી અપાઈ છે. જુદા-જુદા તબક્કાના પરીક્ષણ બાદ ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવાને આખરે આઈસીએમઆર દ્વારા ત્રીજા તબક્કાની મંજૂરી આપવામાં આવી છે. ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવા કોરોના સામે રક્ષણ અને કોરોનાથી બચવાનો શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કોરોનાની પ્રથમ લહેર સમયે ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવાનો વપરાશ, કોરોના સામે રક્ષણ મેળવવા માટે શરૂ કરાયો હતો. ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી સમરસ હોસ્ટેલ કે જ્યાં કોરોના પોઝિટિવ એસીપ્ટોમેટિક દર્દીઓને ક્વોરન્ટાઈન કરાતા હતા એ દર્દીઓની મંજૂરી લઈને તેમની સાથે મળીને પ્રયોગની શરૂઆત કરાઈ હતી. કોરોના મહામારી સમયે અનેક પોલીસકર્મીઓ, ફ્રન્ટલાઈન વોરિયર્સને પણ ઈમ્યુરાઈઝ દવા આપવામાં આવી હતી. ધન્વંતરી હોસ્પિટલ કે જ્યાં કોરોનાના દર્દીઓને સારવાર આપવામાં આવતી હતી, ત્યાં જોડાયેલા નોન-ટીચિંગ સ્ટાફને પણ ઈમ્યુરાઈઝ દવા અપાઈ હતી. આઈસીએમઆરએ ત્રીજા તબક્કાની મંજૂરી આપતા હવે માર્કેટ સુધી આ દવાને પહોંચાડવાની સફર સરળ બની છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યાએ ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવા વિશે વાત કરતા કહ્યું કે, ગુજરાત યુનિવર્સિટી કે જે રાજ્યની સૌથી જૂની સરકારી યુનિવર્સિટી છે, તેમાં વૈશ્વિક સ્તરનું સંશોધન થતાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે ગર્વની ક્ષણ છે. સરકારી યુનિવર્સિટી હોવાને નાતે સરકારનો સહયોગ અને સંસાધનોની ઉપલબ્ધતાને સફળતાનો શ્રેય જાય છે. ક્લિનિકલ ટ્રાયલ માટે ૨૫૦૦ જેટલા લોકોની સાથે મળીને ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવાનો પ્રયોગ કરાયો હતો. હ્યુમન અને બાયોલોજિકલ એથીકલ કમિટીમાં આ પ્રક્રિયા સ્ક્રીન કરી હતી, આજે ૬ મહિનાના અંતે એક સફળ દવાના સ્વરૂપે લોકો વચ્ચે પહોંચવા જઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસની કોઈ દવા હજી સુધી શોધાઈ નથી એવામાં વિવિધ દવાઓનો ઉપયોગ કોરોનાથી રક્ષણ મેળવવા માટે કરાઈ રહ્યો છે. ઈમ્યુરાઈઝ નામની આયુર્વેદિક દવાનો કોરોનાના દર્દીઓ માટે ઉપયોગ સફળ રહેતા હવે આઈસીએમઆરએ ત્રીજા તબક્કાની મંજૂરી આપી છે. ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ.રાકેશ રાવલ તથા આયુર્વેદિક ડૉ.અક્ષય સેવકની ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવા સફળતા તરફ આગળ વધી રહી છે. ઈમ્યુરાઈઝ નામની દવાનું એનિમલ ટેસ્ટિંગ અનેક મહિનાઓ પહેલાં સફળતા સાથે પૂર્ણ કરાયું હતું. ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવાના પ્રયોગથી દર્દીની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. કોરોના એસીપ્ટોમેટિક અને માઈલ્ડ ફીવર હોય તેવા દર્દીઓને દિવસમાં બે ટાઈમ ૪-૪ ટેબલેટ લેવાની રહે છે. હાલ ટેબલેટ ફોર્મમાં ઉપલબ્ધ ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવા સિરમ ફોર્મમાં પણ તૈયાર કરાશે. દર્દીમાં ઘટેલો સીબીસી આ દવાના ઉપયોગથી વધતું હોવાનું સામે આવ્યું છે.

ધોરણ-૯ની સંખ્યાને લઈ રાજ્યના ૧૦૦ વર્ગો બંધ કરવા પડે તેવી સ્થિતિ

સંચાલક મંડળ દ્વારા ગત વર્ષના પરિપત્રનો અમલ ચાલુ રાખવા માંગણી કરી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં ધોરણ-૯ના વર્ગો માટે ગતવર્ષનો પરિપત્રનો અમલ ચાલુ રાખવા માટે સંચાલક મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. હજુ ઘણા વિદ્યાર્થીઓ વતનમાંથી પરત ફર્યા ન હોવાથી વર્ગોમાં પુરતી સંખ્યા થતી ન હોવાથી ગતવર્ષના પરિપત્રનો અમલ કરવા માંગણી કરી છે. જો, એમ નહીં થાય તો રાજ્યના ૧૦૦ જેટલા વર્ગો બંધ કરવાની ફરજ પડશે અને ૧૫૦થી ૨૦૦ જેટલા શિક્ષકોને છુટા કરવા પડશે.

સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે કરેલી રજૂઆતમાં જણાવાયું છે કે, રાજયમાં ઉનાળુ વેકેશન પુર્ણ થયા બાદ શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ હાજર થયો અને ત્યારબાદ તબક્કાવાર ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક વિભાગમાં વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થયું હતું. રાજયમાં કોવિડ ગાઈડલાઈન અનુસાર ૫૦ ટકા વિદ્યાર્થીઓને સ્કૂલમાં બોલાવવામાં આવે છે. કોવિડ-૧૯ અને લોકડાઉન તથા સામુહિક સ્થળાંતરની મોટી અસર નોકરી અને ધંધા પર સામાજિક તથા આર્થિક રીતે વધુ પડી હોય તેમ શાળા સંચાલકો અનુભવી રહ્યા છે.

રાજ્ય બહારથી ગુજરાતમાં આવીને મજૂરી માટે સ્થાયી થયેલા લોકોનો મોટો સમુહ ખુબ જ તકલીફ વેઠીને પોતાના સંતાનો સાથે પોતાના રાજ્યમાં પરત ગયા હતા. આવા લોકો પોતાના સંતાનોને હજુ વતનમાં રાખીને મજુરી અર્થે ગુજરાતમાં આવ્યા છે, પરંતુ બાળકોને સાથે લાવ્યા નથી. જેની પાછળનું મુખ્ય કારણ કોરોનાની ત્રીજી લહેર કે જે બાળકોને અસર કરનાર છે તે છે.

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી ધોરણ-૯માં મોકલવામાં આવ્યા છે. જોકે, આ વિદ્યાર્થીઓ પૈકી ૩૦થી ૪૦ ટકા વાલીઓએ હજુ પોતાના બાળકોના લિવિંગ સર્ટિફીકેટ કઢાવ્યા નથી. ફી ભરવા માટે નાણાકીય વ્યવસ્થા ન થઈ શકવાથી તથા કોરોનાના ડરથી હજી પણ વાલીઓએ ધોરણ-૯માં પોતાના બાળકોનો પ્રવેશ લીધો નથી. ધોરણ-૯માં એક વર્ગવાળી શાળામાં હજુ જરૂરી રજિસ્ટર્ડ સંખ્યા પણ નોંધાયેલી નથી અને જ્યાં બે કે વધુ ધોરણ-૯ના વર્ગો છે ત્યાં પણ પરિસ્થિતી ખુબ જ ચિંતાજનક હોવાનું સંચાલક મંડળે જણાવ્યું હતું. નિયામકની કચેરીની સુચના અનુસાર, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૧ પહેલા માન્ય વર્ગોમાં રજિસ્ટર્ડ વિદ્યાર્થી સંખ્યા ન હોય તો તેવા વર્ગો બંધ કરવાની લેખિત દરખાસ્ત કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર કર્યો છે. ૨૦૨૦-૨૧ના વર્ષમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે કરેલા પરિપત્ર મુજબ ધોરણ-૯નો એક વર્ગ હોય તો ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ વિદ્યાર્થી અને શહેરી વિસ્તાર હોય તો ૨૩ વિદ્યાર્થીની જોગવાઈ તથા બે વગ્ર હોય ત્યાં ૪૫+૧૮ વિદ્યાર્થી ગ્રામ્ય માટે અને ૪૫+૨૩ શહેરી વિસ્તાર માટે ચાલુ શૈક્ષણિક વર્ષ માટે કરવી ખુબ જ આવશ્યક જણાય છે. ગતવર્ષના પરિપત્રને ધોરણ-૯ માટે જ ચાલુ રાખવા માટે સંચાલક મંડળ દ્વારા વિનંતી કરવામાં આવી છે. જો, આમ નહીં થાય તો અંદાજે ૧૦૦થી વધુ વર્ગો ધોરણ-૯ના ૩૩ જિલ્લા અ ૬ મહાનગરોમાં બંધ થાય તેની સામે એક વર્ગના ૧.૫ શિક્ષકનો રેશિયો ગણતા અંદાજે ૧૫૦થી ૨૦૦ શિક્ષકો જેમને નોકરીનુ રક્ષણ નથી તેમને છુટા કરવાનો પ્રશ્ન થાય છે. જેથી ધોરણ-૯ માટે ગતવર્ષના પરિપત્રને જ ચાલુ રાખવા માટે સંચાલક મંડળ દ્વારા માંગણી કરવામાં આવી છે.

ગુજરાત ટુડે

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર

૩૧મી ઓગસ્ટના રોજ અંક ચાલુ રહેશે

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપૂણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

સામાજિક-શૈક્ષણિક સેવાઓમાં સક્રિય લોકહિત મૂવમેન્ટનું વાહક, અને સૌ કોઈએ ખાસ વાંચવા જેવું અખબાર

- તા.૩૦ ઓગસ્ટ-૨૦૨૧ને સોમવારે જન્માષ્ટમી પર્વ નિમિત્તે અન્ય દૈનિકોમાં રજા રહેશે માટે તા.૩૧ ઓગસ્ટ-૨૦૨૧ મંગળવારનો આપનો દિવસ અખબાર વિનાનો કેવી રીતે પસાર કરશો ? ના, મૂંઝાવાની જરૂર નથી.

'ગુજરાત ટુડે' દૈનિક તા.૩૧ ઓગસ્ટ-૨૦૨૧ મંગળવાર સવારે આપ સમક્ષ જરૂર હાજર થઈ જશે.

- ફક્ત આપ આપના વિતરકને આજે જ કહી દો કે, તા.૩૧ ઓગસ્ટ-૨૦૨૧ને મંગળવારનું 'ગુજરાત ટુડે' દૈનિક લઈને જ આવે.
- આપના મિત્રો-સગા-સંબંધીઓ સુધી પણ 'ગુજરાત ટુડે' પહોંચાડો

વિજ્ઞાપનદાતાઓ અને વિજ્ઞાપન એજન્સીઓ તેમની જાહેર ખબર મોકલી બહોળી નકલોમાં પ્રસિદ્ધિનો લાભ લઈ શકશે.

ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહઆલમ, અમદાવાદ.૩૮૦૦૨૮
સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com-gtadvt@yahoo.co.in

ખિરાજે અકીદત

જીના તો હય ઉસીકા જીસને યે રાઝ જાના
હય કામ આદમી કા ઓરોં કે કામ આના

'ગુજરાત ટુડે' પ્રસિદ્ધ કરતા લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટને વરસો સુધી ટ્રસ્ટી, પ્રમુખ તરીકે નિખાલસ સેવા આપનાર **અહમદ ગુલામ બોબાત સા. તા.૨૫/૮/૨૦૨૦**ના ટૂંકી માંદગી બાદ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા. જેને આજે એક વરસનો સમય થયો. મર્હૂમ લોકહિત ટ્રસ્ટ સિવાય પણ અંકલેશ્વર ખાતે શિક્ષણ સંસ્થાઓ, હોસ્પિટલો તથા મુંબઈ ખાતે મુસાફરખાનાના ટ્રસ્ટી, પ્રમુખ હતા. આમ તેમનું મોટાભાગનું જીવન સમાજ સેવામાં તેમણે વિતાવ્યું. સમાજ તેમના એ સેવાકાર્યોને હંમેશા યાદ રાખશે. 'ગુજરાત ટુડે' માટે પણ તેમને ખૂબ લગાવ, યોગદાન આપ્યું. તેમની પ્રથમ વરસી નિમિત્તે અલ્લાહથી દુઆ કરીએ તેમની સેવાઓ કબૂલ કરી તેમને જન્નતુલ ફિરદૌશમાં ઊંચી જગા આપે, તેમના પરિવારને સબ્રે જમીલ આપે. આમીન...આમીન...આમીન...

ટ્રસ્ટી મંડળ

લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ તથા 'ગુજરાત ટુડે' પરિવાર

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS